# સૌરાષ્ટ્રની રસધાર

ભાગ

1



ઝવેરચંદ મેઘાણી


પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380 001

ફોન : 079-22144663,09227044777 email : goorjar@yahoo.com


**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્‌લાદનગર, અમદાવાદ-15

ફોન : 079-26934340, 98252 68759

email : gurjarprakashan@gmail.com,

website : www.gspbooksmall.com



કિંમત : ₹ 170

પુનર્મુદ્રણ : 2021

આવૃત્તિ પહેલી : 1923, બીજી 1930, ત્રીજી 1935, ચોથી 1942, પાંચમી 1944

પુનર્મુદ્રણ : 1947, 1951, 1955, 1958, 1962, 1966, 1970, 1973

સુવર્ણજયંતી (પાંચમી) 1980

પુનર્મુદ્રણ : 1982, 1983, 1991, 1994, 2003, 2005, 2006, 2007, 2009, 2012, 2015, 2017, ઑગસ્ટ 2018, 2020, નવે. 2020

**SAURASTRANI RASDHAR (Part-1)**
*tales of folklore of saurashtra*
by Jhaverchand Meghani
Published by Gurjar Grantha Ratna Karyalaya,
Gandhi Road, Ahmedabad 380 001, (India)

ISBN : 978-93-5162-866-8

પૃષ્ઠ : 12+180

**પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ –1
ફોન : 079-22144663,09227044777 e-mail : goorjar@yahoo.com

ટાઇપસેટિંગ : **શારદા મુદ્રણાલય**
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-6
ફોન : 079-26564279 email : sharda.mudranalay@gmail.com

મુદ્રક : **ભગવતી ઑફસેટ**
સી/16, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004
M. 9825326202 email : bhagwatioffset@yahoo.com

ગુજરાત રાજ્ય જાહેર ગ્રંથાલય
વિકાસ નિધિ યોજના
વર્ષ: ૨૦૨૧-૨૨

# નિવેદન

[પહેલી આવૃત્તિ]

મુંબઈના કોઈ એક સાક્ષરે એવો નિઃશ્વાસ નાખેલો કે 'કાઠિયાવાડ-ગુજરાતની ભૂમિમાં કવિઓને પ્રેરણા સ્ફૂરે એવું કશું રહ્યું નથી એટલે આપણે એ પ્રેરણાની શોધમાં કાશ્મીર જવું પડે છે.'

એવું આકરું મહેણું પામેલા આ કાઠિયાવાડની – આ સૌરાષ્ટ્રની – પૂરી તો નહિ, પણ બને તેટલી પિછાન આપવાનો 'રસધાર'નો અભિલાષ છે.

સૌરાષ્ટ્રના મર્મભાવો આજે કાંઈ પહેલવહેલા પ્રકાશમાં આવે છે એવું નથી. દસ-દસ વરસ થયાં, કે કદાચ તેથી યે વધુ સમયથી, 'ગુજરાતી' પત્રના અંકોમાં સૌરાષ્ટ્રની પ્રાચીન કવિતાનો ઝરો ચાલુ જ રહ્યો છે. એનાં બિંદુઓ ચાખ્યા પછી જ ઘણેભાગે એ રસ-માધુરીનો વધુ સ્વાદ બીજાઓને લાગ્યો હતો.

ત્યાર પછી 'કાઠિયાવાડી જવાહિર'ના પ્રયોજક સદ્ગત ખીમજી વસનજીએ પણ એ પ્રવાહની અંદર પોતાની નાની-શી નીક મિલાવી હતી. પણ નવા સાહિત્યના પ્રચંડ વેગમાં તે વખતે આપણો લોકસમુદાય તણાતો હતો. પ્રાચીનતા પ્રત્યે અતિશય અણગમો વ્યાપેલો હતો. પુનરુત્થાનનો યુગ હજુ નહોતો બેઠો.

ત્યાર પછી શ્રી કહાનજી ધર્મસિંહે 'કાઠિયાવાડ સાહિત્ય' નામના કાઠિયાવાડી દુહાઓના બે સંગ્રહો વાટે એ વહેણને જોશ દીધું. કમભાગ્યે એ સુંદર સંગ્રહની અંદર અર્થો સમજાવવાનું રહી ગયું છે.

ત્યાર પછી શ્રી હરગોવિંદ પ્રેમશંકરે 'કાઠિયાવાડીની જૂની વાર્તાઓ' પ્રગટ કરી. 'ગુજરાતી'માં પ્રસિદ્ધ થયેલી થોડીક વાર્તાઓ

ઉપરાંત પોતાની પાસેનો ઘણો સંગ્રહ તેમણે ગુજરાતી આલમને ધરી પોતાના અનેક વર્ષોના સાહિત્ય-પરિશ્રમને સફળ કર્યો.

પોરબંદરને તીરેથી પણ સુંદર ને સુવ્યવસ્થિત પ્રયાસ થયો. શ્રી જગજીવન કાલિદાસ પાઠકે 'મકરધ્વજવંશી મહીપમાળા' નામના નાનકડા પુસ્તકમાં 'જેઠવા વંશ'ના અતિ પ્રાચીન પૂર્વજોની હકીકતો ઇતિહાસનાં દટાયેલાં ખંડેરોમાંથી ખોદી કાઢી, ઘણે સ્પષ્ટરૂપે પ્રગટ કરી, એ માટીના પડેપડમાં બાઝેલું મનોહર સાહિત્ય સંક્ષેપમાં સાફ કરીને અજવાળે આણ્યું. છતાં જેઠવાઓની અદ્દભુત પ્રેમ-શૌર્ય કથાઓ હજુ પૂરેપૂરી નથી પ્રગટ થઈ. બરડાની બખોલોમાં કંઈ કંઈ મીઠા ઝરાઓ હજુ સંતાતા સંતાતા વહેતા હશે. એક દિવસ કોઈ ભોમિયો આપણને એ બતાવશે.

આ 'રસધાર'ની અંદર જરા જુદો માર્ગ પણ લેવાયો છે. સૌરાષ્ટ્રની કેટલીએક કવિતા કેટલીએક શૌર્યવંત વ્યક્તિઓના ઇતિહાસની સાથે આલિંગીને ઊભી છે. બધી જ કવિતાઓ કોઈ નાલાયક પુરુષોની નથી. ગોહિલકુળ, જેઠવાકુળ, ઝાલાકુળ અથવા ખાચર ખુમાણ વગેરે નામાંકિત કાઠી-કુળોના એ બધા પુરુષો મહાન હતા. તેઓની જીવન-કથાઓ, વિનાકવિતાએ પણ કવિતા સરખી જ રસવતી છે. જ્યાં જ્યાં જીવનની મહત્તા, ત્યાં ત્યાં કવિતા તો સદાય પોતાની મૌન-વીણા લઈને બેઠેલી જ હોય છે.

હિમાલયનાં બરફ-શિખરો ઉપર સૂર્યનાં કિરણો પડે, અને વિગલિત બનીને ધારારૂપે વહેવા લાગતું એ બરફ-શિખર કદી ન ગાયેલું એવું કલકલ ગાન કરવા લાગે છે; એવી રીતે ઇતિહાસની અંદર પણ ચારણનાં કલ્પના-કિરણોનો સ્પર્શ થતાં, એવું જ અદ્દભુત એક ગાન ઊઠે છે. 'રસધાર'ની અંદર એકલી કલ્પના નથી ગાતી; ઇતિહાસને એ ગવરાવી રહી છે.

દુહાઓનું સાહિત્ય કેટલુંક બહાર આવ્યું છે; પરંતુ ગીતો, કવિતા અને છંદોનું સાહિત્ય હજુ પ્રસિદ્ધિ નથી પામ્યું. એ બધું સાહિત્ય પ્રગટ

કરવાનો 'સૌરાષ્ટ્ર'નો મનોરથ છે; જ્યાં સુધી આ સંગ્રહ ચાલી શકે ત્યાં સુધી પ્રતિવર્ષ 'રસધાર' દ્વારા એ મનોરથ પાર ઉતારવાની ઉમેદ છે. વાચકો એ સમજવા યત્ન કરશે, તો એમાંથી પણ રસનાં ઝરણાં છૂટશે.

એક-ની એક જ વાત કહેવાની છે કે પ્રાચીન સૌરાષ્ટ્રના હાર્દની આ એક પિછાન દેવાનો પરિશ્રમ છે. સૌરાષ્ટ્ર પોતાનાં પાંચ રત્નો વડે જ બીજા પ્રાંતોથી જુદો પડે છે અથવા ઊંચો ચડે છે, એમ નથી. સૌરાષ્ટ્રની વિશિષ્ટતા તો અનેક છે. સૌરાષ્ટ્ર એક અને એકલો જ છે. સૌરાષ્ટ્ર બે નથી. સૌરાષ્ટ્ર જેટલો જીવતો દેખાય છે તેથી અનેકગણો તો એ દટાયેલો પડ્યો છે.

આજથી બરાબર એક વરસ પહેલાં 'સૌરાષ્ટ્ર'ની અંદર ચાર વાર્તાઓ પ્રગટ થયેલી. 'રસધાર'નો ઝરો તે વખતથી શરૂ થયો. એ વાર્તાઓને મળેલા લોક-સત્કારથી જ 'રસધાર'ને પુસ્તકાકારે પ્રયોજવા પ્રેરણા થઈ. એ મંગળમુહૂર્તનું ને પ્રેરણાનું માન હડાળાના વિદ્વાન તેમ જ રસજ્ઞ દરબારશ્રી વાજસૂર વાળાને ઘટે છે. 'ચાંપરાજ વાળો' ને 'ભોળો કાત્યાળ' એમની જ કહેલી વાતો છે. કેટલાયે વાચક-યુગલોની આંખોમાંથી આંસુ પડાવનાર 'આહીરની ઉદારતા' અને 'પ્રબળ પાપનું પરિણામ' પણ એમણે જ લખી મોકલેલી બે વાતો. 'રસધાર'ના આરા પર એમનું નામ કાયમ અંકાયેલું રહેશે.

ત્યાર પછી 'આનું નામ તે ધણી' અને 'રંગ છે રવાભાઈને!' એ બે મહામોલી ભેટ ધરનાર અમારા સ્નેહી ભાઈ પોપટલાલ છગનલાલ વડોદ (દેવાણી)વાળા છે. સૌરાષ્ટ્રની રજપૂત કોમને માટે પ્રીતિની જે આગ એમના દિલમાં ભરી છે તેના જ આ બે તણખાઓ ગણી શકાય.

વળા રાજ્યના વિદ્વાન રાજકવિશ્રી ઠારણભાઈએ 'રાવળ જામ ને જેસા જમાદાર' તથા 'રાયસિંહજી'ની કાવ્યબદ્ધ કિંમતી વાતો સ્વહસ્તે લખી મોકલેલી અને પોતાની પાસેનો ગીત-કવિતાનો મોટો ખજાનો અમારી પાસે ધરી દીધેલો; એમાંથી પણ અમે ઉપયોગ કર્યો છે. એ

એક જીવન-લહાણ છે. એવા કવિઓની આજે સૌરાષ્ટ્રમાં ખેંચ છે: જોડકણાં જોડનારા ચારણોનો રાફડો ફાટ્યો છે.

લીંબડીના રાજકવિ શ્રી શંકરદાનભાઈ તો 'સૌરાષ્ટ્ર'ની આ પ્રવૃત્તિ પર સદાય ઓછાઓછા જ થતા આવ્યા છે. 'રસધાર'ની અશુદ્ધિઓ શુદ્ધ કરવા તેમ જ કેટલીક વાર્તાઓનું લગતું દુહા-કવિતા વગેરે સાહિત્ય મેળવી આપવા તેઓ કાયમ હર્ષભેર આતુર રહે છે.

કાઠિયાવાડની ચારણ કોમના મુરબ્બી મનાતા એ પ્રખર વૃદ્ધ કવિશ્રી પિંગળશીભાઈ, જે આજે ભાવનગરના રાજકવિપદને શોભાવી રહ્યા છે, એમની મમતાને તો 'રસધાર' શી રીતે ભૂલે? કલાકોના કલાક સુધી બેસી બેસીને અતિ ધીરજપૂર્વક અને રસભેર એમણે 'રસધાર'ના વહેનનો ખડબચડો માર્ગ સરખો કરી આપ્યો, ને પત્રવ્યવહારથી પુછાવેલી હકીકતોના પણ વિનાકંટાળ્યે ખુલાસાઓ મોકલ્યા. "રા' નવઘણ"ની વાર્તા એમની કહેલી છે; 'સેજકજી'ની અંદર યોજાયેલ છંદો પણ એમની જ મધુર કૃતિઓ છે.

'ગોકળિયું નાનું ગામડિયું' વગેરે મનમોહક પદો રચી કોઈ પુરાણા ભક્તકવિની ભ્રાંતિ કરાવનાર, ગામડિયા લોકોને ગાવા માટે ભક્તિભર્યાં ગીતો રચી ગામડે ગામડે ચટક લગાડનાર આ પીંગળશી કવિ સૌરાષ્ટ્રમાં એક છે – બે નથી. આશા રાખીએ છીએ કે એમણે જે આપ્યું છે તેની વિશેષ જાણ થાય, અને જીવનના આ સંધ્યાકાળે એ કવિ વધુ ને વધુ ભજનો લલકારે.

આ ઉપરાંત કવિ કનરાજે પોતાની પાસેનો આખો દુહાસંગ્રહ ઉપયોગને માટે અમને આપી દીધો; તેમનો ઉપકાર માનવો અમે ચૂકી શકતા નથી.

કાઠિયાવાડના ક્ષત્રીઓના કિરીટરૂપ કૅપ્ટન જોરાવરસિંહભાઈએ આ 'રસધાર'માં અનેક રીતે સહાય કરી છે. તેનું ઋણ પણ જેટલા અંશે આથી ચુકવાયું હોય એટલે અંશે અમે ચૂકવવાનું યોગ્ય ધારીએ છીએ.

છેલ્લું, અને વધુ અગત્યનું, નામ આવે છે અમારે ત્યાં જ રહી અમારી સાથે કામ કરનાર ગઢવી શ્રી માધવદાનભાઈનું. એક તરફથી અમે 'રસધાર'નું નામ જાહેર કરી નાખ્યું; ત્યાં બીજા જ પ્રભાતે આ ગઢવીનું 'સૌરાષ્ટ્ર'ને દ્વારે અકસ્માત્ આગમન થયું. મોટા કવિઓની પાસે જે વૃત્તાંતો ન મળી શકે, તેવાં કેટલાંક વૃત્તાંતો ભાઈ માધવદાન પોતાની નાનાં ગામોની મુસાફરીમાંથી મેળવી શકેલા છે.

કેટલોએક સંગ્રહ તૈયાર કરેલો પડ્યો રહ્યો છે. વિશેષ સંશોધન ચાલુ જ છે. આવતે વર્ષે પણ એ-નો એ જ રસ 'સૌરાષ્ટ્ર'ના પ્રેમીઓને અમે પાવાના છીએ. બેશક, આવતા વર્ષનો સંગ્રહ વધુ શુદ્ધ અને વધુ રસભર્યો થવાનો.

13-10-1923 ઝવેરચંદ મેઘાણી

# નવે અવતારે

[બીજી આવૃત્તિ]

સાત વર્ષ વીતી ગયાં. તે દિવસ કલ્પના નહોતી, પણ આજે જ્યારે એ સાત વર્ષ પૂર્વે પ્રગટ થયેલ 'રસધાર: ધારા પહેલી'ની પ્રથમ આવૃત્તિ ઉપર દૃષ્ટિ પડે છે ત્યારે પ્રતીતિ થાય છે કે 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ!'

એ ડુંગરેડુંગરાની શિખરમાલામાં મને સાત-સાત વર્ષ સુધી વિહાર કરાવનારા અને એની ખીણે ખીણેથી પાંચ 'રસધારો', 'સોરઠી બહારવટિયા', 'સોરઠી સંતો' વગેરેના ઢગેઢગ ઇતિહાસ-સાહિત્ય સંઘરાવનારા અનેકમાંથી હું આજ આંગળી ચીંધીને કોને નોખા પાડું? કોનું ઋણ સ્વીકારું? સર્વના પ્રેરણહાર શ્રી પ્રભુજીના ખોળામાં જ મારાં એ સમગ્ર આભારવંદનો ઠાલવી આપું છું. પરમાત્મા મારા સર્વ નાનામોટા સહાયકોને, શુભચિંતકોને આ વંદનો વહેંચી આપજો!

સાત વર્ષ પૂર્વે નહોતી લખાવટની શૈલી કે નહોતો પૂરો અનુભવ. વિવેકદૃષ્ટિ પણ ઊઘડી નહોતી. છતાં એવી મારી મર્યાદાઓ તરફ જોયા વિના, આત્મશ્રદ્ધાથી ઊભરાતા મારા ભાઈશ્રી અમૃતલાલ શેઠે ઓચિંતો 'રસધાર' ભેટ દેવાનો જાહેર પ્રજાને કોલ દીધો. મારામાં એણે પોતાની ચેતના ફૂંકી; મારી અપૂર્ણતાઓને એમણે મોટે મને નિભાવી લીધી. પણ ઉતાવળ અતિશય કરવી પડી હતી, તેને પરિણામે પહેલા ભાગનાં લેખન, મુદ્રણ, રૂપરંગ વગેરે બધાં અંગો, આજે તો જોયાં ન જાય તેવાં ફિક્કાં ને કદરૂપ ઊતર્યાં હતાં. વાચકગણ, તમે સહુએ એ બધી ત્રુટિઓ પ્રત્યે ઘણી ઘણી ધીરજ દાખવી છે. ગુજરાતે મારા દોષો દરગુજર કર્યા છે, એનું ભાન મને નિરંતર રહ્યા કર્યું છે.

એ બધી હૂંફને પ્રતાપે જ મારું બલ ટકી શક્યું છે અને પહેલા ભાગની આ બીજી આવૃત્તિને મેં નવી જ શૈલીએ ફરી વાર લખી કાઢી, જૂનાની ભસ્મમાંથી જાગેલા નવા અવતાર જેવી બનાવવા યત્ન કર્યો છે.

જૂની વાર્તાઓમાં વિગતવાર તો ઘણા ફેરાફારો કરી લીધા છે. પરંતુ તે ઉપરાંત એક મોટી ઊથલપાથલ કરવી જરૂરી લાગી છે: 'રાયસિંહજી' તથા 'રાવળ જામ ને જેસો વજીર' એ બંને વાર્તાઓ નિરર્થક તેમજ આડંબરી જણાવવાથી રદ કરી છે. 'લા ગોહિલ' તથા 'ગેમલજી ગોહિલ' તથા 'રા' નવઘણ' આ પ્રથમ ભાગમાં એની મૂલ્ય-મર્યાદાને અંગે ન સમાઈ શકવાને લીધે રાખી લેવી પડી છે. એ બંને કથાઓ તો 'રસધાર: ધારા બીજી'ની જે નવી આવૃત્તિ આવી જ શૈલીએ લખાઈ રહી છે તેમાં દેવાશે. બીજાં જે પરચુરણ કાવ્યો રહી ગયાં છે તેને પણ 'ધારા બીજી'માં ધરી દેશું.

સાત વર્ષની અંદર આ સંગ્રહોએ કેવળ લોકહૃદયમાં જ નહિ પરંતુ શિષ્ટ સાહિત્યની દુનિયામાં, શિક્ષણની નવી રચાતી ચોપડીઓમાં, લેખકોનાં શૈલી-ઘડતરમાં તેમ જ વિચાર-ઘડતરમાં જે સ્થાન લીધું છે તેને, લેશમાત્ર અભિમાન કર્યા વિના, હું મારા જીવનની ઊંચી કમાઈ સમ લેખું છું અને નવું પ્રોત્સાહન પામું છું.

રાણપુર: વસંત પંચમી, 1985 [ઈ.સ. 1929] ઝ૦મે૦

[છઠ્ઠી આવૃત્તિ]

આ કથાઓમાં આવતા દુહા-છંદોમાં કેટલીક ભૂલો અગાઉનાં મુદ્રણો વખતે શિથિલ પ્રૂફવાચનને કારણે ઉત્તરોત્તર દાખલ થઈ ગઈ હશે અને કેટલાક મૂળ પાઠો જ ક્ષતિવાળા હશે એ વાત તરફ ડિંગળી સાહિત્યના અભ્યાસી શ્રી રતુભાઈ રોહડિયાએ અમારું ધ્યાન દોર્યું અને આવી ભૂલો તારવી આપી. આ પછી પહેલાથી છેલ્લા પાના સુધીના તમામ કાવ્યાંશોની શુદ્ધિ તપાસી લેવાનું અમે યોગ્ય ધાર્યું. શ્રી રતુભાઈ રોહડિયા ઉપરાંત શ્રી તખતદાન રોહડિયાએ સૂચવેલાં ક્ષતિઓ-પાઠાન્તરો

શ્રી મકરન્દ દવેની વિવેકવંતી સરાણે ચડીને પાર ઊતર્યાં એ આ આવૃત્તિમાં સમાવી લીધાં છે. આ દરમિયાન કેટલીક શંકાઓ ઊભી થઈ એ અંગેની સ્પષ્ટતાઓ શ્રી બળદેવભાઈ નરેલાએ અને શ્રી જયમલ્લ પરમારે પૂરી પાડી છે. 'રસધાર'ના ત્રીજા ભાગને છેડે (અને ચોથા ભાગની ત્રીજી આવૃત્તિને અંતે) તળપદા સોરઠી શબ્દો અને રૂઢિપ્રયોગોના અર્થો આપ્યા છે. કથાઓમાં આવતા બીજા અનેક શબ્દો અને રૂઢિપ્રયોગોના અર્થો આટલા કાળાન્તરે ઉમેરવા જેવા લાગ્યા એ શ્રી ખોડીદાસ પરમારે તૈયાર કરી આપ્યા; એનો ઉપયોગ કરીને આ અર્થસારણી વિસ્તારી છે. આ ઉમેરણને પણ શ્રી મકરન્દ દવેની ચકાસણીનો લાભ મળ્યો છે. 'રસધાર'ની આ આવૃત્તિ હવે આમ વિશેષ પ્રમાણભૂત બને છે એમાં આ સહુ મિત્રો-સ્નેહીઓના ઝાઝા હાથ રળિયામણા નીવડ્યા છે. એમાં એમનો 'રસધાર' અને તેના લેખક પ્રત્યેનો ઊંચો પ્રેમાદર જોઈએ છીએ અને અમારો આભાર વ્યક્ત કરીએ છીએ.

28 ઑગસ્ટ 1980: 84મી મેઘાણી-જયન્તી

*જયંત મેઘાણી*

'સોરઠી બોલીનો કોશ' અને 'કાઠી અને ચારણી બોલીની ખાસિયતો' એ બેઉ પરિશિષ્ટો 'સૌરાષ્ટ્રની રસધાર'ની અગાઉની આવૃત્તિઓમાં ત્રીજા ભાગમાં હતા. એ સામગ્રી હવે પાંચમા ભાગના અંતમાં મૂકી છે. પાંચેય ભાગની કથાઓની સંકલિત સૂચિ પણ હવે પાંચમા ભાગમાં ઉમેરી છે.

2003

*જયંત મેઘાણી*

## ક્રમ


નિવેદન . . . . . . . . [3]
નવે અવતારે . . . . . . . [8]

રંગ છે રવાભાઈને ! . . . . . . 3
જટો હલકારો . . . . . . 10
વલીમામદ આરબ . . . . . . 15
ગરાસણી . . . . . . . 23
આહીરની ઉદારતા . . . . . 28
ભાઈબંધી . . . . . . . 41
ઘેલોશા . . . . . . . . 52
ભેંસોનાં દૂધ! . . . . . . 72
ભોળો કાત્યાળ . . . . . . 80
આહીર યુગલના કોલ . . . . . 87
આનું નામ તે ધણી . . . . . 93
દેપાળદે . . . . . . . . 97
સેજકજી . . . . . . . . 103
રાણજી ગોહિલ . . . . . . 114
મોખડોજી . . . . . . . 118
બોળો . . . . . . . . 125
ભીમોરાની લડાઈ . . . . . . 130
ઓઢો ખુમાણ . . . . . . 139
વાળાની હરણપૂજા . . . . . 143
ચાંપરાજ વાળો . . . . . . 148
આઈ કામબાઈ . . . . . . 157
કટારીનું કીર્તન . . . . . . 162
સાંઈ નેહડી . . . . . . . 166
શૂરવીરની પહેલી મિલન-રાત . . . 173

# સૌરાષ્ટ્રની રસધાર

## ભાગ 1

# રંગ છે રવાભાઈને !

ધરતીનાં અમી અને માણસાઈનાં પાણી હજુ શોષાઈ નહોતાં ગયાં તે સમયની આ વાત છે. સંવત ઓગણીસસો અને સોળનો ચૈત્ર મહિનો સોરઠ ઉપર ફૂલડે વરસતો હતો. ભાવનગર પંથકના ગોહિલવાડની રસાળી ભોમ આકરા તાપના દિવસોમાં પણ ઉનાળુ જુવાર અને રજકાની લીલી ઓઢણીમાં શીળપની લહેર માણતી હતી. કણબીની નાનકડી દીકરીઓ ગાજર, મૂળા કે મગની કૂણી શીંગો ખાતી ખાતી વાડીના ક્યારા વાળતી અને મદઝરતે સાદે ગાતી હતી —

*કિયા ભાઈના કૂવા કરે કીચુડિયા રે*
*કિયા ભાઈની વાડિયું લેરે જાય*
*આંબો મોર્યો ને આંબે ફળ ઘણાં રે!*

રામનવમીનો રૂડો દિવસ છે. લીલી સીમમાં માનવીનો બોલાશ નથી. ખેડૂતોએ અગતો પાળીને ધોરીને પૉરો દીધો છે, અને પોતે સહુ ઉપવાસ રહીને ગામના ઠાકરદ્વારમાં રામજન્મનો ઉત્સવ કરે છે. આખી સીમ સૂની પડી છે.

એવા મોટા તહેવારને દિવસે પ્રભાતને પહોરે એક ફૂટતી મૂછોવાળો ઘોડેસવાર વરતેજ અને ચિત્રા ગામ વચ્ચે પંથ કાપતો ને રાંગમાં ફૂલમાળ ઘોડી રમાડતો ચાલ્યો જાય છે. ટોયાની બીક વિનાના મોરલા લીલા મોલમાં પોતાની જાંબલી ડોકની ભાત્ય પાડતા ચણે છે. વરતેજનાં આંબાવાડિયાંની સાખો ચાખતી કોયલો ડાળે ડાળે હીંચકે છે. આવું સોનેમઢ્યું સવાર, આવાં ગહેકતાં આંબેરણ, ઊંચા ઘાટા ચાસટિયામાંથી ગળાઈને આવતો મીઠો પવન, અને દેવપંખીના ટૌકાર: પણ ચૈત્ર મહિનાની આ છલકાતી શોભામાં ઘોડેસવારનું મન નથી.

"હાંક્યે રાખો, ભાઈ! હાંકો ઝટ, બાપાં! જોજો હો, ક્યાંક રામનોમ રસ્તામાં નો કરવી પડે!" પોતાની સાથે ખોરડાં બાંધવાના કાટનાં બે ગાડાં હતાં, તેના હાંકનારને રજપૂત આમ ટોકતો આવે છે. ગાડાં કડકડતાં ભર્યાં છે. એક ગાડું મૂળુ પરમાર નામનો રજપૂત હાંકે છે અને બીજે ગાડે જગો મકવાણો નામનો કોળી બેઠો છે.

વરતેજ અને ચિત્રા વચ્ચેના કાળિયા આંબાની નજીક આવે છે ત્યાં રજપૂતે જોયું કે પચીસ-ત્રીસ ઉતારુ ભરીને બીજાં ત્રણ-ચાર ગાડાં ચાલ્યાં જાય છે. સ્ત્રી-પુરુષોનો આવડો મોટો સંઘ જાતો જોઈને અસવારે ઘોડીની લગામ જરા ઢીલી મૂકીને ચાલ્ય વધારી. પલકવારમાં તો આંબી પણ ગયો.

આઘેથી એણે સંઘને ઓળખ્યો. લાગ્યું કે આ તો આપણા ગામના ગોરધન શેઠ; અને ઓલ્યા રહ્યા એ તો દડવાના ચાંપશી શેઠ.

ત્યાં તો સંઘમાંથી પણ સામો અવાજ આવ્યો: "ઓહોહોહો! આ તો આપણા રવાભાઈ: આ તો બાપુ! આવો! તમે ક્યાંથી? જે સ્વામીનારાયણ!"

"જે સ્વામીનારાયણ, ગોરધન શેઠ! ચાંપશી શેઠ, જે સ્વામીનારાયણ!" રવાભાઈએ જવાબ વાળ્યો: "આપણા ઓરડા ચણાય છે તે એના સારુ કાટ લેવા હું ભાવનગર ગયો'તો."

"ઠીક થયું, ઠીક." બે-ત્રણ શેઠિયા બોલ્યા: "અમે સૌ ભાવનગર કારજ ઉપર ગયા'તા ત્યાંથી આજ ઘેર જઈએ છીએ. સાથે પાંચ-સાત હજારનું જોખમ છે. સારું થયું કે તમારો ઘર સુધીનો સંગાથ થયો."

"હા, ભલે! જો એમ જ હોય તો આપણે સૌ સાથે ચાલશું; પરંતુ મારે હવે હોશિયારી રાખવી પડશે." એમ કહી રવાભાઈએ પોતાના કાટનાં ગાડાં આગળ કર્યાં, વચમાં વાણિયાનાં ગાડાં રાખ્યાં અને પોતે ઘોડેસવાર થઈ પાછળ ચાલ્યા.

નદીનો લાંબો પટ વટાવીને સામે કાંઠે ચડ્યા ત્યારે ચકોર રવાભાઈએ જોયું કે કાળિયે આંબેથી બે હથિયારબંધ સિંધી લોકો પાછળ પાછળ ચાલ્યા આવે છે. એને જોઈને રવાભાઈએ પૂછ્યું: "કાં ભાઈઓ! તમે ક્યાં જાવ છો?"

સિંધીઓ બોલ્યા: "આ સરહદનો અમારો જુંબો છે. કોઈ વટેમાર્ગુ સાથે જરજોખમ હોય તો અમારે તેમની રક્ષા માટે સાથે ચાલવું એવો દરબારી હુકમ છે."

આવો જવાબ મળ્યા છતાં રવાભાઈને શંકા તો રહી ગઈ. એણે કહ્યું: "તેમ હોય તો ભલે; પણ અમને તમારી જરૂર નથી. કારણ હું રાજપૂત-ગરાસિયો છું અને સાથે છું, માટે તમે તમારે ખુશીથી પાછા વળો."

પણ વાણિયાઓ બોલ્યા: "એક કરતાં બે ભલા; માટે, રવાભાઈ બાપુ, ભલેને ઈયે સાથે આવે."

રવાભાઈએ વધુ આગ્રહ ન કર્યો અને સૌ રસાલાએ આગળ ચાલવા માંડ્યું.

❁

રવાભાઈ કાઠિયાવાડમાં આવેલા પચ્છેગામના દેવાણી ભાયાત વડોદ(દેવાણી)ના ભાગીદાર હતા. સૌ ભાવનગરથી આવતાં કાળિયા આંબા આગળ સાથે થયા હતા.

રોંઢો ઢળ્યો અને સાંજ નમવા માંડી હતી ત્યારે ચોગઠ અને ડભાળિયા ગામ વચ્ચે કાળીસર નદી ઊતરીને સૌ સામે કાંઠે ચડ્યા. તે જ સમયે રવાભાઈની ચકોર અને વહેમીલી આંખોએ બીજા બે શસ્ત્રધારી પુરુષોને રસ્તા વચ્ચે બેઠેલા જોયા. પ્રથમથી જ આ રજપૂત ચારેય તરફ નજર ફેરવતો હોશિયારીથી ચાલતો હતો, એમાં પોતે માર્ગમાં બેઠેલા શસ્ત્રધારી પુરુષોને જોઈ આડીઅવળી નજર ફેરવી. ત્યાં તો દૂરથી આડે માર્ગે બીજા બે શસ્ત્રધારી પુરુષોને પણ પોતાની તરફ આવતા જોયા. એક તો પ્રથમથી જ સાથે ચાલતા બે હથિયારબંધ માણસો વિષે એને વહેમ હતો, અને તેમાં આ બધો મેળ જોઈને એને ખાતરી થઈ કે આ સાથે ચાલનાર શસ્ત્રધારીઓ જુંબેદાર નથી પણ આ વાણિયાઓ ઉપર હેરુ છે. ધીંગાણું કરવાનો વખત આવી પહોંચ્યો છે એમ ધારીને પોતાની ભેટ કસી, તરવારની કોંટી છોડી, હોશિયાર થઈ, શું થાય છે તે જોતા રવાભાઈ ચુપચાપ આગળ ચાલ્યા.

આડે માર્ગથી આવતા બે હથિયારધારીઓ આગળ બેઠેલા બે આદમી

સાથે ભળી ગયા અને ચારેય જણાએ, જેવાં ગાડાં ઢૂકડાં આવ્યાં તેવા જ રસ્તા વચ્ચે ઊભા રહી પડકારો કરીને ગાડાં ઊભાં રખાવ્યાં અને કહ્યું: "અમને આમાં અફીણ હોવાનો શક છે; માટે આ ગાડાંઓની ઝડતી લેવા દ્યો."

ગાડાં અટક્યાં એટલે રવાભાઈ તો ચેતી ગયા. પોતે ઘોડી ઉપરથી ઊતરી, પોતાના બન્ને ગાડાંવાળાને સાથે લઈને આગળ આવ્યા અને ઝડતીને બહાને ગાડાં અટકાવ્યાનું જાણી આગળ ઊભેલા શસ્ત્રધારીઓને નરમાશથી કહ્યું: "ભાઈઓ! આગળના ગામે દરબારી પટેલની રૂબરૂ તમે ખુશીથી તપાસ કરજો; પરંતુ આમ વગડામાં અંતરિયાળ ઝડતી ન હોય. માટે કોરે ખસો અને ગાડાં હાલવા દ્યો."

આટલું કહેતાં કહેતાં જુંબેદાર તરીકે સાથે ચાલતા બે માણસો માયલો એક બોલ્યો: "દરબાર! તમારા કાટનાં ગાડાંની ઝડતી નથી લેવી; માટે તમે તમારાં ગાડાં હાંકીને હાલતા થાઓ. અને આ બીજાં ગાડાંઓની ઝડતી તો લેવી જ પડશે."

રવાભાઈ આ પ્રપંચ પામી ગયા. સાથે ચાલતા બન્ને આદમી જુંબેદાર નહિ પરંતુ આ લૂંટારુ ટોળીમાંના જ માણસો છે એમ ખાતરી થઈ ચૂકી. પોતે બોલ્યા: "ભાઈઓ, આ બધાંય ગાડાં મારાં છે. કાટનાં ગાડાં કાંઈ નોખાં નથી. તમારી મતલબ હું જાણી ચૂક્યો છું. પણ ભાવનગરની જમણી ભુજા ભા દેવાજીનું નામ તમે જાણો છો ને? તેનો હું વારસદાર છું. મારા દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી તમારી ઇચ્છા પૂરી નહિ જ પડે. મારા કુળની ખાનદાની અને શૂરવીરતાની શાખ ઉપર આ સૌએ મારો સાથ કર્યો છે. એટલે મારે તો આંહીં ખપી ગયે જ છૂટકો છે. માટે હજી હું હાથ જોડીને કહું છું કે ભાઈઓ, જાળવો, અને અમને જવા દ્યો. આજે રામનવમી છે; મારા મોંમાં નકોરડો અપવાસ છે, નાહક મારા જીવને ક્લેશ થશે. માટે કોરે ખસી જાવ!"

લૂંટારાઓએ એકબીજાની સામું જોયું, પોતાની સિંધી ભાષામાં એવું કંઈક બોલ્યા કે 'આટલા બધામાં ફક્ત આ એક જ છે.' એટલામાં એક જણે દરબાર ઉપર ખેરના ધોકાનો છુટ્ટો ઘા કર્યો; પણ સમયસૂચકતા

વાપરી, એ ઘા ચૂકવી રવાભાઈ પોતાના સાથીઓ તરફ જોઈને બોલ્યા: ''ભાઈઓ! હું એકલો છું; વળી ઉપવાસી છું; દુશ્મનો વધારે છે. તમે ફક્ત મારી પીઠ સંભાળજો, બાકી તો સ્વામીનારાયણ સહાય કરશે.'' એટલું બોલીને રવાભાઈએ તરવાર ખેંચી.

વાણિયા તો સૌ બીકથી દૂર ખસી ગયા, સાથેના રજપૂતોમાંથીય રજપૂતાઈની રજ ઊડી ગઈ. પણ જગો કોળી હાથમાં મોટું આડું લઈને દુશ્મનના ઘા ઝીલવા રવાભાઈની પીઠ પાછળ આવી ઊભો. આ બધું એક પળમાં બની ગયું.

ધોકાનો ઘા ખાલી જવાથી લૂંટારાઓ વધારે ખિજાયા; અને રવાભાઈ હજી તૈયારીમાં હતા ત્યાં તો દુશ્મનોમાંથી એકે જોરથી રવાભાઈ ઉપર તરવારનો ઘા કર્યો. રવાભાઈ જરા પાછળ હઠી ઘા ચૂકવવા ગયા ત્યાં તો હાથના જમણા કાંડા ઉપર બીજો સખત ઘા પડ્યો.

એક તો પોતાને નકોરડો ઉપવાસ હતો, તેમાં પાછા હઠતાં ઠેસ આવી અને ઉપરથી ઘા પડ્યો; એટલે રજપૂતનું શરીર લથડ્યું અને લથડતા શરીર ઉપર દુશ્મને તરત જ લાગ જોઈ બીજો ઘા કર્યો. પરંતુ ઘણી જ ચપળતાથી એ ઘા ચુકાવી, પડતાં પડતાં, રવાભાઈએ જોરથી તરવારનો લેખણવઢ ઘા કરીને એકને જમીનદોસ્ત કર્યો અને પોતે પાછા ઊભા થઈ ગયા. એટલામાં બીજા દુશ્મને માથા ઉપર તરવારનો ઘા કર્યો, તે પોતાના માથામાં વાગ્યો; પરંતુ તરવારના એક જ ઘાથી એ દુશ્મનને તો પોતે ઠાર કર્યો. આમ એક ઠાર થયો અને એક સખત જોખમાયો; એટલે બાકીના દુશ્મનો નાહિંમત થઈ ગયા અને બન્ને લાશો ઉપાડી જીવ લઈ નાઠા.[1]

રવાભાઈની પીઠના કેટલાક ઘા તો જગા કોળીએ 'આડા' ઉપર ઝીલી લીધા હતા. તોય વાંસામાં તથા હાથે એમ બે-ત્રણ ઘા અને માથામાં એક સખત ઘા લાગેલા જ; છતાં રણે ચડેલો રજપૂત હાથમાં ખુલ્લી તરવારે દુશ્મનોની પાછળ દોડ્યો. ત્યાં તો વાણિયાઓ વગેરેએ દોડીને દરબારને

1. ચોર-લૂંટારાઓને, પોતે કોણ હતા તે ઓળખાઈ ન જાય એટલા માટે પોતાના મરનાર સાથીઓનાં મુડદાં ઉપાડીને જ ભાગવું પડે, માટે જ તેઓ પોતાનાં વધુ માણસો મરવા ન દેતાં ભાગી નીકળે છે.

પકડી લીધા. કેટલીય વારે માંડમાંડ શૂરવીરતાનો ઊભરો શાંત થયો, ત્યારે જ માથાના ઘા વાગ્યાની ખબર રવાભાઈને પડી.

રવાભાઈ સ્વામીનારાયણના પાકા ભક્ત હતા. પોતે જાણ્યું કે હું હમણાં જ બેભાન થઈ જઈશ, એટલે તરત જ સૌને કહી દીધેલું કે 'મારા પ્રાણ જાય તો ભલે, પણ મને મારા ભાઈઓ દવા તરીકે દારૂ પાય તો પાવા દેશો નહિ.'

બધા ઘા ઠર્યા એટલે રવાભાઈ બેશુદ્ધ થવા લાગ્યા. એક ગાડું ખાલી કરાવી રવાભાઈને ગાડામાં લઈ સૌ ધીમે ધીમે ઘર તરફ રવાના થયા.

મોડી રાત્રે સૌ વડોદ આવી પહોંચ્યા: રવાભાઈની માતાને દીકરો ઘવાયાની ખબર પડી. માતાએ મોઢામાંથી દુઃખનો એક ચૂંકારો ન કાઢ્યો, પણ એણે તો એટલું જ કહ્યું:

"મારા દીકરાનું ગમે તે થાય, પણ મારી વસ્તીના જાનમાલનું રક્ષણ થયું એટલે મારો રવોભા જીવતો છે એમ જ હું સમજું છું. અને મારી તો આજ રામનોમ સુધરી."

આ શૂરવીરતાના સમાચાર તરત જ ભાવનગર મહારાજ જસવંતસિંહજીને મળી ગયા. તેમણે ખાસ વડોદ કહેવરાવ્યું કે 'રવાભાઈ સાજા થાય ને માથે પાણી નાખો ત્યારે અમને ખબર આપજો.' બે માસ પડદે રહ્યા પછી રવાભાઈને માથે પાણી નાખવામાં આવ્યું, ત્યારે મહારાજાએ સોનાની મૂઠની તરવાર તથા સોનેરી શેલું ભેટ મોકલ્યાં, ભારે શાબાશી આપી, શૂરવીરતાની કદર કરી.

આ પછી કેટલેક વર્ષે ભાલ-પ્રદેશના એક ગામમાં ચોરે દાયરો મળ્યો હતો. નવાબખાં જમાદાર નામનો એક વૃદ્ધ સિંધી ત્યાં મહેમાન તરીકે આવેલો. જમાદાર દાયરાઓમાં બેસવાવાળા એટલે અફીણના બંધાણી હતા. ચોરે કસુંબો નીકળ્યો. જમાદારે કસુંબો લેતાં પહેલાં આંગળાંથી છાંટા નાખી 'રંગ છે રવાભાઈ રજપૂતને' એમ રંગ આપી કસુંબો લીધો. સૌ દાયરાને કૌતુક થયું; સૌએ પૂછ્યું: "રવાભાઈ કોણ?"

જમાદારે ઉપરના ધીંગાણાની વાત કરી:

"ભાવનગર રાજના ભાલ-પંથકનો હું જમાદાર હતો. રાજ્યનું ભરણું

ભરવા ભાવનગર ગયો હતો. ત્યાં કેટલાક વાણિયાઓ પાંચ-સાત હજારના જોખમ સાથે નીકળવાની બાતમી મળવાથી મારી બુદ્ધિ બગડી. અમે છ જણાની ટોળીએ તેમનું હેરુ લીધું. બે જણા વાણિયા સાથે જુંબેદાર તરીકે ચાલ્યા અને બીજા આગળ ચાલ્યા. કાળીસર નદી પાસે અમે ભેટો કર્યો અને પછી ધીંગાણું જામ્યું. એ ધીંગાણામાં મેં નજરે જોયું કે ખરો રજપૂત તો એક રવોભાઈ! ત્યારથી હું રવાભાઈ રજપૂતને રંગ આપ્યા પછી જ કસુંબો પીઉં છું અને અલ્લાહ પાસે મારા ગુનાહની તોબા પોકારું છું."

આ વાત બન્યાને આજે [1923માં] 63 વર્ષ થયાં છે.

## જટો હલકારો

બાયલા ધણીની ઘરનારી સમી શોકભરી સાંજ નમતી હતી. આવતા જન્મની આશા જેવો કોઈ કોઈ તારલો તબકતો હતો. અંધારિયાના દિવસો હતા.

એવી નમતી સાંજને ટાણે, આંબલા ગામના ચોરા ઉપર ઠાકરની આરતીની વાટ જોવાય છે. નાનાં નાનાં, અરધાં નાગાંપૂગાં છોકરાંની ઠઠ્ઠ જામી પડી છે. કોઈના હાથમાં ચાંદા જેવી ચમકતી કાંસાની ઝાલરો ઝૂલે છે; ને કોઈ મોટા નગારા ઉપર દાંડીનો ઘા કરવાની વાટ જુએ છે. સાકરની અક્કેક ગાંગડી, ટોપરાની બબ્બે કરચો અને તુળસીના પાનની સુગંધવાળા મીઠા ચરણામૃતની અક્કેક અંજળિ વહેંચાશે એની આશાએ આ ભૂલકાં નાચી રહ્યાં છે. બાવાજીએ હજી ઠાકરદ્વારનું બારણું ઉઘાડ્યું નથી. કૂવાને કાંઠે બાવોજી સ્નાન કરે છે.

મોટેરાંઓ પણ ધાવણાં છોકરાંને તેડી આરતીની વાટે ચોરાની કોર ઉપર બેઠાં છે. કોઈ બોલતું નથી. અંતર આપોઆપ ઊંડાં જાય એવી સાંજ નમે છે.

"આજે તો સંધ્યા જરાય ખીલી નથી." એક જણે જાણે સંધ્યા ન ખીલવી એ મોટું દુઃખ હોય તેવે સાદે હળવેથી સંભળાવ્યું.

"દશ્યું જ જાણે પડી ગઈ છે." બીજાએ અફસોસમાં ઉમેરો કર્યો.

"કળજુગ! કળજુગ! રત્યું હવે કળજુગમાં કૉળતી નથી, ભાઈ! ક્યાંથી કૉળે!" ત્રીજો બોલ્યો.

"ને ઠાકોરજીની મૂર્તિનું મુખારવંદ પણ હમણાં કેવી ઝાંખપ બતાવે છે! દસ વરસ ઉપર તો શું તેજ કરતું!" ચોથે કહ્યું.

ચોરામાં ધીરે સાદે ને અધમીંચી આંખે બુઢ્ઢાઓ આવી વાતે વળગ્યા

છે, તે ટાણે આંબલા ગામની બજાર સોંસરવાં બે માનવી ચાલ્યાં આવે છે: આગળ આદમી ને પાછળ સ્ત્રી છે. આદમીની ભેટમાં તરવાર અને હાથમાં લાકડી છે, સ્ત્રીના માથા ઉપર મોટું એક પોટકું છે. પુરુષ તો એકદમ ઓળખાય તેવો નહોતો; પણ રજપૂતાણી એના પગની ગતિ ઉપરથી ને ઘેરદાર લેંઘાને લપેટેલ ઓઢણા ઉપરથી અછતી ન રહી.

રજપૂતે જ્યારે ડાયરાને રામરામ ન કર્યા ત્યારે ગામલોકોને લાગ્યું કે કોઈ અજાણ્યા પંથકનો વટેમાર્ગુ હશે. ડાયરે એને ટપાર્યો કે "બા, રામરામ!"

"રામ!" તોછડો જવાબ દઈને મુસાફર ઝટપટ આગળ ચાલ્યો. પાછળ પોતાની પેનીઓ ઢાંકતી ગરાસણી ચાલી જાય છે.

એકબીજાનાં મોં સામે જોઈને દાયરાનાં માણસોએ સાદ કર્યો: "અરે ઠાકોર, આમ કેટલેક જાવું છે?"

"આઘેરાક." જવાબ મળ્યો.

"તો તો, ભાઈ, આંહીં જ રાત રોકાઈ જાવ ને!"

"કાં? કેમ તાણ કરવી પડે છે, બા?" મુસાફરે કતરાઈને વાંકી જીભ ચલાવી.

"બીજું તો કાંઈ નહિ, પણ અસૂર ઘણું થઈ ગયું છે, ને વળી ભેળાં બાઈ માણસ છે. તો અંધારાનું ઠાલું જોખમ શીદને ખેડવું? વળી, આંહીં ભાણે ખપતી વાત છે: સહુ ભાઈયું છીએ. માટે રોકાઈ જાવ, ભા!"

મુસાફરે જવાબ દીધો: "બાવડાનું બળ માપીને જ મુસાફરી કરું છું, ઠાકોરો! મરદોને વળી અસૂર કેવાં! હજી તો કોઈ વડિયો દેખાો નથી."

તાણ કરનારા ગામલોકોનાં મોં ઝંખવાણાં પડી ગયાં. કોઈએ કહ્યું કે "ઠીક! મરવા દ્યો એને!"

રજપૂત ને રજપૂતાણી ચાલી નીકળ્યાં.

❁

વગડા વચ્ચે ચાલ્યાં જાય છે. દિવસ આથમી ગયો છે. આઘે આઘેથી ઠાકરની આરતીનાં રણકાર સંભળાય છે. ભૂતાવળો નાચવા નીકળી હોય

એમ દૂરનાં ગામડાંના ઝુંડમાં દીવા તબકવા લાગ્યા. અંધારે જાણે કાંઈક દેખતાં હોય અને વાચા વાપરીને એ દીઠેલાંની વાત સમજાવવા મથતાં હોય તેમ પાદરનાં કૂતરાં ભસી રહ્યાં છે.

મુસાફરોએ ઓચિંતાં પછવાડે ઘૂઘરાના અવાજ સાંભળ્યા. બાઈ પાછળ નજર કરે ત્યાં સણોસરાનો હલકારો ખભે ટપાલની થેલી મૂકી, હાથમાં ઘુઘરિયાળું ભાલું લઈને અડબૂથ જેવો ચાલ્યો આવે છે. કેડમાં નવી સજાવેલી, ફાટેલા મ્યાનવાળી તરવાર ટીંગાય છે. દુનિયાના શુભ-અશુભનો પોટલો માથે ઉપાડીને જટો હલકારો ચાલી નીકળ્યો છે. કેટલાય પરદેશ ગયેલા દીકરાની ડોશીઓ અને કેટલાય દરિયો ખેડતા ધણીઓની ધણિયાણીઓ મહિને-છ મહિને કાગળના કટકાની વાટ જોતી જાગતી હશે એવી સમજણથી નહિ, પણ મોડું થશે તો પગાર કપાશે એવી બીકથી જટો હલકારો દોડતો જાય છે. ભાલાના ઘૂઘરા એની અંધારી એકાંતના ભેરુબંધ બન્યા છે.

જોતજોતામાં જટો પછવાડે ચાલતી રજપૂતાણીની લગોલગ થઈ ગયો. બેય જણાંને પૂછપરછ થઈ. બાઈનું પિયર સણોસરામાં હતું, એટલે જટાને સણોસરાથી આવતો જોઈને માવતરના સમાચાર પૂછવા લાગી. પિયરને ગામથી આવનારો અજાણ્યો પુરુષ પણ સ્ત્રીજાતને મન સગા ભાઈ જેવો લાગે છે. વાત કરતાં કરતાં બેય જણાં સાથે ચાલવા લાગ્યાં.

રજપૂત થોડાં કદમ આગળ ચાલતો હતો. રજપૂતાણીને જરા છેટી પડેલી જોઈને એણે પછવાડે જોયું. પરપુરુષ સાથે વાતો કરતી સ્ત્રીને બે-ચાર આકરા વેણ કહી ધમકાવી નાખી.

બાઈએ કહ્યું: "મારા પિયરનો હલકારો છે, મારો ભાઈ છે."

"હવે ભાળ્યો તારો ભાઈ! છાનીમાની ચાલી આવ! અને મા'રાજ, તમે પણ જરા માણસ ઓળખતા જાવ!" એમ કહીને રજપૂતે જટાને તડકાવ્યો.

"ભલે બાપા!" એમ કહીને જટાએ પોતાનો વેગ ધીરો પાડ્યો. એક ખેતરવાનું છેટું રાખીને જટો ચાલવા લાગ્યો.

જ્યાં રજપૂત જોડલું આઘેરાક નહેરામાં ઊતરે છે, ત્યાં તો એકસામટા




બાર જણાએ પડકારો કર્યો કે ''ખબરદાર, તરવાર નાખી દેજે!''

રજપૂતના મોંમાંથી બે-ચાર ગાળો નીકળી ગઈ. પણ મ્યાનમાંથી તરવાર નીકળી ન શકી. વાટ જોઈને બેઠેલા આંબલા ગામના બાર કોળીઓએ આવીને એને રાંઢવાથી બાંધ્યો, બાંધીને દૂર ગબડાવી દીધો.

''એ બાઈ, ઘરેણાં ઉતારવા માંડ.'' લૂંટારાએ બાઈને કહ્યું.

અનાથ રજપૂતાણીએ અંગ ઉપરથી એક એક દાગીનો કાઢવાનું શરૂ કર્યું. એના હાથ, પગ, છાતી વગેરે અંગો ઉઘાડાં પડવા લાગ્યાં. એની ઘાટીલી, નમણી કાયાએ કોળીઓની આંખોમાં કામના ભડકા જગાવ્યા. જુવાન કોળીઓએ પહેલાં તો જીભની મશ્કરી શરૂ કરી. બાઈ શાંત રહી. પણ જ્યારે કોળીઓ એના અંગને ચાળો કરવા નજીક આવવા લાગ્યા, ત્યારે ઝેરીલી નાગણ જેમ ફૂંફાડો મારીને રજપૂતાણી ખડી થઈ ગઈ.

''અલ્યા, પછાડો ઈ સતીની પૂંછડીને!'' કોળીઓએ અવાજ કર્યો.

અંધારામાં બાઈએ આકાશ સામે જોયું. ત્યાં જટાના ઘૂઘરા ઘમક્યા.

"એ જટાભાઈ!" બાઈએ ચીસ પાડી: "દોડજે!"

"ખબરદાર એલા! કોણ છે ત્યાં?" એવો પડકાર કરતો જટો તરવાર ખેંચીને જઈ પહોંચ્યો. બાર કોળી લાકડી લઇને જટા ઉપર તૂટી પડ્યા. જટે તરવાર ચલાવી, સાત કોળીના પ્રાણ લીધા. પોતાને માથે લાકડીઓનો મે વરસે છે, પણ જટાને એ ઘડીએ ઘા કળાયા નહિ. બાઈએ બુમરાણ કરી મૂક્યું. બીકથી બાકીના કોળી ભાગી છૂટ્યા, તે પછી જટો તમ્મર ખાઈને પડ્યો.

બાઈએ જઈને પોતાના ધણીને છોડ્યો. ઊઠીને તરત રજપૂત કહે છે કે "હાલો ત્યારે."

"હાલશે ક્યાં? બાયલા! શરમ નથી થાતી? પાંચ ડગલાં હારે હાલનારો ઓલ્યો બ્રાહ્મણ ઘડીકની ઓળખાણે મારા શિયળ સાટે મરેલો પડ્યો છે; અને તું – મારા ભવ બધાનો ભેરુ – તને જીવતર મીઠું થઈ પડ્યું! જા ઠાકોર, તારે માર્ગે. હવે આપણા – કાગ ને હંસના – સંગાથ ક્યાંથી હોય? હવે તો આ ઉગારનાર બ્રાહ્મણની ચિતામાં જ હું સોડ્ય તાણીશ."

"તારા જેવી કૈંક મળી રહેશે." કહીને ધણી ચાલી નીકળ્યો.

જટાના શબને ખોળામાં ધરીને રજપૂતાણી પરોઢિયા સુધી અંધારામાં ભયંકર વગડે બેઠી રહી. પ્રભાતે આજુબાજુથી લાકડાં વીણી લાવીને ચિતા ખડકી, શબને ખોળામાં લઈને પોતે ચડી બેઠી; દા પ્રગટાવ્યો. બન્ને જણાં બળીને ખાખ થયાં. પછી કાયર ભાયડાની સતી સ્ત્રી જેવી શોકાતુર સાંજ જ્યારે નમવા માંડી ત્યારે ચિતાના અંગારા ધીરી ધીરી જ્યોતે ઝબૂકતા હતા.

આંબલા અને રામધરી વચ્ચેના એક નહેરામાં આજ પણ જટાનો પાળિયો ને સતીનો પંજો હયાત છે.

# વલીમામદ આરબ

"જમાદાર સા'બ, ચલો રોટી ખાવા."

"નહિ, હમ ખાયા."

"ચલો ચલો, જે બટકું ભાવે તે, મેરા ગળાથ [સોગંદ]."

"નહિ નહિ, હમ અબી ખાયા."

ત્રણ ગામના ત્રિભેટે, આછે પાણીએ ઝૂલતી એક નાની વાવ હતી. એ વાવને માથે માના ખોળા જેવી ઘટા પાથરીને એક જૂનો વડલો ઊભો હતો. એક દિવસ ઉનાળાને બપોરે એ હરિયાળા દેવઝાડની છાંયડીમાં, વાવને ઓટે બે જણા બેઠા હતા: એક આરબ ને બીજો વાણિયો. ભાથાનો ડબરો ઉઘાડી ટીમણ કરવા બેઠેલો ડાહ્યો વાણિયો એ આરબને ઢેબરાં ખાવા સોગંદ દઈ-દઈને બોલાવે છે. તેનું એક કારણ છે. એક તો કાંટિયા વર્ણથી સદાય ડરીને ચાલનાર ગામડિયો વેપારી એને ખવરાવી-પિવરાવી કે સોપારીનો ઝીણો ભૂકો આપી દોસ્તી બાંધી લ્યે; અને બીજું, આજે આ શેઠ લાઠી ગામે પોતાના દીકરાની વહુને દાગીના ચડાવવા ગયેલા, ત્યાંથી વેવાઈની સાથે કાંઈક તકરાર થવાથી ઘરેણાંનો ડબો ભેળો લઈને પાછા વળેલા છે. તેથી માર્ગે આવા હથિયારબંધ સંગાથીનો ઓથ જરૂરનો હતો. એટલે જ વાણિયે સોગંદ આપી આપીને આખરે ચાઊસને બે ઢેબરાં ખવરાવ્યે જ છૂટકો કર્યો.

રોંઢો ઢળવા લાગ્યો એટલે આરબે એક ખંભે હમાચો નાખીને બીજે ખંભે લાંબી નાળવાળી બંદૂક લટકાવી. કમ્મરના જમૈયા સરખા કરીને કસીકસીને ભેટ બાંધી. દંતિયે દાઢી ઓળીને આરબ નીચે ઊતર્યો. વાણિયાએ પણ ઘોડી ઉપર ખલતો નાખીને તંગ તાણ્યો.

આરબે સવાલ કર્યો: "કાં સેઠ, ક્યાં જાવું છે?"

"ખોપાળા સુધી."

"મારો પણ એ જ મારગ છે. ચાલો."

ચાઊસ અમરેલીની નોકરીમાંથી કમી થઈને વડોદરે રોટીની ગોતણ કરવા જાતો હતો. બેય જણા ચાલતા થયા. તે વખતે આરબને ઓસાણ આવવાથી એણે પૂછ્યું: "સેઠ, કાંઈ જોખમ તો પાસે નથી ને?"

"ના રે બાપુ! અમે તે જોખમ રાખીએ! પંડેપડ જ છું."

આરબે ફરી કહ્યું: "સેઠ, છુપાવશો નહિ. હોય તો મારા હાથમાં સોંપી દેજો, નીકર જાન ગુમાવશો."

"તમારે ગળે હાથ, જમાદાર, કાંઈ નથી."

શેઠના ખડિયામાં ડાબલો હતો. ને ડાબલામાં બે-ત્રણ હજાર રૂપિયાનું ઘરેણું હતું.

બન્ને આગળ ચાલ્યા. આંકડિયા અને દેરડી વચ્ચેના લાંબા ગાળામાં આવે ત્યાં તો ગીગો શિયાળ નામનો એક નામીચો કોળી પોતાના બાર જુવાનોને લઈને ઓડા બાંધી ઊભેલો છે.

આ જમદૂતોને દૂરથી આવતા જોતાં જ શેઠના રામ રમી ગયા; એનો સાદ ફાટી ગયો. એનાથી બોલી જવાયું: "મારી નાખ્યા, ચાઊસ! હવે શું કરશું?"

"કેમ? આપણી પાસે સું છે, તે લૂંટસે?"

"ચાઊસ, મારી પાસે પાંચ હજારના દાગીના છે."

"હ – ક્ર બનિયા! ખોટું બોલ્યો હતો કે! લાવ હવે. ડબો કાઢીને જલદી મને આપી દે, નહિ તો આ કોળીઓ તારો જાન લેશે."

વાણિયાએ ડબરો કાઢીને આરબના હાથમાં દીધો. આ બન્યું તે સામે આવનાર કોળીઓએ નજરોનજર જોયું. અને છેટેથી બૂમ પાડી: "ઓ ચાઊસ, રહેવા દે રહેવા, નહિ તો તું નવાણિયો કુટાઈ ગયો જાણજે."

"સેઠ!" ચાઊસે વાણિયાને કહ્યું: "હવે તું તારે ઘોડી હાંકી મૂક. જા, તારી જિંદગી બચાવ; મને એકને મરવા દે."

વાણિયે ઘોડી હાંકી મૂકી. એને કોળીઓએ ન રોક્યો. એ તો આરબને જ ઘેરી વળ્યા અને હાકલ કરી: "એલા ચાઊસ, હાથે કરીને મરવા માટે ડબરો લીધો કે?"

ચાઊસ કહે: "હમ ઉસકા અનાજ ખાયા."

"અરે, અનાજ હમણાં નીકળી જશે. ઝટ ડબરો છોડ!"

"નહિ, ઉસકા અનાજ ખાયા."

"અરે ચાઊસ, ઘેર છોકરાં વાટ્ય જોઈ રે'શે."

"નહિ, ઉસકા અનાજ ખાયા."

ચાઊસે બીજું એક વેણ પણ ન કહ્યું. એને તો બસ એક જ ધૂન હતી કે 'ઉસકા અનાજ ખાયા.'

કોળીઓએ ચાઊસનો પીછો લીધો, પણ ચાઊસની નજીક જવાની કોઈની હિંમત ન ચાલી, કારણ કે ચાઊસના હાથમાં દારૂગોળો ભરેલી બંદૂક હતી. કોળીઓને ખબર હતી કે આરબની બંદૂક જો છૂટે, તો કદી ખાલી ન જાય.

હમાચામાં દાગીનાનો ડબરો છે, હાથમાં બંદૂક છે, અને આરબ ઝપાટાભેર રસ્તો કાપતો જાય છે. આઘે આઘે કોળીઓ ચાલ્યા આવે છે; જરા નજીક આવીને કામઠાં ખેંચીને તીરનો વરસાદ વરસાવે છે; આરબ એ ખૂતેલા તીરને પોતાના શરીરમાંથી ખેંચી, ભાંગી, ફેંકી દેતો જાય છે, કોળીઓને બંદૂકની કાળી નાળ બતાવી ડરાવતો જાય છે. એટલે ડરીને કોળીઓ દૂર રહી જાય છે. અને આરબ રસ્તો કાપતો જાય છે.

પણ આરબ શા માટે બંદૂકનો બાર કરતો નથી? કારણ કે એ ભરેલી દારૂગોળી સિવાય, બીજી વખત ભડાકો કરવાનું એની પાસે કાંઈ સાધન નથી. માટે જ ફક્ત ડરાવીને એ પોતાનો બચાવ કરી રહ્યો છે.

ત્યાં તો આંકડિયા ગામની લગોલગ આવી પહોંચ્યા. કોળીઓએ જાણ્યું કે આરબ જોતજોતામાં ગામની અંદર પેસી જશે. ગીગા શિયાળનો જુવાન ભાણેજ બોલી ઊઠ્યો: "અરે શરમ છે! બાર-બાર જણાની વચ્ચેથી આરબ ડબરો લઈને જાશે? ભૂંડા લાગશો! બાયડિયુંને મોઢાં શું બતાવશો?"

આ વેણ સાંભળતાં તો કોળીઓ આરબ પર ધસ્યા. આરબે ગોળી છોડી. ગીગાના ભાણેજની ખોપરી વીંધી, લોહીમાં નાહી-ધોઈને સનસનાટ કરતી ગોળી ચાલી ગઈ. એ તો આરબની ગોળી હતી!

પણ આરબ પરવારી બેઠો, અને કોળીઓ એના પર તૂટી પડ્યા.

આરબના હાથમાં રહ્યો કેવળ એક જમૈયો. સાત કોળીઓને એણે એકલાએ જમૈયાથી સુવાડ્યા, ત્યાં તો ગામ નજીક આવી ગયું. ગીગો અને તેના જીવતા સાથીઓ પાછા ચાલ્યા ગયા.

લોહીમાં તરબોળ આરબ ધીરે ધીરે ડગલાં માંડે છે. એની આંખો પર લોહીના થર બાઝી ગયા છે. શરીરમાંથી લોહી ટપકી રહ્યું છે. એને રસ્તો દેખાતો નથી. ચાલતો ચાલતો એ સીતાપુરી નદીને કાંઠે ઊતર્યો અને એક વીરડા ઉપર લોહિયાળું મોઢું ધોવા બેઠો.

નદીને સામે કાંઠે આંકડિયા નામનું ગામ હતું. આઈ જાનબાઈની જગ્યાના ઓટા ઉપર ગામના ગરાસદાર ચારણ વીકોભાઈ બેઠેલા. એની નજર પડી કે કોઈ લોહીલુહાણ, જખ્મી આદમી પાણી પીવા બેઠો છે. વીકોભાઈ એની પાસે આવ્યો. ત્યાં તો એ અજાણ્યા માણસનો પગરવ સાંભળીને અંધ બની ગયેલો આરબ બે હાથે પોતાનો હમાચો દબાવી બૂમ પાડી ઊઠ્યો કે "ચોર! ચોર!"

વીકાભાઈએ આરબને ટાઢો પાડ્યો, એનું શરીર સાફ કર્યું. ઘેર લઈ ગયા. પડદે રાખ્યો. હોશિયાર વાળંદને બોલાવી જખ્મો પર ટેભા લેવરાવ્યા અને પોતે બરદાસ કરવા લાગ્યા.

વળતે જ દિવસે ગીગો શિયાળ પોતાના ત્રીસ માણસોને લઈ આવી પહોંચ્યો. વીકાભાઈને કહેવરાવ્યું કે "મારો ચોર સોંપી દિયો; નહિ તો ગામની ચારેય પાસ કાંટાના ગળિયા મૂકી હું ગામ સળગાવી દઈશ."

વીકાભાઈ કહે: "ગીગા, શરણે આવેલાને ન સોંપાય. હું ચારણ છું."

ગીગો કહે: "મારા ગામને પાદરે મારા ભાણેજની ચેહ બળે છે. એ જુવાન ભાણેજના મારનારને હું એ જ ચિતામાં બાળું ત્યારે જ મને ઠારક થાય તેમ છે. માટે સોંપી દ્યો, નીકર તમારી આબરૂ નહિ રહે."

વીકાભાઈના સાઠ રબારી હાથમાં લાકડી લઈને ઊભા થઈ ગયા અને ગીગાને હાકલ કરી કે "તો ગીગલા, થઈ જા માટી! અમે જીવતા છીએ ત્યાં સુધી આશરે આવેલાને તું એમ લઈ જઈશ?"

ગામ આખું ગરજી ઊઠ્યું. ગીગો લજવાઈને પાછો ચાલ્યો ગયો.

દિવસ ગયા. આરબને આરામ થયો. પણ સૂતાં કે બેસતાં આરબ પોતાનો હમાચો છોડતો નથી. આરામ થયે એણે વીકાભાઈની રજા માગી.

વીકાભાઈએ પૂછ્યું: "ચાઊસ! રસ્તામાં વાપરવાની કાંઈ ખરચી છે કે?"

ઓછાબોલો ચાઊસ ફક્ત એટલું જ બોલ્યો કે "નહિ."

વીકાભાઈએ ખરચી બંધાવી. આરબે આજીજી કરી કે "વીકાભાઈ, ખોપાળા સુધી મને મૂકવા આવો."

વીકાભાઈ સમજ્યા કે આરબ ગીગા શિયાળથી ડરી જઈને આવી માગણી કરે છે. બન્ને જણા ખોપાળે પહોંચ્યા. આરબના મનમાં તો મૂંઝવણ ઊપડી હતી. દાગીનાવાળા વાણિયાનું નામ એને યાદ નહોતું આવતું, અને પારકી થાપણ હવે એને સાપના ભારા સમાન થઈ પડી હતી. ધણીને ઘરાણું પહોંચાડ્યા પહેલાં એને નીંદર આવે તેમ નહોતું.

ત્યાં તો ખોપાળાની બજારમાં એણે એ દાગીનાના માલિક વાણિયાને દીઠો. દોડીને એણે દાગીનાનો ડબરો વાણિયાના હાથમાં મૂકી કહ્યું: "સેઠ, આ તમારા દાગીના જલદી ગણી લ્યો."

વીકાભાઈની તાજુબીનો પાર ન રહ્યો. એ પૂછે છે કે "અરે ચાઊસ! આટલી બધી મૂડી બગલમાં હતી તોયે કેમ કહેતા હતા કે પાસે કાંઈ નથી?"

આરબે ઉત્તર દીધો કે "એ તો પારકી થાપણ."

વીકાભાઈ બોલ્યા: "રંગ છે તારી જનેતાને, ચાઊસ!"

એને સમજાયું કે આરબે પોતાની ખાતર નહિ, પણ આ પારકા માલને ખાતર ધીંગાણું ખેડ્યું હતું. એણે શેઠને બધી વાત કહી સંભળાવી. જેની સ્વપ્ને પણ આશા નહોતી એ દાગીના મળવાથી શેઠને અંતરે આનંદ માતો નહોતો. એણે આરબને બક્ષિસ આપવા માંડી – રૂપિયા પાંચ! આરબે માથે ચડાવીને પાછા વાણિયાના હાથમાં ધરી દીધા.

શેઠની પીઠ પર એક ખાસડાનો ઘા કરીને વીકોભાઈ બોલ્યા: "કમજાત! વ્યાજના ખાનારા! તારા પાંચ હજારના દાગીના ખાતર મરવા જનારને પાંચ રૂપરડી આપતાં તું શરમાતો નથી?"

આરબ વડોદરે પહોંચી ગયો. એના અંતરમાં વીકાભાઈનું નામ રમતું રહ્યું. આરબનો બચ્ચો ઉપકાર ન ભૂલે.

વડોદરાના મહારાજા ફતેસિંહરાવના દરબારમાં આરબ નોકરી કરે છે. એમ થતાં એક વખત મહારાજાના એક વણિક મિત્ર પોતાની સ્ત્રીને પરગામ તેડવા ગયા, તેની સાથે એ જ આરબને મોકલવામાં આવ્યો.

શેઠ-શેઠાણી રથ જોડીને વડોદરા તરફ ચાલ્યાં આવે છે. બપોરને વખતે એક વાવ આવી ત્યાં શેઠાણીનો રથ છૂટ્યો છે. શેઠ વહેલા વડોદરે પહોંચવા માટે આગળ ચડી ગયા છે.

શેઠાણીએ આરબને કહ્યું: "ભાઈ, વાવમાં જઈને પાણી લઈ આવો ને!"

ચોપાસ સૂનકારભરી સીમ જોઈને ચાઊસે જવાબ દીધો: "અમ્મા, રથ છોડીને તો હું નહિ જાઉં!"

"અરે, ચાઊસ, ગાંડા છો? એટલી વારમાં આંહીં કોણ આવી ચડે છે?"

અચકાતે હૈયે, ઝાડને થડે બંદૂક ટેકવી આરબ પાણી ભરવા વાવમાં ઊતર્યો. બહાર આવીને જ્યાં જુએ ત્યાં ન મળે બંદૂક કે ન મળે શેઠાણી. હેબતાઈ ગયેલ ગાડાખેડુએ આંગળી બતાવીને કહ્યું: "ઓ જાય ઊંટ ઉપર ચડેલા બે સંધીઓ – બંદૂક અને શેઠાણીને બેયને લઈને."

વાવના પથ્થર પર આરબ માથું પટકવા ને ચીસો પાડવા લાગ્યો. પણ બંદૂક વિના એનો ઇલાજ નથી રહ્યો. એવામાં ઓચિંતો ઘોડી ઉપર ચડીને એક રજપૂત નીકળ્યો. રજપૂતે આરબને આક્રંદ કરતો જોઈ, વાત સાંભળી, ઘોડી ઉપરથી ઊતરીને રજપૂતે કહ્યું: "આ લે, ચાઊસ, તાકાત હોય તો ઉપાડ આ બંદૂક, ચડી જા મારી ઘોડી માથે; પછી વિધાતા જે કરે તે ખરું."

વીજળીના ઝબકારાને વેગે આરબે ઘોડી પર છલંગ મારી, હાથમાં બંદૂક લીધી અને ઘોડી મારી મૂકી. જોતજોતામાં સંધીના ઊંટની પાછળ

આરબની ઘોડીના ડાબલા ગાજ્યા.

ઊંટ પર એક સંધી મોખરે બેઠો છે; બીજો એક પછવાડેના કાઠામાં બેઠો છે; અને વચ્ચે બેસાડેલાં છે શેઠાણીને. આરબ મૂંઝાણો. એ શી રીતે ગોળી છોડે! પાછલાને ગોળી મારતાં શેઠાણી પણ વીંધાઈ જાય તેવું હતું. આરબ મૂંઝાય છે.

પાછલા દુશ્મનના હાથમાં પણ આરબવાળી ભરેલી બંદૂક તૈયાર છે. એણે મોખરેના સવારને કહ્યું: "ઊંટને જરાક આડો કર એટલે આ વાંસે વયા આવનાર ઘોડેસવારને હું પૂરો કરું."

જેમ ઊંટ આડો ફર્યો તેમ તો સનનન કરતી આરબની અણચૂક ગોળી છૂટી; છૂટ્યા ભેળો તો મોખરેનો હાંકનાર પડ્યો. બીજી ગોળી ઊંટ ઉપર – અને ઊંટ બેસી ગયો. ત્રીજી ગોળીએ પછવાડેનો સંધી ઠાર થયો. શેઠાણીને અને શેઠાણીના પચાસ હજારના દાગીનાને બચાવીને આરબ પાછો વળ્યો.

બહાદુર આરબ હવે તો મહારાજનો અંગરક્ષક બન્યો છે. બહુ બોલવાની એને આદત નથી. નીચું જોઈને જ એ હાલેચાલે છે.

ફરી એક વાર એના શૌર્યનું પારખું થયું. એણે એક દિવસ મહારાજાને શિકાર ખેલતાં સિંહના પંજામાંથી ઉગારી લીધા. ત્યારથી એ મહારાજાના સૈન્યમાં મોટો હોદ્દેદાર બન્યો છે.

પેશકશી ઉઘરાવવા માટે મહારાજ પોતે સોરઠમાં વરસોવરસ મોટી ફોજ લઈને આવે છે. આ વખતે ફોજનો સેનાપતિ એ બુઢ્ઢો આરબ હતો. દરેકેદરેક રાજમાં જો મહારાજ સરકાર જાય તો વસ્તીને તેમ જ તે રાજને હાડમારીની હદ ન રહે; એટલે રાજાઓ પોતે જ સીધાદોર થઈને સામે પગલે ચાલી ખંડણી ભરી આવતા. આ વખતે ગાયકવાડના ડેરાતંબુ લીંબડી મુકામે તણાયા છે.

બુઢ્ઢા આરબના મગજમાં હરદમ એક માનવી તરવરી રહ્યો છે: એનો જીવનદાતા વીકોભાઈ. પણ એ નામ આરબ ભૂલી ગયો છે; ગામનું નામ પણ યાદ નથી: 'ઈકડી,' 'ઈકડી' કરે છે. એના મનમાં હતું કે જો ભેટો થાય તો એ જીવનદાતાનું થોડુંક કરજ ચુકાવું.

એક દિવસ રાજાઓની કચેરી ગાયકવાડના તંબૂમાં ભરાયેલી છે, જરિયાની ચાકળા પર આરબનું આસન છે; પણ આરબ ઊઠીને બહાર ગયેલ. તેવામાં વીકાભાઈ તંબૂમાં આવી પહોંચ્યા. અને વીકાભાઈએ તો પેલા આરબની ખાલી પડેલી ગાદી ઉપર ઝૂકાવ્યું.

જોતાં જ મહારાજા ફતેસિંહરાવની આંખ ફાટી રહી. ત્યાં તો આરબ અંદર આવ્યો. આઘેથી જોતાં જ વીકાભાઈને ઓળખ્યા.

"ઓ મારા જીવનદાતા! મારા બાપ!" કરતો દોડીને આરબ વીકાભાઈના ચરણોમાં ઢળી પડ્યો. મહારાજાને તમામ વૃત્તાંતથી વાકેફ કર્યા.

મહારાજાએ જાહેર કર્યું: "આ વીકાભાઈ જે રાજાના હામી (જામીન) થાય તેની પેશકશી અમે ખમશું."

ત્યારથી પ્રત્યેક રાજમાં વીકાભાઈને મોટાં આદરમાન મળવા લાગ્યાં. નાણાંનો પણ તોટો ન રહ્યો.

આજ એની ત્રીજી પેઢી આંકડિયાના અરધા ભાગનો ભોગવટો કરે છે. આ લગભગ સંવત 1915ની વાત છે.

# ગરાસણી

"ગેમાભાઈ! આ દીકરીને આજ એને સાસરે મૂકવા જાવાં છે. તમે સાથે જશો ને?"

"ના, દરબાર, ત્રણ ટકાનુંય જ્યાં જોખમ ન હોય ત્યાં મારું વોળાવું ન હોય. ગેમાનું વોળાવું તો પાંચ-પચીસ હજારના દાગીના હોય એવા ગામતરામાં જ દીપે. બીજાં સપારડાં ઘણાં છે."

ઢોલિયે સૂતો સૂતો હોકાની ઘૂંટ લેતાં લેતાં આવો જવાબ દેનાર આ ગેમો પચ્છેગામનો કારડિયો રજપૂત હતો. ગોહિલવાડ પંથકના પચ્છેગામની અંદર આવા ચાલીસ-પચાસ કારડિયાઓ ગરાસિયાઓનો પગાર ખાતા હતા. જ્યારે વોળાવે (ગામતરામાં સાથે) જવું હોય, ત્યારે પસાયતા તરીકે એ બધા પાસેથી કામ લેવાતું. પણ બધા કારડિયાની અંદર ગેમો ભારી જબ્બર હતો. જે ગાડાની સાથે ગેમો વોળાવિયો બનીને ચાલે, એ ગાડાને પડખે કોઈ લૂંટારો ચડી શકે નહિ. જેવાતેવાને તો ગેમો ઉપર મુજબના તોછડા જવાબો જ આપી દેતો. ગેમાનું વોળાંવું એ કાંઈ રમત નહોતી.

એક દિવસ ગામના બાપુ ખુમાણસંગજી તરફથી ગેમાને તેડું આવ્યું. ખુમાણસંગજીની દીકરી રૂપાળીબા ભાલમાં હેબતપર ગામે સાસરવાસ હતાં. ત્યાં એ દીકરીને સીમંત હતું. ખોળો ભરીને તેડી લાવવાનાં હતાં. એક વેલડું, બે છોડીઓ, ભેળો ગેમો, તેમ જ બીજો એક કારડિયો: એ બધાં હેબતપર ગામે બાને તેડવા ચાલ્યાં.

હેબતપરથી પચ્છેગામ આવતાં મોણપુર ગામ સુધી આશરે દસ ગાઉ લાંબું ભાલનું રણ છે. દિવસે એમાં મુસાફરી થતી નહોતી, કેમ કે પાણી વિના પ્રાણ જાય. એટલે રૂપાળીબાને રાતે જ સોંડાડવામાં આવ્યાં. વેલડીમાં રૂપાળીબા અને બે છોકરીઓ બેઠાં. બીજા ગાડામાં ગેમો, એનો

બીજો સંગાથી અને પાણીનાં બે માટલાં હતાં. ગાડાં જોડીને તારોડિયાને અજવાળે બધાં ચાલી નીકળ્યાં. રૂપાળીબા પાસે એક ડાબલો હતો. એમાં પાંચ હજારના હેમના દાગીના હતા; અંગ ઉપર પણ ઘરેણાંનો શણગાર ભલી ભાત્યે ભર્યો હતો.

ગાડાં ચાલ્યાં એટલે ગેમો તો જાણે પારણામાં હીંચોળાવા લાગ્યો. એણે પછેડી ઓઢીને લાંબા પડી ઊંઘવાનું શરૂ કર્યું. ઘોર અંધારામાં એનાં નસકોરાં ગાજવા લાગ્યાં. ગાડાવાળાએ એક વાર ટપારી જોયું: "ગેમાભાઈ, રાત અંધારી છે. ઊંઘવા જેવું નથી, હો બાપા! હોશિયાર રે'જો."

ગેમાએ જવાબ દીધો: "એલા, ઓળખછ તું આ ગેમાને? ગેમો હોય ત્યાં લૂંટારા ન ડોકાય; તું તારે મૂંગો મરીને ગાડું હાંક્યો આવ."

ગેમો નસકોરાં ગજાવવા લાગ્યો. નસકોરાં ઠેઠ બહેનને ગાડે સંભળાણાં. વેલડીનો પડદો ઉપાડીને રૂપાળીબાએ પણ કહી જોયું: "ગેમાભાઈ, બાપા, અટાણે સુવાય નહિ હો!"

ઊંઘમાં ને ઊંઘમાં ગેમો બબડતો હતો: "હું કોણ? હું ગેમો!"

આમ કરતાં વેળાવદર ગામ વળોટી ગયા. પણ ત્યાંથી દોઢ-બે ગાઉ ઉપર એક તળાવડી આવે છે. ગાડાખેડુએ નજર કરી તો આઘેથી તળાવડીમાં આગના તણખા ઊડતા દેખાયા. વહેમ આવ્યો કે કોઈ ચકમક ઝેગવે છે. ગેમાને એણે હાકલ કરી: "ગેમાભાઈ! ગફલત કરવા જેવું નથી, હો!"

ગેમાનો તો એક જ જવાબ હતો: "મને ઓળખછ? હું કોણ? હું ગેમો!"

ગાડાં તળાવડી નજીક પહોંચ્યાં એટલે ગાડાખેડુને દસ-બાર આદમીનું ટોળું દેખાણું. એની છાતી થડકી ઊઠી. ગેમાને એણે ઢંઢોળ્યો, પણ ગેમો કાંઈ ઊઠે? એ કોણ? એ તો ગેમો!

જોતજોતામાં તો અંધારે બાર જણા વેલડું ઘેરીને ઊભા રહ્યા ને પડકાર કર્યો. ગેમો ઝબકીને આંખો ચોળે છે અને હાકલ કરે છે: "મને ઓળખો છો? હું કોણ? હું ગેમો!" ત્યાં તો એક ડાંગનો ઘા પડ્યો અને ગેમો જમીનદોસ્ત બન્યો.

એક જણે કહ્યું: "એલા, એને ઝટ રણગોળીટો કરી મેલો."

લૂંટારાઓએ એને બેસાડીને એના હાથપગને એક બંધે બાંધ્યા. પગના ગોઠણ ઊભા કરાવી, પછી ગોઠણ નીચે સોંસરી એક લાકડી નાખી. એક ધક્કો દઈ દડાની માફક ગબડાવી દીધો. આ ક્રિયાને 'રણગોળીટો' કર્યો કહેવાય છે. રણગોળીટો એટલે રણનો દડો. આદમી આ રીતે દડા જેવો બની જાય છે.

"કોણ છે વેલ્યમાં? દાગીના ફગાવી દ્યો ઝટ!" લૂંટારાઓએ ત્રાડ દીધી.

રૂપાળીબાએ વેલડીના પડદા ખોલી નાખ્યા અને બદમાશોએ માગ્યા મુજબ પાંચ હજારના દાગીનાનો ડાબલો આપી દીધો. તારોડિયાના પ્રકાશમાં રૂપાળીબાના અંગ ઉપર સોનું ચળકી ઊઠ્યું

બદમાશો બોલ્યા કે "ડિલ ઉપરથી ઘરેણું ઉતાર."

બાઈએ બધાં ઘરેણાં ઉતાર્યાં; બાકી રહ્યાં માત્ર પગનાં કડલાં.

"કડલાં સોત ઉતાર." બદમાશોએ બૂમ પાડી.

બાઈ વીનવવા લાગ્યાં કે "ભાઈ, આ નરેડીનાં નક્કર કડલાં છે ને ભીડેલાં છે. વળી, હું ભર્યે પેટે છું. મારાથી નહિ ઊઘડે; માટે આટલેથી ખમૈયા કરો ને, મારા વીરા!"

"સફાઈ કર મા ને ઝટ કાઢી દે!"

"ત્યારે લ્યો, તમે જ કાઢી લ્યો," એમ કહી રૂપાળીબાએ વેલડીમાં બેઠાં બેઠાં પગ લાંબા કર્યા. પોતાના જંતરડાની મજબૂત દોરીઓ ભરાવીને સામસામા બે કોળીઓ કડલાં ખેંચવા લાગ્યા અને બીજા વાતોમાં રોકાઈ ગયા; કોઈનું ધ્યાન નહોતું.

રૂપાળીબાએ ત્રાંસી નજર નાખી. બીજું કાંઈ તો ન દેખ્યું, પણ ફક્ત ગાડાનાં આડાં (લાકડાના ધોકા) દેખ્યા. વિચાર કરવાનો તો ત્યાં વખત નહોતો. કામી લૂંટારાઓ એ રજપૂતાણીના શરીરની મશ્કરી કરતા હતા.

રૂપાળીબાએ એક આડું ખેંચ્યું અને નીચે બેસી કડલાં ખોલનારા બે જણની ખોપરી માથે અક્કેક ઘા કર્યો. બન્નેની ખોપરી ફાટી ગઈ. બેય જણા ધરતી પર ઢળ્યા. ત્યાં તો ગરાસણીને શૂરાતન ચડી ગયું, આડું લઈને એ કૂદી પડી. દસ માણસોની લાકડી પોતાના અંગ પર પડતી જાય છે. માર

વાગતાં પોતે ગોઠણભર થઈ જાય છે; પાછી ઊઠીને આડાનો ઘા કરે છે. એ ઘા — ચંડીરૂપે ઘૂમતી એ ક્ષત્રિયાણીનો ઘા — જેના પર પડે છે તેને ફરી વાર ઊઠવા નથી આપતો.

અઢાર વરસની ગર્ભવંતી ગરાસણી લાકડીઓના ઘા અને તરવારોના ઝાટકા ઝીલતી ઘૂમે છે. એવામાં જે દુશ્મનો પડ્યા તેમાંના એકની તરવાર એના હાથમાં આવી ગઈ. એટલે પછી તો જગદમ્બાનું રૂપ પ્રગટ થયું; બચેલા બદમાશો પલાયન કરી ગયા.

ગેમો રણગોળીટો થઈને ઝાંખરામાં પડેલો હતો. બાઈએ કહ્યું કે "છોડી નાખો એ બાયલાને."

છૂટીને ગેમો ચાલ્યો ગયો, મોં ન બતાવી શક્યો. ફરી કોઈ વાર પચ્છેગામમાં ડોકાણો નહિ.

જુવાન ગરાસણીની છાતીમાં શ્વાસની ધમણ ચાલતી હતી; એનાં અંગેઅંગ ઉપરથી લોહી નીતરતું હતું; નેત્રોમાંથી ઝાળો છૂટતી હતી; હાથમાં લોહીથી તરબોળ તરવાર હતી. કાળી રાતે કોઈ ચંડિકા પ્રગટ થઈ! વાહ ગરાસણી! વનનાં ઝાડવાં જોઈ રહ્યાં હતાં.

ગાડામાં બેસવાની એણે ના પાડી. ધીંગાણું કરનાર માનવી બેસી શકે નહિ. એના શરીરમાં શૂરાતન ફાટફાટ થાતું હોય છે. ચાહે તેટલા ઘા પડ્યા હોય, પણ એ ગાઉઓના ગાઉ ચાલી શકે; એનું લોહી શાંતિ પામે નહિ. રૂપાળીબા ચંડીરૂપે ગાડાની પાછળ પાછળ ચોપાસ નજર કરતાં ચાલી નીકળ્યાં.

સવાર પડ્યું ત્યાં મોણપરનું પાદર આવ્યું. એ એમના મામા દાદભાનું ગામ હતું. મામાને ખબર મોકલ્યા કે ઝટ કસુંબો લઈને આવે.

કસુંબો લઈને મામા હાજર થયા. દીકરીને જખ્મોની પીડા ન દેખાય માટે કસુંબો લેવરાવ્યો. મામાએ આગ્રહ કર્યો કે "બેટા, આંહીં રોકાઈ જાઓ."

"ના, મામા, મારે જલદી ઘેર પહોંચવું છે, માને અને મારા બાપુને મળી લેવું છે."

બહેન પચ્છેગામમાં પહોંચે તે પહેલાં તો બહેનના ધીંગાણાની વાત

પ્રસરી ગઈ હતી. તમામને ચેતાવી દેવામાં આવ્યાં હતાં કે કોઈ એનાં વખાણ ન કરશો. ઊલટું, એને પાછી પાડવા જેવાં વેણ કહેજો, નહિ તો બહેનને ચમક ઊપડશે.

ચમક ઊપડે એટલે માણસ મરી જાય.

લોહીએ નીતરતાં બહેન આવ્યાં. બહેનને ઢોલિયામાં સુવાડ્યાં, બધાંય ઠપકો દેવા લાગ્યાં કે "બેટા! બહુ અઘટિત કર્યું. પાંચ હજારનાં ઘરેણાં જાત તો ક્યાં બાપુને ખોટ આવી જાત!"

એક પહોરમાં તો એનો જીવ ચાલ્યો ગયો; પણ એનો ઇતિહાસ હજુ સુધી નથી ગયો.

## આહીરની ઉદારતા

"આમ તો જુવો, આયર!"

"કાં? શું છે?"

"આ જોડી તો જુવો! આ આપણો વીકમસી ને વહુ સોનબાઈ. અરે, એની એકબીજાની માયા તો નરખો! મૂવું, મને તો આંસુડાં આવી જાય છે."

"આયરાણી! અતિ હરખઘેલી કાં થઈ જા અટાણથી?"

"મને આપણું બાળપણ સાંભર્યું, આયર!"

ભાદરને કાંઠે નાનું ગામડું છે. માગશર મહિનાની શિયાળુ સવારની મીઠી તડકીમાં ડોસો ને ડોસી બેઠાં છે. ફળિયામાં બે છોકરાં એક વાછરડીની કૂણી ડોક પંપાળે છે. બેઉ જણ ઝાઝું બોલતાં નથી, પણ બેઉની આંખો સામસામી હસી રહી છે. બુઢ્ઢા ધણી-ધણિયાણી આ બાળકોને જોઈ જોઈ હરખથી ગળગળાં થાય છે.

ડોસાનું નામ વજસી ડોસો, ને ડોસીનું નામ છે રાજીબાઈ. જાતનાં આહીર છે. ભાદરકાંઠે ખેડનો ધંધો કરે છે. પૈસેટકે ને વહેવારે સુખિયાં છે. આધેડ અવસ્થાએ એને એક દીકરો ને દીકરી અવતરેલ. બીજું કાંઈ સંતાન નહોતું; એટલે બહુ બચરવાળોના અંતરમાં કદી ન હોય તેવો આનંદ વજસી અને રાજીબાઈને થતો હતો.

આજે એ અધૂરું સુખ પૂરું થયું હતું, કેમ કે દીકરા વીકમસીની નાનકડી વહુ સોનબાઈ પોતાને માવતરથી સાસરે વાઢની શેરડી ખાવા આવી હતી. પાંચેક ગાઉ ઉપરના ઢૂકડા ગામડામાં એક આબરૂદાર આહીરને ઘેર વીકમસીનું વેવિશાળ કરેલું હતું. સારે વારપરબે વજસી ડોસા સોનબાઈને તેડાવતા અને થોડા દિવસો રોકાઈને સોનબાઈ પાછી ચાલી જતી.

વીકમસી દસ વરસનો અને સોનબાઈ આઠ વરસની: કળજુગિયો

વા વાયો નથી: ભોળાં વરવહુ આઘેથી એકબીજાંને જોઈ લેતાં, સામસામાં મીટ માંડીને ઊભાં રહેતાં, નીરખતાં ધરવ થાતો નહોતો, માયા વધતી જતી હતી. ચાર જમણ રોકાઈને જ્યારે સોનબાઈ માવિતર જાતી, ત્યારે વીકમસી એકલો ભાદરકાંઠે ભાગી જઈને છાનોમાનો રોયા કરતો; પાછો બીજા પરબની વાટ જોઈને કામે લાગતો. કામ મીઠું થઈ પડતું.

❁

"રૂપી! બોન! તુંને મારે માથે ખરેખરું હેત છે?"

"હા, ખરેખરું!"

"તો માને અને બાપુને એક વાત કહી આવીશ?"

"શું?"

"કે મારે પરણવું નથી: ઠાલા મારા વીવા કરશો નહિ."

રૂપીબહેન વીકમસીની સામે ટગર ટગર જોઈ રહી, હસી પડી: "લે, જા જા, ઢોંગીલા! એવું તે કહેવાતું હશે? અમથો તો સોનબાઈ જાય છે તયીં આંસુડાં પાડછ!"

"રૂપી! મારી બોન! ભલી થઈને હસ મા, ને મારું એટલું વેણ બાપુને કહી આવ. મારે નથી પરણવું."

"પણ કાંઈ કારણ?"

"કારણ કંઈ નહિ, બસ, મારે નથી પરણવું." એટલું કહેતાં કહેતાં વીકમસીના ડોળા ઉપર ઝળઝળિયાં ફરી વળ્યાં.

"રોઈ શીદ પડ્યો, વીરા? મારા સમ! બોનના સમ! ખમા તુંને, ભાઈ! તારા મનમાં શું થાય છે, બાપા? બોલ તો ખરો!"

એટલું કહીને રૂપી પોતાની ઓઢણીના પાલવથી ભાઈના આંસુ લૂછવા લાગી. ભાઈનું રોતું રૂપાળું મોઢું બે હાથમાં ઝાલી લીધું. ભાઈના ગાલ ઉપર પોતાનો ગાલ પંપાળીને પૂછવા લાગી: "મને મરતી દેખ, ભાઈ! બોલ! શું છે? સોનબાઈ નથી ગમતી? એનું કાંઈ હીણું સાંભળ્યું છે?"

વીકમસીની આંખોમાં આંસુ વધ્યાં. બહેનનું હૈયું પણ કાંઈ સમજ્યા વગર ભરાઈ આવ્યું.

અઢાર વરસની ભરજોબન અવસ્થાએ પહોંચેલા દીકરાના વિવાહ માટે બુઢ્ઢો બાપ તૈયારી કરતો હતો. અને આ પહેલીછેલ્લી વારનો દીકરો પરણાવવા હરખ થકી ગાંડીઘેલી બની ગયેલી ઘરડી માએ તો આખા ખોરડા ફરતા ઓળીપા, ગાર-ગોરમટી, દળવાં-ભરડવાં ને ચાકળા-ચંદરવાની શોભા વગેરે આદરી દીધું હતું. રૂપીબહેન હરતાં ને ફરતાં ભાઈનાં ગીતો જ ગાયા કરતી. એમાં આ બીના બની. ભાઈનો સંદેશો લઈને બહેન બાપુ પાસે ગઈ, બોલી: "બાપુ! ભાઈ કહે છે, નથી પરણવું."

"નથી પરણવું!" ડોસો હસી પડ્યો.

"સાચે જ, બાપુ. હસવા જેવું નથી. ભાઈ રોતો'તો!"

ડોસાએ વીકમસીને બોલાવ્યો. હોકાની ઘૂંટ લેતાં લેતાં પૂછ્યું: "પણ કારણ શું છે?"

વીકમસીની પાંપણ ધરતી ખોતરતી હતી; એનાથી કાંઈ જવાબ દઈ શકાયો નહિ.

"તુંને ઠેકાણું ન ગમતું હોય તો બીજે વેશવાળ કરીએ."

"ના, બાપુ, ઈ કારણ નથી."

"ત્યારે શું કારણ છે? હવે તો હું માંડ માંડ એકાદ પછેડી ફાડીશ; અને તારી મા પણ ખર્યું પાન ગણાય. અમને અવતાર ધરીને આ પહેલોછેલ્લો એક લા'વો તો લેવા દે, બાપ! અમારાં મોત સુધરશે."

બાપનું દયામણું મોં દેખીને વીકમસી ઘડીભર પોતાનું દુઃખ વીસર્યો. ચૂપ રહીને ચાલ્યો ગયો. બાપે માન્યું કે દીકરો માની ગયો. કોઈને બીજો કશોય વહેમ ન ગયો. કોઈને સાચી વાતનું ઓસાણ પણ ન ચડ્યું.

લગન થઈ ગયાં. સોળ વરસની સોનબાઈ સાસરે આવી. અંતર ફાટ ફાટ થતું હતું.

આજે મેળાપની પહેલી રાત હતી: મીઠી ટાઢ, મીઠી સગડી અને મીઠામાં મીઠી પ્રીતડી; એવી મહા મહિનાની ગળતી રાત હતી. ચોખ્ખા આભમાં ચાંદો ને ચાંદરડાં નીતરતાં હતાં.

એવી મહા મહિનાની રાતને પહોરે બાપુના પગ દાબીને વીકમસી ઓરડે આવ્યો. પોતે જાણે ચોરી કરી હોય એમ લપાતો લપાતો આવ્યો. ઊભો થઈ રહ્યો. આશાભરી સોનબાઈએ ધણીના મોં ઉપર લગનની પહેલી રાતનાં તેજ દીઠાં નહિ. નાનપણના ઉમળકા જાણે ક્યાં ઊડી ગયા છે! પૂછ્યું: "કાં આયર! શું થઈ ગયું?"

વીકમસી ગળગળો થઈ ગયો; થોડી વાર તો વાચા જ ઊઘડી નહિ, હોઠે આવીને વેણ પાછાં કોઠામાં ઊતરી ગયાં.

સોનબાઈ ઢૂકડી આવી. કાંડું ઝાલ્યું.

"તું મને અડીશ મા! આયરાણી! હું નકામો છું."

"કાં?"

"હું પુરુષાતણમાં નથી. માબાપને મેં ઘણી ઘણી ના પાડી'તી, પણ કોઈએ મારું કહ્યું માન્યું નહિ. કોઈ મારા પેટની વાત સમજ્યું નહિ."

"તે પણ શું છે?"

"બીજું તો શું કરું? આણું આવે ત્યાં સુધી તો તારે રોકાવું જ પડશે! પછી માવતર જઈને બીજો વિવાહ ગોતી લેજે. મેં તને બહુ દખી કરી. ભાગ્યમાં માંડ્યું મિથ્યા ન થયું."

"અરે આયર! આમ શીદ બોલો છો? એથી શું થઈ ગયું? કાંઈ નહિ. આપણે બે જણાં ભેળાં રહીને હરિભજન કરશું."

સાંભળીને વીકમસીનો ચહેરો ચમક્યો. વળી ઝાંખો પડીને બોલ્યો: "ના, ના, તારું જીવતર નહીં બગાડું."

"મારું જીવતર બગડશે નહિ, સુધરશે. તમ ભેળી સુખમાં રહીશ. બીજી વાતું મેલી દ્યો."

ખોળામાં માથું લઈને મોવાળા પંપાળતાં પંપાળતાં સ્ત્રીએ પુરુષને સુવાડી દીધો. વિકાર સંકોડીને પોતે પણ નીંદરમાં ઢળી. કોડિયાના દીવાની જ્યોત બેય જણાંનાં નિર્દોષ મોઢાં ઉપર આખી રાત રમતી હતી.

એવી એવી નવ રાતો વીતી ગઈ. દસમે દિવસે માવતરને ઘેરેથી સોનબાઈનો ભાઈ ગાડું જોડીને બહેનને તેડવા આવ્યો અને એ દસમી રાતે વીકમસીએ સોનબાઈને રજા દીધી: "તું સુખેથી જા. હું રાજીખુશીથી રજા

દઉં છું. હઠ કર મા. ઊગ્યો એને આથમતાં વાર લાગશે.''

''આયર! ધક્કો દઈને શીદ કાઢો છો? મારે નથી જાવું. તમારી જોડે જ રહેવું છે. મારે બીજું-ત્રીજું કાંઈ નથી કરવું.''

ધણીના પગ ઝાલીને સોનબાઈ ચોધાર રોઈ પડી. એમ ને એમ આંખ મળી ગઈ.

સવારે ઊઠીને ગાડા સાથે પિયરના કુટુંબની જે કોઈ છોડી આવેલી તેની મારફત પોતાના ભાઈને કહેવરાવ્યું કે 'મને તેડી જાશો તો મારું સારું નહિ થાય. મારે લાખ વાતે પણ આવવું નથી. તમે વેળાસર પાછા ચાલ્યા જાવ.'

ભાઈને કાંઈ કારણ સમજાણું નહિ, પણ એને લાગ્યું કે આગ્રહ કરીને બહેનને તેડી જવાથી ઘરમાં કાંઈક ક્લેશ થવાનો હશે, એટલે એણે વેવાઈને કહ્યું: ''વજસી પટેલ! મારાથી ભૂલમાં તેડવા અવાઈ ગયું છે. પણ આ તો કમુરતા ચાલે છે એ વાતનું મને ઓસાણ નહોતું. હવે ફરી વાર તેડવા આવીશ.''

એટલું કહીને ભાઈએ ગાડું પાછું વાળ્યું.

વજસી ને રાજીબાઈ, ડોસા-ડોસી બેય હવે જગ જીત્યાં હોય એવા સુખના દિવસો વિતાવે છે. સામી ઓસરીએ બેઠાં બેઠાં બેય ડોસલાં પોતાની ડાહીડમરી દીકરા-વહુના દિલનો વળાંક જોયા કરે છે; પરોઢિયે વહુની ઘંટી ફરે છે; સૂરજ ઊગ્યે વહુ વલોણું ઘુમાવે છે; ભેંસો દોવે છે, વાસીદાં વાળી ફળિયું ફૂલ જેવું – છીંક આવે તેવું – ચોખ્ખું બનાવે છે. મોતી ભરેલી ઇંઢોણીએ ત્રાંબાળુ હેલ્યનાં બેડાં લઈ આવે છે, ને પાછા દસ જણના રોટલા ટીપી નાખે છે. નાની વહુ વીજળી જેવી ઘરમાં ઝબકારા કરી રહી છે. શું એનું ગરવું મોઢું! સાસુ-સસરાને હેતનાં ઝળઝળિયાં આવી જાય છે. વાતો કરે છે:

''હવે તો, આયરાણી! એક વાત મનમાં રહી છે: આ રૂપીને કોઈ સારું ઠેકાણું મળી જાય.''

''એની ફિકર આપણે શી પડી છે, આયર? એને ભાઈ જેવો ભાઈ છે. આફરડો રૂપીને ઠેકાણે પાડશે.''

"પોતાના સુખમાં બે'નનું સુખ વીસરી તો નહિ જાય ને?"

"પણ મારી ચતુર વહુ ક્યાં વીસરવા દ્યે એવી છે?"

"આયરાણી! તોય એક અબળખા રહી જાય છે, હો!"

"શી?"

"આ ખોળો ખાલી છે ઈ નથી ગમતું. કાલું કાલું બોલતું હોય, ખોળા ખૂંદતું હોય, મૂછ્યું ખેંચતું હોય – એવું ભગવાન આપે એટલે બસ. એવા થોડાક દી જોઈ ને જાયેં એટલે સદ્ગતિ."

"આપશે, આયર! મારો વા'લો ઈ યે આપશે. આપણે માથે વા'લાજીની મહેર છે."

સતજુગિયાં વૃદ્ધ ધણી-ધણિયાણી આશાને તાંતણે જીવ ટીંગાડીને જીવતાં હતાં. એને માયલા ભેદની ખબર નહોતી.

❀

ભાદરકાંઠાની વાડીઓ ગહેકતી હતી. લીલી ઘટામાં પંખી માળા નાખતાં હતાં. આઘે આઘે ઊની લૂ વાતી હતી. અને તરસ્યાં હરણાં ઝાંઝવાંનાં જળને લોભે દોડ્યાં જતાં હતાં.

વીકમસી સાંતી હાંકતો હાંકતો ઊભો રહી જાય છે, સમજ્યા વગર બળદની રાશને ખેંચી રાખે છે, વિચારે ચડે છે: 'આ અસ્ત્રીનાં રૂપ-ગુણને મેં રોળી નાખ્યા. આવા સોજા શીળને માથે મેં કુવાડો માર્યો. આ બધું મેં શું કરી નાખ્યું?...માણસોને મેં વાતો કરતા સાંભળ્યા છે કે પુરુષાતણ વગરના પુરુષે તો અસ્ત્રીનાં લૂગડાં પહેરી પાવૈયાના મઠમાં બેસવું જોવે. નહિ તો સાત જન્મારા એવા ને એવા આવે. હું ભાગી જાઉં? આ અસ્ત્રી પણ મારા ફાંસલામાંથી છૂટીને સુખી થશે. પણ મારાં ઓશિયાળાં માબાપનું ને મારી પંખણી બોનનું શું થાશે?'

નિસાસો મૂકીને વીકમસી વળી પાછો સાંતીડે વળગતો. પણ એને જંપ નહોતો.

ચારપાંચ મહિના આમ ચાલ્યું. તેવામાં વજસી ડોસો ગુજરી ગયો. રાજી ડોસી પણ એની પછવાડે ગયાં. હવે વીકમસીનો મારગ મોકળો થયો.

રાતે જ એણે વાત ઉચ્ચારી: "તને ઘણા મહિના થઈ ગયા: માવતર ગઈ નથી. તે દી તારો ભાઈ બાપડો કોચવાઈને પાછો ગયેલો; તારાં માવતર પણ કોચવાતાં હશે. માટે રાજીખુશીથી એક આંટો જઈ આવ ને!"

"હં, તમે મને ફોસલાવો છો. મારે નથી જાવું."

"ના ના, તું વહેમા નહિ. લે, હુંય ભેળો આવું."

"હા, તો જઈ આવીએ."

ગાડું જોડીને બેય જણાં ચાલ્યાં. સોનબાઈનાં માવતરને આજ સોનાનો સૂરજ ઊગ્યા જેવું થયું. પનિયારીઓનાં ને ચોરે બેઠેલાં માણસોનાં મોંમાં પણ એક જ વાત હતી કે "કાંઈ જોડલી જામી છે! કાંઈ દીનોનાથ ત્રૂઠ્યો છે!"

વીકમસીએ પોતાના સસરાને એકાંતે લઈ જઈને ફોડ પાડ્યો: "મારે નગર જઈને પાવૈયાના મઠમાં બેસવું છે. હું રાજીખુશીથી છોડું છું. મેં મહાપાપ કર્યું છે. હવે સારું ઠેકાણું ગોતીને ઝટ આપી દેજો."

વાત સાંભળીને સોનબાઈનો બાપ સમસમી રહ્યો. એણે પણ સલાહ દીધી કે "સાચું, ભાઈ, નગર જઈને કરમ ધોવો. તે વિના ભૂંડા અવતારનો આરો નથી."

બાપ બિચારો સોનબાઈના મનની વાત નહોતો જાણતો. એણે માન્યું કે દીકરીના દુ:ખનો પણ ઉપાય થઈ શકશે. એણેય વાત પેટમાં રાખી લીધી.

બીજે દિવસે વાળુ કરીને સહુ સૂઈ ગયાં. પરોણા તરીકે વીકમસીની પથારી તો ફળીમાં જ હતી. ચોમાસાની રાત હતી. મે વરસતો હતો. કોઈ સંચળ સાંભળીને જાગે તેવું નહોતું. એવે ટાણે ગાડું જોડીને વીકમસી છાનોમાનો નીકળી ગયો. ચોમાસાની રાતનાં તમરાં રસ્તાની બેય દશ્યે રોતાં હતાં. નદીનેરાં ખળખળીને દોડતાં જાણે કાંઈક ખોવાણું હોય એની ગોતણ કરતાં હતાં.

પ્રભાતે જમાઈની ગોતણ ચાલી ત્યારે સોનબાઈના બાપે સહુને બધી વાતનો ફોડ પાડ્યો. સાંભળીને ઘરનાં સહુ નાનાંમોટાંએ શ્વાસ હેઠા મેલ્યા. માએ માન્યું કે 'મારી પદમણી જેવી દીકરી જીવતા રંડાપામાંથી ઊગરી ગઈ.'

આખા ઘરમાં એક સોનબાઈનું જ કાળજું ઘવાણું. મનમાં બહુ પસ્તાવો

ઊપડ્યો: આંહીં હું શીદ આવી? અરે, મને ભોળવીને ભુલવાડી ગયો? મને છાની રીતે છેતરી? મારો શો અપરાધ હતો?

છાની છાની નદીકાંઠે ગઈ; છીપર ઉપર બેસીને ખૂબ રોઈ લીધું. હવે ક્યાં જઈને એને ઝાલું! ઘણા વિચારો કર્યા. પણ લાજની મારી એની જીભ માવતર આગળ ઊપડી નહિ.

થોડા દિવસે ખબર આવ્યા કે વીકમસી તો પોતાની ઘરસંપત કાકાને સોંપી, રૂપીને સારે ઠેકાણે પરણાવવાની અને સંપત એના કરિયાવરમાં આપવાની ભલામણ દઈ, બહેનને ખબર કર્યા વગર, ઘોડીએ ચડીને નગરના મઠમાં પાવૈયો થવા ચાલ્યો ગયો છે.

સોનબાઈની રહીસહી આશા પણ કરમાઈ ગઈ. રોઈ રોઈને એ છાની થઈ ગઈ. પણ એને સંસાર સમુદ્ર સમો ખારો થઈ પડ્યો. એની આંખ સામેથી એક ઘડી પણ આયરનું મોં અળગું થાતું નથી.

થોડે દિવસે ત્યાંથી દસ ગાઉ દૂરના એક ગામડાના ઘરભંગ થયેલા એક લખમશી નામના આબરૂદાર આહીરનું માગું આવ્યું. બાપે દીકરીના દુઃખનો અંત આવ્યો સમજી માગું કબૂલ કર્યું. માએ દીકરીને પહેરાવી-ઓઢાડી સાબદી કરી. મીઠડાં લઈને મા બોલી કે "બાપ! મારા ફૂલ! હરિની મોટી મે'ર, તે તારો ભવ બગડતો રહી ગયો."

સોનબાઈનું અંતર વીંધાઈ જાતું હતું, પણ એની છાતી ઉપર જાણે એવો ભાર પડી ગયો કે પોતે કાંઈ બોલી જ ન શકી. નવા ધણીની સાથે નવે ઘેર ચાલી.

❀

શિયાળાના દિવસો છે: આભમાંથી કુંજડાંએ નીચે ઊતરીને જાણે પાતળી જીભે સંદેશો દીધો કે મે ગયો છે, લહાણી પડી ગઈ છે, ગામડાં ખાલી થઈને સીમો વસી ગઈ છે, ધાનનાં ડૂંડાં વઢાઈ રહ્યાં છે. નીચાં નમીને મોલ વાઢતાં દાડિયાં વચ્ચે વચ્ચે પોરો ખાવા ઊભાં થાય છે અને દાતરડી ગળે વળગાડી દઈને મીઠી ચલમો પીએ છે. છોડીઓ એકબીજીને હસતી ગાય છે:

ઓલ્યા પાંદડાને ઉડાડી મેલો
હો પાંદડું પરદેશી!
ઓલી મોતડીને ઉડાડી મેલો
હો પાંદડું પરદેશી!
-- સાસરો આણે આવ્યા
હો પાંદડું પરદેશી!
મારા સાસરા ભેળી નૈં જાઉં
હો પાંદડું પરદેશી!
એનો પરણ્યો આણે આવ્યા
હો પાંદડું પરદેશી!
'રા પરણ્યા ભેળી ઝટ જાઉં
હો પાંદડું પરદેશી!

પંખી ઊડે છે. ટોયા હોકારે છે. ચોમાસામાં ધરાયેલી ટાઢી પોચી ભોં કઠણ બની જાય તે પહેલાં ખેડી નાખવા માટે ડાહ્યા ખેડૂતોએ સાંતીડાં જોડી દીધાં છે.

લખમસીએ પણ ખળામાં ડૂંડાં નાખી પોતાના ખેતરમાં હળ જોડ્યું છે. આધેડ ઉંમરનો લોંઠકો આદમી સાંતીડે રૂડો લાગે છે. એના ખેતરની પાસે થઈને જ એક ગાડા-મારગ જતો હતો. તે મારગે ગામમાંથી એક ભતવારી ચાલી આવે છે. એ ભતવારી સોનબાઈ છે. બપોર ટાણે, સાંતી છૂટવાને સમયે, સોનબાઈ નવા ધણીને ખેતર ભાત લઈ જાય છે. ધીરાં ધીરાં ડગલાં ભરે છે.

સામેથી પાવૈયાનું એક ટોળું તાળોટા વગાડતું ચાલ્યું આવે છે. એને દેખતાં જ સોનબાઈને વીતેલી વાત સાંભરી આવી. તરીને પોતે ટોળું વટાવી ગઈ. ત્યાં તો દીઠું કે ટોળાની પાછળ આઘેરોક એક જુવાન ઘોડીએ ચડીને ધીમો ધીમો ચાલ્યો આવે છે. ધણીના ખેતરને શેઢે છીંડી પાસે સોનબાઈ ઊભી રહી. અસવાર નજીક આવતાં જ ઓળખાણો.

એ વીકમસી હતો. પાવૈયાના મઠમાં બેસવા ગયેલો. સ્ત્રીનાં લૂગડાં પહેરવાની માગણી કરેલી, પણ મઠના નિયમ મુજબ છ મહિના સુધી તો

પુરુષવેશે જ સાથે રહીને પોતાના પુરુષાતનની ખોટની ખાતરી કરાવવાની હતી. હજુ છ મહિના નહોતા વીત્યા. વીકમસી પાવૈયાના ટોળા સાથે માગણી માગવા નીકળ્યો છે. જોગ માંડ્યા હશે તે આ ગામે જ એને આવવું થયું છે.

બેય જણાંએ સામસામાં ઓળખ્યાં. વીકમસીએ પણ ઘોડી રોકી. બેય નીચી નજરે ઊભાં થઈ રહ્યાં. સોનબાઈની આંખોમાંથી આંસુ ચાલવા લાગ્યાં. અંતે એના હોઠ ઊઘડ્યા: "આમ કરવું'તું?"

"તું સુખી છો?" વીકમસીથી વધુ કાંઈ ન બોલાયું.

"હું તો સુખી જ હતી. છતાં શું કામે મને રઝળાવી?"

"ત્યારે શું તારો ભવ બગાડું?"

"બગાડવામાં હવે શી બાકી રહી, આયર?"

આંસુભરી આંખે બેય જણાં ઊભાં છે. ખેતરને સામે શેઢે લખમસી સાંતી હાંકતો હતો તે સાંતી ઊભું રાખીને આ બધું જોઈ રહ્યો છે. પોતાની સ્ત્રીને અજાણ્યા જણ સાથે ઊભેલી ભાળીને એની આંખો વહેમાતી હતી.

વીકમસીએ પૂછ્યું: "ભાત જા છો? તારું ખેતર ક્યાં છે?"

"આ જ મારું ખેતર."

"સાંતી હાંકે છે એ જ તારો ધણી?'

"હા, હવે તો એમ જ ને!"

"જો, તારો ધણી આંહીં જોઈ રહ્યો છે. ખિજાશે. તું હવે જા."

"જાઈશ તો ખરી જ ને! કહેવું હોય તે ભલે કહે. પણ આયર...! આયર! તમે બહુ બગાડ્યું! સુખે સાથે રહીને પ્રભુભજન કરત! પણ તમે મારો માળો વીંખ્યો. શું કહું?"

ચોધાર આંસુ ચાલી નીકળ્યાં છે. વેણે વેણે ગળું રૂંધાય છે. વીકમસીએ જવાબ વાળ્યો: "હવે તો થવાનું થઈ ગયું. વીસરવું."

"હા, સાચું. વીસરવું! બીજું શું?"

આઘે આઘે પાવૈયાનું પેડું ઊભું રહીને વીકમસીની વાટ જુએ છે. ખેતરને શેઢેથી લખમસી જુએ છે.

"લે હવે, રામ રામ!"

સોનબાઈ અકળાઈ ગઈ. ઘોડીની લગામ ઝાલી લીધી. ઓશિયાળી

બનીને બોલી: "મારું એક વેણ રાખો, એક ટંક મારા હાથનું જમીને જાવ. એટલેથી મને શાન્તિ વળશે, વધુ નહિ રોકું."

"ગાંડી થઈ ગઈ? તારે ઘરે જમવા આવું, એ તારા વરને કાંઈ પોસાય? ને વળી આ પાવૈયા પણ ન રોકાય તો મારે એની હારે ચાલી નીકળવું જ પડે. માટે મેલી દે."

"ના ના, ગમે તેમ થાય, મારું આટલું વેણ તો રાખો. ફરી મારે ક્યાં કહેવા આવવું છે?"

"ઠીક, પણ તારો ધણી કહેશે તો જ મારાથી રોકાવાશે."

એટલું કહીને એણે ઘોડી હાંકી. નિસાસો નાખીને સોનબાઈ ખેતરમાં ચાલી. લખમસી સાંતી છોડીને રોટલા ખાવા બેઠો. કોચવાઈને એણે પૂછ્યું: "કોની સાથે વાત કરતી'તી? કેમ રોઈ છો?"

છ મહિનાથી રૂંધી રાખેલું અંતર આજ સોનબાઈએ ઉઘાડી નાખ્યું. કાંઈ બીક ન રાખી: વીકમસી પોતાનો આગલો ઘરવાળો છે, પોતાનું હેત હજુય એના ઉપર એવું ને એવું છે, પોતાને એનાથી જુદું પડવું જ નહોતું, પોતાને સૂતી મેલીને છાનોમાનો ચાલ્યો ગયો હતો; ઓચિંતો જ આજ આંહીં મળી ગયો; અને પોતે એને આજનો દિવસ પોતાને ઘેર રોકાવાના કાલાવાલા કરતી હતી; છ મહિનાથી પોતે નવા ધણી સાથે શરીરનો સંબંધ ન રાખવાનાં વ્રત લીધેલાં તે પણ એ જૂની માયાનાં માન સારુ જ છે: એ બધું જ બોલી નાખ્યું. બોલતી ગઈ તે વેણેવેણ એની મુખમુદ્રા પર આલેખાતું ગયું.

લખમસી આ સ્ત્રીની સામે તાકી રહ્યો, ઊંડા વિચારમાં પડી ગયો.

સાંતી જોડવાનું બંધ રાખીને લખમસી સોનબાઈ સાથે ગામમાં આવ્યો. સામે ચોરામાં જ પાવૈયાનું ટોળું બપોરા કરવા ઊતરેલું હતું. વીકમસી પણ ત્યાં બેઠો હતો. એણે આ બેય જણાંને આવતાં જોયાં. એના મનમાં ફાળ પડી કે હમણાં લખમસી આવીને કજિયો આદરશે. ત્યાં તો ઊલટું જ લખમસીએ સુંવાળે અવાજે કહ્યું: "ફળીએ આવશો?"

વીકમસીને વહેમ પડ્યો. ઘેર લઈ જઈને કદાચ ફજેત કરશે તો? પણ ના ન પડાઈ. એક વાર સોનબાઈને મળવાનું મન થયું. મુખીની રજા

લઈને ભેળો ચાલ્યો. ઘોડીને લખમસીએ દોરી લીધી.

બીક હતી તે ટળી ગઈ. લખમસીનાં આદરમાન બીજે ક્યાંય નહોતાં દીઠાં. કોડે કોડે રાંધેલું મીઠું ધાન લખમસીએ પરોણાને તાણખેંચ કરીને ખવરાવ્યું; ઢોલિયા ને ધડકી ઢાળીને મહેમાનને બપોરની નીંદર કરાવી; અને ધીરે ધીરે વીકમસીના મનની રજેરજ વાત એણે જાણી લીધી. વાતોમાં સાંજ નમી ગઈ.

લખમસીમાં ખેડૂતનું હૈયું હતું. ઝાડવા ઉપર પંખીની અને વગડામાં હરણાંની હેતપ્રીત એણે દીઠી હતી. પોતાની પહેલી વારની પરણેતરની વાત પણ એને સાંભરતી હતી. અને આંહીં એણે આ બે જણાંને ઝૂરી મરતાં જોયાં. એ ભીતરમાં ભીંજાઈ ગયો; પોતે સોનબાઈ વેરે પરણ્યો છે એ વાત જ ભૂલી ગયો. એનાથી આ વેદના દેખી જાતી નહોતી.

દિવસ આથમ્યો એટલે પોતે ઊઠ્યો, ફળીમાં માતાની દેરી હતી તે ઉઘાડીને ધૂપ કર્યો. માતાજીની માળા ફેરવવા બેઠો. પોતે માતાનો ભગત હતો. ભૂવો પણ હતો. રોજે રોજ સંધ્યાટાણે માતાને ઓરડે આવીને પોતે જાપ કરતો.

આજ માળા ફેરવીને એણે માતાજીની સ્તુતિ ઉપાડી. શબ્દ ગાજવા લાગ્યા તેમ તેમ એના શરીરમાં આવેશ આવવા મંડ્યો. ધૂપના ગોટેગોટ ધુમાડા ઊઠ્યા. લખમસીની હાક ગાજી ઊઠી. દેવી એની સરમાં આવ્યાં હતાં.

સોનબાઈ ઘરમાં રાંધે છે, ત્યાં એણે હાક સાંભળી. સાંભળતાં જ એ બહાર દોડી આવી. આયરને ખરા આવેશમાં દીઠો. પોતાને ઓસાણ આવી ગયું. વીકમસીને ઢંઢોળીને કહ્યું: "દોડ આયર, દોડ! ઝટ પગમાં પડી જા!"

કાંઈ કારણ સમજ્યા વગર વીકમસી દોડ્યો. પગમાં માથું નાખી દીધું. ધૂણતાં ધૂણતાં લખમસીએ પોતાના બેય હાથ એને માથે મૂકીને આશિષ આપી કે "ખમા! ખમા તુંને, બાપ!"

માથે હાથ અડતાં તો કોણ જાણે શાથી વીકમસીના દેહમાં ઝણઝણાટ થઈ ગયો, ખાલી ખોળિયામાં દૈવતનો ધોધ વછૂટ્યો.

લખમસીને શાંતિ વળી એટલે બેય જણા બહાર નીકળ્યા. લખમસીએ પૂછ્યું: "કાં ભાઈ! શું લાગ્યું? શું થાય છે?"

તેજભર્યો વીકમસી શું બોલી શકે? રૂંવાડી ઊભી થઈ ગઈ હતી. અંગેઅંગમાં પ્રાણ પ્રગટી નીકળ્યા હતા. ચહેરા ઉપર શાંતિ છવાઈ ગઈ. માત્ર એટલું બોલાયું કે "ભાઈ! મારા જીવનદાતા! માતાજીની મહેર થઈ ગઈ. મારો નવો અવતાર થયો!"

"બસ ત્યારે, મારોય મનખો સુધર્યો, હું તરી ગયો." એમ કહીને એણે સાદ કર્યો: "સોનબાઈ! બહાર આવ."

સોનબાઈ આવીને ઊભી રહી. બધુંય સમજી ગઈ. શું હતું ને શું થઈ ગયું! આ સાચું છે કે સ્વપ્નું! કાંઈ ન સમજાયું.

"મારા ગુના માફ કરજે! તું પગથી માથા લગી પવિત્ર છો. આ તારો સાચો ધણી. સુખેથી બેય જણાં પાછાં ઘેર જાવ. માતાજી તમને સુખી રાખે અને મીઠાં મોં કરાવે."

વીકમસી ઉપકાર નીચે દબાઈ ગયો. ગળગળો થઈ ગયો અને બોલ્યો: "લખમસીભાઈ! આ ચામડીના જોડા સિવડાવું તોય તમારા ઉપકારનો બદલો કોઈ રીતે વળે તેમ નથી. તમે મારે ઘેર મારા ભેળા આવો તો જ હું જાઉં!"

લખમસીએ રાજીખુશીથી હા પાડી.

સવાર થતાં જ ગાડું જોડ્યું. સોનબાઈનો હરખ હૈયામાં સમાતો નથી. વીકમસી ગાડાની વાંસે, ઘોડી ઉપર બહુ જ આનંદમાં, મનમાં ને મનમાં લખમસીના ગુણ ગાતો ચાલ્યો આવે છે.

વીકમસીને ઘેર પહોંચ્યાં; એનું આખું કુટુંબ બહુ જ રાજી થયું. બીજે દિવસે લખમસીએ જવાની રજા માગી. પોતાના કાકાની સલાહ લઈને વીકમસીએ બહેન રૂપીને લખમસી વેરે આપવા પોતાનો વિચાર જણાવ્યો. લખમસીને આગ્રહ કરીને રોક્યો. લખમસીએ ખુશીથી કબૂલ કર્યું.

આસપાસથી નજીકનાં સગાંઓને તેડાવી, સારો દિવસ જોવરાવી વીકમસીએ રૂપીનાં લગ્ન કરી, સારી રીતે કરિયાવર આપી, બહેનને લખમસીના ભેળી સાસરે વળાવી.

# ભાઈબંધી

બહોળા ઘાસપાણીએ છલકાતી બાબરિયાવાડમાં હેમાળ નામનું નાનું ગામડું હતું. માત્રો વરૂ નામનો ગરાસિયો હતો. માત્રા વરૂને આંગણે એક સો ભેંસો દૂઝતી હતી હતી. એક દિશાએ દરિયાનો કિનારો ને બીજી દિશાએ ગીરના ડુંગરા: વચ્ચે મીઠાં પાણીવાળું હેમાળ ગામડું. ભાઈબંધીનો ભૂખ્યો માલધારી માત્રો વરૂ રોજેરોજ મહેમાન ભાળીને ભારી પોરસાય છે. એક ટાણુંય એકલો રોટલો ખાતો નથી.

એક દિવસ પ્રભાતે ડેલીની ચોપાટમાં બેસીને માત્રો વરૂ દાતણ કરે છે. રોજના રિવાજ પ્રમાણે ખાસદાર ગઢમાંથી બે ઘોડીઓને માલિશ કરીને ડેલીમાં દોરી લાવેલ છે, એટલે માત્રો વરૂ ઘોડીઓનાં અંગેઅંગ ઉપર હાથ ફેરવી પોતાનાં પ્યારાં પશુઓની રેશમી રુંવાટી ઉપર ક્યાંયે ડાઘ તો નથી રહી ગયો ને, એની તપાસ કરી રહ્યો છે.

તે વખતે એક પરદેશી પરોણાએ આવીને માત્રાભાઈને રામરામ કર્યા. માત્રાભાઈએ સામા રામરામ કરીને મહેમાનને બાજુમાં બેઠક દીધી. આવનાર ચીંથરેહાલ છે; હાડકાંના માળખા જેવું શરીર છે; હજામત વધી ગઈ છે; છતાં એની અમીરાત અછતી રહેતી નથી; પાણીદાર આંખો અને વેંતવા પહોળું કપાળ મોઢાની કરચલીઓમાંથી પણ ઝળકે છે. વળી કસુંબાનું ટાણું થયું ત્યારે માત્રા વરૂએ જોયું કે મહેમાનને તો એક તોલો અફીણ જોઈએ છે. ચાલાક માત્રો વરૂ સમજી ગયો કે આવા જબ્બર બંધાણવાળો આદમી કોઈ મોટા દરજ્જામાંથી બેહાલ બની ગયેલો ગરાસિયો હોવો જોઈએ.

વાત સાચી હતી. પરોણો કચ્છમાંથી આવતો હતો.

*ભલ ઘોડા, કાઠી ભલા, પેનીઢક પેરવેશ*
*રાજા જદુવંશરા, વે ડોલરિયો દેશ.*

જ્યાં રૂડા ઘોડા નીપજે છે, જોરાવર કાઠી પાકે છે, પગની પાની સુધી ઢળકીને દેહની મરજાદા સાચવનાર પોશાક જ્યાં પહેરાય છે, અને જ્યાં જદુવંશી જાડેજા કુળનાં રાજપાટ છે એવા ડોલરિયા દેશમાં એનું વતન હતું. બાર ગામના ભાયાતી તાલુકા નળિયાકોઠારાનો એ તાલુકદાર હતો. પણ કચ્છભૂપાળ રાવ પ્રાગમલજીના કાનમાં કોઈ ખટપટિયાએ ઝેર ફૂંક્યું. રોષે ભરાયેલા રાવે અન્યાય કરીને જાલમસંગનું પરગણું આંચકી લીધું. હઠાળો રજપૂત રાવની લાચારી કરવા ન ગયો, ગામ છોડીને ચાલી નીકળ્યો. સગાંવહાલાંમાં ઘણા માસ ભટક્યો, આખરે પૈસેટકે ઘસાઈ ગયો. ભિખારી બનીને ભમતો ભમતો સોરઠમાં ઊતર્યો છે. પોતાની કથની કહેવાની એને ટેવ નથી. અબોલ બનીને આજ માત્રા વરૂને ઓટલે બેઠો છે.

માત્રા વરૂએ એનો તિરસ્કાર ન કર્યો, એને પૂછપરછ પણ ન કરી; કારણ કે દુઃખિયાને શરમાવવા જેવું થાય. માનપાનથી જાલમસંગને રાખ્યો; હજામત કરાવી; ખૂબ નવરાવ્યો–ધોવરાવ્યો; બે જોડ નવાં લૂગડાં કરાવી આપ્યાં. પોતાની સાથે જ બેસાડીને જમાડતા. જાલમસંગ પણ કાંઈ બોલતો નથી. મુખમુદ્રા પર ઉચાટ છવાયો છે. હૃદયની અંદર નળિયાકોઠારા સાંભર્યા કરે છે અને –

*નીંદર ના'વે ત્રણ જણાં, કો' સખિ, કિયાં?*
*પ્રીતવછોયાં, બહુરણાં, ખટકે વેર હિયાં.*

[હે સખી! કહે તો ખરી: કયાં ત્રણ જણાંને નિદ્રા ન આવે? પ્રીતિના પાત્રથી જે વછોડાયાં હોય, જેનાં ઉપર ઘણાં કરજ (ઋણ) હોય અને જેના હૈયામાં વેર ખટકતું હોય, એ ત્રણને નિદ્રા ન આવે.]

– એ ન્યાયે જાલમસંગ પણ અખંડ ઉજાગરે રાતો વીતાવે છે. આવી રીતે પંદર દિવસ વીત્યા. પછી તો જાલમસંગને શરમ આવી. એણે રજા માગી.

માત્રા વરૂએ કહ્યું: "ભાઈ, આંહીં ઇશ્વરે જાર-બાજરીનો રોટલો દીધો છે, તમે ભારે નહિ પડો."

જાલમસંગની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. એ ન રોકાયો,

ચાલી નીકળ્યો. માત્રા વરૂએ પાશેર અફીણ, દસ રૂપિયા તથા બે જોડ લૂગડાં સાથે બંધાવ્યાં.

ચાલતો ચાલતો જાલમસંગ નાગેશરી ગામને પાદર આવ્યો. થાકી લોથપોથ થઈ એક ઓટા પર સૂતો સૂતો વિચારે ચડ્યો: આમ ક્યાં સુધી હું રખડીશ? ક્ષત્રિ છું: મારે માથે અધર્મ ગુજર્યો છે. આમ ટાંટિયા ઘસડીને મરું તેના કરતાં બહારવટું ખેડીને કાં ન પ્રાણ આપું? સદ્‌ગતિ તો થશે! અને કદાચ પ્રભુ પાધરો હશે તો ગયેલ ગરાસ ઘેર કરીશ. પણ બહારવટું કરવું કેવી રીતે? મારી પાસે તરવાર તો છે, પણ ઘોડું ક્યાં? હાં, યાદ આવ્યું. હેમાળે, માત્રા વરૂની ઘોડારમાં. આપશે? આપે નહિ! ત્યારે બીજું શું? ખા...ત...ર...? અરર! જેનું ખાધું એનું જ ખોદવું? પાપનો પાર રહેશે? કાંઈ વાંધો નહિ. પાછળથી એકને સાટે દસ ઘોડાં દઈશ.

મનસૂબો થઈ ચૂક્યો. જે દસ રૂપિયાની ખરચી માત્રાએ દીધી છે તેમાંથી જ કોદાળી અને પાવડો લીધાં. લઈને પાછો હેમાળને રસ્તે ચાલ્યો. બીજી રાત પડી; મધરાત થઈ. જાલમસંગ માત્રા વરૂના દરબારગઢની પછીતે (ભીંતે) જ્યાં બે માણકી ઘોડીઓ બંધાતી ત્યાં જ ખાતર દેવા (બાકોરું ખોદવા) લાગ્યો. ગઢમાં તો બધાંય ઘસઘસાટ ઊંઘતાં હતાં. કોદાળીના ઘા કરીને એ ચોરે પછીતની અંદરથી ઘોડું નીકળી શકે તેટલું મોટું બાકોરું પાડ્યું.

રાતનો ત્રીજો પહોર થયો ત્યાં માત્રો વરૂ જાગ્યો. પોતે મોટો માલધારી હતો. ગીરના ગરાસિયા એટલે સેંકડો ભેંસો રાખનાર. એ જ એનો સાચો ગરાસ. માત્રા વરૂએ માણસોને ઉઠાડ્યાં, પહર ચારવા ઢોર છોડ્યાં. ગીરમાં અસલ એવો રિવાજ હતો કે માલધારી ધણી પોતે પણ માણસો લઈને ઢોરને પહર ચારવા જાય. એ રીતે માત્રો વરૂ પણ ઢોરને હાંકી સીમમાં ચાલ્યો ગયો.

જાલમસંગે જોયું કે ઠીક લાગ આવ્યો. પણ શ્રાવણ માસની મેઘલી રાત: માથે ખૂબ વરસાદ પડેલો: પવનના સુસવાટા પણ નીકળેલા: બંધાણી આદમી; જર્જરિત શરીર; તેમાંય વળી ખોદવાની મહેનત પડેલી: એટલે ટાઢ ચડી ગઈ. આખો દેહ થરથર કંપે છે. અંગો કબજામાં રહી શકે તેમ નહોતું. ડાબલીમાંથી અફીણ કાઢીને થોડુંક લીધું. પણ એમ અફીણનું અમલ

કેમ ચડે? ઉપર ચલમ તો પીવી જોઈએ. ચલમ ગજવામાંથી કાઢવા જતાં અંધારામાં હાથમાંથી ધૂળમાં પડીને દટાઈ ગઈ. મરણિયો ચોર દરબારગઢમાં દાખલ થયો. સામે માત્રા વરૂએ તાજો જ પીધેલો હોકો પડેલો જોયો. હોકો લઈને પીધો, તોય શરદી ન ઊતરી. શરદી ઊતર્યા વિના શી રીતે ઘોડી પર ચડીને ચાલી શકાય! બહુ મૂંઝવણ થઈ પડી. શું કરવું?.

ઓરડામાં નજર ફેરવી: રણનો તરસ્યો મુસાફર જેમ મીઠા પાણીની તળાવડી દેખે, તેમ ઓરડામાં ઊંચે ઢોલિયે સુંવાળી રેશમી તળાઈ અને હુંફાળાં ઓઢણ દીઠાં. બેહોશ દેહ ધ્રૂજતો ધ્રૂજતો કાંઈ સમજ્યા વિના ઢોલિયે ધસ્યો. પણ ઢૂકડો જતાં જ થંભ્યો. જાણે આંચકો વાગ્યો. ઢોલિયે કોઈક સૂતું છે.

જબ્બર કાયા, નમણું ઘઉંવર્ણું મોઢું; થોડે થોડે ઘરેણે શોભતાં નાક, કાન ને લાંબી ડોક; ખેંચાયેલ ભમરની કોરેલી કમાન નીચે પોપચે ઢાંકી બે આંખ: કેવાં અનોધાં તેજ એ આંખડીઓમાં ભર્યાં હશે? એ બાબરિયાણી પોઢેલી હતી: ડુંગરામાં ભમનારી; શૂરવીરની ઘરનાર હતી: નિર્દોષ, ભરપૂર ને ભયંકર! ફણીધરના માથા ઉપર મઢેલા મણિ જેવી.

પણ જાલમસંગની આંખે અંધારાં હતાં. રજપૂતની નજર પારકાં રૂપ નીરખવાનું નહોતી શીખી. આ વાતનું એને ઓસાણ જ નહોતું; એનું ધ્યાન તો એ પોઢનારી ઉપરથી ઊતરીને ઢોલિયામાં ખાલી પડેલ પડખા ઉપર મંડાણું છે.

એના મનમાં થાય છે કે મારી કાયા થીજી ગઈ છે, બનાવટી ગરમી હવે કામ કરતી નથી, જીવવું હોય તો જીવતા માનવીની ગરમી જોશે. આંહીં એક પડખું ખાલી છે. એ પડખામાં કાં ધણી હોય ને કાં છોકરું હોય, હે મધરાત! હે વિશ્વંભર! તમે સાખિયા રે'જો.

પથારીમાં માત્રા વરૂનું પડખું ખાલી હતું. બાબરિયાણી ત્રીજા પહોરની મીઠી નીંદરમાં ઘેરાઈ ગઈ છે. હૈયાના ધબકારા છાતીમાં ચાલતી શ્વાસ-ધમણ અને નસકોરાંની ધીરી બંસી જેવો સૂર, એ સિવાય બધુંય શાંત હતું. જાગી જશે એવો ભય નહોતો.

વચ્ચે ખુલ્લી તરવાર મૂકીને જાલમસંગે શરીર ઢાળ્યું. સામેના શરીરમાંથી હૂંફ આવવા લાગી. હમણાં ઊઠી જઈશ એમ જાલમસંગના

મનમાં થતું હતું; ત્યાં તો બંધાણીની આંખ બિડાઈ ગઈ. એટલો થાક, એટલી શરદી, તેમ બીજી બાજુ રેશમી તળાઈ અને નારીના અંગની મીઠી હૂંફ! નિર્દોષ બંધાણી ઘસઘસાટ ઊંઘી ગયો. પહોર પછી પહોર વીતવા લાગ્યા.

પ્રભાત થયું, ત્યાં પહર ચારીને માત્રો વરૂ પાછો આવ્યો. ઓરડામાં પગ મૂકે ત્યાં તો પલંગ પર નજર પડી. બાબરિયો થંભી ગયો. હાથ તરવારની મૂઠ પર પડ્યો. નજરે જોયા પછી બીજી શી વાર હોય? બન્નેના કટકા કરવા એણે ડગલું ભર્યું. પણ જઈને જ્યાં સૂતેલા પુરુષનું મોઢું જુએ ત્યાં એની અજાયબીનો પાર ન રહ્યો. આ ભૂખે મરતો, મૂઆ માણસના ભૂત જેવો આદમી! પંદર દિવસ સુધી મારે આશરે પડેલો: મારી સ્ત્રી સાથે એને પલવાર વાત કરવાનો પણ વખત નથી મળ્યો: આવા ઉપર આ બાબરિયાણી મોહે? આ મુડદાની ઉપર? અને આ સ્ત્રી-પુરુષ વચ્ચે તરવાર શાની? કાંઈક ભેદ છે. મારીશ, પણ એક વાર ખુલાસાનો સમય આપીશ.

પગનો અંગૂઠો ઝાલીને જરા દબાવ્યો, ત્યાં તો સંચાવાળી કોઈ પૂતળી ખડી થાય તેમ બાબરિયાણી બેબાકળી બેઠી થઈ ગઈ.

"આ કોણ?" માત્રાએ આંગળી ચીંધાડી.

પડખામાં સૂતેલા પુરુષની સામે સ્ત્રી નિહાળી રહી. શું બોલે? પલંગ પરથી નીચે કૂદી; એટલું જ બોલી શકી: "હું કાંઈ નથી જાણતી."

"ઠીક, જા, જલદી શિરામણ તૈયાર કર."

સ્ત્રી શિરામણ તૈયાર કરવા ગઈ અને માત્રા વરૂએ ખરલ લઈને પાંચ તોલા અફીણ ઘોળવા માંડ્યું. આ તરફ કસુંબો તૈયાર થયો, બીજી બાજુ શિરામણ પણ તૈયાર થયું. માત્રા વરૂએ મહેમાનને ઢંઢોળીને જગાડ્યા; કહ્યું: "ચાલો ભાઈ, કસુંબો તૈયાર છે."

મહેમાન જાગ્યો. આંખો ચોળીને જ્યાં નજર કરે ત્યાં રામ રમી ગયા! પોતે માણકી ઉપર ચડીને કચ્છમાં બહારવટું ખેડી રહ્યો છે, રાવની ફોજને ધમરોળે છે, રાવને મહેલે ચડે છે – એવું સ્વપ્નું ચાલતું હતું તે ભાંગી ગયું. ઘોર સત્ય નજર સામું ખડું થયું. પછી તો જીવવાની આશા ક્યાં હતી? હમણાં ડોકું ધડથી નોખું થશે!

પણ એ જાણે કાંઈયે બન્યું નથી એવી ધીરજથી બેઠો થયો. કોગળા

કર્યાં, મોં ધોયું. ધોબા ભરી ભરીને માત્રો વરૂ કસુંબો આપવા લાગ્યો. મહેમાન પીવા લાગ્યા. એકબીજા એવી લહેરથી બેઠા કે જાણે રાતની બીના બની જ નથી. આગ્રહ કરી કરીને, સોગંદ આપી આપીને, માત્રા વરૂએ કસુંબો લેવરાવ્યો. પછી પેટ ભરીને શિરામણ કરાવ્યું. હાથ ધોઈને હોકો પીધા પછી મહેમાન બોલ્યા: ''બસ, માત્રા વરૂ, હવે તો અધૂરી મહેમાનગતિ પૂરી કરો.''

વરૂએ કહ્યું: ''સાચું કહી દ્યો. શું થયું?''

''વિશ્વાસ પડશે?''

''નહિ પડે તો તરવાર ક્યાં આઘી છે?''

''મોતની બીક હવે મને ન હોય.''

''ત્યારે બોલો.''

જાલમસંગે પહેલેથી છેલ્લે સુધી માંડીને બધી બિના કહી બતાવી. ઘોડારમાં પાડેલું બાકોરું બતાવ્યું અને પોતાની જીવનકથા પૂરેપૂરી કહી સંભળાવી. સાંભળીને માત્રો બોલ્યો: ''ભાઈ! જો આમ હતું તો એ વખતે ઘોડી માગી કાં ન લીધી? હું તમને ના પાડત? અરે ઠાકોર, પંદર પંદર દિવસ સુધી મારી ઓળખાણ ન પડી?''

''અરે બાપ! મારી દશા ફરી, એટલે જ મને કુમત્ય સૂઝી.''

માત્રા વરૂએ માણકી ઉપર નવો સામાન મંડાવ્યો. એક ખડિયો તૈયાર કરી તેમાં એક શેર અફીણ મુકાવ્યું. રૂપિયા એક સો રોકડા જાલમસંગના હાથમાં આપ્યા. પછી ઘોડી છોડી, ડેલીએ જઈને બોલ્યા: ''લ્યો જાલમસંગ ઠાકોર, આ માણકી લઈ જાવ ને ગરાસ ઘેર કરો.''

જાલમસંગે હાથમાં લગામ તો લીધી, એના મનમાં તો આ બધી મશ્કરી જ લાગતી હતી; એ ધારતો હતો કે થોડે આઘે જઈશ એટલે આ ભરડાયરા વચ્ચે મને પછાડીને ચીરી નાખશે.

માત્રા વરૂએ એક બાજુનું પેંગડું પકડ્યું, મહેમાનને ઘોડી માથે ચડાવ્યા. મીઠી જીભના રામરામ કહ્યા. જોતજોતામાં તો ઘોડી હેમાળનાં ઝાડવાં વટાવી ગઈ.

કચ્છમાં જાલમસંગ ઠાકોર માણકી ઉપર ઘૂમી રહ્યા છે. કચ્છના તમામ ભાયાતો અંદરખાનેથી એની મદદે માણસો અને નાણાં આપી રહ્યા છે. ભાયાતોને ભણકારા વાગી ગયા હતા કે આજ જાલમસંગનો ગરાસ ઝૂંટાયો, એમ કાલે આપણો પણ ઝૂંટાશે. જાલમસંગ સહુના સામટા બળે ઝૂઝવા લાગ્યો.

રાવની ફોજ આવા આખા ભાયાતમંડળના સામટા ભુજબળ સામે ક્યાં સુધી ટકે? રાવ થાક્યો, ચેતી ગયો. જાલમસંગનું મનામણું કર્યું, પરગણું પાછું સોંપ્યું, એટલું જ નહિ પણ એ અન્યાયનાં તમામ વરસોની નુકસાની ભરી આપી.

✿

કાઠિયાવાડમાં કોઈ ચારણ જતો હોય, કોઈ મુસાફર જતો હોય, ગમે તે જતો હોય, તે તમામની સાથે જાલમસંગ પોતાના જીવનદાતાને સંદેશો મોકલાવ્યા જ કરે કે 'માત્રાભાઈને કહેજો, એક આંટો આવી જાય.' એવાં અનેક જણાં જઈને માત્રા વરૂને સંદેશો આપે; પણ વિનાનિમિત્તે એવા ધંધાર્થી આદમીથી લાંબે ગામતરે શી રીતે નીકળાય? જાલમસંગના સુખી દિવસ પાછા વળેલા સાંભળીને માત્રો વરૂ પોતાના મનમાં ઊંડો આનંદ પામતો.

સંવત 1885માં ચારેય દિશામાં ભયંકર દુકાળ પડ્યો. કાઠિયાવાડમાં કારમી ભૂખ ફેલાઈ ગઈ. માત્રા વરૂ જેવા માલધારીનો આધાર તો કેવળ મે-પાણી ઉપર જ હોય. એટલે દુકાળે એનાં ઢોરનો કચ્ચરઘાણ વાળ્યો, એનું ગામ ઉજ્જડ થયું. એવાના ઘરમાં નાણું બહુ ન હોય; હતું એટલું ઢોરને ખવરાવી દીધું. એને ઉંબરે ભૂખમરો આવી ઊભો. સ્ત્રી-પુરુષને બંનેને ત્રણ-ત્રણ તો લાંઘણો થઈ. માત્રો વરૂ ક્યાં જાય?

ચતુર સ્ત્રીએ સંભારી આપ્યું કે "કચ્છ જાયેં. જાલમસંગભાઈ જરૂર આશરો દેશે."

માત્રાને એમ પારકે આશરે જવું વસમું તો લાગ્યું, પણ પોતાના મિત્રનું પારખું કરવાનુંય મન થયું. બેય ચાલી નીકળ્યાં. બાઈના માથા ઉપર

ફક્ત એક કોડીજડેલો સૂંડો, અને એમાં થોડાક ગાભા: એ જ એની ઘરવખરી હતી.

જોડિયા બંદરે ઊતરીને ધણી-ધણિયાણી નળિયાકોઠારાને માર્ગે ચડ્યાં. પાદર પહોંચ્યાં. પાદરમાં એક તળાવડી હતી. માત્રા વરૂએ બાઈને કહ્યું: “તું આંહીં બેસજે. હું ત્યાં જાઉં. એનું મન કેવુંક છે તે જોઉં, આદરમાન જોઈશ તો તને તેડી જઈશ. નહિ તો બેય જણાં બીજે ક્યાંક ચાલી નીકળશું.”

બાબરિયાણી તળાવડીની અંદર કરમડીના ઢૂવાની ઓથે બેઠી. માત્રો વરૂ ગામમાં ગયો. બજારની સામે જ દરબારગઢ હતો. ડેલીએ બેઠાં બેઠાં જાલમસંગે મહેમાનને આવતો જોયો. પોતાના મિત્રની અણસારી આવી, પણ મનમાં થયું કે ‘અરે! માત્રા વરૂની કાંઈ આવી હાલત હોય?’ વળી વિચાર આવ્યો કે ‘કેમ ન હોય? હું બાર ગામનો ધણી હતો, તોય બેહાલ બની ગયેલો; ત્યારે આ તો માલધારી છે. એને પાયમાલ થતાં શી વાર?’ ત્યાં તો મહેમાન નજીક આવ્યો, બરાબર ઓળખાણો, ડેલીમાંથી સામી દોટ કાઢીને જાલમસંગે મિત્રને બાથમાં લીધો. માણસો ચકિત થઈ ગયા. સૌને ઓળખાણ પડાવી, પછી પૂછ્યું: “પણ મારાં બોન ક્યાં?”

“પાદર. તળાવડી કાંઠે બેઠેલ છે.”

“અરર! ત્યાં બેસાડી રાખ્યાં?” જાલમસંગે પોતાની પાસે ચાર વરસનો કુંવર ગગુભા રમતો હતો તેને પોતે હરખના આવેશમાં કહી દીધું: “જા બેટા, તારી માને કહે કે રથ જોડીને બધાં ગાતાં ગાતાં પાદર જાય ને ફુઈને તળાવડીની પાળેથી તેડી લાવે.”

‘ફુઈ!’ એવું નામ સાંભળીને ગગુભાએ દોટ મૂકી.

ફુઈ! અને તે તળાવની પાળે! ઓહો! કેવી હશે એ ફુઈ! અદ્ભુત ફુઈ! હું પરબારો જ જાઉં! એકલો જઈને તેડી લાવું! માબાપ પાસે જશ ખાટું! એવા અણબોલ ભાવ એના નાના હૈયામાં કૂદી રહ્યા. દરબારગઢની અંદર ન જતાં એ તો પાદર તરફ જ દોડ્યો, લોકોની હડફેટને ગણકારી નહિ. તળાવડીને કાંઠે આવ્યો. સૂકી તળાવડીની અંદર, કરમડીના ઢૂવાને છાંયે બાબરિયાણી બેઠેલી છે. બાળકે પોતાની કાલી કાલી વાણીમાં પૂછ્યું કે “આંઈ માલી ફુઈ થે ને?”

"હા, આવ બેટા! હું જ તારી ફુઈ છું. આવ મારા ખોળામાં."

આતુર બાળક તળાવડીમાં ઊતર્યો. બાબરિયાણીએ એને ખોળામાં બેસાડ્યો. છોકરો ડાહ્યોડમરો થઈને ચૂપચાપ બેઠો, ફુઈના મોં સામે જોઈ જ રહ્યો. એના શરીર પર હેમના દાગીના હતા.

બાબરિયાણીને અવળી મતિ સૂઝી! ચોપાસ નજર નાખીને જોયું તો કોઈ ન મળે. ઝડપથી બાળકની ડોક પોતાના જાજરમાન પંજામાં દાબી દીધી. એક તીણો અવાજ સંભળાણો, અને સુકોમળ બાળકનો પ્રાણ ચાલ્યો ગયો.

બાબરિયાણીએ એના અંગ પરથી તમામ દાગીના ઉતારી સૂંડામાં મૂક્યા. મુડદાને ઢૂવાની અંદર ઊંડે ઘાલી દીધું. ઉપર ધૂળ વાળી દીધી. પછી પોતે સૂંડો લઈ તળાવની પાળે આવીને બેઠી.

થોડી વારમાં તો રણવાસમાંથી રથ આવીને ઊભો રહ્યો. જાલમસંગનાં ઠકરાણી નીચે ઊતર્યાં. એકબીજાં મળ્યાં અને બોનને રથમાં બેસાડી ગામમાં લઈ ગયાં.

બહેન-બનેવી તો હવે આંહીં લાંબો વખત રહેવાનાં, એમ સમજીને એક અલાયદી મેડી મહેમાનને માટે કાઢી આપી. સૂંડો લઈને કાઠિયાણી પોતાની મેડી ઉપર ચડી ગઈ. પોતે ક્યાંય સૂંડો અળગો કરતી નથી.

જમવાનો વખત થયો, ગાદલી નંખાણી, થાળી પીરસાણી, પંગત બેસી ગઈ. પણ જાલમસંગને તો રોજ ગગુને સાથે બેસાડીને રોટલા જમવાનો નિયમ હતો. એને ગગુ સાંભર્યો.

"એલા, ગગુ કેમ નથી દેખાતો?"

ગઢમાં ચારેય બાજુ તપાસ થઈ, પણ ગગુભા ન મળે. ઠાકોર કહે કે "મેં ગઢમાં મોકલેલો." રાણી કહે કે "ગગુ અંદર આવ્યો જ નથી." ગગુને અંગે દાગીના હતા. એટલે ઠાકોરને ગામના કોળીઓ ઉપર વહેમ આવ્યો. બધાને બોલાવીને ધમકાવવા ને મારવા લાગ્યા! પણ કોઈ ન માને. કોઈને ખબર નહોતી. વાવડ મળ્યા કે 'ભાઈ તો દોડીને પાદર તરફ જતા હતા.' માત્રો વરૂ પણ ઉચાટ કરવા લાગ્યો. પોતાની સ્ત્રીને પૂછવા ગયો કે એણે તો પાદરમાં ક્યાંય કુંવરને ભાળ્યો નથી ને!

સ્ત્રીએ બધી વાત કહી; દાગીના બતાવ્યા. સાંભળીને માત્રો વરૂ પથ્થરનું પૂતળું બની ગયો!

"તેં – તેં આ ગજબ કર્યો!"

"મેં જાણ્યું કે કોઈ વેપારીનો છોકરો હશે. મનમાં થયું કે આંહીં ભાઈ આદરમાન નહિ આપે તો કાલે ક્યાં જઈને ખાશું? હું અસ્ત્રી જાત: બુદ્ધિ બગડી. ડોક મરડીને મુડદું તળાવડીની અંદર કરમડીના ઢૂવામાં દાટ્યું છે."

પછેડીમાં દાગીનાની પોટલી બાંધી, બગલમાં છુપાવી. માત્રો વરૂ કાળુંધબ મોં લઈને મિત્રની પાસે આવ્યો. એકાંતમાં બોલાવીને કહ્યું: "શા માટે નિર્દોષને પીટો છો? આ રહ્યાં અપરાધી!" એમ કહીને દાગીના બતાવ્યા, બધી હકીકત કહી.

જાલમસંગના મોં પરની એક રેખા પણ ન બદલી. એ બોલ્યા: "માત્રાભાઈ! ચૂપ જ રહેજો. લાવો દાગીના મારી પાસે. ખબરદાર, જરાયે કચવાશો નહિ. હું હમણાં આવું છું."

બગલમાં દાગીના સંતાડીને કોઈ ન દેખે તેવી રીતે જાલમસંગ એકલા તળાવડીમાં પહોંચ્યા.

ઢૂવા પાછળ લપાઈને કુંવરનું મુડદું કાઢ્યું. એકેએક દાગીનો મુડદાને ફરી પહેરાવી દીધો. મુડદાને બગલમાં છુપાવી છાનામાના ગઢમાં આવ્યા અને "એલા, આંહીં અગાશી ઉપર તો ગગુ નથી ગયો ને?" એમ બોલતા ઝપાટાભેર અગાશી પર ગયા. બાળકના મુડદાને અગાશીની દીવાલ ઉપરથી ભરબજારમાં પડતું મૂક્યું અને બૂમ પાડી: "અરર! ગજબ થયો. ગગુ પડી ગયો."

પોતે નીચે ઊતર્યા. ગગુનું મુડદું બજારમાંથી લાવવામાં આવ્યું. પછી ઠાકોરે સહુને કહ્યું: "હું ઉપર જોવા ગયો, ગગુ બારીમાં રમતો હતો. મેં હાકલ કરી એટલે ગગુ ડરી ગયો, દોડ્યો, ડરથી પડી ગયો."

❁

"ભાઈ! તમારો ઘોર અપરાધ કર્યો છે. હવે અમને રજા આપો."

"માત્રાભાઈ! મારા જીવનદાતા! કુંવર માર્યો એ બહુ મોટો અપરાધ?

તે દિવસે તમે મને ન બચાવ્યો હોત તો આજ ક્યાંથી હોત એ કુંવર, ને ક્યાંથી હોત આ મોલાત-મેડી?''

''પણ જાલુભા! અમારાં પગલાં ગોઝારાં થયાં!'' એમ બોલતાં માત્રા વરૂનું હૈયું ભરાઈ આવ્યું.

''માત્રાભાઈ! આમ જુઓ, એક વરસ રહો, અને બીજો ગગુ તમારા ખોળામાં રમતો બતાવું: ગગુ તો ઘણા મળશે, પણ તમ સરખો ભાઈ ખોઈ બેસું, તો પછી ક્યાં ગોતું?''

માત્રાભાઈના ને બહેનના મનનું સાંત્વન થયું. બન્ને જંપીને ત્યાં રહેવા લાગ્યાં. આદરમાનમાં લગારે ઊણપ આવી નહિ. દીકરાના મરણની વાતનો તો જાલમસંગે ફરી ઉચ્ચાર પણ ન કર્યો. ગઢમાંથી એ વાત જ બંધ કરાવી.

પાંચ વરસ વીતી ગયાં. કાઠિયાવાડમાં સારાં વરસ થયાનું સાંભળ્યું. માત્રા વરૂને જનમભોમ યાદ આવી. એણે હાથ જોડીને ભાઈબંધની રજા માગી.

''ભાઈ! આંહીં રહો તો મારાં છ ગામ કાઢી આપું.''

માત્રો વરૂ માન્યો નહિ. પછી ઠાકોરે ગાયો આપી, ભેંસો આપી; ઊંટ આપ્યાં. કળશીના કળશી દાણા દીધા, સાથે બે ઘોડીઓ આપી, રોકડા રૂપિયા બંધાવ્યા. પોતે હેમાળ મૂકવા આવ્યા ને ત્યાં છ મહિના રહ્યા. તેનું ગામ ફરી વસાવી દીધું. એવો મિત્રધર્મ બજાવી જાલમસંગ પોતાને વતન પાછા વળ્યા.

[આ ઘટના જુદા જુદા માણસોનાં નામ પર ચડાવવામાં આવે છે. જાણકારો કહે છે કે હેમાળ ગાદીમાં માત્રો વરૂ નામે કોઈ બાબરિયો થયો જ નથી. નામફેર તો હોઈ શકે છે. બીજી બાજુ ઓખામંડળની અંદર વસાઈ ગામના વાઘેર સૂરા માણેકને વિષે આ જ વાર્તા પ્રચલિત છે.]

# ઘેલોશા

[જન્મ: સં. 1826 : મૃત્યુ: સં. 1883]

**સો**રઠમાં એ સમે વોળદાન રેફડિયાની હાક બોલતી. વોળદાન રેફડિયો ચાચરિયા ગામનો કાઠી ધણી હતો. વિકરાળ લૂંટારો હતો. ત્રણસો ત્રણસો ઘોડાં હાંકતો.

એક રાતે ચાચરિયાની ડેલીમાં ડાયરો મળ્યો છે. નગરની લૂંટ કરીને વોળદાન ચાલ્યો આવે છે. લાલચુ રાવળ બારોટ ગોઠણભર થઈને વોળદાનને બિરદાવી રહ્યો છે કે –

"ભલો! ભલો વોળદાન! વોળદાન, તેં તો કોઈથી ન થાય તેવો કામો કર્યો. નગર લૂંટ્યું. અરે –

*નગરહુંદી નારિયું, કુંજ્યું જીં કરલાય,*
*વાઢ દિયે વોળદાનિયો, માઢ બજારાં માંય.*

[રંગમતીને કાંઠે, વોળદાન! તેં જે ટાણે હાથ કર્યો, તે ટાણે આખા નગરની અસતરિયું નાતી-ધોતી કુંજડિયું જેવી કલ્પાંત કરતી નાઠી; અને, વોળદાનિયા! તેં તો મોટી બજારે જઈને તરવાર્યુંના વાઢ દીધા પણ જામની ફોજ તુંને પોગી નહિ. બાપ! બાપ વોળદાન!]

*કે જલમ્યા કે જલમશે, ભોમ અનેરી ભાત્ય,*
*(પણ) કે' દિ' ના'વે કાઠીઓ! રેફડિયારી રાત્ય.*

[અરે બાપ! કૈંક કાઠીઓ જન્મ્યા, કૈંક હજી જન્મશે; કૈંક એના પરાક્રમની રૂડી ભાત્ય આ ભોમકાને માથે પાડશે; પણ, ઓ કાઠીઓ! વોળદાન જે રાતે જન્મ્યો, એ રાત હવે ફરી આવી રહી!]

કસુંબે ચકચૂર જાચક આવા દોહા લલકારી રહ્યો છે, અને વોળદાન પોતાના મનમાં પોરસાતો, મૂછે વળ દેતો સાંભળ્યે જાય છે. તે ટાણે એક

વટેમાર્ગુએ આવીને એને રામરામ કર્યા.

"રામ!" વોળદાને સામા કહ્યા: "ક્યાં રે'વાં?"

"રે'વાં તો બરવાળે."

"બરવાળે? લીંબડીવાળું બરવાળું કે?"

"હા, આપા. ઘેલાશાનું બરવાળું."

'ઘેલાશાનું બરવાળું' કહેતાં તો વોળદાને દાંત કાઢ્યા અને ચારણે પણ ટપકું મૂક્યું –

*તારા જે ચાચરિયા તણો, (કેથી) ભાગ જ ભરાય ના,*
*સીમાડે ગેલોશા, વાઢે ખડ વોળદાનિયા.*

[ઓ વોળદાન! તારા ચાચરિયા ગામનો ભાગ ભરવા ઘેલોશા આવી શકે નહિ. એ ઈ તો તારે સીમાડેથી ખડ વાઢે ખડ! તારાં ખળાં તો ઈ ભરી રિયો!]

ઘેલાશા નામના વાણિયાની આવી ફજેતી સાંભળતો સાંભળતો વોળદાન હસે છે. દારૂના સીસામાંથી એક પછી એક પ્યાલીઓ ભરાતી આવે છે. પોતે પીએ છે. દાયરો રંગમાં છે. તેમાં વટેમાર્ગુ ઊઠીને અંધારી રાતે ખાધા વિના ચાલી નીકળ્યો અને ઊપડતે પગે બરવાળે પહોંચી ગયો.

❁

બાપનું નામ માધાશા; માનું નામ લીલબાઈ: અસલ વતની મૂળીના: ત્યાંથી માધાશા લીંબડી આવી વસ્યા; રાજના કામદાર નિમાયા: એમ કરતાં લીંબડી ઠાકોરે પોતાનાં બાર ગામ બરવાળા પંથકનાં હતાં તેનો વહીવટ કરવા માધાશાને બરવાળે મોકલ્યા.

આ બરવાળું ગામ અસલમાં નાનું ગામડું હતું. બોટાદથી આઠ ગાઉ ઉપર ભાલને કાંઠે એ ગામનાં તોરણ બાંધીને માલધારી ચારણો રહેતા ને માલ ચારતા. એક વાર દુકાળ પડ્યો. ચારણો પાડોશના કાઠીઓને ગામની રક્ષા ભળાવી માલ સાથે માળવા પંથકમાં ઊતરી ગયા. વળતી સાલ સોરઠમાં મે સારો થયો સાંભળીને ચારણો માલ હાંકીને પાછા વળ્યા. આવીને જુએ ત્યાં પાડોશી કાઠીઓએ ગામ પચાવી પાડેલું. ઝાંપામાં એમને દાખલ થવા જ દીધા નહિ. ચારણોએ ઘણા કાલાવાલા કર્યા, ધા નાખી, પણ કાઠી માન્યા

નહિ. છેવટે એ ગામેતી ચારણનાં સ્ત્રી, દીકરો અને દીકરાવહુ – ત્રણેયે ત્યાં ત્રાગું કરીને ઝાંપે લોહી છાંટ્યાં, જીવ કાઢી દીધો. (ત્રણેયના પાળિયા આજે પણ બરવાળાના દરબારગઢમાં મોજૂદ છે.)

વાંસેથી કાઠીઓ ઘસાઈ ગયા, ગામ લીંબડીને માંડી આપ્યું. એ કાઠીનો વંશ અત્યારે બોટાદ પાસે નાગલપરમાં જીવે છે.

એ બરવાળું માધાશાના હાથમાં આવ્યું, એટલે સંવત 1835માં એણે અંદરનો ગઢ બંધાવ્યો. તે વખતે તો ગામ નાનું હતું, ગઢમાં જ સમાઈ જતું. અત્યારે જ્યાં બજાર છે ત્યાં તો નદીનું વહેણ હતું. એ વહેણની એંધાણી તરીકે ખીજડો ને ખજૂરી અત્યારે ઊભાં છે. આ માધાશાને ઘેર ઘેલોશા પાક્યો. જેવી છીપ હતી તેવું જ મોતી નીવડ્યું. વાણિયો સમશેર બાંધી પટા શીખ્યો. ભાલો ઉપાડ્યો. ભેટમાં કટાર, જમૈયો અને પીઠ પર ઢાલ બાંધ્યાં. આસપાસના કાળઝાળ કાઠીઓમાંથી કંઈકને ધરતી સાથે જડી દીધા. વસ્તીને જમાવી બરવાળાનો તાલુકો બારમાંથી બાવીસ ગામનો બનાવ્યો. બરવાળું વેપારવણજનું અડીખમ મથક બન્યું. ઘેલાશાની ફે ફાટી ગઈ. કંઈક સાંઢડાને નાથ્યા. અણનાથ્યો રહ્યો એક વોળદાન રેફડિયો. એમાં આજ પોતાની હીણપના દુહા માયલું –

*સીમાડે ગેલોશા વાઢે ખડ, વોળદાનિયા!*

– આ વેણ સાંભળીને જુવાન ઘેલાશાની ભુજાઓ કળવા લાગી.

"એલા, કયે ગામ રહેવું?"

"આંહીં ચાચરિયે."

"આપો વોળદાન ઘેરે છે?"

"હા."

"એને કે'જે કે ઘેલોશા કાલ સવારે પાછા નીકળશે. માટે સીમાડે સાબદો રે'જે. તારે સીમાડે ઘેલોશા ખડ વાઢવા આવે છે."

આટલું કહેવરાવીને ઘેલોશા ઘોડીએ ચડી ચાચરિયાનું પાદર વટાવી ગયા. પોતાની દીકરીને ધોળકે પરણાવ્યાં હતાં તેનું આણું વળાવવું હતું. તે

માટે લૂગડાં અને દાગીના લેવા પોતે બોટાદ જતા હતા. ભેળો એક અસવાર હતો. માથે ઘણાં ઘણાં વેર હોવા છતાં ખાનગી ગામતરામાં વધુ અસવારો પોતે ન રાખતા.

બીજા દિવસે પ્રભાતે વોળદાન રેફડિયો એકલો હથિયાર બાંધી ઘોડીએ ચડ્યો; પોતાને સીમાડે મારગને કાંઠે મહેમાનની વાટ જોતો બેઠો. થોડી વાર થઈ ત્યાં તો ભળકતે ભાલે પડછંદ અસવારને ઘોડો રમાડતો દીઠો. લગોલગ આવતાં એ થોભાળો નર વરતાણો: અગાઉ કદી દીઠેલ નહિ, પણ કરડે ચહેરે ચાચરિયાને સીમાડે બીજો કોણ બે-માથાળો નીકળે? આવો હેમર બીજા કોની રાંગમાં રમતો હોય? અને આવા થોભા!

*તું થોભા તાણીને મૂછે હાથ નાખછ મરદ!*
*(તે દી) ગઢપતિયાંને ગામ, ગાઢ વછૂટે, ગેલિયા!*

[ઘેલાશા! તું જે દિવસ થોભા તાણીને તારી મૂછે હાથ નાખે છે, તે દિવસ રાજાઓને ગઢવાળા ગામે પણ ત્રાસ છૂટી જાય છે કે આજ નક્કી ઘેલાશા કોઈકને માથે પડશે.]

એવા થોભા બીજા કોના હોય? નક્કી ઘેલોશા: નજીક આવતાં અસવારે પડકાર્યું: "રામ રામ! કોણ, આપો વોળદાન કે?"

"હા, રામ રામ! તું ઘેલોશા કે?"

"હા, હું જ ઘેલોશા, આપા વોળદાન! આવ્યા ખરા. વચને પળ્યા ખરા."

એમ કહીને પોતે ઘોડીનું પાઘડું છાંડી નીચે ઊતર્યો. ઉપરથી ગાદલી ઉપાડીને ભોં માથે પાથરી ઉપર બેઠો. ખડિયો લઈને અંદરથી અફીણ કાઢ્યું: "લ્યો, આપા વોળદાન! આજ હું તમારો મે'માન થયો. આ લ્યો, કાઢો કસુંબો, પ્રેમથી પીયેં."

વોળદાન નીરખી રહ્યો. આ તે કઈ જાતનો શત્રુ! આ ટાણે કસુંબો પીવા બેસે છે! આવી ખાનદાની દેખીને વોળદાનનું અડધું જોર નીતરી ગયું. ફરી ઘેલોશા બોલ્યો: "આપા વોળદાન! બેઠા કાં? કાઢો ઝટ કસુંબો. પીધા વગર કાંઈ ચાલશે? આપણી આજ પ્રથમ પહેલી ઓળખાણ કહેવાય.

ને વળી હું તમારે સીમાડે મે'માન."

કસુંબો નીકળ્યો. બેય જણાએ સામસામી અંજળિઓ ભરી પિવરાવી. બેયની આંખો ઘેઘૂર બની ગઈ.

ઠીકાઠીકનો કેફ આવી ગયો ત્યારે ઘેલાશાએ હાકલ કરી કે "હાં આપા વોળદાન! હવે ઊઠ્ય, ચડ્ય ઘોડીએ. આજ તારે સીમાડે બેમાંથી કોણ ખડ વાઢે છે એ નક્કી કરવું છે."

"ત્યારે હવે માટી થાજે, વાણિયા!" આવી સામી હાકલ કરીને વોળદાન રેફડિયે ઘોડી પલાણી. બેય અસવાર થયા. ભમ્મર ભાલે ઘોડીઓ કૂંડાળે નાખી. ચક્કર બંધાઈ ગયું. ઘોડીની તડબડાટી બોલી ગઈ. બરાબર જમાવટ થઈને પડ ગાજ્યું ત્યાં ઘેલાશાની બેઠક નીચેથી પલાણ સરવા લાગ્યું. સમજાયું કે ઘોડીનો તંગ ઢીલો પડી ગયો છે. એમ ને એમ કૂંડાળે ફરતા ફરતા પોતે નીચે ઊતર્યા. દોટ દેતી ઘોડીની સાથે પોતે પણ દોડતા દોડતા કસકસીને તંગ તાણ્યો:

*ઘોડાંની ઘમસાણમાં, તંગ લીધેલ તાણી,*
*ફોજુંમાં લાડો ફરે, ગેલો માધાણી.*

ઘોડાંની ઘમસાણ વચ્ચે તંગ તાણીને માધાશાનો બહાદુર બેટડો ઘેલાશા વરલાડડા જેવો દીપતો ફરવા લાગ્યો અને ધીંગાણું જામતાંની વાર લગોલગ થયા કે તુરત જ ઘેલાશાએ વેરીને પહેલો વારો દીધો: "હાં વોળદાન! ઘા કરી લે, પે'લો ઘા તારો! જા, પછે મનની મનમાં ન રહી જાય!"

"આ લે ત્યારે! પે'લો ઘા સવા લાખનો." કહી વોળદાને ભાલાનો ઘા કર્યો. કોઈ દિવસ નિશાન ન ભૂલેલો એ અચૂક ભાલો આજ નિશાન ચૂકી ગયો. ઘેલાશાએ ઘોડી ગોઠણભેર કરી દીધી. ભોંઠો પડીને વોળદાનનો ભાલો ભોંમાં ખૂંત્યો.

ઘેલાશાએ ગર્જના કરી: "એ વોળદાન! એમ ઘા ન થાય: જો, ભાલું આમ ફેંકાય." એમ કહી ભાલું ફેંક્યું. ઘોડીના તરિંગ વીંધીને ભાલું ભોંયમાં ગયું. ઘોડી પૃથ્વી સાથે જડાઈ ગઈ. વોળદાન નીચે પડ્યો. ઘેલાશાએ તરવાર

ખેંચીને કહ્યું કે "તને મારવો હોય તો આટલી જ વાર! પણ ના. હું ઘેલોશા! તુંને એમ ન મારું. મારે તો તારો ગર્વ જ ઉતારવો'તો."

દિગ્મૂઢ બનીને વોળદાન ઊભો રહ્યો. ઘેલાશાએ કહ્યું: "પણ આપણા મેળાપની નિશાની લેતો જા." એમ બોલીને વોળદાનના વાંસામાં તરવારની પીંછી (અણી) વડે ચરકા (ઉઝરડા) કર્યા. એવામાં બરવાળાના રસ્તા પર નજર કરે ત્યાં આંધી ચઢેલી દેખાઈ. ઘોડેસવારોનું સૈન્ય આવતું લાગ્યું. એ ઘેલાશાનો જમાદાર ભાખરજી પોતાના માલિકની મદદે ચડી દોટાવ્યે આવતો હતો.

વોળદાન થરથરી ઊઠ્યો. ઘેલાશાને પણ લાગ્યું કે નક્કી ભાખરજી વોળદાનને મારી નાખશે. એ બોલ્યો: "વોળદાન! હવે નાસી છૂટ."

વોળદાન કહે: "શી રીતે નાસું? મારી ઘોડી તો નથી."

"આ લે, આ મારી ઘોડી. જા, નાસી જા."

ઘેલાશાને પેલો અપમાનકારક દુહો સાંભર્યો. એણે કહ્યું: "પણ વોળદાન, આ ઘોડી ભૂખી છે. તરવાર કાઢીને એક કોળી ખડ (ઘાસ) કાપી લે તો?"

બીજો ઇલાજ ન હતો. વોળદાને તરવારથી ખડ વાઢ્યું[1]. પછી નાસી છૂટ્યો.

આ પ્રસંગને અમર રાખવા કેટલાએક ચારણો અસલનો દુહો ઉથલાવીને આ રીતે પણ કહે છે:

*તારા જે ચાચરિયા તણો, (બીજે) ભાગ જ ભરાય ના,*
*(પણ) સીમાડે ગેલોશા, વઢાવે ખડ વોળદાનિયા.*

[હે વોળદાનિયા! બીજા કોઈથી તો તારા ચાચરિયાની નીપજમાંથી રાજભાગ નથી લેવાતો. પણ તારે જ સીમાડે ઘેલોશા તારી પાસે ખડ વઢાવી શકે છે.]

અસવારો આવી પહોંચ્યા, પૂછ્યું: "કાં દાજી! ક્યાં ગયો વોળદાન?" (ઘેલાશાને સહુ 'દાજી' કહેતા.)

"માળો કાઠી લોંઠકો! મારી ઘોડી લઈને ભાગી ગયો!" દાજીએ જવાબ

---

1. કાઠીઓ આ વાતનો ઇનકાર કરે છે.

દીધો. અસવારો સમજી ગયા. દાજીની દુશ્મનાવટ ઉપર આફરીન થઈ ગયા.

વોળદાનને મા'ત કરવાના પોતે જે સોગંદ લીધેલા તે બરાબર પાળ્યા. એવી રીતે પોતે જે જે બોલતા, તે પાળ્યે જ રહેતા. એ ગુણનો ચારણોએ દુહો ગાયો છે કે –

*બોલછ ઈ પાળછ બધું, તું મધરાજ તણા!*
*પાછા પેસે ના, ગજ દંતૂશળ ગેલિયા!*

[હે માધાશાના પુત્ર (મધરાજ તણા) ઘેલાશા (ગેલિયા)! તું જે બોલે છે તે બધું પાળે છે. જેમ હાથીના દંતૂશળ એક વાર બહાર નીકળ્યા પછી પાછા અંદર ન પેસે, તેમ તારા મોંમાંથી પડેલાં વચન પણ અફળ ન જાય.]

✿

દુશ્મનો વધતા ગયા, એટલે બરવાળાના રક્ષણ માટે દાજીએ ગામ ફરતો કિલ્લો બાંધવાનું શરૂ કર્યું. એવા નમૂનાનો કિલ્લો કોઈએ કદી જોયો નહોતો. ગામ-પરગામનાં લોકો ગઢ જોવા આવવા લાગ્યાં ને સ્ત્રીઓએ તો રાસડા પણ ગાયા:

*હાલો, બાઈયું હટાણે જાઇં રે*
*ઘેલોશા ગઢ ચણાવે.*
*ગઢ ચણાવીને કાંગરા મેલ્યા,*
*પૂતળીનો નઇં પાર. – હાલો૦*

ગઢ જોવા જેવો બન્યો. એવી બાંધણી ફક્ત એક અલવરના કિલ્લાની જ કહેવાય છે. ગઢને ત્રણ દરવાજા મૂક્યા: રોજીતનો દરવાજો, ખમિયાણાનો દરવાજો ને કુંડળનો દરવાજો. દરવાજે દરવાજે ગઢની દોઢ્ય વાળી છે. આ પ્રકારની રચના છે. ગામમાં જવાના ત્રણ રસ્તા: પણ દરવાજા બરાબર રસ્તાની સામા સીધા નથી, રસ્તો પૂરો થાય ત્યાં ગઢનો ખૂણો આવે. દરવાજો રસ્તાની એક બાજુ ઉપર રહી જાય. દરવાજાની સામે પણ ગઢની બીજી બાજુ હોય. એવી રીતનો ખાંચો પાડેલો છે કે અગાઉના વખતમાં ઊંટને દરવાજા સાથે ઊભું રાખી, હાથી દોડાવીને ઊંટને હડસેલી દરવાજો તોડાવી નાખતા એવું એ સાંકડા ખાંચામાં ન બની શકે.

છતાંયે કદાચ જો એ દરવાજો તૂટે ને લશ્કર અંદર જાય તો અંદર

એક નાનું ચોગાન વાળી લઈ બીજા દરવાજા મૂકેલ છે. ચોગાનમાં શત્રુ-સૈન્ય પ્રવેશ કરે કે તરત ગઢની રાંગ ઉપરથી તોપો-બંદૂકો છૂટે, ને એ સાંકડા ચોગાનમાં સૈન્ય જીવતું રહે જ નહિ. સૈન્ય બચે તો અંદરનો બીજો દરવાજો તોડવો બાકી રહે.

ત્રણ દરવાજે આ બાંધણી છે. ચોથી એક બારી છે. દુશ્મનો વિષ્ટિ કરવા અંદર આવવા માગે તો એ નાની બારીમાંથી પગે ચાલીને જ દાખલ થઈ શકે.

એ પહોળી અને બળવાન દીવાલ હજુ મોજૂદ છે. એના કોઠા ઉપર ગોઠવાયેલી અનેક તોપોમાંથી આજે માત્ર થોડીક જ રાખી બીજી લીંબડી લઈ જવામાં આવી છે. હજુ કેમ જાણે ગઈકાલે જ ત્યાં લડાઈઓ ખેલાયેલી હોય એવું આપણને ભાસે છે.

*મીટે નર ફાટી મરે, પડ ચડિયા પેલાં;*
*(એવો) ગઢ સજિયો, ગેલા! તેં મારકણા માધાઉત!*

[હે માધાશાના સુંદર પુત્ર ઘેલા (ગેલા)! તેં તો એવો ગઢ બનાવ્યો કે હજુ તો તું સૈન્ય લઈને યુદ્ધે ચડ્યોયે ન હોય, ત્યાં તો એ ગઢ જોતાં જ માણસો ફાટી પડે!]

*તેં માંડ્યા, માધાતણા! કોઠા આઘા લઈ કોય,*
*(બીજાને) હૈડાં સામા હોયે, ગઢપતિયાંને ગેલિયા!*

[હે માધાશાના પુત્ર! તેં એવા તો જુક્તિદાર કોઠા બનાવ્યા છે કે એ તારા ગઢના કોઠા બીજા બધા ગઢપતિઓને (રાજાઓને) વસમા થઈ પડ્યા છે.]

માત્ર નાના કાઠીઓની જ જમીન નહિ, ભાવનગર રાજ્યની જમીન પણ ઘેલાશાએ દબાવવી શરૂ કરી.

*બુડી વા બરવાળા તણો, (કે'થી) ચાસે ચંપાય ના,*
*(પણ) શત્રવના સીમાડા, તેં ગળગટિયા ગેલિયા!*

[હે ઘેલાશા! બરવાળાની સીમમાં તો એક બુડી જેટલી જમીનનો ચાસ પણ કોઈથી ચંપાય નહિ, એટલે કે જરા જેટલી જમીન પણ કોઈ દબાવી ન શકે, પણ બીજા શત્રુઓના (શત્રવના) સીમાડા તું દબાવી બેઠો છે.]

એક દિવસ ભાવનગરના ઠાકોર વજેસંગની કચેરીમાં એક ચારણ રિસાઈને ટૂંટિયાં વાળી સૂતેલો. ઠાકોરે પૂછ્યું: "કાં ગઢવા, શું થયું છે? કેમ ટૂંટિયાં વાળીને સૂતા છો?"

ચારણ બોલ્યો: "અન્નદાતા, બરવાળાને સીમાડે મારા પગ ઠબે છે."

એ મર્મવાક્ય કહીને ચારણ એમ સમજાવવા માગતો હતો કે ભાવનગરની સરહદ દબાવતો દબાવતો ઘેલોશા બહુ નજીક આવી ગયો છે. ઠાકોરને એ વેણ છાતી વીંધી આરપાર નીકળી ગયું. એને ભાન આવ્યું કે વાણિયાએ બહુ જમીન દબાવી લીધી.

તરત જ ફોજ તૈયાર થઈ. બરવાળાના ગઢને ઘેરીને ફોજ પડી છે, પણ ગઢ તૂટતો નથી. ઉપરથી તોપો છૂટે છે; ફોજમાં ખળભળાટ થાય છે. બરવાળું જીતવાની આશા છોડીને ભાવનગરના સેનાપતિએ ઘેલાશાને વિષ્ટિનાં કહેણ મોકલ્યાં. બારીમાં થઈને વિષ્ટિ કરવા માણસો ગામમાં પેઠાં. છેવટે એમ નક્કી થયું કે દાજીના ઘોડાના ડાબલા જ્યાં પડે ત્યાં સીમાડો નાખવો. દાજી દુશ્મન હતો તોય એની નીતિ માટે ઊંચો વિશ્વાસ હતો, કેમ કે દાજી કૂડ કરતા નહિ.

દાજી ઘોડે ચડ્યા. બરવાળાથી ત્રણ ગાઉ દૂર ખળખળિયા નામનો વોંકળો છે તેને સામે કિનારે દાજીએ ઘોડો થોભાવ્યો. તે દિવસથી ખળખળિયાને સામે કાંઠેથી ભાવનગરની સીમ ગણાય, ને આ કાંઠે બરવાળાની સરહદ ઠરી છે. આવી રીતે મોટા મોટા રાજાઓને પણ દાજીએ હંફાવ્યા. ચારણોએ ગાયું:

*સખ કરી સૂવે નહિ, રૈયત ને રાણા,*
*(એવો) માંડ્યો તેં માધાણા, ગોરખ-ધંધો ગેલિયા!*

[હે ઘેલાશા! તેં એવું શૌર્ય બતાવ્યું છે, બધાના મુલકો જીતવાનો એવો ધંધો માંડ્યો છે કે મહાબળશાળી રાજા કે પ્રજાજનો હવે સુખે સૂઈ શકતા નથી.]

એમ ધીરે ધીરે એક બરવાળાની નીચે એણે તરવારને ઝાટકે બત્રીસ ગામડાં આણી મૂક્યાં. એ બધી જહેમત પોતાના માલિક લીંબડી દરબારને ખાતર ઉઠાવી.

બરવાળાની આસપાસ બેલા, ચારણકી વગેરે ચારણોનાં ગામો ઉપર

ઘેલાશાની આંખ હતી. ચારણોને પણ ધાસ્તી પેસી ગઈ હતી, એટલે બેલાના ચારણ કાળાં સઉએ ઘેલાશાની સમક્ષ ઠપકાનો દુહો કહ્યો:

*ખસનો તો તુંને ખટકો નઈ, ખોળછ ખેતરડાં,*
*ગલઢો શીં ગેલા! મારછ દેડક માધાઉત!*

[હે માધાશાના દીકરા! તારા મનમાં ગરાસિયા લોકોનું ખસ ગામ નથી ખટકતું. એને તું રંજાડતો નથી; અને અમારી થોડી થોડી જમીન (ખેતરડાં) ઝૂંટવી લેવા તું શોધખોળ કરી રહ્યો છે! સિંહ (શીં) ઘરડો થાય, મોટા શિકાર કરવાની તાકાત ન રહે, પછી જેમ દેડકાં મારીને ખાય એવું તું શું કરી રહ્યો છે?]

એ દુહો સાંભળ્યા પછી ચારણોનાં ગામ ઉપર દાજીએ કોઈ દિવસ નજર ન નાખી.

❁

એક વખત લીંબડી-ઠાકોર હરિસિંહની સાથે દાજી દ્વારકાની જાત્રાએ ગયેલા. ત્યાંથી પાછા આવતાં લીંબડી-ઠાકોર જામનગરમાં જસાજી જામના મહેમાન બન્યા. જામસાહેબે ઘેલાશા કામદારની કીર્તિ સાંભળી હતી. એ બહાદુર વાણિયાને એક વાર મળવા જસો જામ આતુર હતા. પોતે શૂરવીર હતા. શૂરવીરને જોવાનું મન કેમ ન થાય?

જામસાહેબે લીંબડી-ઠાકોરને વિનંતી કરી: "ઘેલાશાને દરબારમાં તેડી લાવો."

લીંબડી-ઠાકોરે ઉત્તર દીધો: "મહારાજ! એ વાણિયો વતાવ્યા જેવો નથી. એ તો મારાથી જ સચવાય છે. આપ એનું માન નહિ સાચવી શકો. કેટલીક ખોટી આદતો છે કે જે આંહીં જામના દરબારમાં ન શોભે."

"એવી તે વળી કઈ આદતો છે, ઠાકોર?"

"કોઈ પણ દાયરામાં કે રાજકચેરીમાં એ જાય ત્યારે એક તો ખોંખારો ખાય; બીજું, મૂછોના થોભા ઝાટકે; ત્રીજું, પલોંઠી ભીડીને બેસે; ચોથું, હોકો પીએ; પાંચમું, લીંબડીના તખત સિવાય કોઈને નમે નહિ."

"કાંઈ વાંધો નહિ. તમે તમારે એને આંહીં તેડી લાવજો, આપણે જોઈ લેશું."

દાજીને પણ જામ જસાજીના ગુમાનની ખબર હતી. સહુએ એને ચેતવ્યા કે કાં તો ન જવું, અને જવું તો જામની અદબ રાખવી. મોં મલકાવીને દાજી તૈયાર થયા. ગામમાંથી ભેટ વાળવાની દસ-બાર પછેડીઓ મગાવીને નોકર પાસે પોતાની સાથે ઉપડાવી લીધી. જામના દરબારમાં ગયા. આદત પ્રમાણે ખોંખારો ખાઈ, મૂછે હાથ નાખી, જામને સાદા રામરામ કરી, પછેડીની પલોંઠી ભીડીને બેઠા. જામના મોં પર કોપ દેખાણો. એણે ચોપદારને ઇશારત કરી. ચોપદારે ઘેલાશાની પછેડી ઝૂંટવીને ફેંકી દીધી. દાજીએ બીજી પછેડી લઈ પલોંઠી ભીડી. બીજી પણ ઝૂંટાઈ. ત્રીજી, ચોથી, એમ પછેડીઓ ઝૂંટાવા લાગી. આખી સભા સડક બની ગઈ. દાજી પોતાનું અપમાન થયું સમજીને ત્યાંથી ઊઠી નીકળ્યા. ઉતારે ચાલ્યા ગયા. જામની સામે પણ એમણે ન જોયું.

જામસાહેબના અંતરમાં તો રોષ નહોતો. એને ખાતરી થઈ ચૂકી. એમણે દાજીને એકાંતમાં બોલાવ્યા. ત્રાંબાનું પતરું અને કરગરો હાજર રાખેલાં. જામે કહ્યું: "ઘેલાશા, નગરની નોકરીમાં આવો તો અત્યારે જ આ પતરા ઉપર સારામાં સારાં પાંચ ગામ 'જાવચંદર દિવાકરા' ['યાવચ્ચન્દ્ર દિવાકરૌ': ચંદ્રસૂર્ય તપે ત્યાં સુધી] લખી આપું."

ઘેલાશાએ જવાબ વાળ્યો: "મહારાજ! એ આપનો પાડ થયો. પણ માગાં તો દીકરીનાં જ હોય, વહુનાં ન હોય. મારે માથે તો લીંબડીનું ઓઢણું પડ્યું છે. મારાથી બીજે જવાય નહિ – પાંચ શું, પચાસ ગામ આપો તોયે નહિ."

"કામદાર, બાકરસાહેબ આપણી બરવાળાની બત્રીસીની પેશકશી બાંધી ગયા."

"જોઉં ઈ દસ્તાવેજ, દરબાર!" દાજી ચમક્યા.

દાજીએ ઠાકોર હરિસંગ પાસેથી દસ્તાવેજની નકલ લઈને વાંચી. વાંચીને માથું ધુણાવ્યું. દરબારને ઠપકો દીધો: "મને તેડાવવો'તો તો ખરો! આટલી ઉતાવળ શીદ કરી?"

"કાં?"

"કાં શું? આ તો 'ફરતી પેશકશી' માંડી દીધી. વારે વારે વધાર્યા જ કરશે. અંગ્રેજની બાદશાહી જ્યારે આંહીં જામશે. ત્યારે આપણાથી ચૂં કે ચાં નહિ થાય. દરબાર! તમે ગજબ કર્યો."

"હવે?"

"હવે હું જોઉં છું."

ઘોડીએ ચડીને ઘેલોશા ચાલી નીકળ્યા. વૉકરસાહેબની છાવણી પડી હતી ત્યાં જઈને મુલાકાત લીધી. કહ્યું: "હું લીંબડી દરબારનો બરવાળા ખાતેનો કામદાર છું. પેશકશીના દસ્તાવેજ ઉપર મારી – કામદારની – યે સહી જોશે. માટે લાવો સહી કરી દઉં."

ભોળવાઈને સાહેબે દસ્તાવેજ દાજીના હાથમાં દીધો. વાંચીને પલકવારમાં કાગળનો ડૂચો વાળી, મોંમાં નાખી, દાજી પેટમાં ઉતારી ગયા; અને 'હવે તો દસ્તાવેજ લેવા બરવાળે આવજો, સાહેબ!' એટલું કહીને ઘોડીએ ચડ્યા. બરવાળામાં દાખલ થઈ ગઢના દરવાજા માથે ભોગળ ભિડાવી.

ફોજ લઈને વૉકર બરવાળા ઉપર ચડ્યો. ગઢ સામી તોપો ચલાવી. પણ એ જુક્તિદાર ગઢ ઉપર કાર ન થઈ શક્યો. વૉકરે વિષ્ટિનું કહેણ મોકલ્યું.

સાહેબ અને દાજી બેય જણા ઠરાવ કરવા બેઠા. સાહેબે પૂછ્યું: "તારી શી માગણી છે, ઘેલાશા?"

"બરવાળાની બત્રીસીની 'ફરતી જમા' નહિ, પણ કાયમી જમા રૂ.22,000 બાંધી આપો."

વૉકરે દાજીને લાલચો દીધી: "ઘેલાશા, જીદ કર મા. આ બત્રીસી તેં તારા બાહુબળથી ઘેર કરી છે. તારાં દસ ગામ જુદાં તારવી દઉં, તારા નામ પર ચડાવી દઉં, અને તું લીંબડીનાં ગામની 'ફરતી જમા' બાંધવા દે."

દાજીએ જવાબ દીધો કે "ન ખપે, સાહેબ, મારે મારા ધણીને લૂણહરામ નથી થાવું. જે ધણી મેં ધાર્યો છે, તેનું જ હું ભલું ચિંતવીશ. મને ભરોસો છે કે મારી સાત પેઢીને પણ મારો ધણી પાળ્યા કરશે. રજપૂત નગુણો નહિ થાય."

ઘેલોશા ન બદલ્યો. તમામ ગામડાં લીંબડીના નામ પર મંડાવી ફક્ત

રૂપિયા બાવીસ હજારની 'કાયમી જમા' લખાવી લીધી. આજ પણ બીજા તમામની જમા અમદાવાદ જિલ્લામાં વધતી જાય છે, છતાં બરવાળા તાલુકાની રકમ એ-ની એ જ રહી છે.

તે દિવસ સાહેબની સલાહ માની હોત તો આજ ઘેલાશાના વારસોને ઘેર એક સોનામૂલો તાલુકો હોત. પણ ઘેલાશા કૂડ કેમ રમે?

❁

અદાવતિયાઓએ ખટપટ કરીને દાજી ઉપર સૂરતના કલેક્ટરનું વૉરંટ કઢાવ્યું છે. હથિયાર-પડિયાર બાંધીને દાજી સૂરતમાં આવેલ છે. પોતાના દીકરાને સરકાર કોણ જાણે કેવાયે સકંજામાં નાખી દેશે એવી ચિંતાભરી બુઢ્ઢી માતા લીલબાઈ ભીમનાથ દાદાના નામની માળા ફેરવે છે.

ઓચિંતા સૂરત શહેરમાં ગોકીરા થયા કે "દોડો! મિયાણા જાય! સરકારી તિજોરી લૂંટીને જાય!"

લૂંટારાના નામના રીડિયા સાંભળતાં જ રણઘેલા ઘેલાશાનાં રૂંવાડાં છમ! છમ! છમ! બેઠાં થઈ ગયાં. એણે હાક મારી કે "ભાઈ! ઝટ મારી ઘોડી છોડો!"

માણસોએ સમજાવ્યા: "અરે દાજી! આ તો સરકારી તિજોરી લૂંટાણી છે, અને લૂંટવાવાળા છે મિયાણા. આપણને જેણે કેદ કર્યા છે તેના સારુ આપણે શીદ મરવા જાવું?"

"અરે, બોલો મા! લૂંટારાનું નામ પડે ત્યાં હું બીજી વાત વિચારું? હું ઘેલો માધાણી! મારાં માવતર કોણ?"

એટલું કહીને દાઢીવાળો દાજી ચડ્યો. સરકારી ઘોડાં નીકળતા પહેલાં તો ઘોડીને દોટાવી લૂંટારાનો પીછો લીધો, ભેળાં કર્યાં; એકલે હાથે તરવાર વાપરીને ધીંગાણે રમ્યો. મિયાણા માલ મૂકીને ભાગી નીકળ્યા. ઘેલાશાએ લૂંટનો તમામ માલ પકડીને સરકારમાં સુપરત કર્યો. કલેક્ટરને આ વાતની ખબર પડી. બહાદુર ઘેલાશાને એણે શાબાશી આપીને છોડી મૂક્યા.

અહીં બરવાળામાં માતા લીલબાઈને એ જ રાતે શંકર ભીમનાથ સોણે આવ્યા; કહ્યું કે "લીલબાઈ, તારે દીકરે તો મિયાણા માર્યા, સરકારી

તિજોરી બચાવી, અને હવે છૂટીને ઘેર આવે છે.''

ડોશીની આંખ ઊઘડી ત્યાં દીકરો સામે ઊભો હતો. ડોશીના કહેવાથી ઘેલાશાએ 'ભીમનાથ' નામના શંકરની જગ્યામાં ચારસો વીઘાં જમીન બક્ષિસ કરી.

❁

શેઠ-કુટુંબ લીંબડીનું ઊંચું ને આબરૂદાર કુટુંબ ગણાય: પૈસેટકે જોરાવર એટલે માથાભારે પણ ખરું. એવું બન્યું કે એ કુટુંબનો એક દીકરો ધાંધલપુર ગામે વરાવેલો, તે ગુજરી ગયો. કન્યાના બાપ લીંબડી ખરખરે આવ્યા. બહુ અફસોસ બતાવ્યો. વરવાળાએ કન્યાને ઘરેણાં-લૂગડાં ચડાવેલ તે બધાં પાછાં સોંપ્યાં.

આ વખતે શેઠ-કુટુંબવાળા બોલી ગયા કે ''શેઠ, તમને એટલું કહેવાનું છે કે અમારે ઘેરથી પાછી ફરેલી કન્યાને હવે આંહીં લીંબડીમાં તમારે ન પરણાવવી. નહિ તો આપણે સારાવાટ નહિ રહે, સમજ્યા?''

સાંભળીને કન્યાનો બાપ તો આભો જ બની ગયો. પોતે સમજુ હતો. એક વાર પાછી ફરેલી કન્યાને એ-ના એ ગામમાં દેવાથી એને દેખીને આગલાં સાસરિયાંનાં અંતર રડે. મરેલો દીકરો સાંભરી આવે. એટલા માટે ત્યાં ને ત્યાં સંબંધ ન બાંધવો જોઈએ એમ માવતર હમેશાં વિચારે. આ વેવાઈ પણ શાણો હતો. ભૂલ ન કરત; પણ આવાં મદભર્યાં વેણથી તો એના માથામાં ચસકો નીકળી પડ્યો. એનું અંતર ઘવાઈ ગયું. એણે જવાબ દીધો કે ''શેઠ! ત્યારે તો હવે મારી દીકરી લીંબડીમાં જ વરશે; બીજે ક્યાંય નહિ વરે.''

એટલું કહીને એ ચાલી નીકળ્યો.

વિચાર કર્યો કે લીંબડીની અંદર આ શેઠ-કુટુંબની નજર સામે મારી કન્યાને ઘરમાં લાવે એવો બે-માથાળો તો એક ઘેલોશા જ છે. પણ ઘેલોશા શી રીતે માને? વિચારીને એ વઢવાણ ઠાકોરની પાસે ગયો. વઢવાણ ઠાકોર એના સ્નેહી હતા. ઠાકોરને અને ઘેલાશાને પણ અત્યંત સદ્ભાવ હતો. કન્યાના પિતાએ એ કામ ઠાકોરસાહેબને ભળાવ્યું.

ઠાકોરસાહેબે ઘેલાશાને બોલાવ્યા, વચન માગ્યું. ઘેલાશાએ કહ્યું:

"બાપુ, મારી નોકરી સિવાય બીજું ગમે તે માગજો."

ઠાકોરે માગ્યું: "તમારા દીકરા મોરભાઈનું વેવિશાળ આ ધાંધલપુરવાળી કન્યા સાથે કરો."

ઘેલાશાને ફાળ પડી કે શેઠકુટુંબ સાથે વેર થશે. પણ વચને બંધાયા! શું કરે?

લીંબડી આવીને દાજીએ શેઠકુટુંબ કને પોતાની લાચાર દશા રજૂ કરી, હાથ જોડીને રજા માગી; બોલ્યા કે "હું આપને ખાતરી આપું છું કે આંહીંથી નહિ, બરવાળેથી જાન જોડીશ."

પરંતુ શેઠકુટુંબવાળાએ એની નમ્રતાની કાંઈ કદર ન કરી. એ તો ઊલટા કોપાયા અને અઘટિત આકરાં વચનો કાઢવા મંડ્યા.

પછી તો દાજીની ધીરજ ખૂટી. એ બોલ્યા: "મારી લાચારી આપના કાંઈ હિસાબમાં ન આવી. તો હવે જુઓ, આંહીંથી જ જાન જોડીશ: મારા ઘરની દીવાલે બરાબર રસ્તા માથે જ એક ગોખ મુકાવીશ; ત્યાં બેઠી બેઠી મારી દીકરા-વહુ મોતી પરોવશે અને હાલતાંચાલતાં તમે તે જોશો."

આટલું કહીને દાજી ચાલ્યા અને પછી –

*ધાંધલપુરની ઢેલડી, ને બરવાળાનો મોર,*
*હાથી આવે ઝૂલતા, ને શરણાયુંના શોર.*

એવી ધામધૂમથી મોરભાઈને પરણાવી આવ્યા. બોલ્યા પ્રમાણે ગોખ પણ પડાવ્યો.[1] એનો દુહો પણ જોડાણો:

*શેઠુંહંદાં છોકરાં ઉંયે કરતાં આળ,*
*મૂછે રંગ મધરાજતણ! ગેલા! ઉતારી ગાળ.*

1. આ ગોખ સંબંધી હકીકત એવી બની હતી કે તે ગોખ સામે જ શ્રી જૈન શ્વેતાંબર સ્થાનકવાસી સંપ્રદાયનાં ઉર્ફે ઢૂંઢિયા ધર્મનાં સાધ્વીઓ માટેનો ઉપાશ્રય હતો, તે ઉપાશ્રયના ગોખની સામે આ ઘેલાશાનો ગોખ બંધાવા માંડ્યો. ઘેલાશા પણ ઢૂંઢિયા હતા અને શેઠનું કુટુંબ પણ ઢૂંઢિયા ધર્મ પાળતું હતું. એ ઉપાશ્રય શેઠકુટુંબે જ બંધાવેલો હતો. ઘેલાશાનો ગોખ આ પ્રમાણે સાધ્વીઓ અને ધર્માર્થે બેસતાં બૈરાંઓની સામે જ ચણાય તે સામે શેઠકુટુંબે ઘણો વાંધો લીધો, પણ ઘેલાશા ન માન્યા અને ગોખ બાંધ્યો.

[શેઠકુટુંબનાં છોકરાં સહુની છેડ કરતાં. રંગ છે તારી મૂછોને, હે માધાશાના (પુત્ર)! તેં તારા પરથી એ મેણું મટાડ્યું.]

આથી શેઠકુટુંબ રાજ્ય સામે રિસાણું. તેમને મનાવવા ખાતર, અને ઘેલાશા હથ્થુના વહીવટની તપાસણી થવી જ જોઈએ તેવો તેમણે આગ્રહ કર્યો તે ખાતર, ઘેલાશાનો વહીવટ તપાસવાનું ઠાકોર હરિસંગજીએ નક્કી કર્યું.

આમ પણ કહેવાય છે: શેઠવાળાઓએ રાજ્યને એવી લાલચ આપી કે 'જો ઘેલાશાને એક વાર કેદમાં નાખો તો અમારા રૂપિયા છ લાખ રાજ પાસે લેણા નીકળે છે તે છોડી દઈએ.'

હરિસંગજી ઠાકોર એ લાલચમાં લપટાણા. ઘેલાશાને બોલાવવા બરવાળે અસવાર મોકલ્યો. ઘેલાશા તૈયાર થયા. પણ એમનાં માતુશ્રી દેવી જેવાં હતાં. એમને માઠાં શુકન જણાયાં. દીકરાને એમણે બહુ સમજાવ્યો. પણ દીકરો કહે, "માડી, મારો ધણી બોલાવે ત્યારે મારાથી પાણી પીવાય રોકાવાય નહિ."

ઘેલાશા લીંબડી પહોંચ્યા. દરબારગઢમાં ગયા; સામે આવીને તો કોઈ એ સાવજને પકડી શક્યું નહિ. એટલે આરબોએ પાછળથી અચાનક પકડ્યા અને કેદમાં નાખ્યા.

ઘેલાશા કહે કે "એક વાર મને ઠાકોરનું મોં જોવા દ્યો."

પણ ઠાકોર નીચે ઊતર્યા જ નહિ!

ઘેલાશાએ અન્નજળનો ત્યાગ કર્યો.

એ વખતે સનાળીના ચારણ કવિ કશિયાભાઈ મારવાડમાંથી પાછા ચાલ્યા આવતા હતા. આ ચારણ કાઠિયાવાડનાં કેટલાંયે રાજસ્થાનોમાં દેવ માફક પૂજાતા. રાજાઓ પણ એમની અદબ છોડતા નહિ. એ વૃદ્ધ દેવીપુત્ર લીંબડીના દરબારગઢમાં આવ્યા.[1] દાજીના સમાચાર સાંભળીને એમના દિલમાં ઊંડો ઘા પડ્યો. ઠાકોર ઉપર એમના કોપની સીમા ન રહી. ઠાકોરને

1. કોઈ કહે છે કે કશિયાભાઈ પોતે નહિ ગયેલા, પણ ગીત રચીને કોઈ બીજા ચારણને કહી સંભળાવવા લીંબડી મોકલેલો.

નીચે આવવા કહાવ્યું. ઠાકોર મહેલની સીડી પર દેખાયા કે તરત કવિએ પોતાના મોં ઉપર ફાળિયાનો છેડો ઢાંકી દીધો ને પીઠ ફેરવી ઊભાં ઊભાં ઠાકોરને ઠપકાનું એક ગીત સંભળાવ્યું કે 'એ બાપ હરિસંગ! હરપાળના પેટ હરિસંગે ઊઠીને આવી ખોટ ખાધી! રાજા હરિસંગ! સાંભળ સાંભળ!

[ગીત - જાંગડું]

1

*દાવા બાંધણો ગોહિલ્લાં સામો, ચૂડાકો ભાંજણો ડોડ*
*અયાંકો[1] મોડાણો માન, જંગકો અથાહ;*
*હિન્દવાંકો છત્ર ગેલો[2] ઝાલવો ન હુતો હરિ!*
*સતારા સું બઝારણો હુતો ગેલો શાહ!*

[ગોહિલોના સામે પડી સમોવડિયો થઈને ઝૂઝનારો, ચૂડાસમાઓનાં અભિમાન તોડનારો, દુશ્મનોનાં માન મોડનારો, અને મેદાને જંગમાં બહાદુરીથી લડનારો – એવો હિંદુઓના છત્રરૂપ જે ઘેલોશા, તેને, હે રાજા હરિસંગ! તારે નહોતો પકડવો. ઉચિત તો એ હતું કે એને સતારાની ફોજ સામે લડવા મોકલવો હતો.]

2

*નવે ખંડા માંય અસો કીણેરો પ્રધાન નાંહીં,*
*દાવદારાં લાગે અસાં કામદારાં દાય,*
*બોત ભૂલ આવી કાંઈ આવડી હભાણી બાબા!*
*માધાણાકું બેડિયાં મ હોય પાગાં માંય.*

[નવ ખંડમાં કોઈને આવો પ્રધાન નથી મળ્યો. પોતાના દુશ્મનોને (સમોવડિયાને) હૃદયમાં સાલે એવું કામદારું કરનાર બીજો કોઈ ન મળે. હે બાપ! હે હરભમજીના પુત્ર (હભાણી)! આવી ભૂલ તું કરી બેઠો? માધાશાના પુત્ર ઘેલાશાના પગમાં કદી બેડીઓ ન શોભે.]

1. અરિઓનો (દુશ્મનોનો). 2. ગેલો: ઘેલોશા. (કાવ્યમાં 'ગ' 'ઘ' વચ્ચે અભેદ છે, 'ર' 'સ' વચ્ચે છે તે મુજબ.)

3

થાલ ઢાલ ચોરાશીકી, શત્રાંશાલ થાંકો શેઠ,
થાકાં શેઠ તણી ઘડી દુઝે કેમ થાય!
જાંબુરાય! કડી જેમ લીંબડી લોપાય જે દી',
માધાણી ઉપાડ્ય તે દી, દીજે ક્રોડાં માંય!

[તારો શેઠ ઘેલાશા કેવો હતો? તારાં ચોરાશી ગામની ઢાલ જેવો ને તારા શત્રુઓનાં હૃદયમાં તીર-શલ્ય જેવો! તારા શેઠની ઘડી બીજાથી ન થાય. હે જાંબુ[1]ના ધણી (લીંબડીના સ્વામી)! જેવી રીતે કડી શહેર ઉપર દુશ્મનોએ હલ્લો કર્યો તેવી રીતે તારી લીંબડી ઉપર કોઈ દિવસ હલ્લો થાય ત્યારે સુખેથી તું કરોડો શત્રુઓની સામે ઘેલાશાને ખડો કરજે. એ લીંબડીને લોપવા નહિ આપે.]

4

બીઆ વેરી તણી ધરા રાખણો સાંકળે બાંધી,
નવાલી કરી તેં વાત અનોધી નકાજ!
દોકડાકે લોભે રાજા લોકડાકે કહ્યે દામી,
અસા આદમીકી લાજ લેવે કેમ આજ?

[ઘેલોશા તો તારા બીજા દુશ્મનોની જમીનને સાંકળે બાંધીને કબજે રાખનાર હતો. એવા પ્રધાનને બંદીખાને નાખવામાં આજે તેં અતિશય અનુચિત કૃત્ય કરી નાખ્યું. હે રાજા! કોઈ હલકા શ્રીમંત લોકોની શિખવણીથી પૈસાના લોભમાં પડીને આવા પુરુષની આબરૂ લેવાનું તને કેમ સૂઝ્યું?]

5

ખત્રી વીર વિક્રમ જ્યું અબકો તેં કાગ ખાયો,
કબકો બતાયો જાયો અબકો કુસંગ!
નાથ લીંબડીકા! થાને નાણાંનો ખબકો નાયો,
સબકો ઠપકો આયો રાજા હરિસંગ!

[ક્ષત્રીવીર વિક્રમ રાજા મરવા પડેલો તે વખતે કોઈએ એને સલાહ દીધી કે 'કાગડાનું માંસ ખાવાથી અમર રહી શકાય.' એ વીર વિક્રમ જેવા સુજ્ઞ

1. જાંબુ લીંબડીનું ગામ છે. અસલ ગાદી ત્યાં હતી.

રાજાએ પણ જીવનના લોભમાં પડીને એ શિખવણીને વશ થઈ કાગડો ખાધો. એથી કાંઈ એ બચ્યો નહિ, ઊલટો ભ્રષ્ટ બન્યો. તેવી રીતે તેં પણ આજે કાગડો ખાધા જેવું કૃત્ય કર્યું. ઘણો વખત થયાં તને હલકાં લોકો આવો કુસંગ શીખવતાં હતાં, તે આજે તેં પ્રગટ કર્યો, હે લીંબડીના નાથ! એથી નાણાંની છોળો તારા ઘરમાં ન આવી પડી. (તારા મનમાં એમ હતું કે ઘેલાશાએ તારા રાજમાંથી ખૂબ દ્રવ્ય એકઠું કર્યું છે તે તને મળશે.) પણ ઊલટો તમામ લોકોનો ઠપકો મળ્યો.]

6

*શામકો હરામી કામી ગામકો નહોતો શત્રુ,*
*ફજેતીઓ નાહીં કોઈ કામકો ફજેત,*
*માર્યા ડંડા જશો વે તો રામકી દુહાઈ માંને!*
*નાથ લીંબડીકા! થાને થબકો ન દેત.*

[ઘેલાશા કાંઈ રાજ્યનો નિમકહરામ લાલચુ નોકર નહોતો, અથવા ગામનો શત્રુ પણ નહોતો, તેમ કોઈ કામમાં તને ફજેત કરે તેવો પણ નહોતો. જો એ મારવા લાયક કે દંડવા લાયક આદમી હોત તો હું રામદુહાઈ ખાઈને કહું છું કે તને હું ઠપકો ન દેત.]

દરબારગઢ પડઘા દેવા લાગ્યો: આવું ઠપકાનું ગીત ઠાકોરને હૈયે ખટકવા લાગ્યું. ઠાકોર દાદરો ઊતરવા મંડ્યા. પણ ગઢવી સામે મુખે થયા નહિ. રોટલા જમવાનું ટાણું હતું; પણ કવિ લીંબડીની ભૂમિમાં ન રોકાયા, ખરે બપોરે ચાલી નીકળ્યા; સામેના સૌકા ગામે જઈને જમ્યા.

રાજાજીને વિમાસણ થઈ, ચારણનો ઠપકો વસમો લાગ્યો; પણ ઇજ્જત કેમ જવા દેવાય? ત્રણ લાખ રૂપિયાનો દંડ ભરવાની શરતે ઘેલાશાને છોડ્યા.

એ નીતિવાન કારભારીના ઘરમાંથી ત્રણ લાખ રૂપિયા પણ ન નીકળ્યા. એણે તો કદી પોતાના માલિકની સાથે જુદાઈ જાણી નહોતી. સાઠ હજાર રૂપિયાના દાગીના હતા તે રાજાને આપી દીધા. પોતાને પીપરિયું ગામ આપેલું તે બીજા સાઠ હજારમાં માંડી આપ્યું. પોતાના બે છોકરાને ઘરાણે મૂકીને પોતાના મિત્ર વઢવાણ-ઠાકોર પાસેથી સાઠ હજાર ઉછીના

મેળવ્યા! બાકીના રૂપિયાની શોધમાં એ ભાવનગર-ઠાકોર પાસે ગયા.

લીંબડી-ઠાકોરને ફાળ પડી કે કદાચ કામદાર ભાવનગર રાજ્યના હાથમાં પડી જઈ મારું સત્યાનાશ વાળશે! એ ડરથી એણે દાજીને પાછા બોલાવી લીધા, દંડ માફ કર્યો, રૂપિયા પાછા દીધા. પણ ગામ તો પાછું ન આપ્યું.

ખરેખર ભાવનગર-ઠાકોરે દાજીને જામસાહેબની માફક જ લાલચ આપેલી. પણ નિમકહલાલ ઘેલોશા એમ નહોતા ડગ્યા.

દાજી લીંબડીથી બરવાળા આવતા હતા. વચમાં રંગપુર પાસે વેંજારમાં ધીરુબા વાણિયાણીને ઘેર પોતે રોટલા જમવા રોકાણા. ધીરુબાને પોતે બહેન કરેલાં. ધીરુબાએ કોણ જાણે શા કારણે એમને પનાળીમાં ઝેર ખવરાવી દીધું. દાજીનો દેહ ત્યાં જ પડી ગયો. એમના શબને બરવાળે લાવી અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.[1]

આજે [1923માં] એમના વંશની ચોથી પેઢી ચાલે છે. એમની પાસે અત્યારે ગણ્યાંગાંઠ્યાં વીઘાં જમીન છે.

1. આવા સ્વામીભક્ત શૂરાને લીંબડીના ઇતિહાસમાં બહુ સ્થાન નથી; કેમ જાણે એવી કોઈ વ્યક્તિ જ કદી હયાત નહોતી!

# ભેંસોનાં દૂધ!

ડુંગરા અને વનરાઈ વચ્ચે જ્યાં જુગોજુગથી વિવાહ વર્તે છે એવી સોરઠ દેશની સોહામણી ગીરનાં તો સોણાંય મીઠાં લાગે. ઘણી ગીર કપાઈ ગઈ છે, કપાતી જાય છે; તો પણ જે ભાગ હજુ રહ્યા છે તે ભાગની રૂડપ ખરે જ અદ્ભુત છે.

ઉનાળાના સૂકા દિવસોમાં પાન ખરીને ઝાડ ઠૂંઠાં થઈ ગયાં હોય, ખડ સુકાઈને ઊડી ગયાં હોય, અને ઝરણાં સૂકાં પડ્યાં હોય ત્યારે તે ભાગમાં જનારને ખરી ખૂબી જણાતી નથી. પણ એક-બે સારા વરસાદ થઈ ગયા પછી વનરાઈ લીલવણી ઓઢણે ઝકૂંબતી હોય, લીલાછમ ખડ છાતીપૂર ઊભાં હોય, દરેક નદીઝરણું આનંદમાં ખળખળાટ કરી રહ્યું હોય, તે સમયની ગીર જોઈ હોય તેનાથી એ જીવતાં સુધી ભુલાય તેમ નથી.

એક સારો વરસાદ થયાના ખબર મળતાં તો દૂર દૂરથી રબારી, ચારણ, આહીર, કાઠી અને દરેક મોટા માલધારી પોતાનાં ઢોર લઈ ગીરમાં ચારવા જાય છે. ઠેકઠેકાણે ઝૂંપડાં અને ઢોરની ઝોકો બંધાય છે. પરોઢિયે પરોઢિયે વલોણાંના ઘમઘમાટ, ઘંટીના નાદ સાથે ગવાતાં પ્રભાતિયાં, રાત્રે ક્યાંક ભજનની ધૂન, તો ક્યાંક દુહા, ક્યાંક વાર્તા, તો ક્યાંક રબારી-ચારણના પાવાના મધુર નાદ, ક્યારેક ડુંગરા ગજવી મૂકતી સિંહની હૂક, તો ક્યારેક પશુ (એ નામના હરણ)ની છીંકારીઓ, ક્યારેક સાબરનાં ભાડુક, મસ્ત ખૂંટડાની ત્રાડ, મોરલાના ટૌકા: આ બધું જેણે અનુભવ્યું હોય તેને જ તેની ખરી ખૂબી સમજાય.

બરાબર મધ્યગીરમાં ડુંગરે વીંટ્યું એક તીર્થધામ છે; ત્યાં રુક્મિણીનો ડુંગર છે, તાતા પાણીનો કુંડ છે, ભગવાનની શ્યામ મૂર્તિવાળું મંદિર છે. એનું નામ તુળસીશ્યામ છે. કેટલાંક વરસો પહેલાં તુળસીશ્યામની આસપાસ

કેટલાક ચારણોના નેસ પડ્યા હતા. દેશમાં દુકાળને લઈ ઉનાળામાં પણ કેટલાંક ઝૂંપડાં બાંધી ત્યાં જ પડ્યાં હતાં. તેવામાં ઢોરમાં એકદમ શીળીનો રોગ ફાટી નીકળ્યો. ઘણા માલધારી માલવિહોણા બનીને માત્ર લાકડી લઈ દેશમાં પાછા ફર્યાં. બહુ જ થોડાં ચારણકુટુંબ ત્યાં રહ્યાં.

એક ચારણને માત્ર બે નાનાં ખડાયાં રહ્યાં, બાકીનાં ઢોર તો મરી ગયાં; પણ ચારણિયાણી પોતાના પિયરથી બે પાડીઓ લઈ આવી. આ પ્રમાણે એ ચારણને ચાર નાનાં ખડાયાં થયાં. તેના ઉપર જ તેનો નિભાવ હતો. 'આગળ જતાં સારી ભેંસો થશે, એનાં દૂધ-ઘીમાંથી ગુજરાન ચાલશે' એ આશાથી બહુ ચાકરી રાખવા માંડી. ચારેય ખડાયાં મોટાં થયાં; અસલ ગીરની વખણાય છે તેવી ચારેય ભેંસો થઈ. મોટાં માથાં: કોડિયામાં દીવા કરી મૂકી શકાય તેવાં વળેલાં બબ્બે ત્રણ-ત્રણ આંટા લઈ ગયેલાં શીંગ; દેવળના થંભ જેવા પગ; ટૂંકી ગુંડી; ફાંટમાં આવે એવાં આઉ; પથારી કરી સૂઈ રહેવાય તેવાં વાંસાનાં પાટિયાં: આમ બધી રીતે વખણાય તેવી ચારેય ભેંસોને જોઈ ચારણ વર-વહુ આનંદ કરે છે.

દિવસે ચરીને સાંજરે રૂંઝ્યું રડ્યે જ્યારે ભેંસો ઘેર આવે, ત્યારે ચારણિયાણી ઝોકના ઝાંપા પાસે ઊભી જ હોય અને જોતાંવેંત જ 'મોળી ધાખી ઈદી! બાપ! ગોદડ ઈદી! ખમાં મોળી શેલર! આઈનાં રખોપાં, મોળી મા!'[1] કરી કરી ભેંસોને આવકારે, પોતાના પછેડા વતી એનાં અંગ લૂછે; પછી ખાણ ખવરાવવું હોય તે ખવરાવે.

ચારેય ભેંસોને વિયાંવાને હજુ ત્રણેક માસ બાકી છે. 'ચારેય વિયાશે; અધમણ અધમણ દૂધ કરશે; રોજ સાત-આઠ શેર ઘીની છાશ થશે; ગુજરાન બહુ સારું ચાલશે' એ વિચારો ને વાતો બન્ને ચારણ જણ કર્યા કરે છે અને આશામાં દોહ્યલા દિવસો વિતાવે છે.

ભાદરવો આવ્યો; ભરપૂર વરસ્યો, હેલી મચાવી. આઠેક દિવસની હેલી થઈ. વરસાદ અનરાધાર પડે છે તેથી ઘણા માલધારી ચારવા જવાને

---

1. મારી ધાખી (નામની ભેંસ) આવી! બાપ ગોદડ (નામની ભેંસ) આવી! ખમ્મા તને, મારી શેલર (નામની ભેંસ)! માતાજી તારાં રખવાળાં કરે, મારી મા!

બદલે ભેંસોને છોડી મૂકે છે. એટલે ભેંસો પોતપોતાના ચરવાના નેખમે(ઠેકાણે) ચાલી જાય છે. અને સાંજરે ધરાઈને પાછી પોતાની જાતે નેસે ચાલી આવે છે. ઘણા દિવસથી રોજ રોજ આમ ચાલે છે.

એક સમે બરાબર મેઘલી અંધારી રાત છે. વાદળાં ઘટાટોપ જામ્યાં છે. ક્યારેક ક્યારેક વીજળીના સળાવા થાય છે. વરસાદ ઝીણો ઝીણો વરસવો શરૂ થયો છે. તે ટાણામાં કોઈ આહીરના બે જુવાન ગીરમાં નીકળેલા છે. દિવસે આ ચારેય ભેંસોને તેમણે જોયેલી. નજરમાં આવી ગયેલી. આઉભર થયેલી અસલ ભેંસો લઈ જવાય તો મોંમાગ્યો પૈસો મળે એવી આશાએ આહીરોની મતિ બગડી ગઈ. અડધીક રાત ભાંગી ત્યારે બેય ચોર ઝોકે આવ્યા. ચારણ-ચારણિયાણી નેસનું ધ્રાગડિયું કમાડ દઈને મીઠી નીંદરમાં જામી ગયાં છે. ઝોકનો ઝાંપો ઉઘાડી આહીરોએ ચારેય ભેંસો હાંકી એકદમ દોડાવવા જ માંડી. જબ્બર આઉભર થયેલી ભેંસો કેટલીક દોડે! તોપણ લાકડીઓના માર મારી જેટલી ઉતાવળે હાંકી શકાય તેટલી હાંકી. સવાર થયું ત્યાં ગીર બહાર નીકળી ગયા.

સવારે ચારણ જાગ્યો. જોયું તો ઝોક ખાલી પડી છે. ઘડીક તો ધાર્યું કે ઝાંપો ઉઘાડો રહી ગયો હશે, તેથી ભેંસો ચરવા ચાલી ગઈ હશે. રોટલો તૈયાર થયો કે છાશ પીને રોજ ભેંસો જતી હતી તે નેખમે ગયો. પણ ત્યાં ભેંસો જોવામાં આવી નહિ. વરસાદ બહુ વરસતો હતો. તેથી બીજી નેખમે ચડી ગઈ હશે, સાંજરે પાછી નેસે આવશે એમ ધારી પાછો ઝૂંપડે આવ્યો. સાંજરે ધણી-ધણિયાણી વાટ જોતાં ઊભાં, પણ ભેંસો તો આવી નહિ. ત્યાર પછી ખરેખરી ચિંતા થઈ. ફરીને આસપાસ બધાં સ્થળો જોઈ આવ્યો, ગીરમાં ગાળે ગાળે રખડ્યો, પણ ભેંસોનો પત્તો મળ્યો નહિ. પછી તો ચોરાઈ ગયાનો વહેમ આવ્યો.

ભેંસો ઘણી હોય તો તો તે ટોળામાંથી એક બે ત્રણ ચારને નોખી તારવવી સહેલ નથી. કાચાપોચાથી તો નોખી પડે જ નહિ. કદાચ મારે પણ ખરી. કોઈ બહુ હિંમતવાળા બે-ત્રણ ચોર હોય ને એવા મોટા ટોળામાંથી બે-ત્રણ જેવીતેવી ભેંસોને જુદી પાડી લઈ જાય તો એની મોટા માલધારી બહુ દરકાર પણ ન કરે. ગોત કરવા જવાની મહેનતથી કંટાળીને જતી જ

કરે. પણ આ તો ચારેય ભેંસો સાથે જ ગઈ – બધી ગઈ! જેના ઉપર કેટલીય આશાઓ બાંધેલી તે બધી ગઈ. વળી ભેંસો પણ જેવીતેવી નહોતી.

ચારણ-ચારણિયાણીએ પોતપોતાનાં સગાંઓમાં જઈને વાત કરી. પણ ભોળપ અને નિર્દોષ ભાવનાં ભરપૂર આ પરજિયાં ચારણોઃ એક તો મનમાં મસ્ત હોય. તેમાં વળી ભેંસોનાં ઘાટાં દૂધ પીવાથી અને દૂધની સાથે વગડાઉ સાંબો કે રાજગરા જેવાં ખડનાં ધાન મિલાવી ખીર કરી કરી ખાવાથી આળસુડા થઈ ગયેલાઃ નીકળીએ છીએ! હા, નીકળીએ છીએ! એમ કરતાં કરતાં પંદર દિવસનાં પરિયાણ પછી છ જણા શોધ કરવા નીકળ્યાં.

ગીરમાંથી નીકળ્યા પછી તો ભેંસોને દોડાવવાની જરૂર જ નહોતી. તેથી આહીરો એને થાક દેતા દેતા ધીમે ધીમે લઈ વાળાકમાં આવ્યા. પોતાનાં સગાં-ઓળખીતાંને ઘેર રોકાતાં રોકાતાં જેતપુર આવી પહોંચ્યા.

સવારનો પહોર છે. ભાદરના કાંઠા ઉપરના એક ઝરૂખામાં એક દરબાર ખાનગીમાં પોતાની હેડીના થોડાક માણસનો ડાયરો ભરીને બેઠા છે. કસુંબા લેવાઈ ગયા છે. શિરામણી કરવા ઊઠવાની તૈયારી છે. એમાં બરાબર ભાદરના કાંઠા ઉપર ચારેય ભેંસો ભેળા બન્ને આહીર નીકળ્યા. ઝરૂખા ઉપરથી દરબારે ભેંસો જોઈ. છેટેથી પણ એ ભેંસોની જાત છાની રહે તેમ નહોતી. ડાયરો બધો ભેંસો સામે તાકી રહ્યો. વેચાઉ હોય તો મોંમાગી કિંમત આપીને પણ ભેંસો રાખી લેવા જેવી સૌને લાગી. ત્યાં જઈ, તપાસ કરી, વેચાઉ હોય તો તે પોતાની પાસે લઈ આવવા દરબારે બે માણસોને કહ્યું. ભાદર તરફની ગઢની ખડકીમાંથી બન્ને જણ નીકળ્યા. આહીરોએ આ આદમીને આવતા જોયા. કઠોડામાં બેઠેલ ડાયરાને પણ જોયો. 'ચોરનું હૈયું કાચું' એ ન્યાયે કોણ જાણે શા કારણથી પણ એકદમ બન્ને આહીર બીના, ભેંસો મૂકીને ભાગ્યા. એ પ્રમાણે આહીરોને ભાગતા જોઈ, ભેંસો ચોરાઉ હશે એમ માની દરબારે તે ભેંસો હાંકી લાવવા બીજા એક આદમીને દોડાવ્યો. ભેંસો ગઢની ખડકીએથી ગઢમાં આવી. સૌએ ભેંસો જોઈ. 'ગમે તે રીતે પણ ભેંસો રાખવા જેવી છે' એમ અંદર અંદર વાતો ચાલવા લાગી. દરબારનું મન પણ પલટાણું. પાસે બેઠેલાઓએ કંઈક

મજબૂત કર્યું. છેવટે ભેંસોને તબેલામાં આઘેરે ખૂણે બાંધી સંતાડી દેવાનું ઠર્યું.

ગોતતા ગોતતા ચારણો જેતપુર આવી પહોંચ્યા. ગામને ટીંબે પૂછપરછ કરતાં વાવડ મળ્યા કે "હા ભાઈ, ચાર જબ્બર ભેંસો અમારા... દરબારને ભાદરને કાંઠેથી રેઢિયું મળી હતી એને દરબારે ગઢની માંયલી કોર બાંધી છે."

"તયીં હવે ફકર નહિ." ચારણો હરખઘેલા બનીને બોલ્યા: "આપણી ભેંસું કાઠીને ઘેર એટલે તો ભગવાનને ખોળે બેઠેલી ભણાય."

એવા વિશ્વાસુ ચારણો ડાંગ ઉલાળતા દરબારની ડેલીએ આવીને ઊભા રહ્યા, અને દરબારની વાટ જોતા બેઠા.

એક પહોર, બીજો પહોર, ત્રીજો પહોર: પણ દરબાર ડોકાણા નહિ. દસબારને જાણ થઈ હતી કે ભેંસોના મૂછાળા માલિકો આવી પહોંચ્યા છે. એક તો પેટ મેલું હતું જ, તેમાં પણ પડખિયાઓએ ધણીને વહાલા થવા સારુ પાપની શિખામણ દીધી કે "ના, બાપુ! એમ ભેંસો દેવાય? શી ખાતરી કે ભેંસું એનીયું છે?"

બીજે ટૌકો પૂર્યો: "વળી આપણે ખવરાવ્યું છે! ટંકે પોણો-પોણો મણ દૂધ કરે છે, દસ-બાર શેર ઘીની છાશ થાય છે, એને આજ સુધી ખવરાવીને એમ આપી દેવાય કાંઈ?"

"હા, તો આબરૂ જ જાય ને!"

આવી રીતના ભંભેર્યા દરબાર ભાન ભૂલી ગયા. કહેવરાવી દીધું કે "આંહીં તમારી ભેંસું નથી, ભાઈ!"

સાંભળીને ચારણો શ્વાસ લઈ ગયા. ડુંગર જેવડા નિસાસા નાખ્યા. ભેંસો આંહીં જ પુરાઈ હોવાની ખાતરી થઈ ચૂકી હતી. વળી, દરબાર મોંયે દેખાડતા નથી. નરણે મોઢે ઉપવાસી ઊભેલા ચારણોએ કહેવરાવ્યું: "મામાહીં ભણો, સૂરજનો પુત્રો મું કીં સંતાડેને બેઠો છે?" ["મામાને કહો, સૂર્યપુત્ર મોં કેમ સંતાડીને બેઠો છે?"]

અસલ ચારણ-કાઠી વચ્ચે આવો સંબંધ હતો: ચારણ ભાણેજ કહેવાય, ને કાઠી મામો કહેવાય. ઘરડો ચારણ હોય તોપણ નાનાથી માંડી

મોટા તમામ કાઠીને મામા કહી બોલાવે.

ડેલીએ ચારણ આવે તેનાથી સૂર્યપુત્ર કાઠી મોઢું સંતાડે નહિ, આ આશાએ બિચારા ચારણોએ જતા-આવતા ઘણાની સાથે સંદેશા કહેવરાવ્યા, પણ દરબાર તો મળ્યા જ નહિ; એમ ચારણ પણ ભૂખ્યા-તરસ્યા ડેલીએ સાંજ સુધી બેઠા રહ્યા.

છેવટે ચારણોએ ધા નાખીને ત્રાગાં કરવાની જ્યારે તૈયારી કરવા માંડી, ત્યારે દરબારથી તાપ જિરવાયો નહિ. હવે ભેંસો આપવામાં આવે તો તો વળી વધારે ખોટું દેખાય: ચોરાઉ માલ સંઘર્યાનું તહોમત પણ આવે; વાત બહાર તો પડી ચૂકી છે, હવે શું કરવું? ચારણ ત્રાગાં કરશે, ફરિયાદી કરશે, તપાસ થશે, ભેંસો તબેલામાંથી હાથ આવશે, માથે તહોમત આવશે. માટે કાંઈ ઉપાય?

હજૂરિયા બોલ્યા: "હા બાપુ! એમાં બીઓ છો શું? ચારણ ત્રાગાં કરશે, તેમાં આપણી શું તપાસ થાય? અને તહોમત તો ભેંસો હાથ પડે ત્યારે આવે કે એમ જ? ભેંસોને મારી નાખી તબેલામાં જ દાટી દ્યો એટલે થયું. અને ચારણોને મારો ધક્કા, ડેલીએથી ઉઠાડી મૂકો."

દરબારને પણ એ વાત ગમી. ભેંસોને મારી નાખી દાટી દેવાનો હુકમ થયો. તરત હુકમનો અમલ થયો. ચારણોને ધક્કા મારી ડેલીએથી ખેસવ્યા. બહાર ઊભીને ચારણોએ ધા નાખી:

"એ મામાહીં ભણો, આ તોળાં ગભરુડાં ત્રાગાં કરતાં સૈ. સૂરજના પુત્રોને ભીંહું ગળે વળગતી સૈ. પણ બાપ! ભીંહુંનાં દૂધ તોળે ગળે કેવાં ઊતરહેં?" ["મામાને કહો. તારાં ગભરુ બાળકો ત્રાગાં કરે છે. અરે સૂરજના પુત્ર! તને ભેંસો ગળે વળગે છે, પણ ભેંસોનાં દૂધ તારે ગળે શી રીતે ઊતરશે, બાપ?"]

કોઈએ હાથ કાપ્યો; કોઈએ પગમાં છરો માર્યો: એમ છયે ચારણોએ ત્રાગાં કર્યાં. ડેલી ઉપર પોતાનું લોહી છાંટીને ચાલતાં થયા. તે દિવસે તો રાત્રે દરબારમાં કોઈએ ખાધું નહિ. સૌને પછી તો બહુ વિચાર થવા લાગ્યો. પણ પછી પસ્તાવો શા કામનો?

સવાર થયું. વાત ચર્ચાઇ. કેટલાક રૂપિયા ઊડ્યા. તેટલેથી બસ ન

રહ્યું. દરબાર ત્રાંસળીમાં દૂધ લઈને જમવા બેઠા કે ત્રાંસળી આખી જીવડાંથી ભરેલી દેખાણી. એ દૂધ નાખી દઈ ફરી વાર લીધું તોપણ એમ જ થયું. ત્રાંસળીમાં જીવડાં જ દેખાય. એક જ દેગડીમાંથી બધાને દૂધ પીરસાય. છતાં દરબારને ત્રાંસળીમાં જીવડાં દેખાય. ચોખાનું પણ તેમ જ થયું. દૂધ, ચોખા અને ઘી – ત્રણેય વસ્તુ તે જ દિવસથી બંધ થઈ. આંખે પાટા બાંધી દૂધ પીવાનું કરે તો નાક પાસે આવતાં જ દુર્ગંધ આવે. એમ કેટલાંક વર્ષો સુધી ચાલ્યું, ધીમે ધીમે વધ્યું. છેવટે એકીસાથે આઠ દિવસ સુધી કાંઈ પણ ખવાયું નહિ.

આઠમે દિવસે ચલાળાના પ્રસિદ્ધ ભક્ત શ્રી દાના ભગતના[1] ગધૈ જાતના ચેલા શ્રી ગીગા ભગત ફરતા ફરતા, દરબાર જેતપુરથી બીજે ગામ રહેવા ગયા હતા ત્યાં જઈ ચડ્યા. દરબારે આપા ગીગા ભગતની બહુ જ સારી સેવા કરી. પછી કરેલાં પાપની બધી હકીકત કહી. દૂધ, ચોખા ને ઘી પોતે ખાઈ શકતા નહોતા, તેમ જ આઠ દિવસની લાંઘણો થઈ હતી એ બધું કહ્યું: બહુ જ કરગરીને કહ્યું. કંઈક દયા કરવા આપા ગીગાને પગમાં પડી વીનવ્યા.

આપા ગીગાને દયા આવી. તે દિવસ દરબારને પોતાની સાથે જમવાનું કહ્યું. આપા ગીગા જાતે ગધૈ હતા. છતાં, દરબારે તેમની સાથે બેસી તેમનું એઠું અન્ન લીધું તે જ દિવસથી જીવડાં દેખાતાં બંધ થયાં. બાર-તેર વરસ સુધી એ પ્રમાણે ચાલ્યું. આઠ-દસ દિવસે માણસ મોકલી આપા ગીગા ભગતની જગ્યાએથી ધૂપ મગાવી લેવાનું નીમ રાખ્યું. તેવામાં આપો ગીગો દેવ થયા. દરબારને પણ કંઈક વાત વિસારે પડી. પસ્તાવો પણ કંઈક ઓછો થયો; એટલે વળી દૂધ અને ચોખા ઉપર અરુચિ થવા લાગી. જીવડાં તો ન દેખાય પણ એ વસ્તુ સાંભરી આવે કે તરત એટલો અણગમો થઈ આવે કે થાળી પાછી મોકલે. પછી આપા ગીગાની ધજા દરબારગઢમાં એક ઓરડામાં રાખી, ધૂપ વગેરે બરાબર નિયમિત જગ્યાએથી મગાવી કરવા માંડ્યો. એટલે એ વસ્તુઓ થોડી થોડી ખવાવી શરૂ થઈ; પણ ચાર-પાંચ

1. દાના ભગતના ચરિત્ર માટે જુઓ લેખકનું પુસ્તક 'સોરઠી સંતો'.

દિવસે વળી અરુચિ થઈ આવે.

ત્રણ ટંક બધાને જમાડતાં, બહુ સારી રીતે નોકરચાકરની બરદાસ રાખતા, કોઈ પણ ડેલીએ આવે તેને ગમે તેટલા દિવસ રોકાય તોયે, પોતાની સાથે જ પંગત કરી ખૂબ છૂટથી દૂધ-ઘી જમાડતા. પણ પોતે જિંદગી રહી ત્યાં સુધી છૂટથી એ વસ્તુઓ જમી શક્યા નહિ. થોડું થોડું જમી શકતા. તેવા દિવસોમાં પણ થાળી આવે કે ઘણી વાર સુધી એક નજરે જોઈ રહે. આંખમાં ક્યારેક ક્યારેક ઝળઝળિયાં આવી જાય અને 'ગીગેવ! ગીગેવ!' કરી, આપા ગીગાનું સ્મરણ કરી ધીમે ધીમે થોડુંઘણું જમે.

સાત દીકરા થયા. બધા નાની વયમાં જ ગયા. કોઈ બબ્બે ત્રણ-ત્રણ તો કોઈ પાંચ વરસના થઈ મર્યા. છેવટે સિત્તેર વરસની આવરદા ભોગવી. દરબાર નિર્વંશ ગયા.

લોકો કહે છે કે 'એને ધા લાગી ગઈ!'

# ભોળો કાત્યાળ

ભોળો કાત્યાળ સનાળી ગામનો કાઠી હતો. ઇશ્વરે એને ગઢપણમાં દુ:ખના દિવસો દેખાડ્યા. ખાવા અન્ન રહ્યું નહિ. એક તરવારને બગલમાં દાબીને ભોળો કાત્યાળ દુનિયામાં ચાલી નીકળ્યો.

ચાલતાં ચાલતાં ગીરની અંદર ડુંગરે મઢેલા ચાચઈ નામે ગામમાં આવી પહોંચ્યો. ચાચઈમાં આપો માણશિયા વાળો રાજ કરતા હતા. ડેલી ઉપર દરબાર બેઠેલા છે. એકબીજાએ રામરામ કર્યા. દરબારે નામઠામ પૂછ્યાં; કાત્યાળે પોતાની કથા કહી સંભળાવી.

"આમ ક્યાં સુધી, આપા?" દરબારે સવાલ પૂછ્યો.

"શેર બાજરી મળે ત્યાં." કાઠીએ ઉત્તર વાળ્યો.

"ત્યારે અહીં રહેશો?"

"ભલે."

"શું કામ કરશો?"

"તમે કહેશો તે."

"બહુ સારું; આપણી ભેંસો ચારો અને મૉજ કરો."

બીજા દિવસથી ભોળો કાત્યાળ ભેંસો ચારવા લાગ્યા. પાછલી રાતે ઊઠીને પહર ચારવા જાય, સવારે આવી શિરામણ કરે. વળી પાછાં ઢોર છોડે, તે દી આથમ્યે સીમમાંથી વળે. બહુ બોલવુંચાલવું એને ગમતું નથી. માણસોમાં ઊઠવા-બેસવાનો એને શોખ નથી.

એક વખત મધરાતનો સમય છે. ટમ! ટમ! ધીરો વરસાદ વરસી રહ્યો છે; ભોળો કાત્યાળ એકઢાળિયામાં સૂતેલા છે. એ વખતે ઘોડારની અંદર કંઈક સંચાર થયો. અંધારામાં કાત્યાળ ત્યાં જઈને છાનામાના ઊભા રહ્યા. કાન માંડીને સાંભળે ત્યાં તો બહારથી કોઈ ભીંતમાં ખોદતું હોય

એવું લાગ્યું. પોતાની તરવાર હાથમાં ઝાલીને કાત્યાળ ચૂપચાપ ત્યાં લપાઈ ઊભા. થોડી વારે ભીંતમાં બાકોરું પડ્યું. બાકોરામાંથી એક આદમી અંદર આવ્યો. કાત્યાળની તરવારને એક જ ઝાટકે એ ચોર 'વૉય' કરીને પડ્યો.

અંદર એ અવાજ થયો, એટલે બહાર ઊભેલા બીજા ત્રણ જુવાનો ભાગ્યા. કાત્યાળ તો ત્યાં ને ત્યાં જ ઊભા રહ્યા. થોડી વારે ત્રણ જણ પાછા વળીને ઊભા. કાત્યાળે કળા કરી. કોઈ દરદીના જેવો અવાજ કાઢીને બાકોરા પાસે બેસી બોલ્યા: "અરર! ભલા માણસ! ભાગી જાવ છો ને? મને ઘોડીએ પાટુ મારી તે કળ ચડી ગઈ છે. એક જણ તો અંદર આવો!"

ચોરો સમજ્યા કે એ અવાજ તો ઘોડીની પાટુનો થયેલો. એટલે બીજો આદમી અંદર દાખલ થયો. એને પણ કાત્યાળની તરવારે એક ઘાએ જ પૂરો કર્યો. પછી તો બહાર ઊભેલા બે જણા ભાગ્યા. કાત્યાળ બહાર નીકળ્યા. બેઉ ભાગનારની પાછળ દોટ મૂકી એકને પૂરો કર્યો; બીજો હાથમાં આવ્યો નહિ એટલે તરવારને પીંછીથી પકડીને કાત્યાળે છૂટો ઘા કર્યો. એ ઘા ચોથા ચોરની કેડમાં આવ્યો, અને એ પણ જમીનદોસ્ત થયો.

ચારેયનાં મડદાં ઉપાડીને કાત્યાળે તબેલામાં ઢગલો કર્યો. પેલી પીંછીથી પકડેલી તરવાર છૂટતાંની સાથે સાથે કાત્યાળના હાથનાં આંગળાં પણ કાપતી ગયેલી એ વાતનું એને પાછળથી ઓસાણ આવ્યું. પીડા થવા માંડી. હાથને પાટો બાંધીને કાત્યાળ તો પાછા સૂઈ ગયા. અને ટાણું થયું ત્યારે પહર ચારવા ચાલી નીકળ્યા.

સવાર થયું; આપો માણશિયા વાળો તબેલામાં ઘોડીઓની ખબર કાઢવા આવ્યા; જુએ ત્યાં તો ચાર માણસોનાં મડદાં! 'આ પરાક્રમ કોણે કર્યું? કોણે કર્યું?' એ પૂછપરછ ચાલી.

એક કાઠી હસીને બોલ્યો: "એ તો તમારે પ્રતાપે, દરબાર! એમાં શું મોટું કામ કરી નાખ્યું છે?"

દરબાર સમજી ગયા કે આ ભાઈ ખોટું ખોટું માન ખાટવા આવ્યો છે. મર્મમાં દરબાર બોલ્યા: "અહો! એમ? આ તમારાં પરાક્રમ, બા!"

કાઠી બોલ્યો: "અરે દરબાર! એમાં કૂતરાં મારવામાં તે મેં શું મોટું પરાક્રમ કરી નાખ્યું છે?"

દરબાર કહે: "વાહ! વાહ! શાબાશ! ભારે કામ કર્યું."

સવારમાં ભોળો કાત્યાળ પહર ચારીને પાછા વળ્યા, દેગડી લઈને ભેંસ દોવા બેઠા; પણ એક હાથમાં તો ઈજા હતી એટલે એક જ હાથે દોવા માંડ્યા. તરત જ ત્યાં દરબાર માણશિયા વાળાની નજર ગઈ. હાથમાં પાટો જોયો; દરબારે પૂછ્યું: "કેમ એક હાથે ભેંસ દોવો છો? આંગળીએ આ શું થયું છે, ભોળા કાત્યાળ?"

"કાંઈ નહિ, બાપુ! જરાક તરવારની પીંછી વાગી છે." કાત્યાળે જવાબ વાળ્યો.

"કેમ કરતાં વાગી?"

કાત્યાળે બધી વાત કરી, દરબાર દિંગ થઈ ગયા. પેલા શેખીખોર કાઠીને દરબારે પૂછ્યું: "કેમ ભાઈ, કોણે આ ચાર જણાને માર્યા? તમે તો બહુ બડાઈ ખાટતા હતા!"

નિર્લજ્જ કાઠીએ જવાબ દીધો: "અરે બાપુ, ચાર-ચાર માણસોનાં ખૂન માથે લેવાં એ ક્યાં સહેલું છે? બીજા કોઈની હિંમત ચાલી હતી કે?"

આખો ડાયરો હસી પડ્યો. દરબારે ટોણો માર્યો: "એમ કે? કાઠીભાઈ ભાગે તોય ભડનો દીકરો કે?"

ભોળા કાત્યાળને દરબારે તરવાર બંધાવી અને પોતાની હજૂરમાં રાખ્યા.

❁

ગામમાં થોરી લોકોની વસ્તી વધારે હતી. એમાં એક થોરીની નજર બીજા થોરીની બાયડી ઉપર હતી, પણ પારકાની સ્ત્રીને શી રીતે પરણી શકાય? દરબાર મારી નાખે. એક દિવસ દરબારની પાસે આવીને થોરીએ બે સારી ભેંસો ભેટ ધરી. દરબાર ખુશ ખુશ થઈ ગયા. થોરીએ પોતાનો ઇરાદો જણાવ્યો. દરબારે પણ ભેંસો મળી હતી તેની મૉજમાં ને મૉજમાં જવાબ આપ્યો કે "હવે, જાવ ને, તમે કોળાં ગમે તેમ કરી લ્યો ને!"

થોરીએ પેલી પારકી બાયડીને ઘરમાં બેસારી.

ભોળો કાત્યાળ ગામ ગયા હતા. તેણે ઘેર આવીને આ વાત સાંભળી,

દરબારને બહુ ઠપકો દીધો.

એ બાઈનો ધણી ગામ ગયેલો ત્યાંથી પાછો આવ્યો. સાંભળ્યું કે પોતાની સ્ત્રી પારકા ઘરમાં છે અને દરબારને બે ભેંસો મળી એટલે દરબારે પણ રજા આપી છે. ઉશ્કેરાયેલો થોરી દરબાર પાસે ગયો; જઈને કહ્યું: "બાપુ! આમ કરવું તમને ઠીક લાગ્યું? તમને ભેંસોની જરૂર હતી તો મને કાં ન કહ્યું? હું આખું ખાડું લાવીને હાજર કરત; પણ મારું ઘર ભંગાવ્યું?"

દરબારે ઉડાઉ જવાબ વાળ્યા.

થોરીએ કહ્યું: "પણ બાપુ! ભેંસનાં દૂધ ખારાં લાગશે, હો!"

દરબાર ખિજાઈ ગયા: "જા, ગોલકા, તારાથી થાય એ કરી લેજે."

થોરીએ બહારવટું આદર્યું. ત્યારથી દરબાર એકની એક જગ્યાએ બે રાત સૂતા નહિ. રોજ પથારીની જગ્યા બદલે. ડેલી ઉપર બરાબર ચોકી રાખે. એક દિવસ થોરીએ દરબારગઢ ઉપર આવીને ખપેડા ફાડ્યા; દરબારના પલંગ ઉપર બંદૂક ફોડી અને ભાગી ગયો.

પણ થોરીનો ઘા ખાલી ગયો. દરબાર તે દિવસે બીજે ઠેકાણે સૂતેલા.

આખો ડાયરો સવારે જમવા બેઠો છે. કોઈ બહારનો મે'માન હતો નહિ, તેથી દરબારનાં વહુએ આવીને ડાયરાને કેટલાંક કડવાં વેણ સંભળાવ્યાં. મે'ણાં માર્યાં કે 'દૂધ-ચોખા ખાતાં શરમ નથી આવતી ડાયરાને?'

ભોળો કાત્યાળ કમકમી ઊઠ્યો. પોતાની દૂધની તાંસળી ઊંધી વાળી સોગંદ લીધા. બીજે દિવસે માણસો ગોઠવીને રસ્તા રોકી દીધા. ઠેકાણે ઠેકાણે ઓડા બાંધ્યા. એક માર્ગ ઉપર એક બીજા જણને લઈ ભોળો કાત્યાળ બેઠો છે. રાતનું ટાણું થયું. કાત્યાળે જોયું તો આઘે આઘે ઝાડીની ઘટામાં દેવતાનો કોઈ અંગારો ઝબૂકતો હતો. કાત્યાળે જોયું કે દુશ્મન ચાલ્યો આવે છે; એ અંગારો નથી પણ દુશ્મનની બંદૂકની જામગરી ઝગમગે છે.

થોરી ચાલ્યો આવે છે. કાત્યાળ બરાબર વાટ જોઈને બેઠા છે. તેટલામાં પાસે બેઠેલો માણસ બોલી ગયો: 'એ આવ્યો!' કાત્યાળે તેના મોઢા આડે હાથ દીધો, પણ થોરી સાંભળી ગયો, એકદમ ભાગ્યો. કાત્યાળ વાંસે થયા. ડુંગરાના પડધારામાં બેઉ દોડ્યા જાય છે. કાત્યાળે ફેર ભાંગવા માંડ્યો,

શેત્રુંજી ઢૂંકડી આવી તેટલામાં કાત્યાળ પહોંચી ગયા અને તરવારનો ઘા કર્યો. બરાબર જનોઈવઢ તરવાર પડી. થોરી કૂદીને શેત્રુંજીમાં પડ્યો. કાત્યાળ વાંસે પડ્યા. થોરી સામે કાંઠે નીકળી કાંઠો ચડવા નાનકડું ઝાડ ઝાલે છે, પણ ઊખડી પડે છે. દોડતો દોડતો થોરી પાણીમાં કાત્યાળના પગ પાસે આવી પડે છે. કાત્યાળે તરવાર ઉપાડી કે થોરીએ બૂમ પાડી: "કાકા, હવે ઘા કરશો મા, તમારો એક ઘા બસ છે. સિંહનો પંજો પડી ચૂક્યો છે."

કાત્યાળે તેને બાંધી લીધો. થોરીની છાતીમાંથી લોહીનો ધોધ વહેતો હતો. પોતાનો ફેંટો ફાડીને કાત્યાળે એના જખમ ઉપર જોરથી બાંધી દીધો. ડેલીએ દરબાર બેઠા હતા ત્યાં આવીને થોરી હોકો માગીને પીવા લાગ્યો.

આખી રાત હોકો પીતાં પીતાં થોરીએ થોડીક આપવીતી કહી: "બાપુ! એક ગામમાં મેં એક ચારણના ઘરમાં ખાતર પાડ્યું. ચારણ-ચારણિયાણી ભરનીંદરમાં સુખે સૂતેલાં. રૂપાળી એ અધરાત હતી. થોડોક ખડખડાટ થયો એટલે ચારણ જાગી ઊઠ્યો. અને હું તરત સામે એક ઘોડી બાંધી હતી તેની પાછળ સંતાણો. ઘોડી ફરડકા બોલાવતી હતી એટલે ચારણ સમજ્યો કે કંઈ સર્પ જેવું જાનવર હશે. ઘોડીને બુચકારતો બુચકારતો ચારણ પડખે આવ્યો. મારા મનમાં થયું કે ચારણ મને છેતરીને પકડી લેવા આવે છે; હું દોડીને ચારણને બાઝી પડ્યો, અને એના પેટમાં મેં મારો છરો ઉતારી દીધો. હું ભાગીને ઓલ્યા બાકોરામાંથી બહાર નીકળવા જાઉં, ત્યાં તો જાગી ઊઠેલી ચારણ્યે દોડીને મારા પગ પકડી રાખ્યા. મેં પાછા વળીને બાઈનેય ઘાયલ કરી. હું તો ભાગી છૂટ્યો. પછી ચારણ-ચારણી પડદે પડ્યાં. બાઈ તો બીજે દિવસે ગુજરી ગઈ. ચારણને કોઈએ એ વાતના ખબર દીધા નહોતા.

"પળે પળે ચારણ પૂછ્યા કરે કે 'ચારણ્યને કેમ છે? એ ક્યાં છે?' એને જવાબ મળે કે 'ઠીક છે, ઠીક છે.' એક દિવસ ચારણનો ભાણેજ ખબર કાઢવા આવ્યો. કોઈ પાસે નહોતું. ભાણેજે મામીનો ખરખરો કર્યો. ચારણે વાત જાણી લીધી.

" 'અરેરે! એને ને મારે આટલું બધું છેટું પડી ગયું?' એમ કહેતાં તો એનો ઘા ઊઘડી ગયો. ચારણ પણ ચારણ્યની પાછળ ગયો. કાકા,

મારાં એ પાપ મને નડ્યાં. હું અધરમનું વેર લેવા ચડ્યો, પણ મેંય અધરમ કર્યો. મારું મૉત તો કૂતરાના જેવું થવું જોઈએ. પણ ઠીક થયું કે હું તમારા હાથે મરું છું.''

કાત્યાળે દિલાસો દીધો કે ''તારી ઉપર પણ કાંઈ ઓછી નથી વીતી. પણ હવે એ બધું વીસરી જા, ભાઈ!''

સવાર થતું આવતું હતું. થોરી દરબારને કહે કે ''બાપુ, રામરામ.'' એમ બોલીને ફેંટાનો પાટો છોડી નાખ્યો અને તત્કાળ પ્રાણ છોડ્યો.

આપા માણશિયા વાળાએ કાત્યાળને આંબાગાલોળ નામનું ગામડું ઇનામમાં આપ્યું

❁

થોડે મહિને દરબાર માણશિયા વાળા ફરી વાર પરણ્યા. હાથગજણાનો સમય આવ્યો. ભોળા કાત્યાળે આવી હાથગજણામાં થોડી ભેંસો આપવા માંડી. દરબારે મોં ફેરવ્યું.

કાત્યાળે પોતાની ઘોડી દેવા માંડી.

દરબારે મોં ફેરવેલું જ રાખ્યું.

કાત્યાળના મનમાં વહેમ આવ્યો કે 'હાં! દરબારને પાછી પોતાનાં દીધેલ ગામનો લોભ થયો લાગે છે.'

''લ્યો, બાપુ, હાથ કાઢો. આંબાગાલોળ પાછું આપું છું.''

''ભોળા કાત્યાળ! કાઠીના દીકરા છો, એ ભૂલશો મા. તે દિવસે થોડી ભેંસો લઈને થોરીનું ઘર ભંગાવ્યું એ-નો એ માણશિયો આજ નથી રહ્યો, હો! મારે તમારા ગામનો લોભ નથી.''

''ત્યારે, બાપુ, હાથ કાઢો. લ્યો, બીજું તો કાંઈ નથી; આ મારું માથું હાથગજણામાં આપું છું.''

''બસ, ભોળા કાત્યાળ!'' દરબારનું મન સંતોષ પામ્યું. બે વરસ વીતી ગયાં. આંબાગાલોળે ખળાં ભરાતાં હતાં. કાત્યાળ ત્યાં તપાસવા ગયેલા. પાછળથી ચાચઈ ઉપર જૂનાગઢની ચઢાઈ આવી. તરઘાયા ઢોલ વાગ્યા. દરબાર લડાઈની તૈયારી કરે છે. દરબારને ભોળો કાત્યાળ સાંભર્યો.

ખળાં ભરતાં ભરતાં કાત્યાળે તરઘાયાનો નાદ સાંભળ્યો. એને ખબર પડી. ઘોડેસવાર થઈને ચાચઈ આવ્યા. ગઢમાં જઈને દરબારને કહ્યું: “બાપુ, તે દિવસે હાથગજાણામાં આપેલું માથું આજે સ્વીકારી લેજો!” એમ કહીને પાછા ચડ્યા. જૂનાગઢની ગિસ્ત સામે ધીંગાણે રમ્યા. ગિસ્ત ભાગી.

જૂની ચાચઈનો ટીંબો ટેકરી ઉપર છે, ત્યાં તે વખતની લડાઈની નિશાનીઓ હજુયે પડેલી છે.

# આહીર યુગલના કોલ

‘‘**આ**ટલી બધી પ્રીત કેમ સહેવાશે? વિધાતા આપણી જોડલી વહેલી વીંખી તો નહિ નાખે ને?’’

‘‘એવું અમંગળ શું કામ ભાખો છો?’’

‘‘ના, ના, પણ ધાર્ય કે અચાનક મારું મોત નીપજે તો?’’

‘‘તો પછી તમારી વાંસે જીવીને શું કરવું છે?’’

‘‘મરવું શું રેઢું પડ્યું છે? આ ભરપૂર જોબન, આ છલકાતાં રૂપ, આ સંસારની મીઠાશ એમ તજવાં દોહ્યલાં છે, હો! એ તો મોંએ વાતો થાય.’’

‘‘હશે, પુરુષજાતને મન પ્રાણ કાઢી આપવા વસમા હશે. પોતાની પરણેતરની વાંસે કોઈ પુરુષે દેહ પાડ્યો સાંભળ્યો નથી. નારીની જાત તો અનાદિથી ચિતા ઉપર ચડતી જ આવી છે, આયર!’’

કાઠિયાવાડના દેવગામ નામના નાના ગામડામાં એક આયર રહેતો. નામ ધમળો. એને એકનો એક જુવાન દીકરો હતો. દીકરાનું નામ નાગ. નાગને પરણ્યાં હજુ ચારપાંચ મહિના થયેલા. રંભા જેવી નાર ઘરમાં આવેલી.

ઉપરની વાતો કરનારાં ધણી-ધણિયાણી તે આ જુવાન આયર નાગ અને એની પરણેતર છે. અધરાતે સૂવાના ઓરડામાં ઢોલિયા પર બેઠાં બેઠાં ચાતકની જોડલી સમાં આ અભણ સ્ત્રી-પુરુષ પોતપોતાની પ્રીતિનું વર્ણન કરી રહ્યાં હતાં. ઝાંખો ઝાંખો દીવો બળે છે. વાતોમાં ને વાતોમાં દીવાની વાટ્યે ફૂલ ચડી ગયેલ છે.

નાગને મનમાં થાતું કે ‘ઓહો! શું આ સ્ત્રીનું મારા ઉપર હેત! મારી પાછળ આ બિચારી ઝૂરી-ઝૂરીને મરે, હો!’

રોજ રાતે આવી આવી વાતો થાય. સ્ત્રી પણ પોતાના ધણીને તાવી

જુએ કે "હે આયર! હું મરું તો તમે શું કરો?"

ગળગળો થઈને નાગ કહેતો કે "મારા સમ! એવું તું બોલ મા."

"ના, ના, પણ આમ જુઓ! આ મારા માથાની લટ ઊડી ઊડીને મોઢા પર આવે છે. સ્ત્રીઓમાં કહેવાય છે કે જે બાયડીને આમ થાય એ મરી જાય ને એના ધણીને ઝટ નવી નાર આવે!"

"હું તને કરગરીને કહું છું કે એવું બોલ્ય મા."

"એમાં શું? પુરુષને તો સ્ત્રી મરી ને ખાસડું ફાટ્યું એ બેય વાત બરાબર. હું મરું તો શું તમે બીજી નહિ પરણો?"

આયરે નિસાસો નાખીને કહ્યું: "પ્રભુને ખબર!"

"ત્યારે શું સતા થશો?"

આવા મર્મપ્રહાર ક્યાં સુધી સહેવાય? ધ્રૂજતે હોઠે ને ગળગળે અવાજે નાગ બોલ્યો કે "એક વાર મરી જુઓ, પછી જોઈ લેશું. મને નખરાં નથી આવડતાં."

પોતાના ધણીની મમતા જોઈને સ્ત્રી એને ગળે બાઝી પડી; ખડખડ હસીને એવી વાતો ઉડાડી દીધી. બેય જણાં પાછાં વિનોદમાં પડ્યાં.

રોજ રાતે આવી વાતો થાય છે તે સાંભળનાર એક ત્રીજો જણ પણ હતો. એ હતો નાગનો બાપ ધમળ પોતે. ખોરડું સાંકડું હોવાથી ધમળ એ જ ઓરડાની ઓસરીમાં સૂતો ને મોડી રાતે આ જુવાન જોડલીની કાલી કાલી વાતો એનાથી અણઇચ્છ્યે પણ સંભળાઈ જાતી. સાંભળીને મનમાં મનમાં એ હસતો. એના અંતરમાં થતું કે 'જોને આ જુવાનિયાં! તાજી પ્રીતમાં ગાંડાંતૂર બનીને પ્રાણ કાઢવાની વાતો કરે છે. એક દિવસ પરીક્ષા તો લઉં!'

રોજ સવારે વહેલો ઊઠીને નાગ સાંતી જોડી ખેતરે જાય, તે ઠેઠ સાંજે ઝાલર ટાણે પાછો વળે. બપોરનું ભાત માથે મેલીને આયરાણી પોતે રોજ વાડીએ જાય. સાંજ પડે ત્યાં તો, જેમ વાછરુ પોતાની માની વાટ જોઈ રહે તેમ આયરાણી ઓસરીએ ઊભી ઊભી મીટ માંડીને સાંતીના ખડખડાટની વાટ જુએ.

એક દિવસ નાગ તો વાડીએ ગયેલો. કોસ હાંકતો હાંકતો આયર

જુવાન પ્રીતિના દુહા ગાય છે: અને માથે ઝાડની ઘટામાં કોયલ ટૌકે છે. મંડાણની ગરેડી જાણે કોઈ સજણને બોલાવતી હોય એવી ચીસો પાડે છે અને ધોરિયામાં ચાલ્યું જાતું પાણી કોણ જાણે ક્યાં આઘે આઘે વસનારા પરદેશીને ભેટવા દોડ્યું જાતું હોય એવું દેખાય છે.

જોઈ જોઈને આયર કોસ હાંકતો હાંકતો મીઠી હલકે છકડિયા દુહા ઉપાડે છે.:

*સજણ એડાં કીજિયે, જેડી વાડીહુંદી વેલ :*
*મરે પણ મેલે નહિ, જેને બાળપણાની બેલ્ય.*

*બાળપણાની બેલ્ય તે લાગે ગુગળી,*
*સોજાં સાજણ ને ઉત્તરની વીજળી.*

*ઘડતાળિયા જીવને થઈ મેંઘેલ્ય*
*સજણ એડાં કીજિયે, જેડી વાડીહુંદી વેલ!*

વેણે વેણે વાડી પડઘા પૂરે છે. મોરલાય સામા ચંદ્રાવળા ગાતા હોય તેવા, ડોકના ત્રણ-ત્રણ કટકા કરી ગળકે છે. અને વળી પાછો નાગ કોસ ખેંચતો લલકારે છે:

*સજણ એડાં કીજિયે, જેડી લંટીઅળ કેળ,*
*દૂધમાં સાકર ભેળીએ, તે કેવોક લીએ મેળ :*

*કેવોક લીએ મેળ તે સળી ભરી ચાખીએ,*
*વાલું સજણ હોય તેને પાડોશમાં રાખીએ.*

*ચંપે ને મરવે વીંટાણી નાગરવેલ!*
*ચુડ કે' સજણ એડાં કીજિયે, જેડી લટીઅળ કેળ.*

એમ ગાતાં ગાતાં બપોર થયા. હમણાં સજણ ભાત લઈને આવશે, હાલ્યું આવતું હશે: પોતાના સૂર સાંભળતું હશે, એમ ઉલ્લાસમાં આવીને ત્રીજો ચંદ્રાવળો ગાય છે:

*સજણાંને એમ રાખીએ, જેમ સાયર રાખે વા'ણ,*
*માલમી આવે મલપતા, સરમાં કરે સાન.*

*સરૂમાં કરે સાન તે ભારી,*
*નનકડાં સેણને નો રાખીએ મારી!*

*સમદર જળ સરખાં ભર્યાં, નાવે સાયરમાં તાણ,*
*સજણાંને એમ રાખીએ, જેમ સાયર રાખે વા'ણ.*

મધ્યાહ્ન થયો. ગામના મારગ ઉપર મોટી બે આંખો માંડીને આયર જુએ છે કે ક્યાંય ઓલી ભાતવાળી આવે છે? આજ કાં એની પવનમાં ફરકતી રાતી કામળી કળાતી નથી?

ત્યાં તો નાગનો બાપ ધમળ આવી પહોંચ્યો. નાગે નજર કરી તો બાપુના મોં ઉપર શ્યામ વાદળી દેખી.

"કાં બાપુ, અટાણે કેમ?"

આંખો લૂછતો ધમળ બોલ્યો: "ભાઈ! ગજબ થયો. વહુને તો એરુ આભડ્યો. દીકરી મારી! જોતજોતામાં તો એના પ્રાણ નીકળી ગયા. તને બોલાવવાનું ટાણું ન રહ્યું."

"ક્યાં છે?"

"એને તો દેન દેવા લઈ ગયા."

"એ – એ – એમ? એટલું છેટું પડી ગયું?" આટલું બોલતાં તો નાગે પોતાની પડખે પડેલું દાતરડું ઉપાડીને પેટમાં ઉતારી દીધું. 'હાં! હાં! હાં!' કરતો બાપ જ્યાં હાથ ઝાલવા જાય ત્યાં તો દીકરાનો લોહીલુહાણ દેહ ધરતી પર ઢળી પડ્યો.

બરાબર કાળજામાં ઘા આવેલો એટલે જીવવાની આશા નહોતી. નાગે દેહ છોડ્યો. બાપ ચોધાર આંસુએ રોયો, અને પેલી આયરાણીએ રોયું, કૂટ્યું, પોતાના ભરથારની ચિતાના ભડકા આઘે ઊભાં ઊભાં જોયા અને ઝૂરવા લાગી.

ચૌદમે દિવસે તો એને પિયરથી ગાડું તેડવા આવ્યું. બાઈ ચડીને ચાલી નીકળી, પાદર. પોતાના ભરથારની તાજી ચિતા જોઈને બે-ચાર આંસુ પાડ્યાં. પણ મનની વેદનાને ભૂંસાતાં શી વાર લાગે? બાર મહિના વીત્યા ત્યાં તો સજણના હૈયામાંથી નાગનાં સંભારણાં નીકળી ગયાં. જોબન આવીને એના કાનમાં કહેવા લાગ્યું કે 'હવે શી વાર છે?'

કશી વાર નહોતી. બીજા કોઈ એક ગામના આયર સાથે એના ભાઈઓએ એને નાતરે દીધી. એને તેડવા નવે સાસરિયેથી મહેમાનો આવ્યાં. ઘુઘરિયાળી વેલડીમાં બેસીને આયર જુવાનડી પાછી કંકુને ચાંદલે નવે ઘેર જવા નીકળી.

સાંજનું ટાણું થયું. વેલડી રસ્તામાં દેવગામને પાદર ઊભી રહી. તેડવા આવનારમાંથી બે-ચાર જુવાનો ગામમાં નાસ્તો લેવા નીકળી પડ્યા. પણ ચોરા આગળ તે રાતે ભવાઈ રમાતી હતી. જુવાનો ભવાઈ જોવામાં નાસ્તાની વાત ભૂલી ગયા અને ઘણો સમય ચાલ્યો ગયો.

અંતે અકળાઈ આયર જુવાનડીએ વેલડીના માફામાંથી બહાર ડોકિયું કર્યું. નજર કરે ત્યાં સામે એ કોણ ઊભેલો?

એક તાજો પાળિયો: રુધિર જેવા તાજા સિંદૂરમાં રંગાયેલો, અબોલ પથ્થરનો એક પાળિયો.

કંકુના ચાંદલાવાળી જોબનવંતીને સાંભર્યું – એ પહેલી વારનું પરણેતર; માયરામાં બેઠેલો વિશાળ છાતીવાળો એ જુવાન – જેની તાજી ફૂટતી મૂછો એ જોબનવંતીએ પાંખા પાંખા પાનેતરમાંથી નીરખેલી; એને સાંભરી આવી – પહેલવહેલી રાત અને બીજી એવી ઘણીય અજવાળી રાત્રિઓ; એને સાંભર્યા એ માઝમ રાતના પહોર અને એકબીજાની ચિતા ઉપર ચડવાના અધરાતે આપેલા કૉલ; અને અંતે સાંભર્યું એ કાળજામાં ખૂંતેલું દાતરડું.

આશાભેર નવે સાસરિયે જનારી આયરાણીના મોંમાંથી એક ઊંડો નિસાસો નીકળી ગયો.

પાદરમાં એ ટાણે ગામના છોકરા 'સાતતાળી' રમતા હતા અને ગાડાખેડુને પૂછગાછ કરતા હતા કે 'વેલ્યમાં કોણ છે?' એમાંથી એક ચારણનો છોકરો સંતાઈને ઝાડની ઓથે ઊભેલો. ચકોર છોકરો જાણી ગયો હતો કે આ તો નાગ આયરની જ બાયડી, આજ નાતરે જવા નીકળી છે. છોકરે અજવાળી રાતને પહેલે પહોર આ દેખાવ જોયો; પાળિયાની સામે મીટ માંડી રહેલી આયર નારીને જોઈ. ચોપાસની અખંડ શાંતિમાં નીકળી પડેલો એ નિસાસો સાંભળ્યો; તક જોઈને છોકરાએ દુહાનાં બે

ચરણો જોડી કાઢ્યાં અને સરવે સાદે લલકારી કહ્યાં:

*નાગ! નિહાળી જોય, પોળાં મન પાથરીએ નહિ,*
*કાઠ ચડ્યાં નહિ કોય, (આ તો) ધંધે લાગ્યાં ધમળાઉત!*

[હે નાગ! જરા ઊંડુ નિહાળીને જો! ગમે તેની ઉપર પ્રેમ પાથરીએ નહિ. તેં જેના ઉપર પ્રેમ પાથર્યો તે તો તારી ચિતા ઉપર ચડીને બળી મરવા ન આવી. એટલું જ નહિ, પણ હે ધમળના પુત્ર! એ તો પોતાને ધંધે વળગી ગઈ – બીજે નાતરું કરીને ચાલી.]

બાઈએ આ દુહો સાંભળ્યો – અક્ષરેઅક્ષર સાંભળ્યો. સમજી ગઈ. બાકી હતું તે બધું યાદ આવ્યું. વેલ્યમાંથી નીચે ઊતરીને પાળિયા પાસે જઈ બેઠી. પોતાના નવાં સગાંને આખી કથની રડતાં રડતાં કહી સંભળાવી; ને પ્રીતમના પાળિયાની સમક્ષ ચિતા ખડકાવી એ જ શણગાર સોતી ને કપાળમાં એ મંગલ ચાંદલા સોતી આયરાણી ચિતા ઉપર ચડી ગઈ.

# આનું નામ તે ધણી

દિવાળીના નવા દિવસો હતા: વડોદ ગામની ખળાવાડમાં ખળાં મસળી-ઊપણીને તૈયાર થાતાં હતાં. જગા પટેલની વહુ-દીકરીઓ દાણા વાવલતી નવાં લૂગડાં અને ઘરેણાંના મનોરથમાં મહાલતી હતી. ટાઢા-ટાઢા વાવડા વાતા હતા. તેમાં મોતી જેવા દાણા ભોં માથે વરસતા હતા અને વાવલનારીઓની ચૂંદડીઓના છેડા ફરકતા હતા.

શિયાળાની તડકીમાં ચળકતો, મૂઠી ફાટે તેવો બાજરો ખળામાં પડ્યો છે. જગો પટેલ પોતાના બાજરાના ગંજ સામે મીટ માંડીને જોઈ રહ્યા છે. લીલવણી બાજરો એની નજરમાં સમાતો નથી. પ્રભાતને પહોર એને પાપનો મનસૂબો ઊપડ્યો છે.

એ વિચાર કરે છે કે 'ઓહોહો! મહેનત કરી-કરીને તૂટી ગયા મારા ભાઈયું: આ બાજરો પાક્યો અમારે પરસેવે: અને હવે ઠાલા મફતના દરબાર પોતાનો રાજભાગ લઈ જશે!'

વળી થોડીક વાર થંભી ગયા, બાજરા સામે ટાંપી રહ્યા. ફરી વાર પેટમાંથી કૂડ બોલ્યું: 'રાતમાં એકાદ ગાડી બાજરો ભરીને ઘરભેળો કરી દઉં તો એટલો મારો સુવાંગ રે'શે, રાજભાગમાં નહિ તણાઈ જાય.'

અરધી રાતનો ગજર ભાંગ્યો એટલે પોતાના ભાઈ તથા સાથીને લઈને પટેલે ખળામાંથી બાજરાનું ગાડું ભર્યું. ભૂદેવો જેમ તરપિંડી જમતી વખતે પોતાની હોજરીનું ભાન રાખતા નથી, તેમ જગા પટેલે પણ લોભે જઈ ગાડામાં હદ ઉપરાંત બાજરો ભર્યો અને પાછલી રાતના ગાડું જોડી ઘર ભણી ચાલ્યા. સાથી ગાડું હાંકતો હતો; પોતે ગાડાની આગળ ચાલતા હતા; અને તેમના ભાઈ ગાડાની પાછળ ચાલતા હતા.

ગામનાં પાદર ઢૂકડાં આવતાં હદ ઉપરાંત ભારને લીધે ગાડાની ધરી

ગુડિયામાંથી નીકળી ગઈ; અને ગાડાનું પૈડું ચાલતું અટકી પડ્યું. જગો પટેલ મૂંઝાણા. ત્રણેય જણાએ મળી મહેનત તો કરી. પણ ગાડું ઊંચું થયું નહિ. ધણીની ચોરી એટલે કોઈને મદદે બોલવવા જાય તો છતરાયું થઈ જાય; તેમ પાછળ ખળું પણ છેટું ગયું એટલે ગાડું પાછું ખાલી પણ કરી શકાય નહિ. આમ જગા પટેલને સાપે છછુંદર ગળ્યા જેવું થયું. સવાર પડશે – અજવાળું થશે – તો ફજેતો થશે, એવી બીકમાં હાંફળાફાંફળા થતા જગો પટેલ કોઈ વટેમાર્ગુની વાટ જોવા મંડ્યા. એવામાં ઇશ્વરને કરવું તે એના જ દરબાર – જેની ચોરી હતી તે – ગજાભાઈ ગોહિલ જ પરોઢિયામાં પોતાના હંમેશના નિયમ પ્રમાણે જંગલ જવા સારુ હાથમાં પાણીનો કળશિયો લઈ નીકળ્યા. ટાઢ પડતી હતી એટલે દરબારે મોઢે બોકાનું બાંધેલું હતું. ફક્ત દરબારની આંખો જ બહાર તગતગતી હતી.

જેવા દરબાર જગા પટેલના ગાડા પાસેથી નીકળ્યા તેવા જ જગા પટેલે, ગરજવાનને અક્કલ ન હોય એ હિસાબે, દરબારને કોઈ વટેમાર્ગુ ધાર્યા અને મનમાં વિચાર્યું કે આ આદમી અજાણ્યો હોવાથી ગામનાને ખબર નહિ પડે કે હું બાજરો છાનોમાનો લઈ જાઉં છું. એવું ધારીને પોતે ઉતાવળા ઉતાવળા બોલ્યા કે "એ જુવાન! જરાક આ ગાડું સમું કરાવતો જા ને."

અંધારું, ગભરામણ અને દરબારે મોઢે બોકાનું બાંધેલ; એટલે જગા પટેલે તો દરબારને ન ઓળખ્યા; પણ દરબારે જગા પટેલને ઓળખી લીધા. દરબાર સમજી ગયા કે 'મારા રાજભાગનો બાજરો આપવો પડે એ ચોરીએ પટેલ છાનુંમાનું ગાડું ભરી લઈ જાય છે.' પરંતુ દરબારે વિચાર કર્યો કે હું ઓળખાઈ જઈશ તો જગા પટેલ જેવો માણસ ભોંઠો પડશે – શરમાશે. માટે પટેલ પોતાને ન ઓળખે એવી રીતે નીચું જોઈ ગાડાને કેડનો ટેકો દઈ પૈડું ઊંચું કરાવ્યું, એટલે પટેલ ધરી નાખી ગાડું ચાલતું કરી રાજી થતા ઘર ભણી હાંકી ગયા.

'હશે! હોય! બિચારા રાતદિવસ ટાઢતડકો વેઠી મહેનત કરીને કમાય અને સારો દાણો ભાળીને એનું મન કદીક બગડે તોય શું થઈ ગયું! એ પણ આપણી વસ્તી છે ને!' આમ વિચારતા વિચારતા દરબાર ચાલ્યા ગયા.

આ વાત બન્યાને આશરે છએક માસ થયા હશે. દરબારના દરિયાવ દિલમાં ઉપરની વાતનું ઓસાણ પણ નથી. એવે સમયે દરબારમાં મહેમાનો આવેલા. હવાલદાર મહેમાનો સારુ ખાટલા-ગોદડાં લેવા જગા પટેલને ત્યાં ગયો. પટેલે હા-ના કરવાથી હવાલદારે જગા પટેલને કાંઈ કડવું વચન કીધું, એટલે પટેલને રીસ ચડી. પોતે બોલ્યા કે "મારે આવા દરબારના ગામમાં રહેવું જ નથી."

હવાલદારે પણ તોછડાઈથી કીધું કે "ત્યારે શીદને પડ્યો છો? તને ક્યાંય બીજે મળતું નથી? હાલ્યો જા ને!"

એટલે જગા પટેલને પગથી માથા સુધી ઝાળ લાગી ગઈ. દુભાઈને રાતે ગાડામાં ઉચાળા ભર્યા. દરબારને આ વાતની કશી ખબર પણ નથી. પણ વળતે દિવસે સવારે દરબાર ડેલીએ ડાયરો કરી બેઠા છે, ત્યાં જગા પટેલ પોતાના બાળબચ્ચાં, રાચરચીલું અને ઢોરઢાંખર લઈ ગાડાં ભરી ડેલી પાસેથી નીકળ્યા. ગામનાં માણસો એમને વારવા-મનાવવા મંડ્યાં, પણ પટેલ તો વધારે જોર કરવા મંડ્યા. દરબારને ખબર પડી, એટલે દરબારે પણ ચોપાટમાંથી નીચે ઊતરી જગા પટેલને ખૂબ સમજાવ્યા અને કારણ પૂછ્યું. જગા પટેલે ખિજાઈને કહ્યું કે "દરબાર! અમારી વહુઓ આણામાં બે સારાં ગોદડાં લાવી હોય છે તેય અમે વેઠે કાઢી દઈએ, અમે ગાભા ઓઢીને આવી ટાઢમાં સૂઈ રહીએ, તોય તમારો ત્રણ દોકડાનો હવાલદાર અમને હડબડાવે! ફફડાવે! એ અમને નથી પરવડતું."

દરબારે સબૂરીથી આખી વાત જાણી લીધી. ઘણા દિલગીર થયા. હવાલદારને સજા કરી, અને પટેલને કહ્યું કે "બાપ! તમે મારાં સોનાનાં ઝાડવાં છો. માફ કરો અને પાછા વળો."

પરંતુ જગો પટેલ કોઈ રીતે સમજ્યા નહિ. એટલે દરબારે જગા પટેલના પડખે ચડી કાનમાં કીધું કે "પટલ! જાવ તો ભલે જાવ; પણ જે ધણી કેડનો ટેકો દઈ બાજરાનું ભરતિયું વળાવે, તેવો ધણી ગોતજો, હો!"

આટલું કહી દરબાર તો ચાલ્યા ગયા. પણ આંહીં પટેલના હાડોહાડમાં ધ્રુજારો છૂટ્યો. પટેલથી કાંઈ બોલાયું નહિ. મનમાં એક જ વાત બોલાઈ ગઈ કે 'આનું નામ તે ધણી! જે ધણીની મેં ચોરી કરી હતી, તે જ ધણી

ચોરીમાં મદદ કરે અને મારી આબરૂને ખાતર મને તો માફ તો કરે, પરંતુ એ વાતમાંયે હું ભોંઠો પડું એ દયાથી મને ખાનગીમાં પણ ઠપકો દે નહિ! અરે, આવો ધણી મને બીજે ક્યાં મળે?' એમ વિચારીને પટેલે ગાડાં ફેરવ્યાં.

તેના વંશજો હાલ પણ આ ગામમાં રહે છે. આ વાતને આશરે પોણો સો વરસ થયાં હશે.

[આવો જ બનાવ ગોંડળ દરબાર ભા કુંભાજી વિશે બન્યો હોવાનું કહેવાય છે.]

# દેપાળદે

ઉનાળો આવ્યો છે. ધોમ તડકો ધખે છે. આભમાંથી જાણે અગ્નિ વરસે છે. ઊની ઊની લૂ વાય છે. પારેવાં ફફડે છે.

ચૈત્ર મહિનો ગયો. વૈશાખ ગયો. જેઠ આવ્યો. નદી-સરોવરનાં પાણી સુકાણાં, ઝાડવાંનાં પાન સુકાણાં, માણસોનાં શરીર સુકાણાં, પશુ-પંખી પોકાર કરવા લાગ્યાં.

રાજા દેપાળદે ગોહિલ ભગવાનના ભક્ત છે; રાતે ઉજાગરા કરે છે, પ્રભુને અરજ કરે છે: 'હે દયાળુ! મે' વરસાવો! મારાં પશુ, પંખી અને માનવી ભૂખ્યાં-તરસ્યાં મરે છે.'

પ્રભુએ જાણે રાજાજીની અરજ સાંભળી. અષાઢ મહિનો બેઠો ને મેહુલા વરસવા લાગ્યા. ધરતી તરબોળ થઈ. ડુંગરા ઉપર ઘાસ ઊગ્યાં.

દેપાળદે ઘોડે ચડ્યા. રાજ્યમાં ફરવા નીકળ્યા. 'જોઉં તો ખરો. મારી વસ્તી સુખી છે કે દુઃખી? જોઉં તો ખરો, ખેડૂત ખેતર ખેડે છે કે નહિ? દાણા વાવે છે કે નહિ? તમામનાં ઘરમાં પૂરા બળદ ને પૂરા દાણા છે કે નહિ?'

ઘોડે ચડીને રાજા ચાલ્યા જાય: ખેતરે ખેતરે જોતા જાય. મોરલા ટૌકે છે, પશુડાં ચરે છે, નદીઓ ખળખળ વહે છે, અને ખેડૂતો ગાતા ગાતા દાણા વાવે છે. સહુને સાંતીડે બબ્બે બળદો: બળદો પણ કેવા! ધીંગા અને ધફડિયા.

પણ એક ઠેકાણે રાજાજીએ ઘોડો રોક્યો. જોઈ જોઈને એનું દિલ દુભાયું. કળીએ કળીએ એનો જીવ કપાયો.

એક માણસ હળ હાંકે છે, પણ હળને બેય બળદ નથી જોતર્યા; એક બાજુ જોતરેલ છે એક બળદ, ને બીજી બાજુ જોતરેલ છે એક બાયડી.

માણસ હળ હાંકતો જાય છે, બળદનેય લાકડી મારતો જાય છે. બાયડીનેય લાકડી મારતો જાય છે. બાયડીના બરડામાં લાકડીઓના સોળ ઊઠી આવ્યા છે. બાઈ તો બિચારી રોતી રોતી હળ ખેંચે છે. ઊભી રહે તો માર ખાય છે.

રાજા દેપાળદે એની પાસે ગયા. જઈને કહ્યું: "અરે ભાઈ! હળ તો ઊભું રાખ."

"ઊભું તો નહિ જ રાખું. મારે વાવણી મોડી થાય તો? તો ઊગે શું, તારું કપાળ? વાવણી ને ઘી-તાવણી! મડું ઢાંકીનેય વાવણી કરવી પડે, ઠાકોર!"

એટલું બોલીને ખેડૂતે હળ હાંક્યે રાખ્યું. એક લાકડી બળદને મારી અને એક લાકડી બાઈને મારી.

રાજાજી હળની સાથે સાથે ચાલ્યા. ખેડૂતને ફરી વીનવ્યો: "અરેરે, ભાઈ! આવો નિર્દય? બાયડીને હળમાં જોડી!"

"તારે તેની શી પંચાત? બાયડી તો મારી છે ને? ધરાર જોડીશ. ધરાર મારીશ."

"અરે ભાઈ, શીદ જોડી છે? કારણ તો કહે!"

"મારો એક ઢાંઢો મરી ગયો છે. હું તો છું ગરીબ ચારણ. ઢાંઢો લેવા પૈસા ન મળે. વાવણી ટાણે કોઈ માગ્યો ન આપે, વાવું નહિ તો આખું વરસ ખાઉં શું? બાયડી-છોકરાંને ખવરાવું શું? એટલા માટે આને જોડી છે!"

"સાચી વાત! ભાઈ, સાચેસાચી વાત! લે, હું તને બળદ લાવી આપું. પણ બાયડીને તું છોડી નાખ. મારાથી એ નથી જોવાતું."

"પે'લાં બળદ મગાવી આપ, પછી હું એને છોડીશ; તે પહેલાં નહિ છોડું. હળને ઊભું તો જ નહિ રાખું. આ તો વાવણી છે, ખબર છે?"

રાજાએ નોકર દોડાવ્યો: "જા ભાઈ, સામાં ખેતરોમાં મોં-માગ્યાં મૂલ દેજે. બળદ લઈને ઘડીકમાં આવજે."

તોય ખેડૂત તો હળ હાંકી જ રહ્યો છે. બાઈ હળ ખેંચી શકતી નથી. એની આંખોમાંથી આંસુ ઝરે છે.

રાજા બોલ્યા: "લે ભાઈ, હવે તો છોડ. આટલી વાર તો ઊભો રહે."

ખેડુ બોલ્યો: ‘‘આજ તો ઊભા કેમ રહેવાય? વાવણીનો દિવસ; ઘડીકના ખોટીપામાં આખા વરસના દાણા ઓછા થઈ જાય!’’

રાજાજી દુભાઈ ગયા: ‘‘તું પુરુષ થઈને આટલો બધો નિર્દય? તું તો માનવી કે રાક્ષસ?’’

ખેડૂતની જીભ તો કુહાડા જેવી! તેમાંય પાછો ચારણ ખેડૂત! બોલે ત્યારે તો જાણે લુહારની કોઢનાં ફૂલડાં ઝરે! એવું જ બોલ્યો: ‘‘તું બહુ દયાળુ હો તો ચાલ, જૂતી જા ને! તને જોડું ને બાયડીને છોડું. ઠાલો ખોટી દયા ખાવા શા સારુ આવ્યો છો?’’

‘‘બરાબર! બરાબર!’’ કહીને રાજા દેપાળદે ઘોડા પરથી ઊતર્યા અને હળ ખેંચવા તૈયાર થઈ ગયા; કહ્યું: ‘‘લે, છોડ એ બાઈને અને જોડી દે મને.’’

બાઈ છૂટી. એને બદલે રાજાજી જુતાણા. માણસો જોઈ રહ્યાં.

ચારણ તો અણસમજુ હતો. રાજાને બળદ બનાવીને એ તો હળ હાંકવા લાગ્યો. મારતો મારતો હાંક્યે જાય છે.

ખેતરને એક છેડેથી બીજે છેડે રાજાએ હળ ખેંચ્યું. એક ઊથલ પૂરો થયો. ત્યાં તો બળદ લઈને નોકર આવી પહોંચ્યો.

રાજા છૂટા થયા. ચારણને બળદ આપ્યો.

ચારણીની આંખમાંથી તો દડ દડ હેતનાં આંસુડાં દડ્યાં. એ તો રાજાનાં વારણાં લેવા લાગી.

‘‘ખમ્મા, મારા વીર! ખમ્મા, મારા બાપ! ક્રોડ દિવાળી તારાં રાજપાટ તપજો!’’

દેપાળદે રાજા ભારે હૈયે ચાલ્યા ગયા.

❁

ચોમાસું પૂરું થયું. દિવાળી ઢૂંકડી આવી. ખેતરમાં ઊંચા ઊંચા છોડવા ઊગ્યા છે. ઊંટ ઓરાઈ જાય તેટલા બધા ઊંચા! દરેક છોડની ઉપર અક્કેક ડૂંડું: પણ કેવડું મોટું? વેંત વેંત જેવડું! ડૂંડામાં ભરચક દાણા! ધોળી ધોળી જુવાર અને લીલા લીલા બાજરા!

જોઈ જોઈને ચારણ આનંદ પામ્યો.

પણ આખા ખેતરની અંદર એક ઠેકાણે આમ કેમ? ખેતરને એક છેડેથી બીજા છેડા સુધીની હાર્યમાં એકેય છોડને ડૂંડાં નીંઘલેલાં જ ન મળે! આ શું કૌતુક!

ચારણને સાંભર્યું: 'હા હા! તે દી હું વાવણી કરતો હતો ને ઓલ્યો દોઢડાહ્યો રાજા આવ્યો હતો. એ મારી બાયડીને બદલે હળે જૂત્યો'તો. આ તો એણે હળ ખેંચેલું તે જ જગ્યા. કોણ જાણે કેવોય પાપિયો રાજા! એનાં પગલાં પડ્યાં એટલી ભોંમાં મારે કાંઈ ન પાક્યું. વાવેલા દાણાય ફોગટ ગયા!'

ખિજાઈને ચારણ ઘેર ગયો, જઈને બાયડીને વાત કરી: "જા, જઈને જોઈ આવ ખેતરમાં. એ પાપિયાના પગ પડ્યા તેટલી ભોંયમાં મારું અનાજેય ન ઊગ્યું.!"

બાઈ કહે: "અરે ચારણ! હોય નહિ. એ તો હતા રામરાજા. સાચે જ તું જોતાં ભૂલ્યો."

"ત્યારે તું જઈને જોઈ આવ. ફરી મળે તો હું એને ટીપી જ નાખું. એણે મારા દાણા ખોવરાવ્યા. કેવા મેલા પેટનો માનવી! મળે તો એને મારી જ નાખું."

દોડતી દોડતી ચારણી ખેતરે ગઈ. પેટમાં તો થડક થડક થાય છે, સૂરજ સામે હાથ જોડે છે, સ્તુતિ કરે છે: "હે સૂરજ, તમે તપો છો, તમારાં સત તપે છે; તોય સતિયાનાં સત શીદ ખોટાં થાય છે? મારા રાજાના સતની રક્ષા કરજો, બાપ!"

જુએ ત્યાં તો સાચોસાચ એક ઊથલ જેટલા છોડવાનાં ડૂંડાં નીંઘલ્યાં જ નહોતાં, ને બીજા બધા છોડવા તો ડૂંડે ભાંગી પડે છે!

આ શું કૌતુક!

પણ એ ગાંડા ચારણની ચારણી તો ચતુરસુજાણ હતી.

ચારણી હળવે હળવે એ હાર્યના એક છોડવા પાસે ગઈ. હળવે હળવે છોડવો નમાવ્યો; હળવેક ડૂંડું હાથમાં લીધું. હળવે હાથે ડૂંડા પરથી લીલું પડ ખસેડ્યું.

આહાહાહા! આ શું? દાણા નહિ, પણ સાચાં મોતીડાં!

ડૂંડે ડૂંડે મોતીડાં: ચક્ચકતાં રૂપાળાં: રાતાં, પીળાં અને આસમાની મોતીડાં. મોતી! મોતી! મોતી!

રાજાજીને પગલે પગલે મોતી નીપજ્યાં.

ચારણીએ દોટ દીધી, ઘેર પહોંચી. ચારણનો હાથ ઝાલ્યો: ''અરે મૂરખા, ચાલ તો મારી સાથે! તને દેખાડું કે રાજા પાપી કે ધર્મી હતો.''

પરાણે એને લઈ ગઈ; જઈને દેખાડ્યું: મોતી જોઈને ચારણ પસ્તાયો: ''ઓહોહો! મેં આવા પનોતા રાજાને – આવા દેવરાજાને – કેવી ગાળો દીધી!''

બધાં મોતી ઉતાર્યાં. ચારણે ફાંટ બાંધી, પરભાર્યો દરબારને ગામ ગયો..

કચેરી ભરીને રાજા દેપાળદે બેઠા છે. ખેડૂતોનાં સુખદુઃખની વાતો સાંભળે છે. મુખડું તો કાંઈ તેજ કરે છે!

રાજાજીનાં ચરણમાં ચારણે મોતીની ફાંટ મૂકી દીધી. લૂગડું ઉઘાડી નાખ્યું, આખા ઓરડામાં મોતીનાં અજવાળાં છવાયાં.

રાજાજી પૂછે છે: ''આ શું છે, ભાઈ?''

ચારણ લલકારીને મીઠે કંઠે બોલ્યો:

*જાણ્યો હત જડધાર, નવળંગ મોતી નીપજે;*
*(તો) વવારત વડ વાર, દી બાધો, દેપાળદે!*

[હે દેપાળદે રાજા! જો મેં પહેલેથી જ એમ જાણ્યું હોત કે તું શંકરનો અવતાર છે, જો મને પહેલેથી જ ખબર પડી હોત કે તારે પગલે પગલે તો નવલખાં મોતી નીપજે છે, તો તો હું તને તે દિવસ હળમાંથી છોડત શા માટે? આખો દિવસ તારી પાસે જ હળ ખેંચાવત ને! – આખો દિવસ વાવ્યા કરત તો મારું આખું ખેતર મોતી મોતી થઈ પડત!]

રાજાજી તો કાંઈ સમજ્યા જ નહિ.

''અરે ભાઈ! તું આ શું બોલે છે?''

ચારણે બધી વાત કરી.

રાજાજી હસી પડ્યા: ''અરે ભાઈ! મોતી કાંઈ મારે પુણ્યે નથી

ઊગ્યાં. એ તો તારી સ્ત્રીને પુણ્યે ઊગ્યાં છે; એને તેં સંતાપી હતી એમાંથી એ છૂટી. એનો જીવ રાજી થયો; એણે તને આશિષ આપી, તેથી આ મોતી પાક્યાં.''

ચારણ રડી પડ્યો: ''હે દેવરાજા! મારી ચારણીને હું હવે કે'દીયે નહિ સંતાપું.''

ચારણ ચાલવા માંડ્યો. રાજાજીએ એને ઊભો રાખ્યો: ''ભાઈ! આ મોતી તારાં છે. તારા ખેતરમાં પાક્યાં છે. તું જ લઈ જા!''

''બાપા! તમારા પુણ્યનાં મોતી! તમે જ રાખો.''

''ના, ભાઈ! તારી સ્ત્રીનાં પુણ્યનાં મોતી: એને પહેરાવજે. લે, હું સતીની પ્રસાદી લઈ લઉં છું.''

રાજાજીએ એ ઢગલીમાંથી એક મોતી લીધું, લઈને માથા પર ચડાવ્યું, પછી પરોવીને ડોકમાં પહેર્યું.

ચારણ મોતી લઈને ચાલ્યો ગયો; ઘેર જઈને ચારણીના પગમાં પડ્યો. કહ્યું: ''ચારણી, મેં તને ઘણી સંતાપી છે. હવે નહિ સંતાપું, હો!''

# સેજકજી

*તળ ઊંડાં જળ છીછરાં, કામન લંબે કેશ,*
*નર પટાધર નીપજે, આયો મરધર દેશ.*

ઊંડાણે ગયેલાં છીછરાં પાણીવાળા જ્યાં કૂવા છે, જ્યાં લાંબા કેશવાળી રૂડી કામિનીઓ પાકે છે, અને જ્યાં મૂછાળા મરદો નીપજે છે: એવી રણ-સળગતી છતાં રૂપાળી મરુભોમમાં ખેડગઢ નામે એક ગામડું હતું.

ખેડગઢ ગામની પનિહારીઓ હરહમેશાં ઊંડા કૂવાને કાંઠે વાતો કરતી કે "અહોહો, ઇશ્વરે આ ધણી-ધણિયાણી વચ્ચે કેવી લેણાદેણી લખી છે!"

એ ધણી-ધણિયાણી તે ખેડગઢનો વજીર ડાભી અને એની નવજોબનવંતી ઠકરાણી. ખેડગઢ પરગણું એ ગોહિલોના વડવા શ્રી સેજકજીની જાગીર હતી. વજો ડાભી શાખનો રજપૂત હતો. ડાભીનું એ એક જ ખોરડું હતું. બાકી ગામના તમામ રજપૂતો રણા શાખના હતા. રણા રજપૂતોને આ એકનો એક ડાભી છાતીમાં શૂળની માફક ખટકતો; પણ રાજાજીનો એ માનીતો વજીર હતો. એની રિદ્ધિસિદ્ધિ સહુને સાલતી, એનું સંસારસુખ પણ શત્રુઓથી સહેવાતું નહિ. પનિયારીઓ આપસ-આપસમાં વાતો કરતી કે 'એવી ગુણિયલ અને રૂપવંતી રંભા ઇશ્વર કોને કયા પુણ્યના બદલામાં આપતો હશે તેની તો કાંઈ ખબર જ નથી પડતી, બાઈ!'

એક દિવસ વજીરનાં વહુ ભેંસ દોવા બેઠાં છે. એની જોરાવર આંગળીઓની અંદર ધીંગાં આંચળ રમી રહ્યાં છે, ઘૂમટો તાણ્યો છે – કારણ, સામે જ એના સસરા અને દાયરામાં બીજાં માણસો પણ બેઠેલાં છે. તેવામાં સામે એક કાળોતરો સાપ ચાલ્યો આવતો દીઠો. સાપ છેક લગોલગ આવી પહોંચ્યો, પાસે કોઈ માણસ નહોતું. ચીસ પાડે તો રજપૂતાણીની હાંસી થાય, ચાલી જાય તો સાપ એ હાથણી જેવી ભેંસને

ફટકાવે, અને ચૂપચાપ બેસી રહે તો પોતે એ કાળનો ભક્ષ બને!

વિચાર કરવામાં એટલો વખત ગયો ત્યાં તો સાપ લગોલગ આવી પહોંચ્યો. પણ ક્ષત્રિયાણી ન થડકી. એને સૂઝી આવ્યું. પગ પાસે સાપ આવ્યો એટલે એની ફેણ બરાબર પોતાના પગ નીચે અનોધા જોરથી દબાવી દીધી. સાપનું બાકીનું શરીર બાઈના પગને વીંટળાઈ ગયું. ચૂપચાપ શાંતિથી બાઈએ દોવાનું કામ પૂરું કર્યું, દરમ્યાન એના પગ હેઠે સાપની જીવનલીલા પણ પૂરી થઈ હતી. ઊઠીને મરેલા સાપની પૂંછડી ઝાલી પછવાડેના વાડામાં ઘા કરી, એ કોણીઢક ચૂડાવાળી રજપૂતાણી દૂધના બોઘરા સોતી ઓરડામાં ચાલી ગઈ. સામે બેઠેલો બુઢ્ઢો સસરો આ બધો તમાશો એકીનજરે નિહાળી રહ્યો હતો.

સાંજ પડી; દીકરો દરબારમાંથી ઘેર આવ્યો. બાપે દીકરાને પોતાની પાસે બોલાવીને એકાંતમાં પૂછ્યું: "વજા, હું કહું તેમ કરીશ?"

બાપ ઉપર આસ્થા રાખનાર વજો બોલ્યો: "ફરમાવો એટલી જ વાર."

"ત્યારે તારી સ્ત્રીનો આ જ ઘડીએ ત્યાગ કર."

વજાના હૈયામાં ધરતીકંપ ફાટી ગયો. એની આંખમાં અંધારાં આવ્યાં. એનાથી બોલાઈ ગયું: "કોનો?"

"તારી ઠકરાણીનો." એ-નો એ જ કઠોર જવાબ વધુ સ્પષ્ટ સૂરે કાને અથડાયો.

વજાના મગજમાં એક જ વિચાર ભર્યો હતો કે 'બાપુ વિનાકારણે કદી આવું ન ફરમાવે. નક્કી કાંઈક બન્યું છે.'

પોતાની સ્ત્રીના ઓરડા તરફ વળ્યો. આજ મોતના મોંમાંથી બચેલી બાઈ રોજથી સવાયા શણગાર સજીને આતુર હૈયે વાટ જોતી બેઠી હતી, કે ક્યારે એ આવે ને હું પિયુજીને મારા પરાક્રમની વાત કરું!

એ આવ્યો. હસીને જ્યાં ઠકરાણી બોલવા જાય છે, ત્યાં તો ધણીએ હુકમ સંભળાવ્યો કે "તને અટાણથી રજા છે."

રજપૂતાણીએ પલકવારમાં જોઈ લીધું કે એ મશ્કરી નહોતી. એણે માત્ર એટલું જ સામું પૂછ્યું કે "મારો વાંક શો?"

"એ તો બાપુ જાણે."

"બાપુની આ આજ્ઞા છે?"

"હા, બાપુની."

એ ને એ વસ્ત્રે ઘૂમટો તાણીને રજપૂતાણી સસરાજી પાસે ગઈ. પાલવ પાથરીને પૂછ્યું: "બાપુ, મારો કાંઈ વાંકગનો?"

"બેટા!" સસરાએ જવાબ દીધો: "તમારો કાંઈ ગનો નથી થયો; પણ તમારે અને અમારે માગણું નહિ એટલે આમ બન્યું છે. બીજો કાંઈ ઉપાય નથી."

સસરાના મનમાં તો એક જ વાત હતી કે સર્પને પગ નીચે કચરનારી આવી બળૂકી સ્ત્રી કોઈક દી એના ધણીનો પ્રાણ લેશે!

એ જ વખતે વેલડું જોડાયું: રજપૂતાણી ધણીનું મોં પણ જોવા ન પામી. વેલડું એના પિયરને માર્ગે ચાલી નીકળ્યું.

❁

"રજપૂતો, મારી દીકરીને હવે સુખ નથી જોતું. એને તો હું હવે મરેલી જ માનું છું, પણ મારે વેર લેવું છે. મારી નિષ્કલંક કન્યાને કાઢી મૂકી. એનો બદલો લેવો છે. એના શત્રુ રણા રજપૂતના ઘરની હેલ ઉપાડીને મારી દીકરી પાણી ભરે એ જ મારે એને બતાવવું છે."

"પણ ભાઈ, કાઢી મૂકવાનું કારણ સમજ્યા વિના અમારાથી એને ઘરમાં ન ઘલાય."

"કારણ કોઈએ નથી કહ્યું. અરેરે, રણા ભાઈઓ! વેર લેવાનો આવો જોગ ફરી નહિ મળે, હો! કોઈક તો રજપૂત બચ્ચો નીકળો!"

"ઓલ્યો કોઢિયો બાયડી વિનાનો છે. એના ઘરમાં બેસશે તારી દીકરી?"

"મડદાના ઘરમાં પણ બેસશે."

ઉપર પ્રમાણેની વાત એ બાઈના બાપ અને રણા રજપૂતોના દાયરા વચ્ચે થઈ ગઈ. એ કોઢિયા રણાના ઘરમાં રજપૂતાણી બેસી ગઈ. વજા ડાભીને એ ખબર પડી. રણાઓ મૂછે તાવ દઈને બજારમાં ચાલવા લાગ્યા.

વેર લેવાનો આથી વધુ સારો રસ્તો બીજો કયો હોય!

વજાને ક્યાંય જંપ વળતો નથી. ઘરની લખમી ગઈ તે દિવસથી એના બધા આનંદો મરી ગયા હતા. એક દિવસ પોતાનો વછેરો સજ્જ કરાવીને પોતે એકલો સહેલગાહે નીકળી પડ્યો. વછેરો ઝાલ્યો રહ્યો નહિ, બહુ દૂર નીકળી ગયો. બપોરને વખતે વજાથી પાછા વળાયું. તરસથી એનું ગળું સુકાતું હતું, દોડતે ઘોડે એ ગામની બહાર પાણી ભરવાના કૂવા પાસે પહોંચ્યો. કૂવા ઉપર એક બાઈ પાણી ભરતી હતી. વજે વિનાઓળખ્યે કહ્યું: "બાઈ, જરા પાણી પાજો."

"ઠાકોર, હવે પાણી દેવા જેવું નથી રહ્યું, ડોળાઈ ગયું છે."

વજાએ એને ઓળખી. એ તો એ જ. આટલો બધો ફેરફાર! આ દશા! મનમાં ઘણી ઘણી યાદો આવવા લાગી; પરંતુ એ તો હવે પરસ્ત્રી! એની સાથે વાત પણ ન થાય. એણે ઘોડો હાંક્યો.

"ઠાકોર, જરા ઊભા રહેશો?"

"શું? બોલો જલદી!"

"તમે મને શા માટે કાઢી મૂકી? જાણો છો?"

"ના."

"હું જાણું છું."

"શું?"

"આંહીં અંતરિયાળ ન કહેવાય. આજ રાતે મારે ઘેર આવશો? વિગતવાર કહીશ."

"તારે ઘેર? હવે?"

"હા, એક વાર. ફરી નહિ કહું."

"ભલે, આવીશ – એક પહોર વીત્યે."

ગમે તે થયું, પણ એ વાત રાજા સેજકજીને કાને પહોંચી કે વજો દુરાચારી છે; રોજ રાત્રિએ પારકે ઘેર જાય છે.

તે રાત્રિએ વજાએ દરબારની સાથે વાળુ કર્યું. પહોર વીત્યે વજાએ રજા લીધી. રાજા સેજકજી પણ અંધારપછેડો ઓઢીને પાછળ ચાલી નીકળ્યા.

વજાએ શેરી બદલી. દરબાર પણ પાછળ ચાલ્યા. વજો એ કોઢિયાના

ઘરમાં દાખલ થયો. દરબાર ખુલ્લી તરવાર અંધારપછેડામાં છુપાવીને ખડકી પાસે ઊભા રહ્યા.

વીતી ગયેલા દિવસોના એ-ના એ શણગાર સજીને રજપૂતાણી બેઠી છે. અતિથિ આવ્યા; પલંગ પર બેસાડ્યા; પછી પોતે પેલા સર્પને મારી નાખ્યાની વાત કહી સંભળાવી.

"જે થયું તે." વજે જવાબ દીધો. એના હૈયામાંથી નિસાસો નીકળી ગયો.

"હવે આજ રાત તો જમાડ્યા વિના ન જવા દઉં."

"શું બોલે છે? જો તો ખરી, તારો ધણી આ ઓરડામાં સૂતો સૂતો સાંભળે છે."

"એ મારો ધણી?" એમ બોલતી રજપૂતાણી ઓરડામાં ગઈ. ખીંટી પર તરવાર લટકતી હતી તે ખેંચી સૂતેલા એ કોઢિયા ધણીને એક ઝાટકા ભેગો તો પૂરો કરી નાખ્યો. લોહીમાં તરબોળ એ તરવાર લઈને લોહીનીતરતે હાથે પ્રચંડ ભૈરવી સમી એ બહાર આવીને બોલી: "બસ, હવે કાંઈ ભય છે?"

વજો થરથરી ઊઠ્યો. એ સમજી ગયો કે હું જો આનાકાની કરીશ, તો મારા પણ એ જ હાલ બનવાના અને ચીસ પાડીને એ મારી આબરૂ હણવાની. એણે કહ્યું કે "સારું, પણ તારે અંગે ખૂબ લોહી ઊડ્યું છે, નાહી લે. પછી આપણે થાળ જમીએ." રજપૂતાણી નાહવા બેઠી; એ લાગ જોઈને વજો ભાગ્યો. બાઈએ એને ભાગતો જોયો. "વિશ્વાસઘાત કે?" એમ બોલીને દોડી. પણ ચોર તો ડેલીની બહાર નીકળી પડ્યો. દરમ્યાન તો બાઈએ મોટો શોરબકોર મચાવી મૂક્યો કે "મારા ધણીને મારી નાખ્યો, મારી નાખ્યો; દોડો, દોડો."

રણાઓ ચોમેરથી દોડ્યા આવ્યા. બાઈએ પોતાના ધણીના કટકા બતાવીને કહ્યું કે "વજો મારી લાજ લૂંટવા આવેલો. એણે મારા ધણીને ગૂડ્યો. મેં ચીસ પાડી એટલે એ ભાગ્યો. જુઓ, આ પડી એની મોજડી." સાચોસાચ વજો ઉતાવળમાં ઉઘાડે પગે જ છૂટી નીકળ્યો હતો.

રણાઓએ રડારોળ કરી મૂકી. 'બાપુ'ની પાસે રાવ પહોંચાડી. બાપુએ

મોં મલકાવીને જવાબ દીધો કે "હું જાણું છું. વજો નિષ્કલંક છે."

રણાઓએ કહ્યું: "હવે હદ થઈ; બાપ પોતે ઉપર રહીને આપણી લાજ લેવરાવે છે. આ કૃષ્ણનો ભક્ત દરબાર! હવે કાં તો સેજકજીનાં રાજ નહિ, ને કાં આપણે નહિ."

પ્રપંચ રચીને રણાઓએ કનોજથી સેજકજીના ભાણેજ રાઠોડને કહેણ મોકલ્યું કે 'આવો, ખેડગઢની ગાદી સોંપીએ.' રાઠોડ પોતાના બારસો સવારો સાથે શસ્ત્ર ધરીને આવ્યો. મામાએ જાણ્યું કે ભાણેજ આનંદ કરવા આવે છે. મામાએ ઝાઝાં આદરમાન દીધાં.

રણાઓએ ગામ બહાર ભાણેજને માટે કસુંબા-શિરામણ કરાવ્યાં; દરબારને તેમ જ વજા ડાભીને આમંત્રણ આપ્યું. દરબારના યોદ્ધાઓને ખૂબ દારૂ પાયો; પછી રાઠોડના સૈનિકો તૂટી પડ્યા. રણાઓ સહાયે ચાલ્યા ને ખેડગઢનો કબજો લીધો. વજો મરાયો. ફક્ત સેજકજી પોતાના પરિવારને લઈ એક રથમાં બેસી નાસી છૂટ્યા.[1]

❁

રથ જોડીને સેજકજી સૌરાષ્ટ્રની અલબેલી ભૂમિ તરફ ચાલ્યા આવે છે. શ્રી કૃષ્ણના એ સાચા ભક્તને દિલે શું ગયું ને શું રહ્યું તેની લગારે ઉદાસી નથી. પોતાના પ્રભુ મુરલીધરની મૂર્તિ[2] પોતાની સાથે જ છે; એ જ એને મન ચૌદ ભુવનના રાજપાટ સમાન દીસે છે. રસ્તામાં એક રાત્રિએ એને મુરલીધર પ્રભુએ સ્વપ્નામાં આવીને કહ્યું: "રે ભક્ત, ફિકર કરીશ નહિ. આ રથનું પૈડું જે જગ્યાએ નીકળી પડે ત્યાં જ વસવાટ કરજે."

*રથચક્ર નિકસ પરે જેહી ઠામ*
*મહિપાળ જહાં કીજે મુકામ.*

પાંચાળીનાં પગલાંમાંથી જ્યાં કંકુડાં ઝર્યાં હતાં એવી સૌરાષ્ટ્રની પાંચાળ ધરામાં રથ આવી પહોંચ્યો. ત્યાં રથનું પૈડું નીકળી પડ્યું. બાજુમાં

---

1. જુઓ વાર્તાને અંતે નોંધ.
2. એ જ મુરલીધરની મૂર્તિ અત્યારે વળાની નજીક પચ્છેગામમાં મોજૂદ છે, અને ત્યાંના ગોહિલો હજુ એની ઉપાસના કરે છે.

જ શાપુર ગામ હતું (અત્યારે જ્યાં સુદામડા ધાંધલપુર છે ત્યાં). દરબારે પ્રભુની આજ્ઞા પ્રમાણે ત્યાં જ પડાવ નાખ્યો. એ સોહામણી ભૂમિ એમના પરિવારને બહુ ગમી. તપાસ કરતાં માલૂમ પડ્યું કે એ સરહદ જૂનાગઢના રા'ની છે.

પોતાના ગોહિલ જોદ્ધાઓને, રાણીને અને દીકરા-દીકરીને ત્યાં રાખી સેજકજી જૂનાગઢ જોવા ચાલ્યા ગયા. એ વખતે જૂનાગઢની ગાદી પર રા' કવાટ રાજ કરતો. આખા સૌરાષ્ટ્ર પર એની આણ વર્તતી હતી. સેજકજી રા'ની રાજસભામાં ગયા. રા' કવાટે એ ક્ષત્રિયના લલાટ પરથી પારખી લીધું કે કોઈ રાજવી લાગે છે. પૂછપરછ કરતાં સેજકજીએ પોતાની આખી કથની કહી સંભળાવી. રા'ને તો આવા વીરની સદા જરૂર જ રહેતી. એણે સેજકજીને બાર ગામનો પટો કરી આપી, પોતાના એક પટાવત તરીકે સ્થાપ્યા. સેજકજી રા'ની પાસે જૂનાગઢમાં જ રહેવા લાગ્યા. એનાં પ્રતાપ અને પ્રભુભક્તિ ક્રમે ક્રમે પ્રકાશતાં ગયાં. કચેરીમાં એની તોલે આવે એવો વીર નહોતો. એવામાં એક દિવસ એની ક્ષત્રિયવટની કસોટી આવી પહોંચી.

*એક દિન કવાટ નૃપકે કુમાર*
*ખેંગાર ગયે ખેલન શિકાર.*

એક દિવસ રા'નો કુંવર ખેંગાર શિકાર ખેલવા નીકળ્યો છે. શિકારી કેટલા કેટલા ગાઉ આઘે નીકળી જાય તેનો હિસાબ રહેતો નથી. કુંવર ખેંગાર અને તેના સાથીઓ ઝાડી, જંગલો ને પહાડો વટાવતા આઘે આઘે નીકળી ગયા, કારણ શિકાર મળતો નથી., એવામાં એક સસલો નજરે પડ્યો. કુંવરે તીરનો ઘા કર્યો; પણ સસલો નિશાન ચુકાવી નાઠો. આગળ સસલો ને પાછળ કુંવરનું આખું શિકારી મંડળ; ઘોડાના ડાબલાનો અવાજ ચોપાસની ડુંગરમાળ ગજાવી રહ્યો છે, પશુપંખી એ શિકારીઓની ત્રાડો સાંભળીને કાંપી ઊઠ્યાં છે, પણ ભાગેલો સસલો ઘામાં આવતો નથી.

આમ આખી સવારી પાંચાળ ધરામાં આવી પહોંચી. નદીને કાંઠે ગોહિલોના પડાવની અંદર સસલો પેસી ગયો, અને સેજકજીનાં રાણી મઢૂલીમાં બેઠાં હતાં, ત્યાં જઈ, માની ગોદમાં કોઈ થાકેલું-ત્રાસેલું બાળક

લપાઈ જાય તેમ, રાણીજીના ખોળામાં સફેદ સસલો બેસી ગયો. હાંફતા સસલાને હૈયા સાથે ચાંપીને રાણીજી પંપાળવા લાગ્યાં. ખોવાયેલું કોઈ બાળક આવી મળ્યું હોય એવું હેત એના અંતરમાં વછૂટવા લાગ્યું. ત્યાં તો ખેંગારની મંડળી આવી પહોંચી. ઘોડાં હણહણી ઊઠ્યાં, ભમ્મર ભાલા ઝબકી રહ્યા અને હાંફતા હાંફતા માણસો ભાલાની અણી ચીંધાડીને હાકલા કરવા મંડ્યા કે 'સાંસો આમાં ગયો – આ લબાચામાં. કોણ છો? એલાં એય! અમારો સાંસો કાઢો ઝટ!'

થોભાળા ગોહિલ જોદ્ધાઓ ઝપાટાભેર પોતાની તરવારો લઈને બહાર આવ્યા; શિકારીઓને આ રીડિયાનું કારણ પૂછ્યું.

"અમારો શિકાર આંહીં સંતાણો છે." ખેંગારે ત્રાડ મારી.

"અરે ભાઈ! આંહીં કોઈના ઘરમાં કાંઈ શિકાર થાય છે?" ગોહિલો બોલ્યા.

"તો અમારા સસલાને છૂટો મૂકી દ્યો."

ગોહિલ જોદ્ધાઓએ જઈ રાજમાતાને આ વાત કહી, માને સમજાવ્યું કે એ તો નવસરઠુંનો કુંવર ખેંગાર પોતે જ છે.

રાજમાતાએ ઉત્તર દીધો: "નવસરઠુંનો ધણી હોય કે ખુદ નવખંડ ધરતીનો ધણી હોય; પણ મારે ખોળે આવેલા નિર્દોષ જીવને તો હું નહિ સોંપુ, બાપ! જાંઓ, કહો કુંવરને."

કુંવરે કહ્યું: "શિકાર સોંપી દ્યો, નહિ તો આંહીં જ લોહીનાં ખાંદણાં મચશે."

ઓછાબોલા ગોહિલો સમજ્યા કે કુંવર રજપૂતની રીત નથી જાણતો; એ રીત આજે સમજાવી નાખીએ. એટલું વિચારીને તમામ ગોહિલો તરવાર કાઢી ખડા થઈ ગયા. ખિજાયેલો ખેંગાર ભાન ભૂલી ગયો; ત્યાં ને ત્યાં ધીંગાણું મચ્યું. પટોપટ સોરઠી લડવૈયાના પ્રાણ ચાલ્યા ગયા. કુંવર ખેંગારને ગોહિલોએ જીવતો પકડી ત્યાં બંદીવાન કરી રાખ્યો.

આ ધીંગાણામાંથી બચી છૂટેલા એક સોરઠી ઘોડેસવારે જૂનાગઢમાં જઈ પોકાર કરી મૂક્યો કે "કુંવર ખેંગારને અને બધા જોદ્ધાઓને સેજકજીના ગોહિલોએ હણી નાખ્યા."

સેજકજીએ આ સમાચાર સાંભળ્યા. એના હૈયામાં ફાળ પડી. એને લાગ્યું કે મારા અન્નદાતાના એકના એક કુંવરનો વધ થયા પછી મને આંહીં કોણ રાખશે? તરત જ બાર ગામનો પટો હાથમાં લઈને સેજકજી રાજ-કચેરીમાં ગયા; રા'ની પાસે મસ્તક નમાવી બે હાથે પટો પગમાં ધરીને બોલ્યા:

*હમ સુન્યા બુરા યહ સમાચાર*
*અબ હોત જિયા મેરા ઉદાસ*
*રહેના ન ઉચિત હમ આપ પાસ.*

"હે રાજા! મેં આ બૂરા સમાચાર સાંભળ્યા છે; એથી હવે મારો જીવ ઉદાસ બની ગયો છે. આપની પાસે રહેવું હવે મારે માટે ઘટિત નથી."

રા' કવાટ હસીને જવાબ વાળે છે:

*રજપૂત વંસ કી યહી રીત.*

"હે ગોહિલજી! સાચા રજપૂતનો તો એ જ ધર્મ છે કે શરણે આવેલાને ઉગારવા જતાં જરાયે પાછા ન હઠવું. એક શરણાગત ગરીબ પ્રાણીને બચાવવા તમારા કુમારોએ અને જોદ્ધાઓએ જુદ્ધ જમાવ્યું; અને

*મમ પુત્ર હને કબુ ટેક કાજ*
*ઇન મેં ન આપ કો દોષ આજ.*

"મારા કુંવરને તમારા માણસોએ એક ક્ષત્રિયની ટેકને ખાતર હણ્યો, એમાં તમારો દોષ શો, અરે સેજકજી?

*દૂસરા હોય મમ પુત્ર ધામ*
*ખેંગાર ધરુંગા ફેર નામ.*

"દીકરો તો બીજો મળશે. કુમાર ખેંગાર ભલે ને મરી ગયો! બીજો કુંવર જન્મશે તેનું નામ ખેંગાર પાડીશ. પણ, હે ગોહિલ!

*તુમ જેસા ક્ષત્રિય ભટ પ્રબીન*
*હમકુ મિલના હોવે કઠિન.*

"તમારા સરખો શૂરવીર ને ટેકીલો એક ક્ષત્રિય સુભટ મને બીજે ક્યાં મળે? માટે જાઓ, ફિકર કરો મા, તપાસ કરો કે શું બન્યું. સુખેથી

ખેંગારનું મડદું આંહીં લઈ આવજો. વિના દુઃખે એને હું દેન દઈશ. પણ તમને નહિ જવા દઉં.''

અંતરની અંદર એ ઉદાસ રા' કવાટની તારીફ કરતા કરતા સેજકજી શાપુર આવ્યા. જોયું તો કુમાર ખેંગાર જીવતો છે. તત્કાળ જૂનાગઢ ખબર મોકલ્યા. રા' હર્ષભેર શાપુર પધાર્યા, ગોહિલોને ધન્યવાદ આપ્યા. એ શૂરી ક્ષત્રિયાણીને પણ ધન્યવાદના ખબર મોકલ્યા.

સેજકજીએ પોતાનાં દીકરી બાલમકુંવરીને એ જ વખતે ખેંગારની સાથે પરણાવ્યાં. જૂનાગઢમાં ભર દરબાર વચ્ચે રા' કવાટે સેજકજીને બીજાં બાર ગામનો પટો કરી આપ્યો. એ વખતે સેજકજીએ પોતાના નામ પરથી સેજકપુર નામનું ગામ બાંધ્યું.

[આ આખી વાતને સુપ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી ગૌરીશંકર ઓઝાએ બહોળાં પ્રમાણો વડે પોતાના 'રાજપૂતાને કા ઇતિહાસ'માં સેજકજી પૂરતી તો બિનપાયાદાર જ ઠરાવી છે. પોતે લખે છે: ''ઈ. સ. 1145માં તો એનો પુત્ર મૂલક સૌરાષ્ટ્ર (સોરઠ)નો નાયક હતો. સેજકે જૂનાગઢના રાજા મહીપાલની સેવામાં રહીને એ જાગીર નથી મેળવી, પણ સોલંકી રાજા (સિદ્ધરાજ જયસિંહ)ના અંગરક્ષક બનીને સોરઠની જાગીર મેળવી હતી. સંભવ છે કે સિદ્ધરાજ જયસિંહે જ્યારે જૂનાગઢના ચૂડાસમા (જાદવ) રાજા ખેંગાર પર ચડાઈ કરી એને કેદ કર્યો અને સોરઠને પોતાના રાજ્યમાં ભેળવી દીધું, ત્યારે સેજક પોતાનો વિશ્વાસપાત્ર અંગરક્ષક હોવાથી એને સોરઠનો સૂબો બનાવ્યો હોય. વિ. સં. 1202 (ઇ. સ. 1145)માં સેજકનો પુત્ર મૂલક સોરઠનો નાયક હતો. સેજકના પુત્રોનાં નામ રાણોજી, શાહજી વગેરે પણ કલ્પિત જ છે. કેમ કે એના પુત્ર મૂલકના વિ. સં. 1202 (ઈ. સ. 1145)ના માંગરોળની સોઢલી વાવના શિલાલેખમાં એ નામ નથી, પણ મૂલક અને સોમરાજ છે.'' (*'રાજપૂતાને કા ઇતિહાસ', ખંડ 2, પાનું 432.*)

આ વાર્તાનો પદ્યભાગ કવિશ્રી પિંગળશી પાતાભાઈ કૃત 'ભાવભૂષણ' કાવ્યમાંથી લીધેલ છે.

*

સેજકજીને ખેડગઢ છોડવું પડ્યું તેની છેક જુદી જ એક કથા પ્રચલિત છે તેનો સાર એ છે કે:

સેજકજીનાં લગ્ન ડાભી શાખાના સરદાર મૂળદેવનાં પુત્રી વેરે થયેલાં. ડાભીઓ ગોહિલની સાથે થોડી પેઢીથી લગ્નસંબંધમાં જોડાતાં આવતા હતા; શૂરવીર હતા. રાજ્ય તરફથી તેમને સારી જાગીરો મળી હતી.

આ ડાભી સરદારોના બળ વડે સેજકજીનું રાજ્ય સુરક્ષિત હતું. કોલુમંદના રણા સિયોજી રાઠોડની નોકરીમાં જયચંદ્ર પંગુરનો એક પૌત્ર હતો. તેણે ઘણાં રાજ્યો જીતેલાં. પણ ડાભીઓને વશ કર્યા સિવાય ખેડગઢની એક તસુ પણ જમીન તેને ન મળી શકે. એણે પોતાના કુંવર અસ્તાજીને મૂળદેવ ડાભી પાસે મોકલ્યો. રાજ્યલોભી મૂળદેવ એ પરાયાની શિખવણીને વશ બની પોતાના જમાઈ સેજકજીનો વિનાશ કરવા ખેડગઢ ઊપડ્યો. પરંતુ એ પ્રપંચની ખબર પોતાની પુત્રીને – સેજકજીનાં પત્નીને – પડી ગઈ. એમણે જઈને સેજકજીને ચેતવ્યા. સેજકજી તૈયાર રહ્યા.

ડાભીઓ આવ્યા, પણ ખુલ્લી લડાઈ કરવામાં ન ફાવી શક્યા તેથી દગો ગોઠવ્યો. ગામ બહાર રાજાજીને ગોઠમાં નોતર્યા. અસલથી કરેલા સંકેત પ્રમાણે તમામ ડાભીઓ ડાબી બાજુ બેસી ગયા, અને ગોહિલો સામી બાજુ એકલા પડી ગયા. ગોહિલોને ખૂબ દારૂ પાયો. પછી કતલ ચાલી. ડાભીઓ તારાજ થયા, પણ ત્યાં રાઠોડ પોતાના સૈન્યની સાથે આવી પહોંચ્યો. સેજકજીનું બળ તૂટી પડ્યું. આખરે સેજકજી નાઠા.]

# રાણજી ગોહિલ

ઊંચી ભેખડો ઉપર ઊંચો ઊંચો કોટ ઊભો છે, અને એને ડાબે-જમણે પડખે બે નદીઓ ચાલી જાય છે. કિલ્લાને વીંટી વળીને તરત જ્યાં બેય નદીઓ ભેળી થાય છે ત્યાં પહોળો પટ જામી પડે છે. નદીની ઉપરવાસે આથમણી દિશાનાં આઘાં-આઘાં ઝાડવાં વચ્ચે રોજ જ્યારે રુંઝ્યો રડતી હોય, કંકુડાં ઢોળાતાં હોય, માથે ચાંદો ને ચાંદરણું નીતરતાં હોય, ત્યારે પણ કિલ્લો તો કોઈ ધૂંધળીમલ જેવો ધૂંધળાવરણો અને એકલવાયો જ પડીને ઊભો હોય છે.

હજુ પણ એ ઊંચા ઊંચા કિલ્લાની દીવાલને ઘસીને નદીઓ ચાલી જાય છે. કિલ્લામાં નકશીદાર ગોખ કંડારેલા ને રાણીઓને નદીની ક્રીડા નીરખવા માટે જુક્તિદાર ઓરડા બંધાવેલા છે. હજુયે એક વાર એ રવેશમાં ઊભા રહીને નદીના પટ ઉપર સમી સાંજની પનિયારીઓને નીરખીએ, ગરાસિયાનાં ઘોડાં ખેલતાં ભાળીએ, જુવાનોની કુસ્તી જોઈએ, ચારણોના છંદો અને કુમારિકાઓનાં વૃંદના રાસડા સાંભળીએ ત્યારે કાળ છસો વરસ પાછો ખસી જાય, અને એ વિલાસી રાજા રાણજીના હાસ્ય-કલ્લોલ તથા રાણીઓનાં કરુણ રોણાં કાને અથડાય છે.

એ ગામ રાણપુર: એ બે નદીઓ સુકભાદર અને ગોમા: રાણજી ગોહિલે બંધાવેલો એ કિલ્લો એ તે કિલ્લો કે ક્રીડામહેલ!

રાણજી વિલાસી હતો. કહે છે કે એને ચોરાશી રાણીઓ હતી; દિવસ-રાત એ રણવાસમાં જ રહેતો. એને 'કનૈયો' કહેતા. બ્રાહ્મણોના ભુલાવ્યા એ રાજાને એવો નિયમ હતો કે કદી મુસલમાનનું મોં ન જોવું.

એક દિવસ જૂનાગઢના દાતારની જાત્રા કરીને એક મેમણ ડોશી અને એનો દીકરો પાછાં અમદાવાદ જતાં હતાં. રસ્તામાં મા-દીકરો રાણપુર

રાત રહ્યાં.

સવાર પડ્યું. રાજા પૂજા કરતા હતા તે વખતે નદીના બહોળા પટમાં એ ડોશીના બેટાની બાંગ સંભળાઈ. બ્રાહ્મણોએ રાજાજીને સમજાવ્યું કે આ યવનના અવાજથી પૂજા ભ્રષ્ટ બની! રાજાને કુમતિ સૂઝી. એ બાળકનો એણે શિરચ્છેદ કરાવ્યો!

છોકરા વિનાની માતાએ અમદાવાદ જઈને ચોધાર આંસુએ મહમદશાહ બેગડા પાસે વાત કહી. મહમદશાહે પોતાની ફોજ રાણપુરનો નાશ કરવા મોકલી દીધી. રાણપુર સમાચાર પહોંચ્યા કે સેના ચાલી આવે છે; પરંતુ રાજાને કોણ કહેવા જાય? દુર્મતિયો રાજા તો રણવાસમાં અહોરાત ગુલતાન કરે છે. બહારની દુનિયામાં ડોકિયું પણ કરતો નથી. સહુને બીક લાગે છે કે કહેવા જનાર જીવતો પાછો નહિ નીકળે.

પછી તો એક ચારણે હિંમત કરી. અંદર જવાનો રસ્તો તો બંધ હતો, એટલે નદીની અંદર બરાબર ગોખની સામે ઊભા રહીને ચારણે અવાજ કર્યો: ‘‘એ બાપ રાણા! –

*રાણા! રમત્યું મેલ્ય, કનારે ચડિયાં કટક,*
*ખત્રિ! ચોપડ-ખેલ, ગોહિલ કાં લાગો ગળો?*

[હે રાણા! હવે તો રમત છોડ. શત્રુનું સૈન્ય તારે સીમાડે કનારા ગામ સુધી આવી પહોંચ્યું, હે ક્ષત્રિય! ચોપાટની રમત શું તને એટલી બધી મીઠી લાગી ગઈ કે હજુ નથી ચેતતો?]

ચારણના શબ્દો કાને પડતાં તો ચોપાટના પાસા ફગાવીને રાણો ઊભો થયો. રાણીઓને ભલામણ દીધી કે ‘‘જુઓ, જ્યાં સુધી મારા વાવટાને તમે રણભૂમિ પર ઊડતો જુઓ ત્યાં સુધી જાણજો કે હું જીવતો છું. પણ જ્યારે વાવટો ન દેખાય ત્યારે સમજજો કે મારો દેહ પડી ગયો.’’

રાણીઓએ ઉત્તર દીધો: ‘‘પણ રાજા, જોજો હો, એ વાવટો પડ્યા પછી અમે ચોરાશીમાંથી એકેય જીવતી નહિ રહીએ.’’

રાણજી સૈન્ય લઈને રણે ચડ્યો. રાણપુરથી ત્રણ-ચાર ગાઉ આઘે મહમદશાહની ફોજ સાથે એની તરવારો અફળાઈ. આંહીં ગઢને ગોખે બેઠી

બેઠી ચોરાશી રજપૂતાણીઓ નજર માંડીને જોયા કરે છે, ધજા ગગનમાં ઊડતી દેખાય છે; એ ધજાને આધારે રાણીઓ જીવે છે.

વિજય કરીને રાણજી પાછા વળ્યા. જયશાળી સૈન્ય પર ઝંડો ફરકતો આવે છે. પણ રાણાનો દેવ રૂઠ્યો છે ખરો ને, તે રસ્તામાં એક વાવ આવી. ઝંડો ઉપાડનાર ઝંડો નીચે મૂકીને વાવની અંદર પાણી પીવા ઊતર્યો. રાણજીનું ધ્યાન નહોતું રહ્યું. એ ભૂલી ગયો હતો કે એ નેજા ઉપર ચોરાશી જીવાત્માઓ ટાંપીને બેઠા હશે!

કિલ્લાના ગોખમાં બેસીને નેજા ઉપર મીટ માંડી રહેલી એ ચોરાશી ક્ષત્રિયાણીઓએ જાણ્યું કે પતાકા પડી અને રાણા કામ આવ્યા. હવે હમણાં મુસલમાનો આવી પહોંચશે. તમામ રાણીઓએ ધબોધબ ગઢના કૂવામાં પડીને પ્રાણ છોડ્યા.

વિજયી રાણજી દોડતે ઘોડે રાજમહેલમાં આવ્યા, ત્યાં તો રાણીઓનાં શબથી કૂવો પુરાયેલો દીઠો! એનો સંસાર એક પળમાં વેરાન બની ગયો.

હવે જીવીને શું કરવું છે? એમ વિચારીને એ પાછો વળ્યો. મુસલમાન ફોજ અમદાવાદ તરફ પાછી જતી હતી તેમાં પહોંચ્યો ને જુદ્ધ કરતાં કરતાં મરાયો.

મુસલમાન ફોજ રાણપુર આવી. કિલ્લો હાથ કર્યો. રાણી તો એક પણ જીવતી નહોતી. કુંવર મોખડાજીને લઈને એક દાસી રાણજીના ભાઈને ઘેર ઉમરાળા નાસી ગઈ.

હજુય જાણે એ રાજમહેલના ખંડેરમાં ચોરાશી મુખોના કલકલ હાસ્યધ્વનિ ગાજે છે, સામસામી તાળી દેતા એ સુંદર સુકોમળ હાથની ઘૂઘરીજડિત ચૂડલીઓ જાણે રણઝણી રહે છે; ચોપાટના પાસા ફેંકાતા સંભળાય છે; અને છેવટે ગુંજી રહ્યો છે એ નિર્ભય ચારણનો ઘોર અવાજ –

*રાણા! રમત્યું મેલ્ય, કનારે ચડિયાં કટક,*
*ખત્રિ! ચોપડ-ખેલ, ગોહિલ કાં લાગો ગળો?*

અને એ પહોળો કૂવો! ચોરાશી સુંદર પ્રેત શું રાત્રિએ ત્યાં હીબકાં નહિ ભરતાં હોય?

આજ એ કિલ્લાની નદી તરફની આખી દીવાલ મોજૂદ છે. અંદરના ભાગમાંથી ધોબી લોકો છીપરાં કરવા માટે સુંદર લાંબા પથ્થરો ઉપાડી જાય છે. પૂર્વ દિશા પર દીવાલ વિનાનો એક જ દરવાજો ઊભો છે. એ દરવાજાનાં કમાડ પડી ગયાં છે. કમાડ પર છસો ચોમાસાં વરસી ગયાં, પણ હજુ લાકડું સડ્યું નથી. બાકી બધું છિન્નભિન્ન છે.

[કહેવાય છે કે આ કિલ્લો રાણજીએ નહિ પણ કોઈ મુસલમાન સૂબાએ બંધાવ્યો છે, અને 'રાણાનો કોટ' નદીને સામે કાંઠે સ્ટેશનની પાસે હતો. ત્યાં જે કોઈ કોઈ ખંડેરો દેખાય છે તે રાણાના કોટનાં છે.]

# મોખડોજી

**'લે**જે, મોખડા હડમાન, તારું દાણ!'

પેરંભ બેટને પડખે જે જે વહાણ નીકળે, તેના ખારવાઓ આવી રીતે એ ટાપુને અક્કેક નાળિયેર ચડાવે છે. ટાપુના ધણી મોખડાજીને મૂઆં છસો વરસ વીતી ગયાં, પણ એની આણ દરિયા ઉપરથી હજી નથી ઊતરી.

મોખડોજી રાણપુરવાળા રાણા રાણજી ગોહિલનો બેટો: માબાપના રાજપાટનો જે દિવસ દાળોવાટો નીકળી ગયો તે દિવસ મોખડોજી નાની અવસ્થાએ સગાંવહાલાંમાં પરગામ મહાલતો હતો. બાપુનું રાજ બોળાણું. એટલે મોખડાનાં આપકર્મ ઝળઝળી ઊઠ્યાં. જોબન બેસતાં એની ભુજાઓ ફાટવા લાગી. ઉમરાળા ઉપર કોળીઓની આણ હતી તે ઉથાપી મોખડાજીએ સેજક કુળની આણ થાપી. અને દરિયાકાંઠાની ઊભી પટ્ટીએ સમશેર ખેલવતો આગળ વધ્યો. ખોખરાના ડુંગર વચ્ચે એના ઘોડાના ડાબા ગાજ્યા અને ઘોઘા બંદર ઉપર એણે નેજો ચડાવ્યો.

ઘોઘાની સન્મુખ સમદર ગાજે છે. અને એનાં પાણીમાં વીંટાઈને એક ટાપુ પડ્યો છે. મોખડાની આંખ એ સાગરને ખોળે ઝૂલતી ધરતી ઉપર ઠરી. પૂછ્યું કે "એ બેટનું નામ શું?"

"પેરંભ બેટ, બાપા!" લોકોએ હકીકત દીધી: "પણ ઉજ્જડ પડ્યો છે – ચુડેલું રાસડા લ્યે એવો!"

"કાં?"

"સાવજ રે' છે ડાલામથ્થો. પેરંભ ઉપર આજે એ વનરાજનાં તખત છે. ઘાટી ઝાડી અને ઊંચાં ઘાસ ઊભાં છે. માંહીં માનવીની છાતી થર રે' એવું નથી. લટાળો કેસરી લા નાખે ત્યાં પ્રાણ નીકળી જાય તેવો મામલો છે."

"તો એની લટાઉં ખેંચી કાઢીએ," કહીને મોખડો ગોહિલ ભેળા

ચાર-આઠ પટાધર રજપૂતોને લઈ ચાલ્યો; મછવો પેરંભને કાંઠે નાંગરી ઝાડીમાં પગલાં ભર્યાં.

કહે છે કે ખાડી તરીને કાંઠેથી કેસરી પેરંભ બેટ જાતો. રોજ જઈને ભરખ કરતો, ભરખ કરીને પાછો વળતો. આજ એણે ઊંચા ઘાસની અંદર માનવીનો સંચાર સાંભળ્યો. એને મનુષ્યની ઘ્રાણ્ય આવી. એણે છલંગો મારી.

'ઘે! ઘે! ઘે! ઘે!' એ ત્રાડ ભેળી જ એક છલંગ: આઠેય અંગરક્ષકો અવળે મોઢે ઘાસમાં બેસી ગયા, અને એકલવાયા મોખડાએ સમશેરની ગાળાચી કરી. ડાબા હાથમાં ગેંડાની ઢાલ હતી તે માથા ઉપર ઓઢી લીધી. સાવજનો થાપો બરાબર એ ઢાલ ઉપર ઝીલ્યો તો ખરો, પણ શત્રુના અનોધા જોરની થપાટથી ડાબો હાથ ખળભળી પડ્યો. જુવાન મોખડાએ જમણી ભુજાથી સમશેર ઝીંકી; ઝીંકતાં અધ્ધરથી જ સાવજના બે નોખા કટકા થઈને નીચે પડ્યા. કેસરીને કેડથી જ નોખો કરી નાખ્યો હતો.

સાવજ પડ્યો જાણી આઠેય રજપૂતો હોશિયાર બનીને ઘાસમાંથી ઊભા થયા. પણ મોં અવળાં હતાં તે સવળાં ફેરવવા જાય છે ત્યાં મોખડે હાક મારી: "હાં રજપૂતો! હવે એ-ને એ મોંએ સિધાવી જાઓ. હવે મને મોઢાં દેખાડવા ઊભા ન રે'શો, બાપ! રસ્તો મોકળો પડ્યો છે."

નમાલા સાથીઓને વળાવી મોખડે પેરંભનો ટાપુ પોતાના કબજે લીધો. રાજધાની સ્થાપી રૈયત વસાવી. દરિયાનું નાકું ઝાલીને ચાંચિયા ઉપર ચોકી કરવા માંડી. આવતાં જહાજો આગળથી પોતાનું દાણ લેવા લાગ્યો. મહાબળિયો મોખડો 'હડમાન' કહેવાણો.[1] જળથળ બેય ઉપર એની આણ વર્તવા લાગી.

❀

"અરે, મારું દાણ હોય નહિ, હું દિલ્હીનો વેપારી. પાદશાહનો પટો લઈ દેશાવર ખેડનારો."

1. પહેલી આવૃત્તિમાં 'વહાણોની લૂંટફાટ કરવાનો લોભ લાગ્યો' લખેલ તે બરાબર નહોતું.

"તું ગમે તે હો, ભા! આંહીં તો રા' ને રંક તમામનું દાણ લેવાય છે. આ દરિયાની અમારે ચોકી છે. દાણ તો દેવું પડશે."

"તમને ભારે પડશે; હું પાદશાહનો વેપારી છું."

"તો પાદશાહનો કાગળ લઈ આવ, ભા! અને ત્યાં સુધી તારો માલ આંહીં અમે સાચવી રાખશું. ઉતારી નાખ કાંઠે."

"અરે, પણ મારા વહાણમાં ધૂળ જ છે, બીજું કાંઈ નથી."

"તોય જગાત તો લેશું."

દિલ્હીના સોદાગરે પોતાનાં વહાણમાં ભરેલી ધૂળ પેરંભ બેટમાં એક ખોરડાની અંદર ઠાલવી દીધી, અને મોખડા રાજા પાસે પહોંચ લખાવી લીધી. પહોંચમાં 'ધૂળ' લખાવ્યું હતું. હતી પણ ધૂળ જ. પહોંચ લઈને સોદાગર પાદશાહ પાસે જવા નીકળ્યો.

આંહીં પેરંભમાં શું બન્યું? જે ખોરડામાં સોદાગરની ધૂળ ભરેલી એ ખોરડાની અડોઅડ એક જ પછીતે એક લુહાર લોઢું ઘડે. અડોઅડ જ એની ધમણ ધમાય અને ચૂલ ચાલે. લુહાર રોજ સવારે ઊઠીને ચૂલની રાખ કાઢે છે. અને રોજેરોજ એ રાખમાંથી એને સોનાની કટકીઓ જડે છે. લુહારને અચરજનો પાર ન રહ્યો. એણે મોખડા રાજાને જાણ કરી.

મોખડાજી જોવા આવ્યા, ઝીણી નજરે જોયું. ચૂલની થડોથડ ભીંતમાં એક બાકોરું દીઠું. ઉંદરે ખોદેલા એ ભોંણમાંથી ઝીણી-ઝીણી રજ આવીને દેવતાથી ભરેલી ચૂલમાં ઝરી રહી છે. તપાસ કરતાં જાણ પડી કે આ તો દિલ્હીના સોદાગરની જ ઠાલવેલી ધૂળ. હાથમાં લઈને તપાસે તો અંદર સોનાની ઝીણી કણીઓ ઝગે છે.

"આ તો ધૂળ નહિ; આ તો છે તેજમતૂરી. સોદાગર દાણની ચોરીએ આપણને છેતરી ગયો."

મોખડાજીએ એ તમામ રજ ગળાવીને સોનું પાડ્યું અને ખોરડામાં દરિયાની રેતી ભરી દીધી.

સોદાગર પાદશાહનો રુક્કો લઈને આવ્યો. મોખડાજીએ રજા દીધી કે "તારી ધૂળ ઉઠાવી જા."

"આ ધૂળ મારી નહિ." વાણિયો ચમકીને બોલ્યો.

"કેમ ભા? તેં પહોંચમાં લખાવ્યા પ્રમાણે અમે 'ધૂળ' લખી દીધું છે. તારી ધૂળે ધૂળ લઈ જા."

"મારી હતી તેજમતૂરી."

"તો તેં કૂડું કાં લખાવ્યું?"

"હું આંહીં ફોજ ઉતારીશ."

"તો અમે કળશિયો ભરીને ઊભા રે'શું."

વાણિયો ગયો. અને થોડે મહિને ફોજ ઊતરી. કેવી ફોજ ઊતરી?

[છંદ ઉધોર]

*ઉહા દળ આવિયો સુલતાન, ઝબકી રહી સારી જાન,*
*મેંગલ ઘટા ફોજાં મેલ, ઉલટા સમુંદર જ્યું ઉખેળ.*
*બેવટ હયદળ જળબોળ, ખેવટ ધૂંધળો ખગોળ,*
*આયો દલેસર અણવાર, સોરઠ નમાવા સરદાર.*
*હૂબક તોપ તાલી હીંક, ઝૂઝે કોણ ઝાલે ઝીંક,*
*કટકે રાજ નમિયા કેક, અણનમ મોખડો છે એક.*

એ સુલતાને હાથીઓથી ભરપૂર ફોજો મોકલી. જાણે સમુદ્રમાં ભરતીના લોઢ ઊછળી રહ્યા! જાણે જળપ્રલય થવા બેઠો! આકાશે જાણે આંધી ચડી. તોપોની ગર્જના ચાલી. એની સામે કોણ ઝૂઝીને ટક્કર ઝીલે? એના સૈન્ય સામે કંઈક રાજ્યો નમી ગયાં. ન નમ્યો એક મોખડોજી.

*ઘોઘા દિશા બાંધી ઘેર્ય, ફોજાં ફરહરી ચહુ ફેર્ય,*
*બહાદુર મોખડે સુન બાત, અડપ્યો રાખવા અખિયાત.*
*રૂઠયો ભૂપ ત્રાંબક રોડ્ય, મારૂ બોલ મૂછાં મ્રોડ્ય,*
*'નર હું મરધરાકો નાથ, સામો કોણ હે સમરાથ?'*
*'અમસું કોણ જીતે આજ, લોપાં સાત પતસા લાજ!'*
*'ભડ હું મોખડો અણભંગ, ઝટકે મચાડું રણજંગ.*
*'દુશ્મન લડે જો રહું દેખ, લાજે શાલવાહન લેખ!*
*'મોરે અભેવન કુલમાંય, ચડિયો ચકાવે ખગ સાહ્ય.'*

સુલતાનની સેનાએ ઘોઘાની આસપાસ ઘેરો ઘાલ્યો. ચોપાસના રસ્તા બંધ કર્યા. મોખડાજીએ સમાચાર પેરંભમાં સાંભળ્યા. એનો કોપ ફાટી

નીકળ્યો. યુદ્ધનાં નગારાં ગડગડ્યાં. મૂછોને વળ દઈને એ મારુ (મારવાડનો વંશજ) રાજા બોલી ઊઠ્યો કે "મારી સામે – મારવાડના નાથની સામે – ટકે એવો બળવંત કોણ છે? એક નહિ, પણ એવા સાત પાદશાહોની લાજ હું લોપી નાખું. હું મરદ છું. દુશ્મનોને લડતા હું દૂરથી જોઈ રહું તો મારા પૂર્વજ શાલિવાહનની કીર્તિ ઝાંખી પડે. મારા કુળમાં તો અભેમન્યુ જેવો વીર તરવાર પકડીને લડ્યો હતો, આખરે ચકરાવે ચડ્યો હતો.

*સૂરા બરદ યહ સંભાળ, તરકસ ભીડિયાં તતકાળ,*
*વંકો રાણસુત દૈવાણ, પલ્લા ઝટક ઊઠ્યો પાણ.*
*લશ્કર સુબલ કરી લલકાર, તલસજ તોપખાના ત્યાર,*
*રાજા ખેધ મંડ્યે રાડ્ય, પે'લે મોરચે ગજ પાડ્ય.*
*સૂરા વઢણ ચડિયા સોય, હર હર કર્યે ભેળા હોય,*
*ખેલ ખાગધારા ખેલ, ઠેલે અસુર દળ આઠેલ,*
*ભાલાં ઝીંક લાગી ભાય, તોપાં જવન લાગી ત્રાય.*

એવા એવા શૂરવીર પૂર્વજોનાં બિરદો સંભારીને પોતે ભાલો બાંધી સજ્જ થયો. બળવાન સૈન્ય લલકાર કરવા લાગ્યું. તોપખાનું તૈયાર બની ગયું. રાજા તો દુશ્મનોની પહેલી હારમાંથી જ હાથીને ધરતી પર ઢાળવા લાગ્યો. જુદ્ધે ચડેલા શૂરવીરો 'હર હર મહાદેવ' કરીને એકઠા મળ્યા, તરવાર રમત રમવા લાગી. યવનોનાં દળ હઠવા લાગ્યાં. ભાલાનો ધસારો શત્રુઓથી ન ઝિલાયો.

*સિંધર પાડ હોદા સોત, મીટે શાહ દીઠા મોત,*
*પાડે ઈરાની પાઠાણ, ખાલી પાલખી ખુરસાણ;*
*દૈતાં દેત જ્યું મૃતદાન, મેપત મોખડો હનુમાન,*
*ઢૂંઢે ઢૂંઢ દીધાં ઢાળ, ખળકે રગત વહતી ખાળ.*
*ગ્રીધણ અમખચરતી ગૂડ, ભરતી ભવાની ભેકુંડ,*
*સમહર દેખ થંભ્યો સૂર, હરખે ઝૂલ વરવા હૂર.*

હાથીઓ અંબાડીની સાથે જ નીચે પડવા લાગ્યા. પાદશાહે તો પલકમાં મોત સામે ઊભેલું જોયું. ઇરાનીઓ ને પઠાણો પડવા લાગ્યા, ખોરાસાની લોકો પાલખીમાંથી જમીનદોસ્ત બન્યા. હનુમાનજી જેવો

મોખડોજી જાણે દૈત્યોને આજે મૃતદેહોનાં દાન દઈ રહ્યો છે. શબના મોટા મોટા ગંજ ખડકાયા. રક્તની ખળખળ નીકો ચાલી. ગીધડાં માંસ ખાવા માંડ્યાં; જોગણીઓ ખપ્પર ભરવા લાગી, યુદ્ધ દેખીને દેવો થંભ્યા; અપ્સરાઓ મરેલા વીરોને વરવા આકાશમાં ઝૂલવા મંડી.

*હમલા વીર બાજે હાક, ડમરુ શિવ શક્તિ ડાક,*
*દેવા દાણવા જેમ દોય, લાગો મામલો વડલોય.*
*વેઢક વજાડી અણવાર, ત્રીજા પોર લગ તરવાર,*
*ચોરંગ ઉડ બાટાઝૂટ, તેગાંઝાળ બંગળ ત્રુટ,*
*સિંધુ રાગ બાગા સૂર, પળચર અમખચર ભખપુર,*
*ઝૂઝે મોખડો રણજંગ, અશમર ઊડિયો ઉતબંગ.*

વીરોની હાકલો વાગે છે, શંકર ડમરુ વગાડે છે, અને શક્તિઓ ડાકલાં બજાવી રહી છે. જાણે કે દેવો અને દાનવોનું યુદ્ધ થતું હોય ને! સામસામી તરવારો અથડાય છે, અને ભાલાં તેમજ બંદૂકોના ઘા પડી રહ્યા છે. સિંધુડા રાગ વાગ્યા, માંસભક્ષી પક્ષીઓ મુડદાંના ભક્ષથી તૃપ્ત બની ગયાં છે. મોખડો ઝૂઝે છે; તેમાં એનું માથું તરવારના ઘાથી ઊડી પડ્યું.

*રાજા શીશ પડિયો રાન, મારુ ધડ લાગ્યો અસમાન,*
*શતવત ભીષમરાં સરખોજ, ફારક કરે આધી ફોજ.*
*શર બિન બાહતો સમશેર, જવના દીધ દંતા જેર,*
*પેરંભનાથકો થર પગ્ગ, લડિયો સાત કોશાં લગ્ગ.*
*લશ્કર સરવ મરતે લાગ, તરકે નાખ્ય ગળિયલ ત્રાગ,*
*ધડ તાં ધરણ ઢળિયો ધીંગ, સેજકહરો ભડ તરસીંગ.*
*માથો પડો ઘોઘા માંય, ધડ ગ્યો ખદડપર લગ ધાય,*
*સુતો પિંડ મેલ્યે સૂર, નરજણ નૂર ભળિયો નૂર.*
*નિરમળ ચાડ્ય પરિયાં નીર, ધન ધન સરઠકે રણધીર,*
*તું નરલોક ધન અવતાર, ધન ધન સૂર-લોક સુધાર.[1]*

રાજાનું એ માથું રણમાં પડ્યું, પણ ધડ ઝૂઝવા લાગ્યું. માથા વિના

1. આ યુદ્ધ-વર્ણનનો છંદ ભાવનગરના રાજકવિ શ્રી પિંગળશીભાઈના પિતા પાતાભાઈનો રચેલો છે. તે ચારણી કાવ્યરચનાના નમૂના તરીકે 'જશો વિલાસ'માંથી આંહીં મૂકેલ છે.

સમશેર ચલાવીને એણે યવનોના દાંત જેરી નાખ્યા. સાત કોસ સુધી સ્થિર પગે એ યુદ્ધમાં મંડાયો. દુશ્મનનું લશ્કર હણાવા લાગ્યું. એટલે દુશ્મનોએ ગળીનો દોરો[1] મંત્રીને નાખ્યો. ધડ પડ્યું. માથું મૂકીને ધડ છેક ખદડપર ગામ સુધી પહોંચ્યું. પિંડ છોડીને શૂરવીર પોઢી ગયો. તેજમાં તેજ મળી ગયું. ધન્ય છે તને, સોરઠના રણધીર! તેં તારા પૂર્વજોના યશ ઉપર પાણી ચડાવ્યું.

1. ગળીનો દોરો મુસલમાનનું ચિહ્ન ગણાતું. શુદ્ધ હિન્દુને એનો સ્પર્શ થાય તો એ ભ્રષ્ટ થાય. મોખડાજીનું ધડ પડતું નહોતું તે વખતે કોઈએ પાદશાહને આ ઇલાજ બતાવ્યો હતો.

# બોળો

**વૈ**શાખ મહિનાને બળબળતે બપોરે, ખોખરાના ડુંગરામાં બફાયેલો ઘોડેસવાર એક વાડીએ આવીને ઊતરી પડ્યો. પોતે ને ઘોડો બેય પરસેવે નાહી રહ્યા હતા. હાંફતા ઘોડાને વાડીના વડલાને થડે બાંધીને અસવારે હથિયાર ઉતાર્યાં. ધોરિયાને કાંઠે બેસીને પોતે હાથપગ ધોવા લાગ્યો. ગામનું નામ ભૂંભલી છે અને વાડીના ધણીનું નામ છે સોંડો માળી.

સોંડો માળી કોસ હાંકતો હતો. કંગાલ બે બળદ કોસ ખેંચતા હતા. કાગડાએ ઠોલી-ઠોલીને લોહીલુહાણ કરી નાખેલાં કાંધ: સોંડાએ ઉમેળી ઉમેળીને તોડી નાખેલ પૂંછડાં: બેસુમાર બગાંઓ: લોહીમાંસ વિનાનાં શરીરનાં બે હાડપિંજર: એવા એ બે બળદો છે. એક સો ને એક કાણાંવાળો એ કોસ છે. મંડાણ ઉપર પહોંચે ત્યારે અંદર માત્ર એક બોખ પાણી રહે! અને ચીંથરેહાલ એ સોંડો! અસવાર એ બધું નિહાળી રહ્યો. હાથ-મોં પર પાણી છાંટીને પોતે તડકો ગાળવા ધોરિયાની કૂણી લીલી ધ્રો ઉપર દેહ ઢાળીને બેઠો.

કોસ હાંકતા હાંકતા સોંડાએ વાત ઉચ્ચારી: "ક્યાં રે'વાં?"

"રે'વાં તો ભાવનગર."

"ત્યારે તો રાજના નોકર હશો."

"હા, છીએ તો રાજના નોકર."

"સપાઈ લાગો છો, સપાઈ."

"હા, સપાઈ છીએ."

"એલા, તમે નમકહલાલ કે નમકહરામ?"

"કેમ ભાઈ? નિમકહરામ ને નિમકહલાલ વળી કોને કહેવાય?"

"નમકહલાલ હો તો ઠાકોરને કહો નહિ?"

"શું?"

"કે આખો દી સાંસલા ને કાળિયાર જ માર્યા કરશે કે વસ્તીના સામું

કો'ક દી જોશે? અને રાણિયુંના ઓરડામાં ઘર્યો છે તે નીકળતો જ નથી! ખેડુનાં ઘરમાં ખાવા ધાન નૉ રે'વા દીધું! ઈ તે રાજા છે કે કસાઈ? વસ્તી તો કેમ જાણે એના ગોલાપા કરવા જ અવતરી હોય!''

સોંડો તો કોસ હાંકતો જાય ને રાજાને બેસુમાર ગાળો દેતો જાય. અસવારનું મોં મલકતું જોઈને સોંડાની જીભમાં સાતગણો વેગ આવવા લાગ્યો. એણે ન કહેવાનાં વેણ કહી નાખ્યાં.

અસવારને કકડીને ભૂખ લાગેલી, સોંડાની શબ્દ-પ્રસાદીથી તો એની ભૂખ ઊલટી વધી. સોંડાને એણે પૂછ્યું: ''ભાઈ, ભૂખ લાગી છે. કાંઈ ખાવાનું આપીશ?''

''શું આપે, કાળજાં અમારાં? તમે બધાએ ભેળા થઈને ખેડુના ઘરમાં ધાન ક્યાં રે'વા દીધું છે? બોળો ખાવો છે, બોળો?''

''બોળો શું?''

''બાપગોતર બોળોય દીઠો નથી ને?'' એમ બોલીને સોંડાએ વડલાની ડાળે એક નવી દોણી ટીંગાતી હતી તે ઉતારી. છાસની અંદર ઘઉંનું થૂલું (ભરડેલું ધાન) નાખીને ખેડુ લોકો રાંધે, અને પછી એમાં મીઠું નાખીને ખાય. એનું નામ બોળો. સોંડો પોતાને માટે સવારે બોળો લઈ આવેલો, લાવીને એને ઊંચે વડલાની ડાળે ટિંગાડેલો. એક તો દોણી નવી હતી. ઉપરાંત એ વડલાની ઘટાને છાંયડે શીળી હવામાં ઘણી વાર સુધી રહી, એટલે બોળો અતિશય શીતળ બની ગયેલ. પાંદડાંનો એક દડિયો (પડિયો) બનાવીને સોંડાએ એમાં બોળો ભરી પરોણાને આપ્યો. ક્ષુધાતુર અને તાપમાં તપેલા એ શિકારી ક્ષત્રીને ખાટી અને શીતળ વસ્તુ એવી તો મીઠી લાગી કે પલવારમાં એક દડિયો ખલાસ કરીને એણે કહ્યું: ''વધારે છે?''

સોંડે મીઠું મીઠું હસીને કહ્યું: ''કેમ, મારે ખાવાય નથી રે'વા દેવું ને?'' એમ કહીને એણે બીજો દડિયો ભરી દીધો. મહેમાનને એવી તો લજ્જત આવી કે હર્ષભેર સોંડાએ આખી દોણી ખાલી કરી, બધો બોળો મહેમાનને ખવરાવી દીધો.

પરોણાનું પેટ ઠર્યું, તેમ દુઃખદાઝથી ભરેલા એક ખેડૂતની આટલી ઉદારતા જોઈને એનું અંતર પણ ઠર્યું.

તડકો નમ્યો, સાંજ પડી, શિકારી સવાર થયો. જાતાં જાતાં એણે પૂછ્યું: ''ભાઈ, તારું નામ શું?''

''સોંડો.''

મુસાફરે ગજવામાંથી નોંધપોથી કાઢીને નામ લખી લીધું. સોંડો બોલ્યો: ''કેમ, બોળો ચાખીને દાનત બગડી તો નથી ને? નામ શીદ લખછ, બાપા?''

હસતાં હસતાં અસવાર બોલ્યો: ''ભાઈ! ભાઈ! ભાવનગર કોઈ દિવસ આવશો ને?''

''હં, ભાવનગર આવીએ એટલે તારા જેવા સિપાઈ ઠોંસે ચડાવીને વેઠે જ ઉપાડી જાય! તેં તો વળી બોળો ખાધો ને નામેય લખ્યું, એટલે ઓળખીતાને બે ઠોંસા વધુ લગાવ્ય, ખરું ને? ભગવાન અમને કોઈ દી ભાવનગર ન બતાવે!''

❁

બીજા દિવસનું મોંસૂઝણું થયું ત્યારે છાશ-રોટલો શિરાવીને, માથે કોસ મેલી, વરત, વરતડી, પૈ અને ઢાંઢા સોતો સોંડો વાડીએ જાવા નીકળે છે. બરાબર એ જ ટાણે બે હથિયારબંધ ઘોડેસવાર આવીને ઊભા રહ્યા અને પૂછ્યું: ''સોંડો માળી કોનું નામ?''

''મારું નામ સોંડો.'' કહીને ધડકતે હૈયે સોંડો થંભ્યો.

''તમને ભાવનગર તેડાવ્યા છે.''

''કોણે, બાપા?''

''ઠાકોર વજેસંગજીએ પંડે.''

આ સાંભળી સોંડાના અંતરમાં ફાળ પડી. એને ગઈકાલની વાત સાંભરી; લાગ્યું કે 'નક્કી કાલ મેં ગાળ્યું દીધેલી ઈ ઓલ્યા અસવારે જઈને ઠાકોરને સંભળાવી હશે, અને હવે નક્કી મને કેદમાં નાખશે.'

બોલાશ સાંભળીને સોંડાની ઘરવાળી અને એનાં છોકરાં પણ બહાર નીકળી ઓસરીએ ઊભેલાં. એમને કાંઈ સમજ ન પડી.

સોંડાએ બાયડીને કહ્યું: ''હવે આપડા તો રામરામ સમજવા!''

બળદ અને કોશ મેલી દઈ સોંડો અસવારોની સાથે ભાવનગરને પંથે પડ્યો. માર્ગે જાતાં જાતાં મનથી નક્કી કર્યું કે ભલે હાથમાં કડિયું જડે, પણ ભેળાભેળ ઠાકોરને મોઢામોઢ જ મારે ઈનાં ઈ વેણ સંભળાવી લેવાં છે. હવે લૂંટાણા પછી ભો શેનો રાખવો?

સોંડો પહોંચ્યો. રાજમહેલની મેડી ઉપર ચડવા લાગ્યો. ઉપર ચડીને ઓરડામાં જ્યાં નજર કરે ત્યાં સ્તબ્ધ બની ગયો! એણે કાલના ઘોડેસવારને ખુદને જ ગાદી ઉપર બેઠેલ જોયો: આ તો ઠાકોર પોતે! સોંડો ભયભીત બની ગયો.

ઠાકોર વજેસંગજીએ એને પોતાની પાસે બેસાડ્યો અને પંપાળીને પૂછ્યું: "પણ સોંડા, તું બીવે છે શા માટે?"

"બાપ, કાલ તમને બહુ ગાળો દેવાઈ ગઈ એટલા માટે."

"એમાં શું ખોટું થયું, ભાઈ? તમે તો અમારા છોરુ કહેવાઓ. તમારે દુઃખ હોય તો દુઃખ રોવાનો હક્ક છે. બચ્ચાની ગાળો તો માવતરને ઊલટી મીઠી લાગે."

સોંડો શાંત પડ્યો. ઠાકોરે કચેરીમાં બેઠેલા અમીરોને અને અમલદારોને આગલા દિવસની વાત સંભળાવી: "ઓહો જેસાભાઈ! પરમાણંદદાસ! શું કહું? આ ભોળિયા ખેડુનાં વગર ઓળખ્યે આદરમાન: એ મીઠો બોળો: અને એથીય મીઠી એની સાચુકલી ગાળો! એવી મઝા મને આ મોલાત્યુંની મીઠાયુંમાં નથી પડી." બોલતાં બોલતાં ઠાકોરની છાતી ફૂલવા લાગી.

ઠાકોરે ફરી પૂછ્યું: "સોંડા! તારે કેટલી જમીન છે?"

"બાપુ, સો વીઘાં જમીન ને એક કોસની વાડી છે."

મહારાજાએ જેસાભાઈ વજીરને કહ્યું: "એક ત્રાંબાનું પતરું મગાવો."

ત્રાંબાનું પતરું આવ્યું. એના ઉપર ઠાકોરે લખાવ્યું કે 'સોંડાને બાર સાંતીની જમીન અને છ વાડીના કોસ આપવામાં આવે છે.'

પતરા પર એ લખાયું. પાછા ઠાકોર બોલ્યા: "અને પતરામાં લખો કે આ બધું ઠાકોર એનો બોળો જમ્યા તે માટે આપ્યું છે."

એ પણ કોતરાઈ ગયું.

પછી દરબાર બોલ્યા: "પણ એ બિચારો આટલી જમીન ખેડવાના

બળદ લેવા ક્યાં જશે? આપો બાર બળદ.''

બાર બળદ આપ્યા.

વળી દરબારે કહ્યું: ''બિચારો વાવણી કરવા દાણા લેવા ક્યાં જશે? આપો વીસ કળશી બાજરો.''

બાજરો આપ્યો.

''બિચારાનાં છોકરાં છાશ લેવા ક્યાં જશે? આપો ચાર ભેંસો.''

ચાર ભેંસો અપાઈ.

''રૂપિયા એક હજાર આપો.''

માથે મદ્રાસી શેલું બંધાવીને સોંડાને ભૂંભલી પહોંચાડી દીધો.

સોંડાના પરિવાર પાસે અત્યારે એ લેખ મોજૂદ છે. એના પૌત્રો આબાદ સ્થિતિમાં છે.

❀

એક દિવસ વજેસંગજી શિકારે નીકળેલા. ઓળખાય નહિ તેવો શિકારી લેબાસ પહેરેલો. સમઢિયાળા ગામના એક ખેતરમાં મૉલ ઊભા હતા અને એ ઊભા મૉલમાં પોતે ટૂંકો રસ્તો લેવા માટે ઘોડો ચલાવ્યો. ખેતરમાં કણબીની ડોસી ઊભેલી. પોતાના મૉલ ચગદાતા જોઈને ડોસીએ ઘોડેસવારને બેચાર ગાળો દીધી: ''મારા રોયા, ભાળતો નથી? પીટ્યા, ઊભા ખેતરમાં ઘોડો હાંકછ તે લાજતો નથી?''

મહારાજાએ ખોટો ગુસ્સો કરીને કહ્યું: ''ડોસી, ગાળો કેમ કાઢછ? ઓળખછ? અમે રાજના નોકર છીએ. જેલમાં ખોસી દેશું, જેલમાં!''

''હવે જા જા, રોયા! તારા જેવા સપારડા તો કૈંક આવે ને જાય! બાપુ વજેસંગના રાજમાં કોનું દેન છે કે કેદમાં પૂરે?''

ઠાકોર ચાલ્યા ગયા. મનમાં વિચાર કર્યો કે 'વાહ! મારી પ્રજા કેવી નીડર! મારા પર એને કેવો વિશ્વાસ! એને વધુ નીડર બનતાં શીખવું તો જ મારું જીવ્યું પ્રમાણ.'

એણે એ ડોશીના કુટુંબને કાયમની પટલાઈ આપી અને જમીન પણ ઇનામમાં દીધી.

# ભીમોરાની લડાઈ

"કાઠીભાઈ, તમે અવળો કામો કર્યો. તમે એના બાપ વાજસૂર ખાચરના પાળિયાનું નાક વાઢ્યું! તમને જસદણના બા'રવટિયાને હું શી રીતે સંઘરું?"

"આપા નાજા ખાચર! મેં બા'રવટું ખેડ્યું તે અધરમનું નહિ. મારે ઘરધણીને ચડવાનું એકનું એક હૈયાસામું ઘોડું ચેલે ખાચરે જોરાવરીથી ઝૂંટવી લીધું. આવો અધરમ મારાથી સહેવાણો નહિ."

"ત્યારે શું કરવું?"

"બીજું વળી શું કરવું, બાપ?" ચારણે ચાનક ચડાવી: "તું ઊઠીને આજ આ શરણાગતને નહિ સંઘર્ય, બાપ નાજા? અરે –

*બા'રવટિયો આવે બકી, હોય મર વેર હજાર;*
*(એને) ભીમોરા ભોપાળ, શરણે રાખે સૂરાઉત.*

"માથે હજારું વેર લઈ આવનાર બા'રવટિયાને તું ભીમોરાનો ધણી, સૂરગ ખાચરનો બેટડો, શરણું નહિ દે, તો ધરમ ક્યાં ટકશે, બાપ?"

"ઠીક ભાઈ, ટાઢાણા! તું મારા પ્રાણ સાટે છો, ભા! તુંને ભીમોરાનો ઓથ છે. મારું મર થાવું હોય તે થાય."

"ધન્ય બાપ! ધન્ય નાજા!" ગઢવીએ ધણીને બિરદાવ્યો:

*ધર વંકી, વંકો ધણી, વંકો ભીમોરા વાસ,*
*નીલો સુરાણી નાજિયો, મટે ન બારે માસ.*

[તારી બંકી ધરતી. એવો જ બંકો તું એનો ધણી: એવો જ બંકો તારો ગઢ ભીમોરા: અને સૂરગના પુતર નાજા! તું તો સદાનો લીલોછમ; તારાં દલ સુકાય નહિ.]

ચોટીલાથી ત્રણ ગાઉ, થાન સ્ટેશનથી છ ગાઉ, બોટાદ-વીંછિયા રેલવેના સ્ટેશન કાળીસરથી ત્રણ ગાઉ અને જસદણથી દસ-બાર ગાઉ આ

ભીમોરાનો ગઢ છે. પાંચાળના વિશાળ ડુંગરાઓની અંદર ગીચ ઝાડીઓની ઘટામાં આ ગઢ નાજા ખાચરે અથવા એના પિતાએ બંધાવેલ હશે. નીચે તળેટીમાં એક પાણીનો કૂવો છે. ડુંગરાને પડખે 'ભીમની ખોપ' નામની પુરાતન એક ગુફા આવે છે. એ ગુફામાં, પથ્થરોમાંથી જ કંડારી લીધેલા નાના ઓરડા છે. પ્રથમ ભીમોરાના દરબારો એ ગુફાને પણ પોતાની માલમિલકત રાખવા માટે વાપરતા. હવે ઉજ્જડ છે. એ ગુફા જોઈને અડધો ખેતરવા ઘેરાવો લીધા પછી ભીમોરાના ગઢમાં જવાય છે. ગઢમાં એક બહારનો દરવાજો વટાવીને અંદર જતાં બીજો દરવાજો આવે છે. બીજા દરવાજાની અંદર ડાબી બાજુ રહેવાસ છે. વચ્ચે વિશાળ ચોગાન છે. ત્યાં દરબાર નાજો ખાચર રહેતા હતા. એના હાથમાં ચોવીસ ગામ હતાં.

એ ભીમોરાના ધણી નાજાએ જસદણ સામે બહારવટે નીકળેલ ટાઢાણા કાઠીને તે દિવસે આશરો દીધો. જસદણ દરબાર ચેલા ખાચરને આ વાતની ખબર પડી. એણે ભીમોરે સંદેશો મોકલ્યો કે "અમારો ચોર કાઢી દ્યો."

નાજા ખાચરે જવાબ કહેવરાવ્યો કે "ટાઢાણો તો મારો શરણાગત ઠર્યો. હવે એને ન સોંપું, એને મેં અભયવચન દીધું છે."

ચેલો ખાચર એ જવાબ પી ગયો. પોતાના હીંગોળગઢ ઉપરથી ભીમોરાની વંકી ભોમ ઉપર એની રાતી આંખ રમવા મંડી. ભીમોરું દોહ્યલું હતું. ચોટીલાના ખાચરોનું જાડું જૂથ નાજા ખાચરને પડખે ઊભું હતું. ચેલા ખાચરે વિચાર કરીને વડોદરે નજર નાખી. મોટી રકમ નક્કી કરીને બાબારાવની મરાઠી ફોજ પાંચાળ ઉપર ઉતારી. ઓચિંતા ભીમોરા ભણી કૂચ કરી.

ડુંગરની તળેટીમાં નેરાની અંદર ચેલા ખાચરનાં રણવાજાં વાગ્યાં. તે સાંભળી નાજા ખાચરે બારીમાંથી નજર કરી. તોપબંદૂકોથી નેરું હલકી હાલ્યું છે. ભીમોરાને વીંટીને ઘેરો પડ્યો છે.

"નાજાભાઈ!" માણસોએ કહ્યું: "આ દળકટકની સામે ટકાશે નહિ, માટે નાઠાબારીએથી નીકળી જાયેં."

નાજા ખાચરે ડોકું ધુણાવ્યું: "ના બાપ! જેને જીવ વા'લો હોય એ

સુખેથી નીકળી જાવ, મારે તો બે ભવ જીવવું નથી. મારી સાત પેઢીને ગાળ બેસે કે નાજો ચેલાના મોઢા આગળ ભાગ્યો!''

*ત્રંબાળુ ચેલા તણા, વાગ્યાં કોઈ વહળોય,*
*(પણ) ગરુ ગડક્યા નોય, નાઠાબારી નાજિયા!*

[ચેલા ખાચરના ત્રંબાળુ ઢોલ ભયંકર નાદ કરીને ગડેડવા લાગ્યા. પણ કાંઈ 'ચેલા'ની બીકથી ગુરુ (નાજો) નાઠાબારીમાં થઈને નાસે કદી?]

આઠ જ જણાને લઈને નાજો ખાચર ભીમોરે બેઠો રહ્યો અને નીચે બેઠી છે મરાઠી સેના. સેનાને ગઢ ઉપર ચડવાનો લાગ નહોતો. ત્યાં પહોંચવાની એક જ સાંકડી કેડી હતી. પડખે ઊંડાં કોતરો હતાં. ઉપરથી બંદૂકોની ધાણી ફૂટતી હતી, અને ગઢમાં ઝાઝાં માણસો હોવાનો વહેમ હતો. નીચેથી જ ગઢને તોડવા તોપો વહેતી થઈ. તોપોના અવાજ સાંભળીને નાજાના મનની ગતિ કેવી થઈ?

*આઠ મહિનાની આશ, મે ગાજે ને શાદુળો મરે,*
*નો સાંખે નિજ વાસ, નાળ્યુંના ધુબાકા નાજિયો.*

[શાદુળો નામનો સિંહ ફક્ત આઠ જ મહિના – શિયાળો અને ઉનાળો જ – જીવે, અને ચોમાસામાં વરસાદની ગર્જના થતાં તો એના મનમાં થાય કે કોઈ બીજો સિંહ ક્યાંઈક છુપાઈને ડણકે છે. એટલે શાદુળો એ સિંહને શોધતો, વરસાદની અદૃશ્ય ગર્જના ન સાંખી શકવાથી માથાં પછાડીને પ્રાણ કાઢી નાખે. તેવી જ રીતે નાજા ખાચર જેવો સિંહ પોતાને આંગણે તોપોનો અવાજ શી રીતે સહન કરી શકે? મરું કે જીવું એ જ એના મનમાં થાય.]

કિલ્લાની અંદર કેવી દુર્દશા મંડાણી? માત્ર આઠ જ માણસો હતાં અને પાણી ખૂટવા લાગ્યું હતું, નવું પાણી ઉપર લઈ આવવા માટે તળેટીના કૂવા સિવાય બીજું એક પણ નવાણ નહોતું. કૂવા ઉપર તો સેના પડી હતી.

આખરે પાણી ખૂટ્યું. નાજા ખાચરે જીવવાની આશા છોડી. પોતાનાં બાળબચ્ચાંને ગુપ્ત માર્ગેથી ચોટીલે મોકલી દીધાં. પાણી વિના આઠેય જણા તરફડતા હતા. એક ટીપુંયે ન રહ્યું.

પણ ટાઢાણો કાઠી આ કિલ્લામાં જ હતો. એનાથી તરસ ન સહેવાણી.

રાતમાં ઊઠીને એ નાજા ખાચરના હોકાની અંદરનું ગંધાતું પાણી પી ગયો. પ્રભાતે દરબારે એને ફિટકાર દીધો.

તરસથી બેહોશ બનેલા એ કાઠીએ ગઢની રાંગ ઉપરથી નીચે કૂદકો માર્યો. દડતો દડતો એ તળેટીમાં બાબારાવની ફોજ વચ્ચે પહોંચ્યો. એને ચેલા ખાચરની પાસે લઈ ગયા. એણે મોં પાસે ખોબો ધરીને ઇશારતમાં સમજાવ્યું. એને પાણી પાવામાં આવ્યું.

ચેલા ખાચરે પૂછ્યું: "ગઢમાં કેટલાં માણસો છે?"

ટાઢાણે જવાબ આપ્યો: "ફક્ત આઠ જણા."

તરત જ ફોજને હુકમ મળ્યો: "હવે ફિકર નહિ. ગઢમાં નથી દારૂગોળો કે નથી માણસો. કરો હલ્લો!"

અને હલ્લો મંડાણો.

થોડા દિવસ ઉપર નાજા ખાચરના ગઢમાં બે મારવાડી રજપૂતો મહેમાન આવેલા. બન્ને જણા મારવાડમાંથી દ્વારકા જાત્રાએ જતા હતા. આશા છોડીને નાજા ખાચરે એ બન્ને જણાને કહ્યું કે "ભાઈઓ, હવે તમે નીકળી જાઓ. નહિ તો આજ આ ફોજ તમને પણ મારી નાખશે."

મારવાડીઓએ જવાબ દીધો: "નાજા ખાચર! અમે તમારો રોટલો ખાધો. હવે અમારાથી કેમ જવાય! દ્વારકા તો કોણ જાણે ક્યારે પહોંચશું, અને ત્યાં દર્શન કર્યા પછી કોણ જાણે ક્યારે મોક્ષ મળશે! એને બદલે આંહીં જુદ્ધમાં ક્ષત્રીને બે ડગલે જ મોક્ષ મળશે. વળી સ્વર્ગાપરને માર્ગે તમારા જેવા શૂરવીરોના સાથ ફરી ક્યાંથી મળે? માટે અમારે તો હવે 'અઠે જ દ્વારકા'." (ત્યારથી આપણા પ્રાંતમાં 'અઠે દ્વારકા'નું ઓઠું પ્રચલિત થયું.)

"ભાઈઓ!" નાજા ખાચરે પોતાના સાથીઓને છેલ્લી આજ્ઞા દીધી: "હવે આપણી ઘોડિયુંને ગૂડી નાખો."

એટલું બોલતાં એની આંખોમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. એના કાઠીઓ પણ અફસોસમાં પડી ગયા. નાજો ખાચર ફરી વાર બોલ્યા: "હા બાપ! ઘોડિયું તો મને મા-દીકરિયું જેવી વા'લી છે. પોતાની પીઠ ઉપર બેસાડીને એણે મને ઘણાં ધીંગાણામાં રમાડ્યો છે. પણ શું કરું? મારી ઘોડિયું દુશ્મનને હાથ કેમ પડવા દઉં?"

આઠેય ઘોડીઓને હાજર કરી. તરવારને એકેક ઝાટકે એનાં રૂપાળાં દેવાંગી ડોકાં પડવા માંડ્યાં. ઘોડીઓ પણ સમજતી હોય તેમ ચૂપચાપ મરવા લાગી. એમાં છેલ્લી બે ઘોડીઓ હણહણી.

"બસ, બાપ!" નાજા ખાચરે હાકલ કરી: "એ બેને મારશો નહિ. એને મરવું વસમું લાગે છે. છોડી મેલો! ભલે ચાલી જાય."

બેય ઘોડીઓને મોકળી મેલી દીધી.

સૈન્ય આવ્યું, દરવાજા તૂટ્યા, બરાબર ચોકમાં ધીંગાણું મચ્યું. આઠ જણા ક્યાં સુધી ટકે? નાજા ખાચરના શરીર પર ઘણા જખમો પડ્યા; એણે ઘણાને સુવાડ્યા. આખરે નાજા ખાચર બરાબર ઓટાના પગથિયા ઉપર બેસી ગયા. એના ધડ ઉપર મસ્તક ફક્ત અટકી રહ્યું હતું. પાસે અર્ધી ભાંગેલી સોનાની મૂઠવાળી તરવાર પડી હતી. મૃત્યુને ઝાઝી વાર નહોતી.

ત્યાં તો એની પાસે બાબારાવનો ભાણેજ આવી પહોંચ્યો. એ મરાઠાએ નાજા ખાચરના પગમાં સોનાનું સાંકળું જોયું. સામે સોનાની મૂઠવાળી તરવાર જોઈ. એનું મન કદાચ સોનામાં લોભાયું હશે, અથવા એ બળવંત શત્રુની બે ચીજો લઈ જઈ પોતાની શાબાશી કહેવરાવવી હશે! એ નીચે બેસીને નાજા ખાચરના પગનાં સાંકળાંની ખીલી ખોલવા લાગ્યો.

લાંબા થઈને બેહોશ પડેલા નાજા ખાચરના મનમાં થયું: 'હાય! હાય! હજી હું જીવતો છું ને મારા અંગ માથે આ દુશ્મન હાથ નાખશે?'

પણ એની ગરદન ઉપર માથું ડગમગતું હતું. એનાથી ઊભા થવાય એમ નહોતું. અર્ધી તૂટેલી તરવાર એ આઘે બેઠેલા દુશ્મનને પહોંચી શકે તેમ નહોતી.

એણે શું કર્યું?

*ઉતબંગ ટેકણ એક, બીજે હાથ વાઇ બજડ,*
*(આમાં) વખાણવો વશેક, નેક ભજ કિયો નાજિયા?*

[એક હાથે પોતાના માથાને ધડ ઉપર ટેકવવા બરાબર દબાવી રાખ્યું, અને બીજે હાથે તરવારનો ઘા કર્યો. હે નાજા ખાચર! આ બે વફાદાર ભુજાઓમાંથી કઇ ભુજાને અમારે વખાણવી?]

પરંતુ તરવાર શી રીતે મારી?

*રીંખેને સર રપીઅર તણે, કોઈ વાઈ કરમાળ,*
*(ઈ) બાળાપણ બરદાળ, કીં સંભારિયું સૂરાઉત?*

[બાળકની માફક તું ગોઠણભર થયો, અને પછી રિપુના માથા ઉપર તેં તરવારનો ઘા કર્યો. હે બિરદવાળા પુરુષ! એ વખતે એકાએક તારું બાળપણ તને ક્યાંથી યાદ આવ્યું? કારણ કે ભાંખોડિયાભર તો તું બાલ્યાવસ્થામાં જ ચાલેલ હતો.]

*ઇંદર અપસર નજરાજ, જોગણ ધર ગરજણ જંબુક,*
*લોહ જીવત મૃત લાજ, તેં સાચવિયાં સૂરાઉત.*

[તારું માથું તો કપાઈ ગયેલું, જીવ જવાની તૈયારીમાં હતો. ઇંદ્ર તને સુરલોકમાં તેડી જવા આવીને ઊભો હતો. અપ્સરા વરમાળ લઈને પહેરાવવા તત્પર હતી. જોગણીઓ તારા લોહીથી ખપ્પર ભરવા આતુર ખડી હતી. પૃથ્વી (ધર) પણ તારું લોહી પીવા તલસતી હતી. ગીધડાં અને શિયાળવાં તારું માંસ ભક્ષવા આવી પહોંચેલાં. લોઢાની તરવારને પણ તેં હાથમાં રોકી રાખી. જીવનને પણ કહ્યું કે 'ખડું રહે!' મોતને પણ ફરમાવ્યું કે 'થોડી વાર થોભી જા.' પોતાના કુળની કીર્તિને પણ થોભાવી. એ બધાંને ઘડીભર તેં અટકાવીને આ એક દુશ્મનને મારી લીધો.]

એ ભાંગેલી તરવારને એક ઝટકે શત્રુના પ્રાણ નીકળી ગયા. પણ ત્યાં તો દુશ્મનોએ આવીને નાજા ખાચરને ઘેરી લીધો.

*ઉતબંગ ખગ થાતે અળગ, ધડ લાગ્યું ધાગે,*
*ખેલ્યો રણખાગે, તું નવતેરી નાજિયા.*

[હે નાજા ખાચર! પછી તો તારું માથું (ઉતબંગ) પડી ગયું, અને તારા હાથની તરવાર (ખગ) પણ પડી ગઈ. એટલે પછી તારું ધડ એકલું દોડાદોડ કરી, શત્રુઓને હાથમાં ઉપાડી-ઉપાડીને પટકવા લાગ્યું. રણ-સંગ્રામની અંદર તું પણ ભીમની માફક નવતેરીની રમત રમ્યો. ભીમે કુરુક્ષેત્રના યુદ્ધમાં એક હાથે નવ અને બીજે હાથે તેર હાથી ઉપાડીને આકાશમાં ઉછાળ્યા હતા. આંહીં નાજા ખાચરે માણસોને ફંગોળી ફંગોળી પછાડ્યા.]

*નાજા જ્યું મરાય નૈ, સાબધ હરમત સોંત,*
*મોડું ને વે'લું મોત, સૌને માથે સૂરાઉત.*

[જોકે વહેલુંમોડું તો સહુને મરવાનું છે. પરંતુ, હે સૂરા ખાચરના પુત્ર નાજા ખાચર! તારી માફક શુદ્ધ બુદ્ધિથી અને હિંમતથી મરવાનું તો બીજાથી નથી બની શકતું. પોતાની છેલ્લી પળે પણ તેં તારી કીર્તિ સંભાળી રાખી.]

ભીમોરાનો ગઢ ચેલા ખાચરના હાથમાં ગયો. પરંતુ ત્યાર પછી નાજા ખાચરના પુત્રે એ ગઢ પાછો જીતી લીધો. અત્યારે એ ગઢ મોજૂદ છે.

આ આખા પ્રસંગને લગતું નીચે લખેલું એક ચારણી કાવ્ય છે:

[ગીત શાણોર સાવઝડું]

*સૂબા ટોપીઆંરી ફરિયાદ સતારે, ફોજ નમ્યા ખંડ ચારે ફતારે,*
*મીટે ચડ્યો ગનીમાને મારે, સૂરાણી નજરાંજ ન સારે.*

[જે ફતેસિંહરાવની ફોજ પાસે ચાર ખંડના લોકો નમ્યા હતા, તેના ટોપીવાળા સૂબા પાસે ફરિયાદ કરવા ચેલો ખાચર પહોંચ્યો, ફરિયાદ કરી કે સૂરા ખાચરનો દીકરો નાજો ખાચર કોઈનું કહ્યું માનતો નથી. મોટા મોટા હાકેમોને પણ નજરે પડતાં જ મારી નાખે છે. (મરાઠી સેનાને 'ટોપીઓ' કહી, કારણ કે તે વખતે મરાઠાઓનાં લશ્કરોમાં યુરોપી સોલ્જરો, કવાયતદારો રાખવામાં આવતા. ગનીમા = સૂબા.]

*ધણી હકમ દીઆ દળ ધાયા, આગુ ધાઈ મદાઈ આયા,*
*વાગી હાક ત્રંબાળુ વાયા, જધભૂખ્યા નજરાજ જગાયા.*

[આ ફરિયાદ સાંભળીને સૈન્યના માલિકે હુકમ દીધો, એટલે દુશ્મનો ધસીને ભીમોરા ઉપર આવ્યા. હાકલો વાગી, નોબતો ગડગડી. લડાઈનો ભૂખ્યો નાજો ખાચર જાગી ઊઠ્યો. મદાઈ = દુશ્મન.]

*તરવારાંરી વાજે તાળી, વાઢી ઘણા મરેઠા વાળી,*
*ખસ્યા મરાઠા હાંજા ખાળી, વજા બણી રણથંભરવાળી.*

[તરવારો સામસામી અથડાવા લાગી, કેમ જાણે તરવારો સામસામી તાળીઓ દેતી રમત રમતી હોય! મરાઠાની સેનાનાં ઘણાં માણસો કપાયાં. મરાઠાઓ હિંમત હારી ગયા. રણથંભોરના ઘેરામાં જેમ બાદશાહનું સૈન્ય લાચાર થઈ પડ્યું હતું, તેવું જ ભીમોરાના ઘેરા વખતે મરાઠી લશ્કર બની ગયું. ઘણા

દિવસ સુધી મારો ચલાવ્યા છતાં કિલ્લો તૂટતો નહોતો.]

*આયા જાઈ ભાઈ અરાઠી, લાખાહરો લડે લોહ લાઠી,*
*પો! વશટિયા કહે પરાઠી, કાં ચૂકૂવ કાં નીકળ, કાઠી.*

[ચેલો ખાચર પોતાના જાતભાઈને પણ લઈને આવ્યો, છતાં લાખા ખાચરનો એ પૌત્ર નાજો ખાચર તો લોઢાની લાકડીની માફક અડગ બનીને લડતો રહ્યો. શત્રુ-સેનામાંથી વિષ્ટિ કરવા માટે માણસો આવ્યા; તેઓ કહે કે, 'ઓ કાઠી, કાં તો દંડ ચૂકવી દે, નહિ તો કિલ્લાની બહાર નીકળ.' ]

*કે' વશટિયા આભકપાળો, પંચમુખ ખડ નો ખાય પટાળો,*
*હઠ મેલે નજરાજ હઠાળો, (તો) મેર ડગે ને ધ્રૂજે ડખમાળો.*

[એ આભ જેવા વિશાળ કપાળવાળો વીર જવાબ આપે છે કે 'જેમ કેસરી સિંહ કદી ઘાસ ખાય નહિ તેમ હું પણ કદી નમીશ નહિ.' જો ટેકીલો નાજો ખાચર પોતાની હઠ મૂકે તો પછી મેરુ પર્વત ચળે અને આકાશ ધ્રૂજી જાય. પંચમુખ = સિંહ; ડખમાળો = આકાશની નક્ષત્રમાળ.]

*દંડ ન ભરા હું રામદુવાઈ, મરવો ભીમ તણા ગઢ માંહીં,*
*આદ અનાદ તણી અવળાઈ, છોડાં કીં હું અવળચંડાઈ.*

['રામદુવાઈ લઈને હું કહું છું કે હું દંડ નહિ ભરું, સુખેથી આ ભીમોરા ગઢમાં લડીને મરીશ, મારી સદાની અડગતા હું નહિ છોડું.']

*લડે દખણ દળ ભરડા લીધા, કાઠે જોર અનોધાં કીધાં,*
*દસદસ વાર ગનીમાને દીધાં, દસ દા'ડા લગ નીર ન પીધાં.*

[દક્ષિણીઓની સેનાએ ગઢની આસપાસ ઘેરો ઘાલ્યો. તેની સામે નાજા ખાચરે પણ અપૂર્વ બળ દાખવ્યું. દસ દસ વાર તો સૂબાને પાછો કાઢ્યો. દસ દિવસ સુધી પાણી વિના ટક્કર ઝીલી.]

*જળનો તરસ્યો દળમાં જાઈ, કોપ્યો સૂબો ને હલાં કરાઈ,*
*હડૂડે જંજોળ્યાં નાળ્ય હવાઈ, ચાર પો'ર તરવાર ચલાઈ.*

[પાણીનો તરસ્યો ટાઢાણો કાઠી દુશ્મનોના લશ્કરમાં પહોંચ્યો. એની વાત સાંભળીને બાબારાવે હલ્લો કરવાનો હુકમ આપ્યો. તોપો ને બંદૂકો છૂટી.]

*ધજવડ વાળો તોરણ ધરિયો, ફેરા ચાર ચોરીમાં ફરિયો,*
*કાળો ખુમો અણવર કરિયો, વર નાજો અપસરને વરિયો.*

[એ નાજો ખાચર કેમ જાણે યુદ્ધરૂપી લગ્ન કરતો હોય! તરવારનાં જાણે તોરણ બંધાયાં. પોતાના અણવર તરીકે એણે કાળા ખુમાણને રાખ્યા અને આખરે મરીને એ વરરાજા નાજો ખાચર અપ્સરાઓની સાથે વર્યો. (ધજવડ = તરવાર)]

*એકલવેણો વૈકુંઠ આયો, લાડરખાન જાનૈયા લાયો,*
*મોતીરો હરિએ થાળ મંગાયો, વે સખીએ નજરાજ વધાયો.*

[એકવચની એ શૂરવીર વૈકુંઠમાં જાન જોડીને ગયો. પોતાની સાથે મરેલા શૂરવીર જાનૈયાને સાથે લઈ ગયો. સ્વર્ગમાં પ્રભુએ મોતીનો થાળ મંગાવ્યો ને લક્ષ્મીજીએ વરરાજા નાજા ખાચરને પોંખ્યો.]

## ઓઢો ખુમાણ

**આં**સોદર ગામની ડેલીમાં ચોપાટની કોર ઉપર બેઠાં દરબાર ઓઢો ખુમાણ દાતણ કરે છે. પ્રભાતમાં 'કરણ મહારાજનો પહોર' ચાલે છે. બરાબર એ જ ટાણે પરગામથી કોઈ એક બાઈ પોતાની સાથે એક પંદર વરસના કિશોરને આંગળીએ વળગાડી ડેલીમાં થઈને ગઢની અંદર આઈને ઓરડે ચાલી ગઈ.

"ભગા ડેર!" ઓઢા ખુમાણે આ અજાણ્યાં પગલાં ઉપરથી વહેમાઈને પોતાના ચાકરને કહ્યું: "જાવ, તપાસ કરો, કોણ મહેમાન આવ્યાં છે?"

ભગો ડેર ઓઢા ખુમાણનો વફાદાર જોદ્ધો હતો. ઓરડે જાય ત્યાં તો નવા આવનાર બાળકને આઈ પોતાના ખોળામાં લઈને બેઠેલાં છે, એને મોઢે ને માથે પંપાળી રહ્યાં છે, અને વડારણ આખી વીતક વાર્તા સંભળાવે છે:

"માડી! આ દીકરા પાલિતાણા દરબાર નોંઘણજીના કુંવર થાય, એમનું નામ ઉન્નડજી. અટાણે એમના કાકા અલ્લુજી ગાદીએ ચડી બેઠા છે, અને કુંવરને મારવાનો મનસૂબો કરે છે. આ બાતમી અમારા કાને પડી. મા બિચારાં ફફડી હાલ્યાં, દીકરો કોને જઈ સોંપવો? અલ્લુજીની ધાકના માર્યા કોણ સાચવે? અને પૈસાને લોભે દગોય કોણ ન રમે? આઈ! એકાએક મારાં માને આપા – ઓઢો ખુમાણ – સાંભર્યા. એણે મને કહ્યું કે 'આપો મારા જીભના માનેલ ભાઈ બરોબર છે. એના ખોળામાં મારો ઉન્નડ આશરો પામશે. જા, ઝટ આપાને સોંપી દે. વીરને કે'જે કે બોન ઓળખતી-પાળખતીયે નથી, તોય 'ભાઈ' કહીને ભાણેજનાં રખવાળાં ભળાવે છે."

વાત સાંભળીને ઓઢા ખુમાણનાં ઘરવાળાં બાઈનું અંતર ભીનું થઈ ગયું. ઉન્નડજીને હૈયા સમો દાબી લીધો અને પાછું વડારણને પૂછ્યું: "તયીં

બાપ, તમે એકલાં કાં આવ્યાં? માને કેમ ન લાવ્યાં?''

''અરેરે આઈ! મા તો અલ્લુજીની કેદમાં કે'વાય. જરાક જાણ થાય તો અલ્લુજી નીકળવા જ શેના આપે? હું તો અધરાતે આ દીકરાને લઈને છાનીમાની નીકળી આવી, તે રસ્તામાંય ધરતી અમને માકારો કરતી'તી.''

''કેમ?''

''કેમ શું? રસ્તે રૂપાવટી ગામ આવ્યું. રૂપાવટીમાં કાકો ભગતસંગ રહે. ત્યાં કુંવર સાટુ હજામ હોકો ભરવા ગયો. કાકાને ખબર પડી કે ઉન્નડજી ભાગી જાય છે. અલ્લુજી તો ઊગતો સૂરજ! એને પૂજવાનું કોણ ભૂલે? કાકાએ હોકામાં સોમલ ભેળવેલી તમાકુ ભરાવી. હજામ પીતો પીતો આવ્યો, અને થોડી વારમાં તો માર્ગે ઢળી પડ્યો. ભગવાનનાં રખવાળાં તે કુંવર બચી ગયા. માંડ આંહીં તમારે ખોળે પહોંચ્યાં છીએ. આઈ! મારાં માને માથે તો વળી હવે થવાની હોય તે ખરી!''

''ભગા ડેર!'' આઈએ કહ્યું: ''કુંવર ઉન્નડજીને ડેલીએ તેડી જાવ, અને કાઠીને કે'જો કે આખ્યુંનીય ઓળખાણ વિનાની રજપૂતાણીએ વિશ્વાસે વીરપહલી માગેલ છે. સાચા ધરમ-ભાઈને શોભે તેવું કરી દેખાડજો.''

દાતણની ચીરોને ધરતી પર મેલીને મોઢું ધોઈ જેમ ઓઢા ખુમાણે ઊગતા સૂરજ સામા હાથ જોડ્યા અને સ્તુતિ કરી કે –

*ભલે ઊગા ભાણ! ભાણ તુંહારાં ભામણાં,*
*મરણ જીયણ લગ માણ, રાખો કાશપરાઉત!*

તેમ કુંવરને આંગળીએ વળગાડીને ભગો ડેર ચોપાટમાં આવ્યા, ઓળખાણ આપી. અને વડારણે કહેલી આખી વાત વર્ણવી, તેમ તો ઓઢા ખુમાણની છાતીમાં ગર્વભરી ભક્તિ ઊભરાઈ. એ બોલ્યા: ''આવ્ય, બાપ ઉન્નડ, આવ્ય તને પાલિતાણાની ગાદી ઉપર બેસાડું.'' એમ કહીને કુંવરને પોતાના ખોળામાં બેસાડ્યો.

એ વખતે ત્યાં મહેમાન બનીને આવેલા એક ખુમાણના મોંમાંથી અટ્ટહાસ્ય નીકળી ગયું.

ઉન્નડજી તો કૂદીને ઓઢા ખુમાણના ખોળામાં ચડી બેઠો. પણ ઓઢા

ખુમાણની આંખ મહેમાન તરફ ફરી; એણે પૂછ્યું: "કેમ મેરામભાઈ! તમારા હસવાનો મરમ શું છે?"

"મરમ બીજો શું? તમારે કહ્યે કાંઈ ત્યાં ખોળામાં પાલિતાણાની ગાદી આવી પડે છે, ઓઢા ખુમાણ! એ તો એમ બોલાય, પણ ભાયડા હોય તે વિચારીને બોલે."

ઓઢો ખુમાણ જરી ઝાંખા પડ્યા; પછી કડવો ઘૂંટડો પીધો હોય તેમ બોલ્યા: "ખરું છે, મેરામભાઈ! લ્યો ત્યારે આ ખોળામાં જ ઉન્નડજીને બેસાડી રાખી પરબારા પાલિતાણાની ગાદી ઉપર ન બેસાડું ત્યાં સુધી આંસોદરનું પાણી હરામ છે." એમ કહીને પડખે પડેલા લોટામાંથી અંજલિ ભરીને નીચે ઢોળી, ચોપાટમાંથી ઊભા થઈ ગયા અને હુકમ કર્યો: "લાવો મારી ઘોડી."

ઘોડી પર બેસી, અંગે હથિયાર ધરી, ઓઢો ખુમાણ ચાલી નીકળ્યા. ખોળામાં કુંવર ઉન્નડજી બિરાજે.

પોતાનાં બાર ગામની અંદર સંદેશા પહોંચ્યા કે 'એક સો, એક સો ઘોડેસવાર આવીને આજ રાતે મને પાંચતોબરાને પાદર ભેગા થાય.' એ પ્રમાણે બારસો શસ્ત્રધારી યોદ્ધાનાં ઘોડાં આવીને પાંચતોબરામાં હણહણી ઊઠ્યાં. રાતને ત્રીજે પહોરે ચીબરી બોલી, એ ચીબરીની ભાષા પારખીને સાથેનો શુકનાવળી મેર બોલ્યો: "આપા, જો અત્યારે ઘોડાં ઉપાડો તો શુકન કહે છે કે એક પણ જોદ્ધાને એક છોઈ ફાડ પણ ઈજા નહિ થાય. વિના જખમે પાલિતાણું લેવાશે."

ફોજ ચડી ચૂકી. પોહ ફાટતાં પાલિતાણાને પાદર પહોંચ્યા. દરવાજો ખૂલ્યો કે તરત જ તમામ પાલિતાણાની અંદર પેસી ગયા અને ધીંગાણું આદર્યું. રાજના અમીરોએ, પ્રજાજનોએ, અને સૈનિકોએ ઓઢા ખુમાણના ખોળામાં ઉન્નડજીને બેઠેલા દીઠા એટલે તમામ ખસી ગયા. તમામ સમજી ગયા કે આ યુદ્ધ સ્વાર્થનું નથી, પોતાના બાળરાજાના હિતનું છે. કોઈએ સામાં શસ્ત્ર ન ઉગામ્યાં.

પણ દરબારગઢની ડેલી પર કેસરી ભાથી નામનો એક રજપૂત પોતાના એંશી ઘોડેસવારોને લઈને સામે ઊભો રહ્યો. ઓઢા ખુમાણે એને

બહુ સમજાવ્યો: "કેસ ર, હું પાલિતાણાના ધણીની ખાતર આવ્યો છું. મારે પાલિતાણાનો દાણોય ન ખપે. તું ખસી જા."

"આપા ઓઢા ખુમાણ! આજ આ બુઢ્ઢા દાંતની અંદર અલ્લુજીનું અન્ન ભર્યું છે. હું રજપૂત છું; એક ભવમાં બે ધણી નહિ કરું." કેસર ભાથીએ ઓવો જવાબ દઈને અવતાર દીપાવ્યો.

ધીંગાણું જામ્યું. બન્ને બાજુ શૂરવીરો હતા; કેસરના જોદ્ધા કપાવા લાગ્યા; ઓઢાના આદમીઓ પણ ઊડવા લાગ્યા. સહુ જુદ્ધમાં તલ્લીન છે, કોઈનું ધ્યાન નથી; તેટલામાં માઢ માથેથી અલ્લુજી દેખાણો. હાથમાં પ્રચંડ સાંગ હતી તે અલ્લુજીએ બરાબર ઓઢાની ઉપર તાકીને ફેંકી. પલવારમાં ઓઢો અને કુમાર ઉન્નડજી બંનેનો જીવ નીકળી જાત; પણ નિમકહલાલ ભગા ડેરે જોયું કે પોતાનો ધણી અને પાલિતાણાનો ધણી બેય ઊડશે! એણે પોતાનો ઘોડો મોઢા આગળ નાખ્યો. ઉપરથી પડતી સાંગ એની છાતી ચીરી જમીનમાં પેઠી; પોતાનો માલિક બચી ગયો. એ બધું પલમાં બન્યું. અલ્લુજી હથિયાર વિનાનો થઈ પડ્યો. ઓઢાએ ભાલાનો ઘા કર્યો. અલ્લુજીની ખોપરી ફાડીને ભાલું પાછું વળ્યું.

એ જ દિવસે દરબાર ભરીને ઓઢા ખુમાણે કુંવર ઉન્નડજીને પાલિતાણાના તખ્ત ઉપર બેસાડ્યો અને બંદીજનોએ ઓઢા ખુમાણને બિરદાવ્યો કે –

*ઘાટોડે ઘડિયો, તુંને લૂણ તણા,*
*માટીઆઈએ માણા, એતી જ હૂતી ઓઢિયા.*

[હે લૂણા ખુમાણના દીકરા ઓઢા ખુમાણ! તને જ્યારે પ્રભુરૂપી કુંભારે (ઘાટોડે) ઘડ્યો ત્યારે એની પાસે બસ એટલી જ, તને બનાવવા પૂરતી જ, માટી (મરદાનગીરૂપી) રહી હતી. તે પછી એણે શૂરવીરો સર્જ્યા જ નથી.]

# વાળાની હરણપૂજા

હરણાંનાં ટોળાં હાલ્યાં જાતાં હોય, પણ સોરઠનો વાળો કાઠી કે વાળો રજપૂત એના ઉપર ઘા કરતો નથી. વાળાની સીમોમાં એ સુંવાળાં પશુ નિર્ભયપણે ચારો કરે છે. એનો શિકાર કરવા આવનારને સાચો વાળો રજપૂત પ્રાણ સાટે પણ ગોળી છોડવા દેતો નથી. વાળો હરણાંને પૂજે છે. જૂના કાળમાં હરણાંએ એના વંશ સાટુ જીવ દીધા હતા.

વાત એમ બોલાતી આવે છે કે પાદશાહની કચેરીમાં કોઈ ચાડીલો ચારણ હોડ વદી બેઠો. પાદશાહ બોલ્યા: "હસીને માથાં ઉતારી દેનારા રજપૂતો હવે મરી ખૂટ્યા."

ચારણે જવાબ ચોડ્યો: "પાતશાહ! તમને ખબર જ નથી. રજપૂતકુળ હજી જીવે છે. એવા પડ્યા છે કે એક સામટા સાત દીકરાનાં શિર વધેરી લ્યો તોય હસતાં હસતાં સાતેયનાં મોત ઓળઘોળ કરે, અને સાતેયની આંખો પગ હેઠળ ચાંપે. આંખમાંથી એક આંસુય ન દડવા દ્યે."

ચારણનો ગર્વ પાદશાહથી ખમાયો નહિ. કચેરીના લોકો પણ આ બોલને વણતોળ્યા સમજીને દાંત કાઢવા લાગ્યા. ચારણે ફરી વાર પડકાર્યું: "સાત-સાત દીકરાની આંખ્યું હસતાં હસતાં પગ હેઠળ ચાંપનારા હઠાળા રજપૂતો પડ્યા છે. અને પાદશાહ! વખનાં પારખાં ન હોય. દાંત કાઢીને કોઈ રજપૂતોને બદનામું દ્યો મા, બાપ!"

ચારણની ફૂલ્ય દેખીને ચડસે ચડેલો પાદશાહ પૂછે છે: "એવો કોઈ રજપૂત ન મિલે તો? તો ગઢવા, તમે શું હારો?"

"હું હારું મારા પંડના દીકરા."

"ઠીક, ચારણ! આજથી તમારા દીકરાને અમારી અટકાયતમાં લેખજો. આજથી છ મહિનાની અવધ આપું છું. લઈ આવો એવા રજપૂતને

એના સાતેય દીકરા સોતો, અને શર્ત પાળી બતાવો. રજપૂત ને હું બેય પાસે રમીએ: એના સાતેય દીકરાનાં ડોકાં ઊડે: ને રમતો રમતો બાપ એની આંખો ચાંપે; ફેર પડે તો તારા દીકરાને પણ જલ્લાદ પાસે કપાવું. જા, ગોતી આવ."

સાતેય પુત્રોને બંદીખાને સોંપી ચારણ ચાલી નીકળ્યો. ગામોગામ ને રાજ્યેરાજમાં આથડે છે. ક્ષત્રિયોની પાસે એકસાથે સાત-સાત પુત્રોનાં માથાંનો સવાલ કરે છે. જે સાંભળે છે તે હાહાકાર કરી ઊઠે છે. પેટના દીકરાને કપાવી નાખવાનું કોનું હૈયું કબૂલે?

ગઢવી કાઠિયાવાડના વળા ગામમાં આવી પહોંચ્યો. એ ગામમાં વાળો રાજ કરે. વાળાએ ચારણનો સવાલ સાંભળીને સાતેય દીકરાને બોલાવ્યા.

સાતેય જણે શિર ઝુકાવ્યાં. બાપુનો બોલ માથે ચઢાવ્યો. સાતેય હસીને બોલી ઊઠ્યા: "બાપુ, એમાં આવડી બધી સમજાવટ શા કારણે?"

સાત દીકરાને અને એના પિતાને સાથે લઈ ચારણ દિલ્હી નગરમાં મુદત પહેલાં એક જ દિવસે આવી પહોંચ્યો. કચેરીમાં જઈને હાકલ કરી: "જય હો ક્ષત્રી જાતનો!"

પાદશાહ તાજુબ બન્યો. પણ એટલેથી ઠગાય તેવો તે પાદશાહ ન હતો. એણે સાતેય ક્ષત્રીપુત્રોને બોલાવી કહ્યું: "આ મશ્કરી ન સમજતા. કાલ સવારે તમારાં માથાં આ કચેરીમાં ટીંગાતાં હશે."

સાતેય જણાએ જવાબમાં ફક્ત હસ્યા જ કર્યું.

પાદશાહે ફરી ફાંફાં માર્યાં: "બેવકૂફ બાળકો, વિચાર કરો." રજપૂતોએ હસ્યા જ કર્યું. વાળા દરબાર તરફ જોઈને ખુન્નસભર્યાં નેત્રે પાદશાહ બોલ્યા: "દરબાર, દાન દેવાની રીત જાણો છો?"

"જાણું છું; છતાં ફરમાવો."

"જુઓ, દાન દેતી વખત ખુશાલી રાખવી પડશે. દાતાનો એ ધર્મ છે કે કચવાતે દિલે દાન ન દેવાય, કેમ કે મંજૂર ન થાય."

"ક્ષત્રીને એમાં કાંઈ નવું નથી."

"સુણો, સુણો, કાલે સવારે આ મેડી ઉપર એક પછી એક તમારા બેટાઓનાં ડોકાં પર તરવાર પડશે. એ અવાજ તમે સાંભળશો; એ

સાંભળતાં સાંભળતાં મારી સાથે તમારે ચોપાટ ખેલવી પડશે. તમારા બેટાની એક પછી એક બબ્બે આંખો હાજર થશે. તેને તમારે હસતે ચહેરે તમારા પગ નીચે ચગદવી પડશે. એ દરમ્યાન જો આંખમાં જરા પણ પાણી દેખાશે, અવાજમાં જરા પણ દુઃખ દેખાશે, રમતમાં જરા પણ શરત ચુકાશે કે એક નિસાસો પણ નીકળશે, તો એ દાન ફોક થશે, ને હું ચારણના દીકરાનો પણ જાન લઈશ.''

''સુખેથી, પાદશાહ, સુખેથી.''

બીજે દિવસે સવાર પડ્યું. કચેરીમાં મેદની માતી નથી. ચોપાટ મંડાઈ. ખડખડાટ હસીને વાળાએ પાસા રોડવ્યા. સાથોસાથ પાદશાહનો હુકમ છૂટ્યો: ''ચલાવો કતલ!''

'ચલાવો કતલ!'નો પોકાર પડતાં તો સાત ક્ષત્રીપુત્રોમાંથી મોટેરાને ઉપાડી મેડી પર લઈ ગયા. ઉપલી મેડી પર 'ધડાક' એવો અવાજ થયો. જાણે એક માથું પડ્યું. બે ઘડીમાં તો બે મોટી મોટી આંખો અને સાથે ચારણનો એક દીકરો દરબારની પાસે હાજર થયો. પાદશાહ કહે: ''લ્યો દરબાર, આ તમારા મોટા દીકરાની આંખો.''

દરબારે એ બે આંખોને પગ નીચે ચગદી. છૂટેલા ચારણપુત્રને માથે હાથ મેલ્યો. ને ખુશખુશાલ દિલે હસતાં હસતાં ચોપાટ આગળ ચલાવી.

બીજી વાર ધડાકો, લોહીની નીકો અને પોતાના બીજા બેટાની આંખો. બાપ આંખોને ઓળખી ઓળખીને ચગદતો જાય છે. છૂટેલા ચારણપુત્રને આશીર્વાદ દઈ રમત ખેલતો જાય છે. એની આંખમાં આંસુ નથી. મોંમાં નિઃશ્વાસ નથી, અંતરમાં ઉદાસી નથી.

એમ છ દીકરાની જીવનલીલા પૂરી થઈ ગઈ. પાદશાહના ચહેરા પરથી નૂર ઊડી ગયું.

ત્યાં તો સાતમો ધડાકો થયો, અને દરબારના હાથમાં આંખો આવી પહોંચી. બાપે એ કચરી નાખી, પણ ઓચિંતાં એની આંખમાંથી બે આંસુ દડી પડ્યાં.

''બસ. ખલાસ!'' પાદશાહ ઊકળીને તાળીઓ પાડતો પોકારી ઊઠ્યો. ''તમારી સખાવત ફોક ગઈ. પકડો એ સાતેય ચારણોને, ને ઉડાવી

દ્યો સાતેયનાં ડોકાં!"

વાળો રજપૂત ગરીબડો બનીને કહે: "પાદશાહ, પહેલાં મારી કથા સાંભળી લ્યો. હું રોઈ પડ્યો, તે મારા દીકરાને માટે નહિ."

"ત્યારે?"

"આ નાનેરો બાળ મારો નથી. એ પરાયો દીકરો છે. મને વિચાર આવ્યો કે અરેરે! આ તો એક માણસનો જીવ ઉગારવા બીજા એક પરાયા બાળકને મારવું પડ્યું. મારે એક વધુ દીકરો હોત તો પારકા પેટની હત્યા ન થાત. એવા ખેદથી જ મારાથી રોઈ જવાયું. હું સૂરજની સાખે કહું છું."

"આ સાતમો દીકરો તમારો નહોતો?"

"સમજાવું. મારે છ જ દીકરા હતા. એક દિવસ પરોઢિયે હું ગામને પાદર દિશાએ ગયો: ત્યાં એક બાળકનું રોવું કાને પડ્યું. જોઉં તો વડલાના પોલાણમાં તાજું જન્મેલું એક બચ્ચું સૂતેલું અને ડોકમાં એક ચિઠ્ઠી બાંધેલી. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે 'આ ચારણનો બાળક છે, એના બાપને જોશીએ કહેલું કે દીકરાનું મોં જોઈશ તો આંધળો થઈશ. અમારું મવાડું અહીં નીકળેલું. અહીંયાં બાળક અવતર્યો એટલે એને આંહીં રેઢો મૂકીને અમે ચાલ્યાં જઈએ છીએ.[1] ચારણ છે. બચાવશો તો પુણ્ય થશે.' આ બાળકને હું ઘેર લાવ્યો. ઉછેરીને મોટો કર્યો. જગતે જાણ્યું કે એ મારો જ દીકરો છે. જહાંપનાહ, આજ રોઉં છું, કારણ કે એક દીકરાની ખોટે આજ એ નાનેથી ઉછરેલા એક પારકા દીકરાનો પ્રાણ ગયો."

"શાબાશ! શાબાશ! ગભરાશો નહિ. નથી એ ચારણ મર્યો, કે નથી મર્યો તમારો એકેય દીકરો."

"અરે પાદશાહ, હવે મશ્કરી શીદ કરો છો?"

"પહેરેગીર! સાતેય દીકરાને હાજર કરો."

મેડી ઉપરથી સાતેય દીકરા આવી ઊભા રહ્યા.

"ક્ષત્રિય બચ્ચા! પાદશાહ લોહીનો તરસ્યો નથી. એને કસોટી કરવી હતી."

---

1. હજુ પણ એ રેઢા મુકાયેલા ચારણ-પુત્રના વંશજો 'રેઢ' નામ ધરાવે છે.

''ત્યારે આ આંખો કોની? મારા દીકરાને બદલે કોણ મર્યું?''

''સાત હરણાં.''

''આજથી એ પરગજુ હરણાં મારે ને મારા તમામ વંશજોને પૂજવાનાં પ્રાણીઓ બન્યાં.''

કચેરીમાં પાદશાહે પિતા-પુત્રોને ઊંચા સરપાવ બક્ષ્યા, તેની બેસુમાર તારીફ કરી અને પાછા કાઠિયાવાડ વળાવ્યા.

# ચાંપરાજ વાળો

**મો**ટું ભળકડું હતું. હબસીના મોઢા જેવું અંધારું હતું. ક્યાંઈક ક્યાંઈક વીજળીના સળાવા થતા હતા. તેમાં ભાદરનું ડહોળું પાણી કોઈ જોગણના ભગવા અંચળા જેવું દેખાતું હતું.

એ અંધારે જેતપુર ગામમાં હાલ જ્યાં 'ચાંપરાજની ડેલી' નામે ઓળખાતો ખાંચો છે, ત્યાંની દરબારી ડોઢીની નાની બારી ઊઘડી અને જુવાન રજપૂત ચાંપરાજ વાળો[1] જંગલ જવા નીકળ્યો. એક હાથમાં પોટલિયો છે, બીજો હાથ બગલમાં દાબેલી તરવારની મૂઠ ઉપર છે. અંગે ઓઢેલો કામળો વરસાદના ઝીણા ઝીણા ઝરમરિયા છાંટા ઝીલતો આવે છે.

એકાએક રજપૂત ભાદરની ભેખડ ઉપર થંભી ગયો. કાન માંડ્યા. આઘેઆઘેથી કોઈ રોતું હોય ને ભેળું કોઈ ગાતું પણ હોય એવા સૂર સંભળાય છે. કોઈ બાઈ માણસનું ગળું લાગ્યું.

'નક્કી કોક નિરાધાર બોન-દીકરી!' એમ મનમાં બોલીને ચાંપરાજે પગ ઉપાડ્યા. તરવાર બગલમાંથી કાઢીને હાથમાં લઈ લીધી, કાકોંટી છોડી નાખી, અવાજની દિશા બાંધીને એકદમ ચાલ્યો. થોડેક ગયો ત્યાં ચોખ્ખું, ચોધાર રોણું સંભળાણું. વીજળીને સબકારે બે ઓળા વરતાણા.

"માટી થાજે, કુકર્મી!" એવી હાકલ દેતા ચાંપરાજે નદીની પલળેલી ભેખડો ઉપર ગારો ખૂંદતાં ખૂંદતાં દોટ દીધી. નજીક ગયો, ત્યાં ઊભો રહી ગયો. કોઈ આદમી ન દીઠો. માત્ર તેજના બે ઓળા જ દેખ્યા. અંગ ચોખ્ખાં ન દેખાણાં, પણ હતી તો સ્ત્રીઓ જ. એક ગાય છે ને બીજી રુએ છે.

"કોણ, ચાંપરાજ વાળો કે?" ગાતા ઓળાએ મીઠે કંઠે પૂછ્યું.

"હા, તમે કોણ બાઈયું? અટાણે આંહીં શીદ કલ્પાંત કરો છો?"

1. વાળા રજપૂતો વટલીને કાઠી થયા પહેલાંની આ વાત હોવાનો સંભવ છે.

"ચાંપરાજ વાળા! બીશ નહિ કે?"

:"બીઉં શીદ? હું રજપૂત છું."

"ત્યારે અમે અપસરાઉં છીએ."

"અપસરાઉં! આંહીં શીદ?"

"આંહીં કાલે સાંજે જુદ્ધ થાશે. આ ભાદરમાં રુધિર ખળકશે."

"તે?"

"એમાં મોખરે બે જણ મરશે. પહેલો તારો ઢોલી જોગડો; ને બીજો તું ચાંપરાજ વાળો. એમાં પહેલા મરનાર સાથે આ મારી મોટેરી બે'નને વરવું પડશે, એટલે ઈ કલ્પાંત કરે છે; ને બીજા મરનાર ચાંપરાજને મારા હાથથી વરમાળા રોપવાની છે; તેથી હું ધોળમંગળ ગાઉં છું."

ભળકડું વેગે વહી જવા લાગ્યું ને બેય ઓળા સંકોડાવા મંડ્યા. રુદનના સૂર અંધારામાં તૂટતા તૂટતા હીબકાં જેવા બનવા લાગ્યા. થડક છાતીએ ચાંપરાજ પૂછે છે: "હે અપસરા! મારે પાદર જુદ્ધ કેવું? મેં તો કોઈ હારે વેર નથી કર્યાં. વસ્તી ને રાજા વચ્ચે વહાલપ વર્તે છે."

"ચાંપરાજ! આંહીં દલ્લીનું કટક ઊતરશે. હાલ્યું આવે છે, માર માર કરતું. એક જણને પાપે તારું આખું પાટ રોળાય છે."

"કોણ એક જણ? શું પાપ?"

"તારો મોચી: એને કોક જોગીએ રાજી થઈ વરદાન માગવાનું કહ્યું: કમતિયા મોચીએ માગ્યું કે 'હું ચિંતવું તે હાજર થાય.' બોલે બંધાયેલ જોગીએ તપસ્યા વેચીને એક દીવી ઉતારી મોચીને દીધી, કહ્યું કે 'જા, ગમાર! પ્રગટજે. ચાર દૂત નીકળશે, કહીશ તે કરશે. કૂડ માગીશ તો તારું નગર રોળાશે.' "

"પછી?"

"પછી તો, ચાંપરાજ! મોચીડે મધરાતે દીવી પ્રગટી. ચાર ફિરસ્તા નીકળ્યા. કામીએ માગ્યું કે દિલ્હીની શાહજાદીને પલંગ સોતી આણો!"

ચાંપરાજના હૈયામાંથી અંધારે નિસાસો પડ્યો.

"પછી તો, ચાંપરાજ! રોજ રાતે શેજાદીને પલંગ સોતી મંગાવે. ફૂલ જેવી શેજાદી ચામડાંની દુર્ગંધે જાગી જાય, મૃગલાં જેવી આંખો ઉઘાડીને

ચકળવકળ ડોળા ફેરવે, મૂંઝાય, અકળાય, આંખ્યું મીંચી જાય, મોચી બીને એનાથી અળગો રહે, ભળકડે પાછો પલંગ ફિરસ્તા પાસે દલ્લી પહોંચાડાવે.''

ભળકડું ભાંગવા લાગ્યું. ઓળા ઝાંખા થવા લાગ્યા. વાત કહેનારીનો અવાજ ઊંડો બન્યો: ''એમ કરતાં, ચાંપરાજ! છ મહિને શેંજાદીનું શરીર સુકાણું. હુરમે ફોસલાવી-પટાવી બેટીને હૈયાની વાત પૂછી. દીકરીએ અંતરની વેદના વર્ણવી. પાદશાહને વિગત પાડી. પાદશાહે શીખવ્યું કે 'બેટી! આજ પૂછતી આવજે; કયું ગામ? કયો રાજા? પોતે કોણ? ને નામ શું?' એ પ્રમાણે તે દિવસની મધરાતે મોચીના ઘરમાં આળસ મરડીને શેંજાદી બેઠી થઈ. પૂછ્યું: છ મહિને સુંદરી બોલી તેથી રાજી થઈને મોચીએ નામઠામ દીધાં. એ એંધાણે પાદશાહનું કટક ચડ્યું છે. કાલની રાતે આપણે બેય સુરાપુરીમાં સંગાથે હશું, ચાંપરાજ! માટે હું આજ હરખ ભરી ગાઉં છું.''

એ જ વખતે બીજા ઓળાએ જાણે કે જંટિયાં પીંખ્યાં, ચીસો પાડી. અને પરોઢિયાના ફૂટતા તેજમાં બેયનાં અંગ ઓગળી ગયાં.

ભાદર રોતી રોતી વહેતી હતી. આભની હજારો આંખોમાંથી ઝીણાં ઝીણાં આંસુડાં પડતાં હતાં. ચાંપરાજ આઘે આઘે મીટ માંડીને ભેખડ ઉપર ઊભો હતો અને સાદ પાડીને બોલતો હતો: ''રો મા, રો મા! હું જોગડાને પહેલો નહિ મરવા દઉં!''

❁

પાઘડીનો આંટો લઈ જાણનાર એકેએક જેતપુરીઓ જુવાન ને ઘરડો રજપૂત ડોઢીમાં હલક્યો છે. શરણાઈઓ સિંધુડાના સેંસાટ ખેંચી રહી છે, અને તરઘાયો ઢોલ ધ્રુસકાવતો ઢેઢ જોગડો ઢોલી ઘૂમે છે. જુવાનોની ભુજાઓ ફાટે છે. કેસરિયા રંગનાં રંગાડાં ઊકળે છે.

''ઈ મોચકાને બાંધીને ચીરી નાખો! ઈ કુકર્મીને જીવતો સળગાવી દ્યો!'' દાયરાના જુવાનોએ રીડિયા કર્યા. પણ એ બધાને વારતો ચાંપરાજ ધીરે ગળે કહેવા લાગ્યો: ''બાપ! થવાની હતી તે થઈ ગઈ. એમાં મોચીને માર્યે આજ કાંઈ જુદ્ધ અટકશે? અને ઈ તો ગામ બધાનું પાપ. રાજા ને

રૈયત સહુનું પાપ. નીકર રજપૂતને ગામટીંબે કોઈને આવી કમત્ય સૂઝે જ કેમ? પણ હવે આ જોગડા ઢોલીને શું કરવું છે?''

''બાપ ચાંપરાજ!'' એનો પિતા એભલ વાળો બોલ્યો: ''એ ગા વાળે ઈ અરજણ! વીર હોય ઇ અપસરાને વરે. એમાં નાત્યજાત્ય ન જોવાય. મર જોગડો પેલો પોંખાતો. જેતપુરને ઝાઝો જશ ચડશે.''

''પણ બાપુ! ઓલી સોળ વરસની રંભા આજ ભળકડે કાંઈ રોતી'તી! બહુ જ વહરું રોતી'તી, બાપુ! એનો મનખ્યો ધૂળ મળશે. માટે કહું છું કે જોગડાને કોઠાની માલીકોર આજનો દિવસ પૂરી રાખીએ.''

''ઇ તે કેમ બને, ચાંપરાજભાઈ!'' બીજા જુવાનોએ કહ્યું: ''એનો તરઘાયો વગડ્યા વિના કાંઈ શૂરાતન થોડું ચડવાનું? બીજા હાથની ડાંડી પડ્યે કાંઈ માથાં પડે ને ધડ થોડાં લડે?''

''તો, ચાંપરાજ, હું જુક્તિ સુઝાડું.'' એભલ વાળાએ ધ્યાન પહોંચાડ્યું: ''જોગડાને લઈ જાવ કોઠાને માથે. ત્યાં એના ડિલને દોરડે બાંધી વાળો, હાથ છૂટા રાખો ને હાથમાં ઢોલ આપો. ઊંચે બેઠો બેઠો એ વગાડે, ને હેઠે ધીંગાણું ચાલે. પણ મજબૂત બાંધજો. જોજો, તોડાવી ન નાખે.''

''સાચી વાત છે બાપુની,'' કહીને જુવાનો અંગ કસવા લાગ્યા. કેસરિયાં લૂગડાંનો ઘટાટોપ બંધાઈ ગયો. પિયાલા જેવી તરવારો સજાઈ ગઈ, ગાઢા કસુંબા ઘોળાવા લાગ્યા અને 'છેલ્લી વારની અંજળિયું, બાપ! પી લ્યો! પાઈ લ્યો!' એવા હાકોટા થયા.

તડકો નમ્યો. સૂરજ ધૂંધળો થવા લાગ્યો. ગગનમાં ડમરી ચડતી દેખાણી.

''જો, ભાઈ જોગડા! સામે ઊભું એ પાદશાહનું દળકટક. આપણા જણ છે પાંખા. જેતાણું આજ બોળાઈ જાશે. તુંને બાંધ્યો છે તે આટલા સારુ. ભુજાયું તોડી નાખજે, પણ તરઘાયો થોભાવીશ મા! આ કોઠા સામા જ અમારાં માથાં પડે ને ધડ લડે એવો ઢોલ વગાડ્યે રાખજે!''

શૂરાતને થરક થરક કંપતો જોગડો ઢોલી ચકચૂર આંખે ચાંપરાજની સામે નીરખી રહ્યો. કસકસીને એની કાયા બંધાઈ ગઈ છે. ધ્રૂસાંગ! ધ્રૂસાંગ!

ધ્રૂસાંગ! એની ડાંડી ઢોલ ઉપર પડવા લાગી. અને ડેલીમાંથી વાળા રજપૂતોનું કેસરી દળ દાંતમાં તરવાર લઈ હાથમાં ભાલા સોતું દોટ દેતું નીકળ્યું.

પણ ન રહી શક્યો જોગડો ઢોલી! માથે કસકસાટ બાંધ્યોય ન રહી શક્યો. કાયરને પણ પાણી ચડાવનારી એની બે ભુજાઓમાં કોણ જાણે ક્યાંથી જોમ ઊભરાણું. કોઠા નીચે બેઉ સૈન્યોની ઝીંકાઝીંક મંડાવાને હાં કે ઘડી-બઘડી જાય છે. તરવારોનાં તોરણ બંધાઈ ગયાં છે અને રણઘેલૂડો ચાંપરાજ મોખરે ઘૂમી રહ્યો છે, ત્યાં આંહીં જોગડાની ભુજાઓએ અંગ ઉપરના બંધ તોડી નાખ્યા. ગળામાં ઢોલ સાથે એણે ઊંચા કોઠા ઉપરથી ડિલનો ઘા કર્યો, અને સહુથી પહેલાં એના પ્રાણ નીકળી ગયા. સહુથી પ્રથમ એને મરવાનું સરજેલું હતું તે મિથ્યા ન થયું.

*[1]આગે છેલ્લી ઊઠતો, પેલી ઊઠ્યો પાંત,*
*ભૂપાંમાં પડી ભ્રાંત, જમણ અભડાવ્યું જોગડા! [1]*

[હે જોગડા ઢોલી! તું તો નીચા કુળનો: અગાઉ તો તારે સહુથી છેલ્લી પંગતમાં જમવા ઊઠવાનું હતું, પણ આજ આ યુદ્ધરૂપી જમણમાં તો તેં પહેલી પંગતમાં બેસીને તરવારના ઘારૂપી જમણ જમી લીધું, તેં તો ભૂપતિઓમાં ભ્રાંતિ પડાવી. ભોજન તેં અભડાવી નાખ્યું.]

જોગડો પડ્યો અને ચાંપરાજે સમશેર ચલાવી. કેવી ચલાવી?

*ખાંડા તણો ખડિયે, પોહવ! પારીસો કિયો.*
*કર દીધા કલબે, આડા એભલરાઉત! [2]*

[એ રાજા! તેં તો યુદ્ધક્ષેત્રરૂપી જમણમાં ખાંડાના ઝાટકા પીરસવા માંડ્યા. એટલું બધું પિરસણું કર્યું કે હે એભલના પુત્ર! મુસલમાન જોદ્ધાઓ રૂપી જમવા બેઠેલા મહેમાનોએ હાંઉં! હાંઉં! કરી આડા હાથ દીધા, અર્થાત્ તેઓ તારા શૂરાતનથી ત્રાસી ગયા.]

*સર ગોળી સાબળ તણા, માથે મે થિયા,*
*(તોય) ચાંપો ચાયે ના, ઓળા એભલરાઉત! [3]*

---

1. 'કાનિયો ઝાંપડો' વાર્તામાં તેના દુહા પૂરા આપેલા છે. એ અને આ બન્ને અંત્યજો એક જ છે કે જુદા જુદા તે નક્કી થતું નથી.

[ચાંપરાજના માથા ઉપર તો તીર, ગોળી અને ભાલાંઓનો વરસાદ વરસતો હતો, તે છતાં એ એભલ વાળાનો દીકરો કોઈ ઓથ લઈને એ વરસાદમાંથી ઊગરવા માગતો નથી, અર્થાત્ નાસતો નથી.]

*તું તાળાં આવધ તણી, ચકવત ચૂક્યો ના,*
*શિયો ય તળાપ સદા, અથર્યો ચૂકે એભાઉત! [4]*

[હે એભલ વાળાના પુત્ર! સિંહ જેવો નિશાનબાજ પણ જરાક ઉતાવળો થઈને કદી કદી પોતાની તરાપમાં શિકારને ચૂકી જાય છે: પણ તું તારાં આયુધોનો એકેય ઘા ન ચૂક્યો.]

એ ઊભા થયેલા ધડને જાણે કે છાતીએ નવી આંખો નીકળી. તરવાર વીંઝતું ધડ શત્રુઓનું ખળું કરતું કરતું, ફોજને મોઢા આગળ નસાડતું ઠેઠ લાઠી સુધી હાંકી ગયું. ત્યાં જઈને એ થાકેલું ધડ ઢળી પડ્યું. જુવાન ચાંપરાજ પોતાની વાટ જોનારીની પાસે સુરાપુરીમાં સિધાવ્યો.

જોગડા ઢોલીનો છગો (પાળિયો) જેતપુરના એ કોઠા પાસે છે ને ચાંપરાજની ખાંભી લાઠીને ટીંબે હજુ ઊભી છે. ચાંપરાજ તો ખપી ગયો, પણ પાદશાહના હૈયામાં કેવો ફડકો બેસી ગયો?

*પતશાહે પતગરીયાં નૈ, પોહપ પાછાં જાય,*
*ચાંપો છાબાંમાંય, ઊઠે એભલરાઉત [5]*

[પાદશાહ પાસે પ્રભાતે માલણ ફૂલછાબ લઈને ફૂલો દેવા ગઈ. પાદશાહે પૂછ્યું કે 'શેનાં ફૂલો છે?' માલણ કહે કે 'ચંપો.' 'અરરર, ચંપો!' કરતો પાદશાહ ચમકે છે; 'ચંપો' ફૂલનું નામ સાંભળતાં પણ એને લાગે છે કે ક્યાંઈક ચાંપો (ચાંપરાજ) છાબડીમાંથી ઊઠશે! માલણ પુષ્પોની છાબડી લઈ પાછી ચાલી જાય છે.]

❁

"ના, બાપ એભલ વાળા! એમ હું ઘોડો લેવાનો નથી. ઈ તો ચાંપરાજ વાળો પંડે ભરદાયરા વચ્ચે આવીને દાન કરે તો જ મારે ઘોડો ખપે, નહિ તો હું આંહીં મારો દેહ પાડીશ. હું મૂવાનાં દાન લઉં કાંઈ?"

એભલ વાળાની આંખોમાં પાણી આવ્યાં, હસીને બોલ્યો: "ગઢવા, ગાંડો થા મા. ચાંપરાજ તે હવે ક્યાંથી આવે? મરેલા માણસોને હાથે ક્યાંય

દાન થયેલાં જાણ્યાં છે? અને ચાંપરાજ કહીને ગયો છે કે ઘોડો ગઢવીને દઈ દેજો.''

ચારણ એકનો બે થયો નહિ. એ તો લાંઘણ ઉપર લાંઘણ ખેંચવા લાગ્યો, ચાંપરાજ વાળાને સ્મશાનમાં બાળેલા ત્યાં જઈને બેઠો અને બિરદાવવા લાગ્યો.

આખરે ચાંપરાજ વાળાનું પ્રેત દેખાયું. ચારણને વચન દીધું કે 'જા ગઢવા, સવારે દાયરો ભરીને ઘોડો તૈયાર રાખજે, હું આવીશ.'

ચારણે જઈને દરબારને વાત કરી. દરબાર હસ્યા; સમજી લીધું કે ચારણભાઈથી પેટમાં ભૂખ સહેવાતી નથી એટલે આ જુક્તિ કરી છે. આવી રીતે દાયરો ભરાશે; આપણે જ ચાંપરાજ વાળાને નામે દાન કરી દેશું; ચારણ ફોસલાઈ જાશે; આપણે ચારણ-હત્યામાંથી ઊગરશું. ચારણને વાળું કરાવ્યું.

બીજે દિવસે સવારે દાયરો જામ્યો, ઘોડાને સજ્જ કરી લાવવામાં આવ્યો, ચારણ વાટ જોઈને ઊભો. આખો દાયરો હાંસી કરવા લાગ્યો, સહુને થયું કે આ ભાઈ થોડોક ડોળ કરીને હમણાં ઘોડો લઈ લેશે. ત્યાં તો ઉગમણી દિશા તરફ બધાની નજર ફાટી રહી. સૂરજનાં કિરણોની અંદરથી તેજપુરુષ ચાલ્યો આવે છે. આવીને ઘોડાની લગામ ઝાલી અને ચારણના હાથમાં લગામ મૂકી વણબોલ્યો પાછો એ પુરુષ સૂર્યલોકને માર્ગે સિધાવી ગયો!

'ખમા! ખમા તુંને બાપ!' એવી જય બોલાવીને ચારણ ઘોડે ચડ્યો. આખો દાયરો થંભી ગયો અને ચારણે દુહો કહ્યો —

*કમળ વિણ ભારથ કીયો, દેહ વિણ દીધાં દાન,*
*વાળા! એ વિધાન, ચાંપા! કેને ચડાવીએ? [6]*

[માથા વિના જુદ્ધ કર્યું અને દેહ વિના દાન દીધાં: એવાં બે દુર્લભ બિરદ અમે બીજા કોને ચડાવીએ, ચાંપરાજ વાળા? એ તો એકલા તને જ ચડાવાય.]

❀

મારવાડનો એક બારોટ ચાલતો ચાલતો જેતપુર આવી પહોંચ્યો.

એભલ વાળા પાસે જઈને એણે સવાલ કર્યો: "રજપૂત, હું માગું તે દેશો? તમે તો દાનેશ્વરી ચાંપરાજના પિતા છો."

એભલ વાળો બોલ્યો: "ભલે બારોટ! પણ જોઈવિચારીને માગજો, હાં!"

બારોટ કહે: "બાપા, તમને પોતાને જ માગું છું."

એભલ વાળાને અચંબો લાગ્યો. એ બોલ્યા: "બારોટ, હું તો બુઢ્ઢો છું, મને લઈને તું શું કરવાનો હતો? મારી ચાકરી તારાથી શી રીતે થશે? તેં આ કઈ રીતની માગણી કરી?"

બારોટે તો પોતાની માગણી બદલી નહિ. એટલે એ વૃદ્ધ દરબાર પોતાનું રાજપાટ ચાંપરાજથી નાનેરા દીકરાને ભળાવીને બારોટની સાથે ચાલી નીકળ્યા.

રસ્તે જતાં દરબારે પૂછ્યું: "હેં બારોટ! સાચેસાચું કહેજો; આવી વિચિત્ર માગણી શા માટે કરી?"

બારોટે હસીને કહ્યું: "બાપ, મારવાડમાં તેડી જઈને મારે તમને પરણાવવા છે."

એભલ વાળા હસી પડ્યા ને બોલ્યા: "અરે ગાંડા, આ તું શું કહે છે? આટલી ઉંમરે મને મારવાડમાં લઈ જઈને પરણાવવાનું કાંઈ કારણ?"

બારોટ કહે: "કારણ તો એ જ કે મારે મારવાડમાં ચાંપરાજ વાળા જેવો વીરનર જન્માવવો છે, દરબાર!"

એભલ વાળાએ બારોટનો હાથ ઝાલીને પૂછ્યું: "પણ બારોટ, તારી મારવાડમાં ચાંપરાજની મા મીણલદેવી જેવી કોઈ જડશે કે? ચાંપરાજ કોને પેટે અવતરશે?"

"કેવી મા?"

"સાંભળ ત્યારે. જે વખતે ચાંપરાજ માત્ર છ મહિનાનું બાળક હતો તે વખતે હું એક દિવસ રણવાસમાં જઈ ચડેલો. પારણામાં ચાંપરાજ સૂતો સૂતો રમે છે. એની માની સાથે વાત કરતાં કરતાં મારાથી જરાક અડપલું થઈ ગયું. ચાંપરાજની મા બોલ્યાં: 'હાં, હાં, ચાંપરાજ દેખે છે, હાં!'

"હું હસીને બોલ્યો: 'જા રે ગાંડી. ચાંપરાજ છ મહિનાનું બાળક શું

સમજે?' બારોટ! હું આટલું કહું છું, ત્યાં તો ચાંપરાજ પડખું ફેરવીને બીજી બાજુ જોઈ ગયો. હું તો રણવાસમાંથી બહાર ચાલ્યો આવ્યો, પણ પાછળથી એ શરમને લીધે ચાંપરાજની માએ અફીણ પીને આપઘાત કર્યો. બોલો, બારોટ! આવી સતી મારવાડમાં મળશે?"

નિરાશ થઈને બારોટે કહ્યું: "ના."

"બસ ત્યારે, હાલો પાછા જેતપુર."

*ચાંપો પોઢ્યો પારણે, એભલ અળવ્ય કરે.*
*મૂઈ મીણલદે, સોલંકણ સામે પગે. [7]*

# આઈ કામબાઈ

**જાં**બુડા ગામના ચારણો ઘોડાની સોદાગરી કરતા આઠ મહિના દેશાવર ખેડી ખેડી ચોમાસું ઘરને આંગણે ગાળતા. કંકુવરણી ચારણિયાણીઓ દુઝાણાં વાઝાણાં રાખીને ઘરનો વહેવાર ચલાવતી, ઉનાળાની શીળી રાતે રોજ રોજ રાસડે ઘૂમતી અને ગામનાં, ગામધણીનાં, રામનાં ને સીતાનાં ગીતો ગાતી કે –

*જામ! તારું જાંબુડું રળિયામણું રે*
*પરણે સીતા ને શ્રી રામ*
*આવે રાઘવ કુળની જાન. – જામ૦*

પ્રભાતનો પહોર ઉગમણી દિશામાં કંકુડાં વેરે છે. જાંબુડા ગામની સીમ જાણે કે સોને ભરી છે. તે ટાણે કામબાઈ નામની જુવાન ચારણી કૂવાકાંઠે બેડું ભરે છે. કાળી કામળીમાં ગોરું મોં ખીલી રહ્યું છે. ઉજાગરે રાતી આંખો હીંગળેભરી ભાસે છે. એની આંખો તો રોજની એવી રાતીચોળ રહેતી: લોક કહેતા કે "આઈ તો ચોરાશી લોબડિયાળી દેવિયું ભેળાં રાતે આભામંડળમાં રાસ માંડે છે. એટલે આઈની આંખ્યું રાતિયું રે' છે."

રૂડાં માણસની ઉજાગરે ભરી આંખો રૂડપમાં ઉમેરો કરે છે. માટીના માનવી એ રૂડપના અંગારાને ગુલાબનાં ફૂલ સમજી દોથો ભરવા લોભાયાં છે; ને કંઈક કમતિયા દાઝ્યાં છે.

કૂવાને કાંઠે કામબાઈનું એવું નીતરતું રૂપ નીરખીને એક આદમી ચાલ્યો ગયો. આઈનું ધ્યાન તો સીંચવામાં છે. માથેથી કામળી ખંભે સરી પડી છે. કૂવાના નીરમાં પડછાયો દેખીને એને પોતાનો પરદેશ ગયેલો ચારણ સાંભરે છે. અષાઢની વાદળીઓ આભમાં બંધાતી આવે છે. મોરલા ગળકે છે.

"ગઢવો છે કે ઘરે? ઉઘાડજો!" સાંજની રુંઝ્યો રડી ને દીવે વાટ્યો ચડી તે ટાણે કામબાઈની ખડકી પર કોઈક અજાણ્યો ટૈકો પડ્યો.

"ચારણ તો ભણે ગામતરે ગાં સે, બાપ!" એમ કહેતી ચારણીએ બારણું ઉઘાડ્યું. જુએ તો અજાણ્યો રાજવંશી પુરુષ: ભેળો એક આદમી: સવારે કૂવાકાંઠે નીકળેલો એ જ.

"આઈ, આ જામ લાખો. આપણા નગરના ધણી. ગઢવાની હાર્યે એને આંતરે ગાંઠ્યું છે. જામનાં આદરમાન કરો આજ."

"ખમા બાપ! ક્રોડ દિવાળી –" એટલું જ્યાં જુવાન ચારણી બોલે ત્યાં તો ઓસરીમાં ઢોલિયો પડેલો તે નોકરે ઢાળ્યો અને નગરનો રાજા લાખો તે પર બેસી ગયો; બેસીને બોલ્યો: "ભાભી! દેવતા લાવજો, હોકો ભરીએ."

'ભાભી' શબ્દ સાંભળતાં તો ચારણીના માથામાં ચસકો નીકળ્યો. કોઈ કુહાડો જાણે લમણા પર પડ્યો. કોઈ દિવસ 'ભાભી' શબ્દ સાંભળવાનો એને અનુભવ નહોતો.

દેવતા દીધો. બીજી વાર 'ભાભી' કહી દૂધ માગ્યું. કામબાઈની કાયા ધણેણી ઊઠી. દૂધ દીધું. ત્રીજી વાર 'ભાભી' કહી પાણી માગ્યું; અને ચારણીને એ વેણ ઠેઠ અંતરમાં ઊતરી ગયું. આંહીં ઢોલિયે બેઠેલ રાજાને રૂંવાડે રૂંવાડે કામ પ્રગટ થયો છે. વિકારના અંગારા બળે છે.

"લે બાપ! તારે જે જોતું'તું ઈ બધું!" એમ અવાજ સંભળાયો. સન્મુખ આવીને ચારણી ઊભી રહી. કામળીમાં ઢાંકેલ એક થાળી હાથમાં લીધી છે. કાયા થરથર કંપે છે. "લે! લે! ઝટ!" એમ ફરી ત્રાડ પડી.

"શું!" રાજા ચમકીને બોલ્યો.

"તારે જોતું'તું ઈ બધું!" કહીને કામબાઈએ થાળી ઉઘાડી.

"અરરર! આઈ!" લાખાનો સાદ ફાટી ગયો. થાળીમાં કાપેલા બે થાનેલા (સ્તન) દીઠા.

"ના, ના, ભૂલ્યો! આઈ નહિ, ભાભી!" ચારણી આંખો ઘુમાવતી હસવા લાગી: "લે! લે! લે!"

"એ આઈ! હું ભૂલ્યો! ઘર ભૂલ્યો!" રાજાએ હાથ જોડ્યા.

"અરે હોય નહિ! આ લે! આ લે! આ લે!"

*હું ભેણી ને તું ભા, સગા! આદુનો સંબંધ.*
*કવચન કાછેલા! કિયે અવગણે કાઢિયું! [1]*

[હે રાજા! ચારણી એટલે બહેન: ને તું ક્ષત્રિય એટલે ભાઈ: ચારણ-રજપૂતો વચ્ચેનો આદિથી ચાલ્યો આવતો આ સંબંધ: છતાં, હે કચ્છમાંથી આવેલ જાડેજા રાજા (કાછેલા)! તેં 'ભાભી' એવું કુવચન મારા કયા અપરાધે કાઢ્યું?]

સાંભળીને રાજા ભાગ્યો. પાછળ થાળી સોતી ચારણીએ દોટ દીધી. 'લેતો જા! બાપ, લેતો જા!' એવા સાદ કરતી કામબાઈ પાછળ પડી અને ફરી દુહો કહ્યો:

*સંચેલ ધન ચારણ તણાં, જરશે નહિ જસા,*
*અજરો રે અસા, લોઢું લાખણશિયડા! [2]*

[હે જામ લાખા! આ તો ચારણનાં રૂપ-રૂપી ધન: એ તને નહિ પચે. આ તો લોઢું કહેવાય, એનો તને અપચો થશે.]

જામ ઘોડો દોડાવ્યે જાય છે. નગરમાં પેસી જાય છે. પાછળ ચારણી પડી છે. એના મોંમાંથી દુહો ગાજે છે:

*ચમકપાણ લોહ ઓખદી, પાનંગ વખ પરાં,*
*અમરત ખાધે ન ઊતરે, ચારણ-લોઈ બરાં! [3]*

[લોઢું ન જરે તો તેની ઔષધિ ચમકપાણ નામનો પથ્થર છે. સાપના વિષનું ઔષધ અમૃત છે, પરંતુ અમૃત ખાવાથી પણ જેનું ઝેર ન ઊતરે તેવાં બૂરાં તો ચારણનાં લોહી છે.]

નગરના મહેલમાં જામે સાંભળ્યું કે ચંડિકા સમી ચારણી હજુ તો શરીરના ટુકડા કરતી ને સીમાડે લોહી છાંટતી ચાલી આવે છે. રાજા સામા ગયા. મોંમાં તરણું લઈને બોલ્યા: "માતાજી, મને પારકાએ ભુલાવ્યો. હવે ક્ષમા કરો."

"હું તને માફ કરું છું, પણ એક વાત યાદ રાખજે: આ તારા મહેલની ઓતરાદી બારી કદી ઉઘાડીશ નહિ."

બાર વરસ વીતી ગયાં. જામે બીજી વાર લગ્ન કર્યાં. નવાં રાણીની સાથે પોતે એક દિવસ મહેલમાં બેઠેલા છે.

રાણીએ પૂછ્યું: "દરબાર, ઓતરાદી દશ્યેથી દરિયાના પવનની લહેરો આવે, રળિયામણા દેખાવો જોવાય; છતાં એ જ બારી શા માટે બંધ કરાવી છે?"

"ત્યાં એક ચારણી બળી મૂઆં છે, એની મના છે!"

"કેટલો વખત થયો?"

"બાર વરસ."

હસીને રાણી બોલ્યાં: "ઓહોહોહો! આજ બાર-બાર વરસે કાંઈ એની મનાઈને ગણકારવાની હોય?"

રાણીના આગ્રહથી એ બંધ બારીની ઈંટો કાઢવામાં આવી. સામે જ દરિયાનો વિશાળ ખારોપાટ વરસાદના જળમાં ડૂબેલો પડ્યો હતો. ચોમાસા સિવાયની ઋતુમાં એ ખારાપાટ વચ્ચે પરગામનો કેડો પડતો. બરાબર જાંબુડાથી જે કેડો આવતો હતો તે જ એ કેડો: પણ અત્યારે એ પાણીમાં ડૂબેલો હતો. આઘે આઘે જાણે એ પાણી ઉપર આગ બળતી હતી.

જામ લાખાએ રાણીને બોલાવ્યાં. આંગળી ચીંધી જામે રાણીને કહ્યું: "જુઓ રાણીજી, ઓલી જગ્યાએ પાણીની સપાટી ઉપર ભડકા બળે; ત્યાં એ ચારણ્ય બળી મરેલી."

પણ રાજા જ્યાં આંગળી ચીંધાડવા જાય, ત્યાં તો એ દૂર બળતી જ્વાળા આંગળીને ચોંટી. ઝડ! ઝડ! ઝડ! અંગ આખું સળગી ગયું. રાજા બળીને ખાખ થયો. ચારણોએ ગાયું:

*ચારણ ને ચકમક તણી, ઓછી મ ગણ્યે આગ!*
*ટાઢી હોયે તાગ, (તોયે) લાગે લાખણશિયડા! [4]*

[હે લાખાજી જામ! ચારણની અંદર અને ચકમકની અંદર બેસુમાર અગ્નિ છુપાઈ રહ્યો છે. દેખાવમાં તો ચકમક ઠંડો છે, પણ એની સાથે ઘર્ષણ થાય ત્યારે બાળીને ખાખ કરે તેવા તણખા ઝરે છે. તેવી જ રીતે આ વૃત્તાંતમાં પણ અબોલ અને ઠંડી કામબાઈની અંદર ઊંડાણે આગ બળતી હતી. કોઈ ન સમજે કે એ બાળી શકશે. છતાં ત્યાંથી છૂટીને એ તને વળગી, તને

બાળીને ભસ્મ કર્યો.]

*જૂનો રાફ ન છેડીએ; જાગે કોક જડાગ,*
*જાગી જાડેજા સરે; કામઈ કાળો નાગ. [5]*

[કોઈ રાફડાને જૂનો અને ખાલી સમજીને ઉખેળવો નહિ, કારણ કે એમાંથી કોઈક દિવસ ઝેરી સર્પ નીકળી પડે. જેવી રીતે ચારણ જ્ઞાતિરૂપી જૂના રાફડામાંથી જાડેજાને માથે કામબાઈ કાળા નાગ-શી જાગી.]

# કટારીનું કીર્તન

રાજકોટની રાજગાદી ઉપર મસ્તાના રાજા મેરામણજી રાજ કરે. એની જીભે અને લેખણે જાણે સરસ્વતી હાજરાહજૂર છે. કાવ્યકળાના પોતે સાગર: કચેરીમાં અમીર-ઉમરાવો કરતાં પણ અદકાં આદરમાન કવિઓને આપે. પોતાંની નાનકડી રાજસભામાં પોતે ચાર-પાંચ કવિરત્નોને વસાવ્યાં હતાં: એક તો કવિ દુર્લભરામ વરસડા; બીજા જૈન જતિ જીવનવિજય; ત્રીજો જેસો લાંગો ચારણ; ચોથો પોલો ચારણ; અને પાંચમો એક બાવો. એ પાંચ અને છઠ્ઠા પોતે: છએ મળીને 'પ્રવીણસાગર'નો પ્રેમગ્રંથ લખ્યો. એ ગ્રંથમાં તો વ્યવહારનું ડહાપણમાત્ર વલોવી લીધું. શી કવિતા! શો વ્રજ ભાષાનો મરોડ! શી વિવિધ ભાત્યની વિદ્યા! અને શી વિજોગી નાયક-નાયિકાની હૈયાવીંધણ વાણી! 'પ્રવીણસાગર' રચીને તો કવિઓએ હાથ ધોઈ નાખ્યા છે.

એક દિવસ રાજકોટને પાદર આજીને કાંઠે એક બાવો આવ્યો; ધૂણી ચેતાવી. ધીરે ધીરે માણસોનો ઘેરો થવા માંડ્યો. ગંજેડી-ભંગેડીઓ ગાંજો-ભાંગ પીવા ટોળે મળવા માંડ્યા. રાખમાં રૂપિયા-પૈસા દાટીને બાવો ચમત્કારને નામે ચપટીઓમાંથી રૂપિયા કાઢવા લાગ્યો. નગરની ભોળી તેમ જ નટખટ નારીઓ દોરાધાગા કરાવવા આવતી થઈ.

એક દિવસ એ બાવાએ રાજની બે વડારણોને શીખવ્યું: "તમારા પઠાણ જમાદારની નવી વહુને અને મેરામણજી ઠાકોરને હીણો વહેવાર છે એવી વાત ફેલાવો તો તમને ન્યાલ કરી આપું."

હલકી વડારણો લાલચમાં પડી. ઠાકોરના માનીતા પઠાણ જમાદારના ઘરમાં જતી-આવતી થઈને કૂડી વાત ફેલાવવા લાગી. વાતો સાંભળીને પઠાણ જમાદારને ઝેર ચડવા લાગ્યું.

આ બાવો કોણ હતો? મૂળ સોની હતો. એની સ્ત્રીને પઠાણ જમાદારે

ઘરમાં બેસાડી હતી. સોની વેર વાળવા આવ્યો હતો.

એક દિવસ ઠાકોર મેરામણજી ગામમાં ફરવા નીકળ્યા છે. ગાડીની બાજુમાં પઠાણ ઘોડે ચડીને ચાલે છે. ઓચિંતી ગાડી પઠાણના ઘર પાસેથી નીકળી. પઠાણનો વહેમ વધ્યો.

વડારણો તો લાગ જોઈ પઠાણની મેડીએ પહોંચી ગઈ હતી. એણે મેળ મેળવ્યો. પઠાણની વહુને પૂછ્યું: "બાપુને જોવા છે?"

"ના, બાઈ, પઠાણ જાણે તો જીવ કાઢી નાખે."

"અમે આડી ઊભી રહીએ. તમે સંતાઈને જોઈ લેજો. બાપુ તો આપણાં માવતર કહેવાય."

ગાડી નીકળી ઊંચી બારીમાં બે વડારણો ઊભી છે. વચ્ચેથી પઠાણની વહુ જોવે છે. એમાં ઓચિંતી વડારણો બેસી ગઈ. પઠાણની વહુને ભાન આવે તે પહેલાં તો પઠાણની નજર ઊંચી પડી. એના મનમાં ડાઘ પડી ગયો. ઠાકોર ઉપર એની ખૂની આંખ રમવા માંડી.

ગઢમાં જઈને ઠાકોરે સાંજની મશાલ વેળાની કચેરી ભરી. ભાઈબંધ પડખે જ બેઠા છે, બિરદાવલીઓ બોલાય છે. ત્યાં પઠાણ આવ્યો. 'આવો જમાદાર!' એટલું બોલી ઠાકોર જ્યાં આદર આપે છે, ત્યાં તો પઠાણ કશા પણ ઓસાણ વગરના નિર્દોષ ને નિઃશસ્ત્ર ઠાકોર ઉપર તરવાર ખેંચીને ધસ્યો.

એક જ ઘડી – અને ઠાકોરના દેહ ઉપર ઝાટકો પડત.

પણ પાંપણનો પલકારો પૂરો થાય તે પહેલાં તો આડો એક હાથ દેખાણો. એક કટાર ઝબૂકી. અને કટાર પડી. ક્યાં? પઠાણની પહોળી છાતીમાં. પહાડ જેવડો પઠાણ પડ્યો. ઝબકેલા માણસોને જાણે ફરી વાર જીવ આવ્યો.

ઠાકોરને બચાવનારો એ કટારીદાર હાથ કોનો હતો? જેસોભાઈ ચારણનો. ઠાકોર એને ભેટી પડ્યા: "ગઢવી! તમે મારા પ્રાણદાતા!"

"ખમા બાપને!" ગઢવી બોલ્યા: "હું નહિ, જોગમાયા!"

"ગઢવી, રોણકી ગામ વંશપરંપરા માંડી આપું છું."

"શી જરૂર છે, બાપ? આ કાયા પંડે જ તારે કણે બંધાણી છે."

"પણ જેસા ગઢવી! એક રોણકી દીધ્યે જીવની હોંશ પૂરી થાતી નથી. અંતરમાં કાવ્યની છોળ્યું આવે છે."

એમ કહી ઠાકોરે 'કટારીનું કીર્તન' પરબારું જીભેથી ઉપાડ્યું. શબ્દો આપોઆપ આવતા ગયા અને રૂડી રચના બંધાતી ગઈ:

[ગીત-સપાખરું]

*ભલી વેંડારી કટારી, લાંગા! એતા દી કળાકા ભાણ!*
*સંભારી કચારી માંહી હોવંતે સંગ્રામ.*
*હેમજરી નીસરી વનારી શાત્રવાંકા હિયા*
*અજાબીઆ માગે થારી દોધારી ઇનામ!*

[યુદ્ધકાળમાં અતિ સમર્થ લાંગા! આટલા દિવસ તેં કમરમાં કટારી બાંધી એ આજે સાર્થક થયું. આજ બરાબર સંગ્રામ વખતે જ એને તેં ઠીક યાદ કરી. શત્રુનું હૃદય ચીરીને સોંસરી બહાર નીકળીને તારી અજબ સુવર્ણજડિત બેધારી કટારી કેમ જાણે પોતાના પરાક્રમનું ઇનામ માગતી હોય એવો દેખાવ થયો.]

*પઢ્ઢી અઢ્ઢી આખરાં કી જમ્મદઢ્ઢી કઢ્ઢી પાર*
*ધ્રસઢ્ઢી શાત્રવાં હૈયે રાખવા ધરમ,*
*બંબોળી રતમ્માં થકી કંકોળી શી કઢ્ઢી બા'ર*
*હોળી રમી પાદશારી નીસરી હરમ!*

[તારી કટારી કેવી! જાણે અઢી અક્ષરનો મારણ-મંત્ર![1] જાણે જમની દાઢ! તારો સ્વામીધર્મ સાચવવા તેં એને શત્રુની છાતીમાં ઘોંચીને આરપાર કાઢી. અને પછી જ્યારે લાલ લોહીથી તરબોળ બનાવીને તેં એને પાછી ખેંચીને બહાર કાઢી, ત્યારે એ કેવી દીસતી હતી? જાણે હોળી રમીને લાલ રંગમાં તરબોળ બનેલી બાદશાહની કોઈ હુરમ બહાર નીકળી!]

*આષાઢી બીજલી જાણે ઊતરી શી અણી બેર,*
*મણિ હીરાકણી જડી નખારે સમ્રાથ;*

---

1. એ શંકરનો મહામંત્ર કહેવાય છે. એ મંત્ર 'ચંડીજી'માં છે. એના બળથી ગમે તે માણસને મારી નાખી શકાય એવું માનવામાં આવે છે.

માળીએ હો મૃગાનેણી બેઠી છત્રશાળી માંય,
હેમરે જાળીએ કરી શાહજાદી હાથ :

[કેવી! કેવી એ કટારી! અહો, જાણે અષાઢ માસની વીજળી આકાશમાં ઊતરી હોય! અને લોહીમાંથી રંગાઈને જ્યારે આરપાર દેખાઈ ત્યારે એવું લાગ્યું કે કેમ જાણે કોઈ મહેલને ઝરૂખે બેઠેલી મૃગનયની શાહજાદીએ લાલ હીરાથી જડેલા નખવાળો પોતાનો હાથ સોનાના જાળિયામાંથી બહાર કાઢ્યો હોય!]

કરી વાત અખિયાત, અણી ભાત ન થે કણી,
જરી જાળિયામાં તરી જોવે ઝાંખ ઝાંખ :
શાત્રવાંકા હિયા બીચ સોંસરી કરી તેં જેસા,
ઈસરી નીસરી કે ના તીસરી શી આંખ!

[બીજા કોઈથી ન બને તેવી વાત આજે તેં કરી. ફરી વાર કેવી લાગે છે એ કટારી? જાણે જાળિયામાં બેઠી બેઠી કો રમણી જરી જરી ઝાંખું ઝાંખું નીરખતી હોય: પતિની વાટ જોતી હોય! અહો જેસા! એમાંના એકેય જેવી નહિ પણ, એ તો શંકરની ત્રીજી પ્રલયકારી આંખ જેવી મને લાગી.]

12.

# સાંઈ નેહડી

મધરાત હતી. બારે મેઘ ખાંગા બનીને તૂટી પડ્યા હતા, જગતને જાણે બોળી દેશે એવાં પાણી ઘેરી વળ્યાં હતાં. ઊંચે આભ ભાંગે તેવા કડાકા-ભડાકા, અને નીચે મહાસાગરે માઝા મેલી હોય તેવું જળબંબાકારઃ વચ્ચે ફક્ત ઊંચા ડુંગરાને પેટાળે નાનાં નેસડાં જ અનામત હતાં. અંધારે આશાના ઝાંખા દીવા ઘડીઘડી એ નેસમાંથી ટમટમતા હતા.

સમજદાર ઘોડો એ દીવાને એંધાણે એંધાણે ડુંગરાળ જમીન પર ડાબલા ઠેરવતો ઠેરવતો ચાલ્યો જાય છે. પોતાના ગળે બાઝેલો અસવાર જરીકે જોખમાઈ ન જાય તેવી રીતે ઠેરવી-ઠેરવીને ઘોડો ડાબલા માંડે છે. વીજળીને ઝબકારે નેસડાં વરતાય છે. ચડતો, ચડતો, ચડતો ઘોડો એક ઝૂંપડાની ઓસરી પાસે આવીને ઊભો રહ્યો. ઊંભીને એણે દૂબળા ગળાની હાવળ દીધી.

સુસવાટ દેતા પવનમાં ઘોર અંધારે ઝૂંપડીનું કમાડ ઊઘડ્યું. અંદરથી એક કામળી ઓઢેલી સ્ત્રી બહાર નીકળી, પૂછ્યું : "કોણ?"

જવાબમાં ઘોડાએ ઝીણી હાવળ કરી. કોઈ અસવારનો બોલાશ ન આવ્યો.

નેસડાની રહેનારી નિર્ભય હતી. ઢૂંકડી આવી. ઘોડાના મોં ઉપર હાથ ફેરવ્યો. ઘોડાએ જીભેથી એ માયાળુ હાથ ચાટી લીધો.

"માથે કોણ છે, મારા બાપ?" કહીને બાઈએ ઘોડાની પીઠ ઉપર હાથ ફેરવ્યો. લાગ્યું કે અસવાર છે. અસવાર ટાઢોહીમ થઈને ઢળી પડ્યો છે અને ઘોડાની ડોકે અસવારના બે હાથની મડાગાંઠ વળી છે.

વીજળીનો ઝબકારો થયો તેમાં અસવાર પૂરેપૂરો દેખાણો.

'જે હોય ઈ! નિરાધાર છે. આંગણે આવ્યો છે. જગદંબા લાજ રાખશે.'



રવિશંકર પંડિત

એટલું કહી બાઈએ અસવારને ઘોડા ઉપરથી ખેંચી લીધો. તેડીને ઘરમાં લઈ ગઈ, ખાટલે સુવાડ્યો, ઘોડાને ઓશરીમાં બાંધી લીધો.

આદમી જીવે છે કે નહિ? બાઈએ એના હૈયા પર હાથ મૂકી જોયો; ઊંડા ઊંડા ધબકારા ચાલતા લાગ્યા. સ્ત્રીના અંતરમાં આશાનો તણખો ઝગ્યો. ઝટઝટ સગડી ચેતાવી. અડાયાં છાણાં અને ડુંગરાઉ લાકડાંનો દેવતા થયો. ગોટા ધગાવી ધગાવીને સ્ત્રી એ ટાઢાબોળ શરીરને શેકવા લાગી પડી. ઘરમાં બીજું કોઈ નહોતું.

શેક્યું, શેક્યું, પહોર સુધી શેક્યું, પણ શરીરમાં સળવળાટ થતો નથી. બેભાન પુરુષને ભાન વળતું નથી, છતાં જીવ તો છે. ઊંડા ઊંડા ધબકારા ચાલી રહ્યા છે.

'શું કરું? મારે આંગણે છતે જીવે આ નર આવ્યો, તે શું બેઠો નહિ થાય? હું ચારણ્ય: મારે શંકર અને શેષનાગ સમાં કુળનાં પખાં: અને આ હત્યા શું મારે માથે ચડશે?'

સ્ત્રીનો જીવ મૂંઝાવા માંડ્યો. ઉપાય જડતો નથી. માનવી જેવા માનવીનું ખોળિયું પોતાની સામે મરવા પડ્યું છે.

ઓચિંતો એના અંતરમાં અજવાસ પડ્યો. પહાડોની રહેનારીને પહાડી વિદ્યાનું ઓસાણ ચડ્યું. ઘડીક તો થડકીને થંભી ગઈ.

'ફકર નહિ! દીવો તો નથી, પણ ઈશ્વર પંડે તો અંધારેય ભાળે છે ને! ફકર નહિ. આ મળમૂતરની ભરેલી કૂડી કાયા બીજે ક્યાં કામ લાગશે? અને આ તો મડું છે, મારું પેટ છે, ફકર નહિ.'

જુવાન ચારણીએ પોતાનું શરીર એ ઠરેલા ખોળિયાની પડખે લાંબું કર્યું. કામળીની સોડ તાણી લીધી, પોતાની હૂંફાળી ગોદમાં એ પુરુષને શરીરનો ગરમાવો આપવા લાગી.

ધીરે-ધીરે-ધીરે ધબકારા વધ્યા. અંગ ઊનાં થવા લાગ્યાં, શરીર સળવળ્યું અને સ્ત્રીએ ઊભી થઈ લૂગડાં સંભાળ્યાં. ટોયલી ભરીભરીને એ પુરુષના મોંમાં દૂધ ટોયું.

પ્રભાતે પુરુષ બેઠો થયો. ચકળવકળ ચારેય બાજુ જોવા માંડ્યો.

એણે પૂછ્યું: ''હું ક્યાં છું? તમે કોણ છો, બોન?''

''તું તારી ધરમની બોનને ઘેર છો, બાપ! બીશ મા.''

બાઈએ બધી વાત કહી. આદમી ઊઠીને એના પગમાં પડી ગયો. બાઈએ પૂછ્યું: ''તું કોણ છો, ભા?''

''બોન, હું એભલ વાળો.''

''એભલ વાળો? તળાજું? તું દેવરાજા એભલ!''

''હા, બોન. એ પંડે જ. હું દેવ તો નથી, પણ માનવીના પગની રજ છું.''

"તારી આ દશા, બાપ એભલ?"

"હા, આઈ, સાત વરસે હું આજ મે' વાળી શક્યો!"

"શું બન્યું'તું, ભાઈ!"

"તળાજા માથે સાત દુકાળ પડ્યા, આઈ! મારી વસ્તી ધા દેતી હતી. આભમાં ઘટાટોપ વાદળ, પણ ફોરુંય ન પડે. તપાસ કરતાં કરતાં ખબર પડી કે આખી ભોમ સળગી રહી છે: તેમાં એક કાળિયાર લીલાડું ચરે છે. કાળિયાર હાલે ત્યાં લીલાં તરણાંની કેડી ઊગતી આવે છે ને એનાં શિંગડાંમાંથી પાણીની અખંડ ધાર થાતી આવે છે. આ કૌતુક શું? પૂછતાં પૂછતાં વાવડ મળ્યા કે એક વાણિયાએ પોતાની જારની ખાણો ખપાવવા સાટુ શ્રાવકના કોઈક જતિ પાસે દોરો કરાવી કાળિયારની શિંગડીમાં ડગળી પાડી તેમાં દોરો ભરી, ડગળી બંધ કરી, બારે મેઘ બાંધ્યા છે. એ દોરો નીકળે ત્યારે જ મે' વરસે. સાંભળીને હું ચડ્યો, બોન! જંગલમાં કાળિયારનો કેડો લીધો. આઘે આઘે નીકળી પડ્યો. ડુંગરામાં કાળિયારને પાડીને શિંગડું ખોલાવ્યું, ત્યાં તો મેઘ તૂટી પડ્યો. હું રસ્તો ભૂલ્યો, થીજી ગયો. પછી શું થયું તેની ખબર નથી રહી."

"વાહ રે, મારા વીરા! વારણાં તારાં! વધન્યાં બાપનાં! અમર કાયા તપજો વીર એભલની!"

"તારું નામ, બોન?"

"સાંઈ નેહડી. મારો ચારણ કાળ વરતવા માળવે ઊતર્યો છે, બાપ! સાત વરસ વિજોગનાં વીત્યાં; હવે તો ભેંસુ હાંકીને વયો આવતો હશે. લાખેણો ચારણ છે, હો! તારી વાત સાંભળીને એને ભારી હરખ થાશે, મારા વીરા!"

"બોન! આજે તો શું આપું? કાંઈ જ નથી. પણ વીરપહલી લેવા કોક દી તળાજે આવજે!"

"ખમ્મા તુંને, વીર! આવીશ."

આરામ થયે એભલ વાળો ત્યાંથી ઘોડે ચડીને ચાલી નીકળ્યો.

સાત વર્ષે વરસાદ થયો છે, ડુંગરા લીલુડા બની ગયાં છે. નદીનેરાં જાય છે ખળખળ્યાં. એવે ટાણે ચારણો ઢોર લઈને પરદેશથી પાછા વળ્યા. પોતાના વહાલા ધણીને ઉમળકાભરી સાંઈ નેહડીએ એભલ વાળાની વાત કહી સંભળાવી. ગામતરેથી આવતાં તુરત જ સ્ત્રીને આ પારકા માણસની વાતો ઉપર ઊભરા ઠલવતી દેખી ચારણને ઠીક ન લાગ્યું. એમાં વળી એને કાને પાડોશીએ ફૂંકી દીધું કે 'કોઈ પારકા મરદને તારી અસ્ત્રીએ સાત દી સુધી ઘરની અંદર ઠાંસેલો!'

ચારણના અંતરમાં વહેમનું વિષ રેડાઈ ગયું. પોતાની કંકુવરણી ચારણી ઉપર એ ટાણેકટાણે ખિજાવા મંડ્યો; છતાં ચારણી તો ચૂપ રહીને જ બધાં વેણ સાંભળ્યે જતી. એને પણ વાતની સાન તો આવી ગઈ છે.

એક દિવસ ચારણ ગાય દોવે છે. ચારણીના હાથમાં વાછડું છે. અચાનક વાછડું ચારણીના હાથમાંથી વછૂટી ગાયના આઉમાં પહોંચ્યું. ચારણ ખિજાયો. એની બધા દિવસની રીસ એ સમે બહાર આવી. ચારણીને એણે આંખો કાઢીને પૂછ્યું: "તારા હેતુને કોને સંભારી રહી છો?" હાથમાં શેલાયું (નોંજણું) હતું, તે લઈને એણે સાંઈના શરીર પર કારમો પ્રહાર કર્યો.

ચારણીના વાંસામાં ફટાકો બોલ્યો. એનું મોં લાલચોળ બન્યું. થોડી વાર એ અબોલ ઊભી રહી, પણ પછી એનાથી સહેવાયું નહિ. દૂધના બોઘરામાંથી અંજળિ ભરીને આથમતા સૂરજ સંમુખ બોલી: "હે સૂરજ! આજ સુધી તો ખમી ખાધું, પણ હવે બસ! હદ થઈ. જો હું પવિત્ર હોઉં તો આને ખાતરી કરાવો, ડાડા!" એમ કહીને એણે ચારણ ઉપર અંજળિ છાંટી. છાંટતાં તો સમ! સમ! સમ! કોઈ અંગારા છંટાણા હોય તેમ ચારણને રોમે રોમે આગ લાગી અને ભંભોલા ઊઠ્યા. ભંભોલા ફૂટીને પરુ ટપકવા લાગ્યું. ચારણ બેસી ગયો. નેહડીનાં નેણાં નીતરવા લાગ્યાં.

થોડા દિવસમાં તો ચારણનું શરીર સડી ગયું, લોહી શોષાઈ ગયું. આંસુ સારતી સારતી નેહડી એ ગંધાતા શરીરની ચાકરી કરે છે. આખરે એક દિવસ એક કંડિયામાં રૂનો પોલ કરી, અંદર પોતાના સ્વામીના શરીરને સંતાડી, કંડિયો માથા પર ઉપાડી સતી નેહડી એકલી ચાલતી ચાલતી તળાજે પહોંચી.

રાજા એભલને ખબર કહેવરાવ્યા. રાજાએ બહેનને ઓળખી, આદરસત્કારમાં ઓછપ ન રાખી; પરંતુ બહેનની પાસે કંડિયાની અંદર શું હશે? કંડિયો કેમ એક ઘડી પણ રેઢો મૂકતી નથી? છાનીમાની ઓરડામાં બેસીને કેમ ભોજન કરતી હશે? ઓરડાની અંદર એ ઝીણી ઝીણી વાતો કોની સાથે કરતી હશે? એવી અનેક શંકાઓ રાજાને પડી.

એકાંતે જઈને એણે બહેનના મનની વાત પૂછી.

બહેને કંડિયો ખોલીને એ ગંધાતા અને ગેગી ગયેલા ચારણનું શરીર બતાવ્યું. એભલના મોંમાંથી નિઃશ્વાસ નીકળી ગયો.

''બોન! બાપ! આ દશા?''

''હા બાપ! મારાં કરમ!''

ચારણીએ બધી વાત કહી સંભળાવી.

''હવે કાંઈ ઉપાય?''

''તેટલા માટે જ તારી પાસે આવી છું.''

''ફરમાવો.''

''બની શકશે?''

''કરો પારખું!''

''ઉપાય એક જ, ભાઈ! બત્રીસલક્ષણા પુરુષના લોહીથી આ શરીરને નવરાવું તો જ મારો ચારણ બેઠો થશે.''

''વાહ વાહ! કોણ છે બત્રીસલક્ષણો? હાજર કરું.''

''એક તો તું, ને બીજો તારો દીકરો અણો.''

''વાહ વાહ, બોન! ભાગ્ય મારાં કે મારું રુધિર આપીને હું તારો ચૂડો અખંડ રાખીશ.''

ત્યાં તો કુંવર અણાને ખબર પડી. એણે આવીને કહ્યું: ''બાપું, એ પુણ્ય તો મને જ લેવા દ્યો.''

બાપે પોતાને સગે હાથે જ તરવાર ચલાવી. પેટના એકના એક પુત્રનું માથું વધેર્યું. ચારણીનો સ્વામી એ લોહીમાં સ્નાન કરીને સાજો થયો, એભલે પ્રાણ સાટે પ્રાંણ આપીને કરજ ચૂકવ્યાં.

આજ પણ સાંઈ નેહડીનો ટીંબો તળાજાથી થોડે આઘે ચારણોના

બાબરિયાત ગામ પાસે ખડો છે. અને પિતાપુત્ર એભલ-અણો નીચેના દુહામાં અમર બન્યા છે:

*સરઠાં! કરો વિચાર, બે વાળામાં કયો વડો?*
*સરનો સોંપણહાર, કે વાઢણહાર વખાણીએ?*

[હે સોરઠના માનવી, વિચાર તો કરો. આ એભલ વાળો અને અણો વાળો – બેમાંથી કોણ ચડે? કોનાં વખાણ કરીએ? પોતાનું શિર સોંપનાર બેટાનાં, કે સગા દીકરાનું માથું સ્વહસ્તે વાઢી આપનાર બાપનાં?]

# શૂરવીરની પહેલી મિલન-રાત

[દુહા]

*પે'લો પહોરો રેનરો, દીવડા ઝાકમઝોળ,*
*પિયુ કંટાળો કેવડો, ધણ કંકુની લોળ. [1]*

[મિલન-રાત્રિનો પહેલો પહોર છે. દીવા ઝળહળે છે. સ્વામી કાંટાળા કેવડા સરખો સુંદર અને સુગંધમય દીસે છે. સ્ત્રી જાણે કંકુમાંથી સર્જેલી પૂતળી લાગે છે.]

*દુજો પહોરો રેનરો, વધીઆ નેહસનેહ,*
*ધણ ત્યાં ધરતી હો રહી, પિયુ અષાઢો મેહ. [2]*

[રાત્રિનો બીજો પહોર બેઠો. એ અજાણ્યા યુગલ વચ્ચે પ્રીતડી વધી પડી. પત્ની તૃષાતુર ધરણી સમ બની ગઈ ને પિયુ અષાઢીલા મેઘ જેવો પ્રેમધારા વરસાવવા લાગ્યો.]

*ત્રીજો પહોરો રેનરો, દીવડા શાખ ભરે,*
*ધણ જીતી પિયુ હારિયો, રાખ્યો હાર કરે. [3]*

[ત્રીજા પહોરે દીવાની સાક્ષી રાખીને પ્રીતિના ખેલ ખેલાયા. પત્ની જીતી ને પતિ હારી ગયો. હારેલા પતિને સ્ત્રીએ કબજામાં લીધો. શી રીતે? હૈયાનો હાર કરી લઈને.]

*ચોથો પહોરો રેનરો, બોલ્યા કૂકડ કાગ,*
*ધણ સંભાળે કંચવો, પિયુ સંભાળે પાગ! [4]*

[ચોથે પહોરે તો પ્રભાત પડ્યું, કૂકડા ને કાગડા બોલ્યા. સ્ત્રીએ પોતાની કાંચળી સંભાળી લીધી ને પતિએ પાઘડી લીધી.]

*પાંચમો પહોરો દિવસરો, ધણ ઊભી ઘરબાર,*
*રૂમઝૂમ રૂમઝૂમ હો રહી, ચૂડી કંકણ હાર. [5]*

[પાંચમે પહોરે, દિવસ વેળાએ, પત્ની ઘરને બારણે ઊભી રહી. એના હાથની ચૂડીઓ, કંકણો અને ડોકના હાર રૂમઝૂમાટ કરી રહ્યા છે.]

*છઠો પહોરો દિવસરો, કરિયા જિમ્મણવાર,*
*તન ચોખા મન લાપસી, નેણાં ઘીની ધાર. [6]*

[છઠ્ઠે પહોરે જમણ બનાવીને જમાડે છે. તનરૂપી ચોખા: મનરૂપી કંસાર; અને તેમાં આંખોનાં અમીરૂપી ઘીની ધાર પીરસાય છે.]

*સાતમો પહોરો દિવસરો, પિયુજી વાડીએ જાય,*
*પિયુજી લાવે અંબફળ, ધણ ઘોળે પિયુ ખાય. [7]*

[દિવસને સાતમે પહોરે પતિ વાડીમાં જાય છે. ત્યાંથી કેરીઓ લાવે છે. સ્ત્રી કેરીઓ ઘોળતી જાય છે ને પતિ ચૂસતો જાય છે.]

*આઠમો પહોરો દિવસરો, ચડી દીવડલે વાટ,*
*ધણ મરકે પિયુ હસે, ફેર બિછાવે ખાટ. [8]*


[આઠમો પહોર બેઠો. દીવા પેટાયા. પત્ની મરક મરક મલકી રહી છે. પતિ હસે છે. ફરી વાર સેજ પથરાય છે.]

# કથા-સૂચિ

['રસધાર'ના પાંચેય ભાગની કથાઓની આ સંકલિત સૂચિ છે. કથાના નામ પછીનો આંકડો 'સૌરાષ્ટ્રની રસધાર'નો ભાગ દર્શાવે છે. દા.ત. 'અણનમ માથાં' ભાગ 4માં પાના 3 પર છે.]


અણનમ માથાં (4) . . . . . . . . 3
અભો સોરઠિયો (3) . . . . . . . 157
આઈ! (3) . . . . . . . . . . . 102
આઈ કામબાઈ (1) . . . . . . . 157
આનું નામ તે ધણી (1) . . . . . . 93
આલમભાઈ પરમાર (2) . . . . . 69
આલેક કરપડો (3) . . . . . . . 64
આહીરની ઉદારતા (1) . . . . . . 28
આહીર યુગલના કોલ (1) . . . . 87
આંચળ તાણનારા! (2) . . . . . . 98
એક અબળાને કારણે (2) . . . . . 54
એક તેતરને કારણે (2) . . . . . . 41
ઓઢો ખુમાણ (1) . . . . . . . . 139
ઓળીપો (4) . . . . . . . . . . 65
કટારીનું કીર્તન (1) . . . . . . . 162
કરપડાની શૌર્યકથાઓ (2) . . . . 107
કરિયાવર (5) . . . . . . . . . . 3
કલોજી લૂણસરિયો (3) . . . . . . 13
કાઠિયાણીની કટારી (3) . . . . . 57
કાનિયો ઝાંપડો (3) . . . . . . . 137
કામળીનો કૉલ (2) . . . . . . . 91
કાળુજી મેર (2) . . . . . . . . . 133
કાળો મરમલ (2) . . . . . . . . 123
કાંધલજી મેર (2) . . . . . . . . 128
ખોળામાં ખાંભી (4) . . . . . . . 148
ગરાસણી (1) . . . . . . . . . 23
ઘેલોશા (1) . . . . . . . . . . 52
ઘોડાંની પરીક્ષા (3) . . . . . . . 50
ઘોડી અને ઘોડેસવાર (3) . . . . . 3
ચમારને બોલે (3) . . . . . . . . 145
ચારણની ખોળાધરી (2) . . . . . 141
ચાંપરાજ વાળો (1) . . . . . . . 148
ચોટલાવાળી (4) . . . . . . . . 143
જટો હલકારો (1) . . . . . . . . 10
ઝૂમણાની ચોરી (3) . . . . . . . 150
ઢેઢ કન્યાની દુવા (2) . . . . . . 87
તેગે અને દેગે (4) . . . . . . . . 112
દસ્તાવેજ (4) . . . . . . . . . . 72
દીકરાનો મારનાર (5) . . . . . . 26
દીકરો! (2) . . . . . . . . . . 80
દુશ્મન (3) . . . . . . . . . . . 72
દુશ્મનોની ખાનદાની (4) . . . . . 116

દૂધ-ચોખા (4) . . . . . . . . . . 102
દેપાળદે (1) . . . . . . . . . . . 97
દેહના ચૂરા (5) . . . . . . . . . . 125
ધણીની નિંદા! (3) . . . . . . . . . 110
ધૂંધળીનાથ અને સિદ્ધનાથ (2) . . . . 3
પરણેતર (2) . . . . . . . . . . . 147
પાદપૂર્તિ (3) . . . . . . . . . . . 30
પિંજરાનાં પંખી (3) . . . . . . . . 174
બહારવટિયો (5) . . . . . . . . . 19
બાપનું નામ (5) . . . . . . . . . 10
બાળાપણની પ્રીત (5) . . . . . . . 109
બોળો (1) . . . . . . . . . . . . 125
ભાઈ! (3) . . . . . . . . . . . . 132
ભાઈ-બહેન (3) . . . . . . . . . . 169
ભાઈબંધી (1) . . . . . . . . . . 41
ભાગીરથી (4) . . . . . . . . . . 126
ભીમો ગરણિયો (5) . . . . . . . . 56
ભીમોરાની લડાઈ (1) . . . . . . . 130
ભૂત રૂવે ભેંકાર (5) . . . . . . . . 140
ભેંસોનાં દૂધ! (1) . . . . . . . . . 72
ભોળો કાત્યાળ (1) . . . . . . . . 80
મરશિયાની મોજ (4) . . . . . . . 109
મલુવા (5) . . . . . . . . . . . . 170
મહેમાની (3) . . . . . . . . . . . 106
માણસિયો વાળો (4) . . . . . . . . 150
મૂળુ મેર (2) . . . . . . . . . . . 137
મોખડોજી (1) . . . . . . . . . . 118
મોત સાથે પ્રીતડી (2) . . . . . . . 104
રખાવટ (5) . . . . . . . . . . . 69
રતન ગિયું રોળ! (5) . . . . . . . 93
રંગ છે રવાભાઈને! (1) . . . . . . . 3
રાઠોડ ધાધલ (3) . . . . . . . . . 81
રાણજી ગોહિલ (1) . . . . . . . . 114
રા' નવઘણ (2) . . . . . . . . . . 15
વરજાંગ ધાધલ (4) . . . . . . . . 52
વર્ણવો પરમાર (2) . . . . . . . . 65
વલીમામદ આરબ (1) . . . . . . . 15
વાલેરા વાળો (4) . . . . . . . . . 133
વાળાની હરણપૂજા (1) . . . . . . . 143
વેર (3) . . . . . . . . . . . . . 22
વોળાવિયા (4) . . . . . . . . . . 145
શૂરવીરની પહેલી મિલન-રાત (1) . 173
શેત્રુંજીને કાંઠે (5) . . . . . . . . 75
સંઘજી કાવેઠિયો (4) . . . . . . . 81
સાંઈ નેહડી (1) . . . . . . . . . 166
સિંહનું દાન (2) . . . . . . . . . . 61
સુહિણી-મેહાર (5) . . . . . . . . 156
સૂરજ-ચંદ્રની સાખે (4) . . . . . . 105
સેજકજી (1) . . . . . . . . . . . 103
સેનાપતિ (4) . . . . . . . . . . . 96
હજાર વર્ષ પૂર્વે (3) . . . . . . . 34
હનુભાઈ (3) . . . . . . . . . . . 114
હીપો ખુમાણ (5) . . . . . . . . . 32
હોથલ (4) . . . . . . . . . . . . 23



## ઝવેરચંદ મેઘાણીઃ સાહિત્યજીવન

1896 જન્મઃ 28 ઑગસ્ટ, ચોટીલા (જિ૰ સુરેન્દ્રનગર).

1912 અમરેલીમાં શાળાશિક્ષણ પૂરું કર્યું. ત્યાં સુધીમાં સ્વદેશી ચળવળ, આર્યસમાજ અને થિયોસોફીનાં સંસ્કારબીજ વવાયાં.

1917 કૉલેજ-શિક્ષણ 1913માં આરંભી ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી બી.એ. થયા. ત્યાં સનાતન ધર્મ હાઇસ્કૂલમાં શિક્ષક થયા.

1918 કૌટુંબિક કારણે ઓચિંતા કલકત્તા જઈ ચડ્યા. શિક્ષકગીરી અને એમ.એ.નો અભ્યાસ રઝળ્યાં. ઍલ્યુમિનિયમના એક કારખાનામાં નોકરી સ્વીકારી. બંગાળી સાહિત્યનાં પરિચય–પરિશીલન આરંભાયાં. પહેલવહેલું ગીત 'દીવડો ઝાંખો બળે' રચાયું.

1921 વતનનો ‘દુર્નિવાર સાદ’ સાંભળીને કલકત્તા છોડીને કાઠિયાવાડ પાછા ફર્યા.

1922 રાણપુરથી પ્રગટ થતા શ્રી અમૃતલાલ શેઠના નવા અઠવાડિક ‘સૌરાષ્ટ્ર’માં બે-ત્રણ લેખો મોકલ્યા કે તરત તંત્રી-મંડળમાં સ્થાન પામ્યા; પત્રકાર તરીકેની કામગીરીનો આરંભ. રવીન્દ્રનાથના ‘કથા ઓ કાહિની’નાં બંગાળી કથાગીતો પરથી આલેખેલા સ્વાર્પણ અને ત્યાગના ભાવના-પ્રસંગોનો નાનો સંગ્રહ ‘કુરબાનીની કથાઓ’ આપીને લેખન-કારકિર્દીનું મંગલાચરણ કર્યું. લોકસાહિત્યની પ્રથમ પ્રસાદીરૂપે ‘ડોશીમાની વાતો’ પુસ્તક બહાર પડ્યું.

1923 ‘સૌરાષ્ટ્રની રસધાર’નો પહેલો ભાગ બહાર પડ્યો ને લેખક તરીકે જાણીતા થયા. હવે પછી લોકસાહિત્યનું સંશોધન-સંપાદન જીવન--ઉપાસના બની. 1927 સુધીમાં ‘રસધાર’ના પાંચ ભાગ પૂરા થયા.

1928-29 બાલ-કિશોર ને નારી-ભાવને ઝીલતાં, પોતે ‘પ્રિયતર’ ગણેલાં ગીતોના સંગ્રહો ‘વેણીનાં ફૂલ’ અને ‘કિલ્લોલ’ આપ્યા.

1929 લોકસાહિત્યના સંશોધન બદલ પહેલો રણજિતરામ સુવર્ણચંદ્રક (1928) અર્પણ થયો. જ્ઞાનપ્રસારક મંડળીના આશ્રયે મુંબઈમાં લોકસાહિત્ય વિશે છ વ્યાખ્યાન આપ્યાં.

1930 સત્યાગ્રહ-સંગ્રામ નિમિત્તે રચેલાં શૌર્યગીતોનો સંગ્રહ ‘સિંધુડો’ બહાર પડ્યો, તે સરકારે જપ્ત કર્યો. તેની હસ્તલિખિત કાનૂન-ભંગ આવૃત્તિની સેંકડો નકલો લોકોમાં પહોંચી વળી. રાજદ્રોહના આરોપસર બે વરસના કારાવાસની સજા થઈ. અદાલતમાં ‘છેલ્લી પ્રાર્થના’ ગીત ગાયું ત્યારે મૅજિસ્ટ્રેટ સહિત સેંકડોની મેદનીની આંખો ભીની થઈ. સાબરમતી જેલમાં પ્રસિદ્ધ ગીત ‘કોઈનો લાડકવાયો’ રચાયું. બદલી પામતા કેદીઓ મારફત

બીજી જેલોમાં અને છૂટનારાઓ મારફત બહાર પ્રજામાં એ જોતજોતામાં પ્રસર્યું અને લોકજીભે વસી ગયું. ગાંધી–અરવીન કરારને પરિણામે માર્ચ 1931માં જેલમાંથી છૂટ્યા.

1931 ગોળમેજી પરિષદમાં લંડન જઈ રહેલા ગાંધીજીને સંબોધતું 'છેલ્લો કટોરો' કાવ્ય લખ્યું, એ જોઈને ગાંધીજીએ કહ્યું: "મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે એ તદ્દન સાચું છે." હવે પછી 'રાષ્ટ્રીય શાયર' તરીકે ઓળખાયા.

1934 'જન્મભૂમિ' દૈનિક મુંબઈથી શરૂ થયું તેના સંપાદક-મંડળમાં જોડાયા. રવીન્દ્રનાથ સાથે મુંબઈમાં મિલન; સૌરાષ્ટ્રના લોકસાહિત્યની પ્રસાદી એમને કંઠેથી કવિવરે સાંભળી; શાંતિનિકેતન આવવા આમંત્રણ આપ્યું.

1936 'જન્મભૂમિ' છોડીને સૌરાષ્ટ્રમાં 'ફૂલછાબ' અઠવાડિકના તંત્રીપદે આવ્યા. પત્રકારત્વમાં નવી ભાત પાડી.

1941 શાંતિનિકેતનમાં લોકસાહિત્ય વિશેનાં એમનાં વ્યાખ્યાનોએ દેશ–વિદેશના વિદ્યાર્થીઓ–અધ્યાપકોને મુગ્ધ કર્યા.

1942 સૂરતમાં સ્વ૦ કમળાશંકર પ્રાણશંકર વ્યાખ્યાનમાળામાં 'લોકસાહિત્ય: પગદંડીનો પંથ' એ જાણીતું વ્યાખ્યાન આપ્યું. અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં ચારણો અને ચારણી સાહિત્ય વિશે વ્યાખ્યાનો આપ્યાં.

1943 મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં લોકસાહિત્ય વિશેનાં પ્રસિદ્ધ વ્યાખ્યાનો આપ્યાં. વ્યાખ્યાનખંડ નાનો પડ્યો, બહાર બગીચામાં શ્રોતાઓની ભીડ થઈ, બેકાબૂ બની.

1945 'ફૂલછાબ'ના તંત્રીપદેથી મુક્ત થઈ 23 વરસના પત્રકારજીવનમાંથી નિવૃત્તિ લીધી. રવીન્દ્રનાથનાં કાવ્યોની

અનુકૃતિઓનો સંગ્રહ 'રવીન્દ્ર-વીણા' પ્રગટ થયો. ગુજરાતમાં પરિભ્રમણો આદર્યાં. રવિશંકર મહારાજના જીવન-અનુભવોનું પુસ્તક 'માણસાઈના દીવા' લખ્યું.

1946 ગુજરાતી સાહિત્ય પરિષદના સોળમા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ. 'માણસાઈના દીવા'ને વરસની ઉત્તમ કૃતિ તરીકે 'મહીડા પારિતોષિક'નું ગૌરવદાન.

1947 ભજન-સાહિત્યના સંશોધનનું પુસ્તક 'સોરઠી સંતવાણી' પૂરું કર્યું. 'કાળચક્ર' નવલકથા લખાતી હતી. માર્ચની 9મીએ હૃદયરોગના હુમલાથી દેહ છોડ્યો.

※